મંદિર મહોત્સવ

સ્મૃતિ વિશેષાંક

જે બ્રહ્મને ભજે તે પરમને પામે

જાન્યુઆરી - ફેબ્રુઆરી ૨૦૨૦
વર્ષ ૩૪ - અંક ૧૦-૧૧

રૂડા મંદિરિયે અમારે આજ
વ્હાલો અમારો આવ્યો ને ગોખે દીવા થાય રે...



# અનુપમ મિશન

બ્રહ્મનિર્ઝર


જે બ્રહ્મને જાણે તે પરમને પામે
જાન્યુઆરી - ફેબ્રુઆરી ૨૦૨૦
વર્ષ ૩૪ - અંક ૧૦-૧૧

સ્મૃતિ વિશેષાંક

મંદિર મહોત્સવ




ઝળહળ શોભે સ્વર્ણિમ રૂપે
બ્રહ્મસ્વરૂપ ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજ




ઝળહળ શોભે સ્વર્ણિમ રૂપે
બ્રહ્મસ્વરૂપ ગુરુદેવ યોગીજી મહારાજ



શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના પ્રવર્તનરૂપી ગુરુના કાર્યનો ગોકીરો કરતા

ભવ્ય દિવ્ય સ્થાવર તથા જંગમ મંદિરોના પ્રેરક-સર્જક

સંતભગવંત સાહેબજીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ !

# મંદિર મહોત્સવ
# આત્મિક ઉત્થાનનો ઉત્સવ બની રહ્યો !

**મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ** ઉજવાયો, સાહેબજી અષ્ટદશાબ્દી મહોત્સવ સૌએ મનાવ્યો.
સંતો-ભક્તોએ સેવા કરી, પ્રભુ પ્રસન્ન થયા... સાહેબજીના રાજીપાના ફળ સ્વરૂપ સૌ આત્મા ઊજળા થયા
એકતા સુહૃદભાવ આતમે દૃઢ થયાં... ઉપાસના સમજી તે અનુસાર જીવી લેવા સૌએ સંકલ્પ કર્યા
પ્રત્યક્ષ પ્રગટ સત્પુરુષનાં માહાત્મ્ય સમજાયાં, તે માહાત્મ્યે હવે તો દાસત્વે જીવવું તે ભાવ કર્યા
॥ અક્ષરં અહં પ્રગટ પુરુષોત્તમ સ્વરૂપસ્ય દાસોસ્મિ ॥ આ બ્રહ્મસૂત્ર અનુસંધાને જીવવું જ છે તે સંકલ્પ કર્યા.

સમગ્ર ઉત્સવના આયોજનમાં સેવાર્થી સૌ એક ડગલું આગળ વધે તે સાહેબજીના સંકલ્પ
સૌના આત્મા પ્રભુ સમર્પિત થઈ સુખિયા થાય, તે સાકાર થયું તે અનુભવાયું... સૌ સહજાનંદી થયા
સાહેબજીએ ભાવ કર્યા...સૌ સંબંધે જીવતા થઈએ
'સ્વામિનારાયણ'નાં સંબંધી તે સૌ આપણાં, અધ્યાત્મપથના સહગામી સૌ પોતાનાં તે ભાવને પોતે જીવી બતાવ્યો... સૌને પ્રેર્યાં.
તેવાં સૌ સંસ્થાનો આપણાં છે. તે સંસ્થાનોમાં સેવા-ભક્તિ કરતા સૌ આપણાં, તે ભાવે સૌને નિમંત્ર્યાં ને સેવા કરી રાજી કરવા પ્રેર્યાં
આત્મભાવે સૌ જીવતા થઈએ તે જીવી બતાવ્યું...જીવતાં શીખવ્યું.

મંદિર નિર્માણ થયું તેમાં સહભાગી સેવાર્થી સૌ પ્રભુ સાથે એકરૂપતા સાધે ને સુખી થાય તે એક દિવ્ય સંકલ્પ સાથે સૌને પ્રેર્યાં ને જોડ્યાં
તે સાકાર થયું તે અનુભવાયું...દર્શન થયું.
નૂતન વ્રતધારી સૌને દીક્ષા દીધી... આત્મા ઊજળો કરો ને પ્રભુસેવામાં હોમાઈ રહો તેવા આશીર્વાદ સાહેબે દીધા ને સ્વીકાર્યા
શ્રીજી ને સ્વામીનો અનાદિનો સંબંધ તાજો કર્યો, પ્રભુ ને પ્રભુનાં જે સૌ તેને ઓળખાવી નવાજ્યાં
પ્રભુસેવામાં જોડી પરમભાવને પામી જવા આગળ લીધાં
ભવ્ય મંદિરે પ્રાણપ્રતિષ્ઠા મૂર્તિઓની થઈ... જીવંત મૂર્તિઓમાં પ્રાણ પૂરાયા તેનાં દર્શન થયાં
પ્રભુપ્રત્યક્ષને રાજી કરી લેવાના સૌના ઉમંગ ઊછળ્યા... સૌ 'સ્વ' મૂકવા ને સ્વરૂપને રાજી કરવા તૈયાર થયા
હું ને મારું આ સઘળું તારું તે ભાવે જીવન જીવ્યાં તે દર્શન કરાવ્યું.

હવે કેવળ પ્રભુ સમગ્ર રોમ રોમ વસો... સર્વમાં તે વસી રહ્યો છે તે મનાયો... સર્વમાં મારો પ્રભુ જ કર્તાહર્તા તે સ્વીકાર કરાયો
સર્વ સંબંધે મોટાં.. હું સૌનો દાસ તે રીતે વર્તન કરાયાં
પ્રગટ પ્રત્યક્ષ સ્વરૂપ જ સર્વનો પ્રેરક પ્રવર્તક ને નિયંતા... તે ભાવે સૌનો સ્વીકાર કરી વાણી વર્તન તે આકારે કરો...
આવી પ્રાર્થનાઓ કરી સૌએ પોતાના જીવનને ધન્ય બનાવ્યું... આ મહા ઉત્સવ આત્મિક ઉત્થાનનો ઉત્સવ બની રહ્યો !

હે મહારાજ ! હે સ્વામી ! હે યોગીબાપા ! હે સાહેબજી ! હે પ્રભુનાં પ્રગટ અને આજે પ્રત્યક્ષ સૌ સ્વરૂપો !
સૌ આત્માઓ પરમાતમરૂપ બને તે અદ્વૈતભાવની યાત્રા અમ સૌને સદાય અવિરત રહો ! આપ તે માટે સૌને બળ દો...!


નવનિર્મિત શ્રી મંદિરજીમાં બિરાજમાન શ્રી મુક્ત અક્ષરપુરુષોત્તમ મહારાજ
બ્રહ્મસ્વરૂપ શ્રી જાગા સ્વામીજી
બ્રહ્મસ્વરૂપ શ્રી ભગતજી મહારાજ
બ્રહ્મસ્વરૂપ શ્રી કૃષ્ણજી અદાશ્રી
બ્રહ્મસ્વરૂપ સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજ
બ્રહ્મસ્વરૂપ સ્વામીશ્રી યોગીજી મહારાજ
બ્રહ્મસ્વરૂપ શ્રી કાકાજી
બ્રહ્મસ્વરૂપ શ્રી પપ્પાજી
બ્રહ્મસ્વરૂપ શ્રી હરિપ્રસાદ સ્વામીજી
બ્રહ્મસ્વરૂપ શ્રી અક્ષરવિહારી સ્વામીજી
કષ્ટભંજન શ્રી હનુમાનજી
બ્રહ્મસ્વરૂપ ગુરુહરિ સાહેબજી
વિઘ્નવિનાયક શ્રી ગણપતિજી

મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવની મંગલ અધ્યાત્મયાત્રામાં ઉપસ્થિત રહી
સંમિલિત થઈ ભાગ લીધો તે સૌ દિવ્ય આત્મા
તેઓ સૌ અધ્યાત્મ અનુરાગી... સૌ પ્રભુસંબંધે બ્રહ્મરૂપ
મંદિરનિર્માણમાં સેવાનુરાગી તમામ ભાગ્યવાન
મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવમાં સેવાર્થી સૌ પણ ભાગ્યવાન
સાહેબજી આપણા બ્રહ્મસ્વરૂપ... સૌ પર અનુગ્રહ કરે
શ્રીજીસંકલ્પ સૌના અંતરે સ્થાપી, સુખી કરવા કૃપા કરે
સેવા-ક્રિયાયોગમાં જોડે ને ભક્તિ કર્યાનાં ફળ દે
સંપ સુહૃદભાવ એકતા દૃઢ કરાવી સૈદ્ધાંતિક જીવન જીવતા કરે
ખમતાં-નમતાં શીખવે... દાસત્વભાવનું જીવન જિવાડે
સૌમાં શ્રીજીસંબંધ જોઈ વર્તન કરાવે, માહાત્મ્યે ભરે !

ભક્તોની સેવા અહોહોભાવે કરીએ
પોતાના કલ્યાણનો ખપ રાખી ગરજુ થઈએ
ઇંદ્રિયો અંતઃકરણ પૂર્ણતઃ જોડી દઈએ
તો સમગ્ર તંત્ર નિર્ગુણભાવને પામે
આ ગુણાતીત જ્ઞાનનું પરમ રહસ્ય !
તે સિદ્ધ થતાં સ્વામી શ્રીજી ને પ્રત્યક્ષ સ્વરૂપ રાજી થાય...
તે સનાતન જ્ઞાન સૌને અંતરે સિદ્ધ કરાવ્યું ને સૌએ કર્યું.

'બ્રહ્મજ્યોતિ' બ્રહ્મપ્રકાશે પ્રકાશિત થયું, સુશોભિત શણગાર પામ્યું.
પ્રભુ મંદિરે બિરાજ્યા ને દેદીપ્યમાન હૃદયગમ્ય દર્શન દે છે
યોગી પ્રાગટ્યસ્થાન 'હૃદયકુંજ' આતમે ઝળહળ્યું
'તીરથ'નાં દર્શન કરી શ્રીજી ને યોગી સૌના રોમ-રોમ પ્રકાશ્યા !

મૂર્તિઓ નગરજનોને દર્શન દેવા ચોરે ચૌટે પધારે
પ્રગટ પ્રત્યક્ષમૂર્તિ 'સાહેબજી' સૌ પર દૃષ્ટિ કરી પાવન કરે
ઉમંગે ઉત્સાહે પગલે પગલે યાત્રી સૌ ધરતી પાવન કરે
ઠેરઠેર મૂર્તિ અને મૂર્તિરૂપ સાહેબજીનાં સ્વાગત પૂજન થાય !

ચતુર્દિવસીય મહોત્સવનો કાર્યારંભ નૃત્યભક્તિથી થાય
સર્વ પ્રકલ્પોમાં પ્રભુસ્વરૂપો પધારે ને પાવન કરી મુક્તાર્પણ કરે
હૃદયથી પ્રભુને રાજી કરવા થનગનતા યુવાનો ઉમંગે નાચી ઊઠે
જયઘોષ કરી કરાવી સૌને હૈયે સાધનામાં જોમ પૂરે
'બ્રહ્મજ્યોતિ' ભક્તોના ચરણસ્પર્શે આનંદે મલકી રહે
માહાત્મ્યે યુક્ત સેવા-ભક્તિની મહેક ચોમેર આનંદની લહાણી કરે
સભાસ્થાને બિરાજી સૌ માહાત્મ્યની સરવાણીમાં સ્નાન કરે !

દિવ્ય સ્વરૂપોના મુખે વહેતાં માહાત્મ્યનાં પૂર છલકે ને સૌ પાવન થાય
લોકસેવામાં ઉમંગી મુક્તો 'શાલીન માનવરત્ન'થી વિભૂષિત થાય
૨૭ નવયુવાનો 'સાહેબજી'ની સંતસેનામાં દીક્ષાર્થી બની જોડાય
બ્રહ્મસ્વરૂપો અંતરે રાજી થઈ આશીર્વાદનાં અમી છાંટે
આ સઘળું નિહાળી સાહેબજીની આંખે રાજીપાનાં અમૃત વરસે...

બસ ! મહોત્સવમાં સૌને અલૌકિક આત્મિક આનંદ પ્રાપ્ત થયો
'સહજાનંદ' 'સ્વામી' રાજી થયા, રાજી કર્યાનો સંતોષ અનુભવાયો
નિર્ગુણને રાજી કર્યા ને નિર્ગુણ થયાની સૌને પ્રતીતિ થઈ
યોગીજી-સાહેબજીને આ જ તો કરવું હતું
તે કરીને સાહેબજીને સ્વામિશ્રીજી ને યોગીબાપાને રાજી કરવા હતા
જે સૌને સ્વીકાર્યા તેઓને પરમ આત્મજ્ઞાન દેવું હતું
સૌના આતમ ઊજળા કરી પ્રકાશિત અંતરે પ્રભુપ્રતિષ્ઠા કરવી હતી
તે દિવ્ય કાર્ય થયું તેનો પરમ આનંદ તેઓશ્રીના મુખારવિંદે છલકે છે !

જેઓ સૌએ સેવાઓ કરી, દર્શનલાભ લીધો
તેઓને આશીર્વાદથી નવાજે છે
સૌના આતમે બિરાજિત પ્રભુ પૂર્ણ પ્રકાશિત બની રહે તે પ્રાર્થે છે
ચાલો ! આપણે સૌ આ દિવ્ય પ્રભુ, દિવ્ય પ્રગટ પ્રત્યક્ષ સાહેબજી
મળ્યા તે પરમભાવે આનંદીએ...
જીવન શાશ્વત સ્મૃતિમાં ગરકાવ કરીએ.

◆

દીનમાળા બ્રહ્મ સ્વામિનારાયણ

*બ્રહ્મજ્યોતિ ૨૦.૧.૨૦૨૦,*
*૩૦.૧.૨૦૨૦ (બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ પ્રાગટ્ય... વસંતપંચમી)*

# આંખલડીના હે રતન...!

**સમૈયો** સરસ ઉજવાયો ! શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના પ્રવર્તનના દિવ્ય મહાકાર્યમાં સુવર્ણાક્ષરે અંકિત એક અધ્યાય જોડાયો ! સમૈયો ઐતિહાસિક બન્યો ! તેરસોથી પણ વધુ યુગલ યજમાનો શ્રી મુક્ત અક્ષરપુરુષોત્તમ મહારાજ તથા તેઓના પરમ દિવ્ય તત્ત્વના ધારક સંતોની પ્રતિમાજી પ્રાણપ્રતિષ્ઠા મહાયાગમાં માત્ર યજમાનરૂપે જ નહીં; પરંતુ, શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનાં આચરણ અને પ્રવર્તનના વાહક રૂપે સંમિલિત થયાં ! આ પરમ મંગલકારી પ્રાણવાન પ્રભુ તથા પ્રભુસ્વરૂપ પ્રતિમાજીઓ જે ભવ્ય કલાત્મક શિખરસંપન્ન મંદિરજીમાં બિરાજમાન થયાં છે તેવા આપણા મંદિરજી પથ્થરોમાંથી કલા પ્રગટાવતા ગુણાતીત સમાજના સર્વ પ્રથમ મંદિરજી રચાયા છે !

વિશ્વસમસ્ત સહિત ભારતના વિવિધ પ્રદેશોમાંથી ચારસોથી પણ વધુ યુવા દીકરાઓ અને દીકરીઓએ શોભા-સ્વાગતયાત્રા તથા નવધાભક્તિ વંદના દરમિયાન સૂર, તાલ, કાવ્ય, નૃત્ય, પ્રકાશ, પરિવેશ અને પ્રસન્નતાથી છલકાતાં હૃદયે પોતાના ભાવને કલા દ્વારા અર્પણ કર્યા !

એકસો પચાસથી વધુ માતાશ્રીઓએ સત્કારવંદના તથા ત્રણસોથી વધુ દીકરીઓએ મહાયજ્ઞ ઋષિકન્યા રૂપે પોતાની ઉમંગસભર ભક્તિ અર્પણ કરી !

સેંકડો યુવા-યુવતીઓ, ગૃહસ્થ હરિભક્તોએ સફાઈથી માંડી સુશોભન, રસોઈથી માંડી રાખ-રખાવટનાં અગણિત ક્ષેત્રોમાં પૂર્ણ નિષ્ઠા, સંયમ અને નિર્દોષબુદ્ધિએ યુક્ત માહાત્મ્યસભર હૃદયે સેવા ધરી !

સદ્‌ગુરુ સંતોની અખંડ પ્રાર્થનાશિષ, અધ્યાત્મપ્રચુર માર્ગદર્શનના પ્રકાશમાં સૌ સંતો-સાધકોએ પોતાનાં વાણી અને વર્તનમાં જાણે અધ્યાત્મ શાસ્ત્રબોધને જીવંત કર્યા !

અને આ સૌના હૃદયના ભાવ અને ભક્તિને સ્વીકારી શ્રી ઠાકોરજી મહારાજ પોતાનાં સમગ્ર અને સર્વાંગી ઐશ્વર્ય, પ્રતાપ, ઓજસ અને દિવ્યતા સહિત મૂર્તિઓમાં પ્રગટ થયા, અને શાશ્વત કાળ માટે બિરાજમાન થયા ! આ પરમ દિવ્યતાની અનુભૂતિ શ્રી મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા દરમિયાન સર્વ દિવ્ય સ્વરૂપોને થઈ; તો, શ્રી મૂર્તિઓના પ્રાણપ્રતિષ્ઠા મહાયજ્ઞના પ્રત્યેક યજમાને પણ એક અલૌકિક દિવ્યતા અનુભવી !

આપણા આ મંદિરજીમાં બિરાજમાન શ્રી ઠાકોરજી મહારાજ તથા સર્વ પ્રભુસ્વરૂપ સંતોની શ્રી મૂર્તિઓના મુખારવિંદનાં ભાવ અને દર્શન આપણી સર્વ વૃત્તિઓને પોતાનામાં ખેંચી લે છે. સૌમ્યતા, પ્રસન્નતા, પ્રખર પ્રતાપ, ઓજસવંતી દિવ્યતા અને અપાર માંગલ્યસભર આ શ્રી મૂર્તિઓ જાણે સ્વયં પ્રભુએ જ મૂર્તિકાર કલા-કસબીઓમાં વસી ઘડી છે ! આવી જે અનુભૂતિ પ્રત્યેક દર્શનકર્તા ભક્ત-સાધક-સંતની છે, તેનું રહસ્ય એ છે કે, પ્રત્યેક પ્રતિમાજીના ઘડતરમાં સ્વયં સાહેબદાદાએ પોતાના મંગલકારી સમય વાવ્યા છે. તેઓ સ્વયં નિશ્ચિત સમયાંતરે મૂર્તિકાર જ્યાં શ્રી મૂર્તિઓ ઘડતા ત્યાં પધારે, પથ્થરમાંથી પ્રગટતા પ્રભુના સાકાર સ્વરૂપને નીરખતા જાય અને પોતાની લાક્ષણિક, હળવી, પરંતુ હૃદય સોંસરવી ઊતરી જાય તેવી પરાવાણી ઉચ્ચારતા જાય; જેના બ્રહ્મધ્વનિતરંગો જાણે મૂર્તિકારના હાથોને અને ઓજારને પ્રભુપ્રેરણાનાં સાધન બનાવી દે અને પથ્થર પ્રભુઆકારે થઈ જાય ! આજે આપણા આ મંદિરજીમાં એ આખીય દિવ્ય ઘટના-પ્રક્રિયાની પ્રત્યેક ક્ષણ મનમોહક, નયનરમ્ય અને જીવંત શ્રી મૂર્તિઓ રૂપે અચલ પ્રતિષ્ઠિત થઈ છે અને શાશ્વતકાળપર્યંત આપણા ભાવ-પ્રાર્થનાઓ સ્વીકારવાની છે !



શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના પ્રવર્તનના ઇતિહાસમાં એ પ્રસંગ સીમાચિહ્ન સમાન છે જ્યારે ગુજરાતના એક પ્રતિષ્ઠિત સાક્ષર અને વડતાલ સ્થિત શ્રી સ્વામિનારાયણ સંસ્થાની સમિતિના સન્માનિત સભ્યશ્રી દોલતરામજી પંડ્યાએ બ્રહ્મસ્વરૂપ ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજના શ્રીમુખે પ્રગટતી પરાવાણી દ્વારા વચનામૃત ગઢડા મધ્ય ૨૧ (મુદ્દાનું) નિરૂપણ સાંભળ્યું અને પોતાના સર્વ પ્રશ્નો તથા સંશયનાં સમાધાન અને નિવારણ પ્રાપ્ત કર્યાં, તે સાથે શ્રી દોલતરામજીને ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજ જે ઉપાસના પ્રવર્તનના મહાકાર્યને સાકાર કરી રહ્યા હતા તે દિવ્ય કાર્યની મહત્તા અને માહાત્મ્ય સમજાયાં. આ પરમ મર્મને પામી તેઓશ્રીએ ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજને પ્રણામ કરી કહ્યું કે, "હે યજ્ઞપુરુષદાસ સ્વામીજી ! સ્વયં શ્રીજી મહારાજે પુનઃ માનવદેહે અવતાર ધારણ કરી જે કાર્ય કરવા માટે આ પૃથ્વી પર કૃપા કરી પ્રગટ થવું પડે તે દિવ્ય કાર્ય આપના દ્વારા સ્વયં પ્રભુ કરાવી રહ્યા છે... આપને વંદન છે...!" વળી, અત્યંત ધન્યતાસભર ગદ્ગદ ભાવે શ્રી દોલતરામજીએ ભાવિનાં એંધાણ પણ આપ્યાં ને કહ્યું, "હે સ્વામી ! આજે તો આપ શ્રીજી મહારાજ સાથે શ્રી ગુણાતીતાનંદ સ્વામીની આરસ પ્રતિમાઓ પધરાવી પ્રાણપ્રતિષ્ઠા કરો છો, પરંતુ ભવિષ્યમાં આપના શિષ્યો આપના આ દિવ્ય કાર્યની મહત્તા અને માહાત્મ્ય સમજી આપની સુવર્ણમૂર્તિને મંદિરમાં પધરાવશે !"

પરમ ભગવદી દિવ્ય અક્ષરમુક્ત શ્રી દોલતરામજીના એ શબ્દોના ઉચ્ચારણની એક સદીમાં જ ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજના પરમ પ્રિય શિષ્ય બ્રહ્મસ્વરૂપ કાકાજી મહારાજની પ્રેરણાશિષથી નિર્મિત મુંબઈના પવઈ નગરમાં સ્થિત મંદિરજીમાં સમસ્ત સંપ્રદાયમાં સર્વ પ્રથમ ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજ અને ગુરુદેવ યોગીજી મહારાજ સુવર્ણમંડિત મૂર્તિશ્રી રૂપે બિરાજમાન થયા. અને આ વર્ષે અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીજીની દીક્ષાતિથિ પોષીપૂર્ણિમાના મહામાંગલ્યપ્રદ દિવસે અનુપમ મિશનની ભારત સ્થિત તપોભૂમિ પર અદ્વિતીય એવા આપણા સૌના મંદિરજીમાં ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજ અને ગુરુદેવ યોગીજી મહારાજે સુવર્ણપ્રતિમાજી રૂપે અચલ સ્થિર થવાની અને આપણી ભાવભક્તિ વંદનાને ચિરકાલ પર્યંત સ્વીકારવાની કૃપા કરી !

આ મહાઘટનાના મૂળમાં મહત્તા પ્રસ્થાપનના નહિ, પરંતુ માહાત્મ્ય પ્રવર્તનના ભાવ રહ્યા છે ! સુવર્ણ જેમ છએ ઋતુઓના પ્રભાવથી પર રહી શાશ્વત શુદ્ધતા અખંડ રાખે છે તેમ શ્રી અક્ષર પુરુષોત્તમ ઉપાસના પણ સ્થળ, કાળ અને શક્તિઓના પ્રભાવોથી પર સદૈવ દિવ્ય, સર્વદા શુદ્ધ અને શાશ્વત કાળપર્યંત કલ્યાણકારી છે ; તેથી એક ગૂઢાર્થમાં ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજ અને ગુરુદેવ યોગીજી મહારાજના સ્વર્ણિમ સ્વરૂપે આપણા મંદિરજીમાં તાત્ત્વિક દૃષ્ટિએ શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના અનંતકાળપર્યંત દર્શન-પ્રબોધ આપશે !

તપોભૂમિ બ્રહ્મજ્યોતિમાં નવનિર્મિત શ્રી મંદિરજીમાં શ્રી ઠાકોરજી મહારાજ બિરાજ્યા ત્યારથી અનેક સંતો-ભક્તો-નવાગંતુક શ્રદ્ધાવાન મુમુક્ષુઓને રોજ કોઈ ને કોઈ દિવ્ય અનુભવ થાય છે. શ્રી ઠાકોરજીની મૂર્તિનાં દર્શન કરી કોઈ કહે છે, "વાહ ! આ તો વાતો કરતી મૂર્તિ છે...!" તો કોઈ કહે છે, "આ તો સંકલ્પધારી મૂર્તિ છે...!" અન્ય કોઈને શ્રી ઠાકોરજીની મૂર્તિ પોતાના ભાવ સ્વીકારતી હોવાના અનુભવ થાય છે, તો ઘણાંને દર્શનમાત્રે પોતાના મનનાં સમાધાન મળે છે ! મૂળમાં તો સાહેબદાદા અને સદ્ગુરુ સંતોએ પોતાના જીવનનાં સાઠથી પણ વધુ વર્ષોની જે તપસ્યા છે તે આ બ્રહ્મજ્યોતિમાં વાવી છે અને મંદિરજીમાં બિરાજતી શ્રી મૂર્તિઓમાં સ્થાપી છે ! કેવળ આપણી પેઢી જ નહિ; પરંતુ, આવનારા સમયની પ્રત્યેક પેઢી જ્યારે જ્યારે આ મંદિરજી અને તેમાં બિરાજતા હાજરા-હજૂર સ્વામી અને શ્રીજીનાં દર્શન કરશે ત્યારે ગદ્ગદ હૃદય અને ભાવાશ્રુથી ભીની આંખોએ પ્રાર્થના વહેશે :

*આંખલડીના હે રતન ! મારા રુદિયાની ધડકન ! ઘણું જીવો મારા સાહેબજી, લ્યો જીવન અર્પણ મન...*
*ઘણું જીવો મારા ગુરુહરિ, લ્યો જીવન અર્પણ મન ! આંખલડીના હે રતન !*

◆

~ સાધુ ડૉ. મનોજ સોની





મંદિર મહોત્સવના મુક્તાર્પણ કરતાં સંતસ્વરૂપો



મહોત્સવમાં પધારેલા સંતસ્વરૂપોના સ્વાગત અર્થે પુષ્પવર્ષા

સંતોની સાધનાભૂમિ, મોગરી સ્થિત તપોભૂમિ બ્રહ્મજ્યોતિમાં દિવ્યાતિદિવ્ય શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ મૂર્તિપ્રતિષ્ઠા મંદિર મહોત્સવ, સંતભગવંત સાહેબજી અષ્ટદશાબ્દી પ્રાગટ્ય મહોત્સવના શુભારંભ ૭ જાન્યુઆરી ૨૦૨૦ની પાવન સંધ્યાએ થયા. જેની વર્ષોથી રાહ જોવાઈ રહી હતી તેવા હૃદયમંદિર નિર્માણના આ ભવ્ય મહોત્સવના શુભારંભ પણ ભવ્યાતિભવ્ય રહ્યા. શાશ્વતકાળ સુધી તેની સ્મૃતિઓ હૃદયમાં અંકિત રહેશે તેવા સૌને અનુભવ થયા.



મંદિર મહોત્સવના મુક્તાર્પણ અવસરે જયનાદ



મહોત્સવ પ્રવેશદ્વારે સ્વાગતભાવ ધરતા યુવાનો-ભક્તો



# દિવ્ય મંદિર મહોત્સવના ભવ્યાતિભવ્ય શુભારંભ

૭ જાન્યુઆરી ૨૦૨૦



મહારાષ્ટ્રીયન શૈલીમાં સ્વાગત કરતા મુંબઈ મંડળના યુવાનો



રાસ અને રાજસ્થાની નૃત્ય સંયોજન સાથે સ્વાગત કરતા ગુરુસભાના યુવાનો



દક્ષિણી શૈલીમાં સ્વાગત કરતા ચેન્નાઈ મંડળના યુવાનો



પંજાબી શૈલીમાં સ્વાગત કરતા અમદાવાદ મંડળના યુવાનો



બંગાળી શૈલીમાં સ્વાગત કરતા વડોદરા મંડળના યુવાનો



પશ્ચિમી શૈલીમાં સ્વાગત કરતા યુ.એસ.એ.ના યુવાનો

સંતભગવંત સાહેબજીની પુણ્ય સંનિધિમાં મહોત્સવ પરિસરનાં મુક્તાર્પણ કરવા બ્રહ્મજ્યોતિના મુખ્ય પ્રવેશદ્વારે સૌ એકત્ર થયાં. આ શુભ પ્રસંગે દિલ્હીથી પૂજ્ય મુકુંદજીવન સ્વામીજી(ગુરુજી), શિકાગો-યુ.એસ.એ.થી પૂજ્ય દિનકરભાઈ, હરિધામ સોખડાથી પૂજ્ય પ્રેમસ્વરૂપ સ્વામીજી, શિવાનંદ આશ્રમ-અમદાવાદથી પૂજ્ય અધ્યાત્માનંદ સ્વામીજી, સાંકરદાથી પૂજ્ય નિષ્કામજીવન સ્વામીજી, પવઈ-મુંબઈથી પૂજ્ય ભરતભાઈ આદિ સંત સ્વરૂપોની પ્રેરક ઉપસ્થિતિ હતી.

સંતભગવંત સાહેબજી, પૂજ્ય મુકુંદજીવન સ્વામીજી અને પૂજ્ય પ્રેમસ્વરૂપ સ્વામીજીએ મંદિરના ધ્વજના રંગે સુશોભિત દ્વારપટલ ઉઘાડી, ગુણાતીત સમાજના રંગે સજાવાયેલ ફુગ્ગાઓ નીલ ગગનમાં મુક્ત કરી મંદિર મહોત્સવના પરિસરને ઉદ્ઘાટિત કર્યું. તે સમયે જયજયકાર સાથે વાતાવરણ ગૂંજી ઊઠ્યું. મહોત્સવ પ્રવેશદ્વારની બીજી બાજુ હજારો ભક્તો પોતાના જીવનપ્રાણ સંતભગવંત સાહેબજી સહિત સંતસ્વરૂપોને આવકારવા આતુર હતા. પ્રવેશદ્વારે જ દૂહાનાં ગાન સાથે સ્વામિનારાયણ સંપ્રદાયના એકાંતિક અક્ષરમુક્તોની ઝાંખી કરાવતાં પાત્રોએ સૌ પ્રથમ આ સંતોનાં સ્વાગત કર્યાં.

કલાત્મક સુશોભિત કરાયેલ રથમાં સૌ સંતસ્વરૂપો બિરાજ્યા બાદ એક પછી એક ભવ્ય સ્વાગતનૃત્યની બેનમૂન પ્રસ્તુતિ થઈ. સર્વપ્રથમ શ્રી ગણેશ આરતી અને પ્રાર્થનાના અતુલ્ય ભાવ સાથે મુંબઈ મંડળના યુવકોએ નૃત્યભક્તિ અદા કરી. ત્યાર બાદ ચેન્નાઈ મંડળના યુવકોએ દક્ષિણી સંસ્કૃતિની લાક્ષણિક શૈલીમાં નૃત્યભક્તિ અદા કરી સંતોનાં સ્વાગત કર્યાં. અમદાવાદ મંડળના યુવકોએ પંજાબની ઓળખ એવા ભાંગડા નૃત્યના અપૂર્વ જોશ સાથે સ્વાગત કર્યાં ને સૌને આનંદથી ભરી દીધાં. સ્વાગતપથ પર નૃત્યભક્તિ અદા કરતા આ યુવકો, સ્વાગતમાં ઊમટેલા ભક્તોનો નજારો મહોત્સવના ભવ્ય શુભારંભનું અનેરું દર્શન કરાવી રહ્યો હતો. વડોદરા મંડળના યુવકોએ બંગાળી સાંસ્કૃતિક શૈલીમાં ધૂપનૃત્ય દ્વારા ગુરુહરિનાં સ્વાગત કર્યાં. અમેરિકાની ઊછરતી પેઢીએ 'હેલી આવી આનંદની આજ' કીર્તનના તાલે ને નૃત્યના સથવારે સૌનાં અંતર આનંદથી છલકાવી દીધાં. ગુરુસભાના યુવાનોએ રાજસ્થાની નૃત્ય પ્રસ્તુત કરી સાહેબજી પ્રતિનાં પ્રેમ અને ભક્તિને વ્યક્ત કર્યાં, જેનાં દર્શન-અનુભવથી સૌ અત્યંત પ્રસન્ન થયાં. આ રીતે સાહેબજી અને સંત સ્વરૂપોની આ સ્વાગતયાત્રા નૃત્યભક્તિના સથવારે મંદિરજીના પ્રવેશદ્વારે પધારી.

મંદિરજી પ્રાંગણના પ્રવેશદ્વારે ત્રણ ધ્વજ સુશોભિત કરાયા હતા. તે પૈકી સર્વપ્રથમ ભારત દેશના રાષ્ટ્રધ્વજને સંતભગવંત સાહેબજી, પૂજ્ય મુકુંદજીવન સ્વામીજી, પૂજ્ય પ્રેમસ્વરૂપ સ્વામીજી અને પૂજ્ય અધ્યાત્માનંદ સ્વામીજીએ મુક્તગગનમાં લહેરાવ્યો. તેની સાથે જ રાષ્ટ્રગીતનાં ગાન થયાં, જેના સન્માનમાં ઉપસ્થિત સૌ જોડાયાં. ત્યારબાદ મહોત્સવના ધ્વજને પૂજ્ય દિનકરભાઈ (શિકાગો), ડૉ. જિતુભાઈ (યુ.એસ.એ.), વિજયભાઈ ઠક્કર (યુ.કે.), દીપેનભાઈ રુગાણી (ઑસ્ટ્રેલિયા) અને આશિષભાઈ (ભારત)એ મુક્ત ગગનમાં લહેરાવ્યો. અનુપમ મિશનના ધ્વજને પૂજ્ય શાસ્ત્રી સ્વામી, પૂજ્ય નિષ્કામજીવન સ્વામી, સતીશભાઈ ચતવાણી (યુ.કે.), વિનુભાઈ નકારજા (યુ.કે.), અશ્વિનભાઈ પોપટ (યુ.કે.)એ લહેરાવ્યો. ત્યારબાદ પૂજ્ય પ્રેમસ્વરૂપ સ્વામીજીએ મંદિરજી પ્રાંગણના મુક્તાર્પણનો સંકેત આપતો ઘંટારવ કર્યો અને સંતભગવંત સાહેબજી સાથે પૂજ્ય મુકુંદજીવન સ્વામીજીએ પ્રવેશદ્વારના પટલ ઉઘાડી મંદિરજી પરિસરનાં મુક્તાર્પણ કર્યાં.

આ દિવ્ય પળનો આનંદ સૌને અકલ્પનીય સુખથી સભર કરી રહ્યો હતો. સૌનાં મનમંદિરમાં પ્રગટ ગુરુરૂપ હરિની દિવ્ય સંનિધિનો સહજાનંદ વ્યાપી ગયો હતો. મંદિરજી પ્રાંગણના પ્રવેશદ્વારથી નૂતન મંદિરનાં અલૌકિક દર્શન થતાં હતાં. મંદિરની કલાત્મકતા, ભવ્યતા અને વિશાળતા સહજ જ સૌનાં અંતરને આકર્ષિત કરી રહ્યાં હતાં. ત્યારબાદ જ્ઞાનયજ્ઞ વિદ્યાલયના એન.સી.સી. કૅડેટ્સ સાહેબદાદા સહિત સૌ સંત સ્વરૂપોને નૂતન પ્રકલ્પ `હૃદયકુંજ` સુધી બૅન્ડના સુમધુર તાલબદ્ધ સંગીતના સથવારે દોરી ગયા. આ દરમિયાન સૌ અક્ષરમુક્તો મંદિરજી પ્રાંગણમાં બિરાજમાન થયા અને આગળનો કાર્યક્રમ વિશાળ એલ.ઈ.ડી. સ્ક્રીન પર સૌએ નિહાળ્યો.



ઘંટારવ સાથે મંદિરજી મુક્તાર્પણનો સંકેત આપતા પૂ. પ્રેમસ્વરૂપ સ્વામીજી





મંદિરજી પ્રવેશદ્વારે સંતસ્વરૂપોએ તેમજ દેશ-પરદેશના ભક્તોએ ત્રિરંગો ધ્વજ, મહોત્સવ ધ્વજ અને અનુપમ મિશનનો ધ્વજ ફરકાવી મંદિરજી પરિસરનાં મુક્તાર્પણ કર્યાં





જ્ઞાનયજ્ઞ વિદ્યાલયના એન.સી.સી. કૅડેટ્સ દ્વારા બૅન્ડ પરેડ



પ.પૂ. ગુરુજી, પ.પૂ. દિનકરભાઈના વરદ હસ્તે
હૃદયકુંજ - શ્રી હરિ અભિષેક મંડપનાં દિવ્ય મુક્તાર્પણ





સાહેબજી દ્વારા શ્રી ગુરુદેવ પૂજનમ્... વંદનમ્...



પ.પૂ. ગુરુજી દ્વારા શ્રીહરિ પૂજનમ્... વંદનમ્...



શ્રી હરિકૃષ્ણ મહારાજને આરતી અર્પણ



વિશ્વ શાંતિ અને સર્વ કલ્યાણ અર્થે શ્રીહરિ અભિષેક

તપોભૂમિ બ્રહ્મજ્યોતિનું હૃદય, યોગીબાપાનું સાંનિધ્ય સ્થાન 'હૃદયકુંજ' કાયાકલ્પ પામી નૂતન શોભા સાથે દર્શનદાન દઈ રહ્યું હતું. પ્રાસાદિક આમ્રવૃક્ષ હેઠળ વર્ષો પૂર્વે જ્યાં યોગીબાપાએ સ્વયં બિરાજી શ્રીહરિના અભિષેક કર્યા હતા, તે સ્મૃતિને શાશ્વત રાખવા સંતભગવંત સાહેબજીએ યોગીબાપાના ધારી સ્થિત પ્રાગટ્યસ્થાનની પ્રતિકૃતિ નિર્માણ કરાવી. તેમાં યોગીબાપાની સ્મૃતિ સાથે શ્રીહરિ અભિષેકનો સૌને લાભ પ્રાપ્ત થાય તે હેતુથી યોગીબાપા પોતાની સાથે રાખતા તે શ્રી હરિકૃષ્ણ મહારાજની સુવર્ણમંડિત મૂર્તિ પધરાવી ને યોગીબાપાની પણ સુવર્ણમંડિત મૂર્તિ પધરાવી ભક્તિ અદા કરી. અનુપમ મિશન, ગુણાતીત સમાજ સહિત વિશ્વસમસ્તના મુક્તો મુમુક્ષુઓ માટે અભિષેકભક્તિ અદા કરવા 'હૃદયકુંજ-શ્રીહરિ અભિષેક મંડપ' એ સર્વોપરી સ્થાન બન્યું, જેનાં મુક્તાર્પણ પૂજ્ય મુકુંદજીવન સ્વામીજી અને પૂજ્ય દિનકરભાઈએ કર્યાં.

'તીરથ – તીર્થધામ છપૈયા અને ધારીની યાત્રા અનુભૂતિ' એ કાયાકલ્પ પામેલ બ્રહ્મજ્યોતિનું ભક્તિભર્યું અન્ય નૂતન આકર્ષણ ! સંતભગવંત સાહેબજીને આ પૃથ્વી ઉપર વહાલાંમાં વહાલાં બે સ્થાન. એક, શ્રીહરિ પ્રાગટ્યધામ છપૈયા અને બીજું , ગુરુદેવ યોગીબાપાનું પ્રાગટ્યધામ ધારી. અનેક વખત સંતભગવંત સાહેબજીએ બ્રહ્મજ્યોતિમાં તીર્થધામ છપૈયા અને ધારીનું વિલેજ મૉડેલ બનાવવાની ભાવના વ્યક્ત કરી, લખીને પણ જણાવી. ગુરુહરિના સંકલ્પને સાકાર કરવા સદ્‌ગુરુ સંતો પૂ. શાંતિદાદા, પૂ. હર્ષદદાદાનાં નેતૃત્વ અને માર્ગદર્શને પૂ. રમેશભાઈ ઝા, પૂ. ડૉ. મનોજભાઈ, પૂ. રણછોડભાઈ, પૂ. સંદીપભાઈ, પૂ. જયેન્દ્રભાઈ, પૂ. કેયૂરભાઈ, પૂ. નીરવભાઈ આદિ સંતો સહિત કનુ પટેલ, અમિતભાઈ પટેલ, અમૃતભાઈ, હિંમતભાઈ, અનુપમભાઈએ અકલ્પ્ય દાખડો કરી ગુરુભક્તિ અદા કરી અને 'તીરથ'નું નિર્માણ અશક્ય સમયમાં સાકાર કર્યું.



પૂ. અશ્વિનદાદા અને ડૉ. જિતુભાઈના વરદ હસ્તે છપૈયા 'તીરથ' પ્રદર્શનીનાં મુક્તાર્પણ



પૂ. શાંતિદાદા અને બિમલભાઈના વરદ હસ્તે ધારી 'તીરથ' પ્રદર્શનીનાં મુક્તાર્પણ

સુચારુ પૂર્વ આયોજન અને અદમ્ય ભક્તિના સંયોગે 'તીરથ' પ્રદર્શની તૈયાર થઈ. મંદિરજી મહોત્સવના શુભ પ્રસંગે છપૈયા તીરથનાં મુક્તાર્પણ સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદા અને ડૉ. જિતુભાઈ પટેલ તેમજ ધારી તીરથનાં મુક્તાર્પણ સદ્‌ગુરુ સંત પૂ. શાંતિદાદા અને બિમલભાઈ શેઠના વરદ હસ્તે કરાયાં. આ પ્રદર્શનીમાં છપૈયાધામ અને ધારીધામની હૂબહૂ પ્રતિકૃતિ તૈયાર કરાઈ છે. જેઓએ આ બંને તીર્થસ્થાનોનાં દર્શન નથી કર્યાં તેઓને પણ તેનાં દર્શનનો અલભ્ય લાભ પ્રાપ્ત થાય તેવી અદ્‌ભુત કલાકૃતિઓ પ્રસ્તુત કરાઈ છે.

'તીરથ'ના છપૈયા ધામ વિભાગમાં બાળ ઘનશ્યામનાં લીલા ચરિત્રોનાં દિવ્ય દર્શન થાય છે જ્યારે ધારી ધામ વિભાગમાં બાળ ઝીણા ભગતનાં દિવ્ય ચરિત્રો પ્રેરણા અર્પે છે. તમામ પ્રસંગોની આબેહૂબતા જે-તે સમયકાળમાં સૌને ગરકાવ કરે છે. મુક્તાર્પણ પ્રસંગે આ બંને વિભાગનાં દર્શન કરી સંત સ્વરૂપોએ સૌ સંતો અને ભક્તોની ભક્તિને બિરદાવી અંતરની આશિષ વરસાવી.



છપૈયા ધામ-મૉડેલ વિલેજનાં દિવ્ય દર્શન



ધારી ધામ-મૉડેલ વિલેજનાં દિવ્ય દર્શન



શ્રી ઘનશ્યામ પ્રભુની દિવ્ય લીલાનાં દર્શન



શ્રી ઝીણા ભગતની દિવ્ય લીલાનાં દર્શન



# બ્રહ્મજ્યોતિમાં 'તીરથ'ના સર્જનની પ્રેરણા તથા નિર્દેશ આપતા સંતભગવંત સાહેબજીના સ્વહસ્તે લખાયેલ પ્રાસાદિક પત્રો


॥ સ્વામિશ્રીજી ॥ ૨૯ માર્ચ, ૨૦૦૯


પોતાના ઈષ્ટદેવ–ગુરુદેવની મૂર્તિની સ્મૃતિ જ દેહભાવથી પર બનાવે છે. તેઓ જ્યાં જન્મ્યા, રહ્યા, ફર્યા તે સઘળાં સ્થાનો તીર્થરૂપ છે. તેની સ્મૃતિ આનંદદાયક છે. શ્રીજી મહારાજ છપૈયામાં પ્રગટ્યા–ઘનશ્યામ નામે ત્યાં રહ્યા, ભણ્યા, તળાવ, ઝાડ, ખેતર, ફળિયું બધે જે જે લીલાઓ કરી તે તીર્થની સ્મૃતિ સહેજે જ થાય તેવું છપૈયા ધામનું નાનું રળિયામણું નગર બ્રહ્મજ્યોતિમાં બને તો કેવો સૌને આનંદ મળે ! તે વિચાર અમો સૌ ૨૮ માર્ચના આઈલો વાઈટના મૉડેલ વિલેજમાં આવ્યા તે જોઈને સૌને આવ્યો.

તે બાદ બધાં ચા–પાણી કરવા બેઠાં ત્યાં સૌને આવું મૉડેલ વિલેજ બ્રહ્મજ્યોતિમાં છપૈયા–ધારીનું બનાવીએ તો કેવું ? તે વાત થઈ. પૂ. અશ્વિનભાઈ – પૂ. શાંતિભાઈ – પૂ. હર્ષદભાઈ વિગેરે સંતો સાથે પૂ. મનોજભાઈ – મીનેશ – મનુભાઈ – પ્રેરણા સૌએ રાજીપો બતાવ્યો ને તે કામ અંગે પૂ. રમેશભાઈ ઝા, પૂ. સંદીપભાઈ – પૂ. હર્ષદભાઈને યોજના બનાવવા નિર્દેશ કર્યો છે. તેની સ્મૃતિ રૂપે પૂ. રમેશભાઈએ આ કાર્ડ લીધું છે. તે સહજ જાણ માટે.

આપના જ અશ્વિનભાઈ–શાંતિભાઈ,

સાહેબના જય સ્વામિનારાયણ !




૪–૩૦ વાગે ॥ સ્વામિશ્રીજી ॥ ૨૯–૩–૦૯

આઈલો વાઈટથી લંડન જતાં ફેરીમાં –

'ધારી' આપણા પ્રાણપ્યારા ગુરુદેવ પ.પૂ. યોગીજી મહારાજનું પ્રાગટ્યતીર્થ... તેની સ્મૃતિ એટલે કે બાપા જ્યાં પ્રગટ થયા તે તીર્થરૂપ ઘર, ફળિયું, જૂનું મંદિર, શાળા, નદીનો ઘાટ વિગેરેની બાપા સાથેની સ્મૃતિએ આપણા ભાવોને દિવ્ય બનાવે છે.

તો તેવું નાનું તીર્થ ધારી નગર રૂપે બ્રહ્મજ્યોતિમાં આ પ્રાસાદિક સ્થાનોનાં દર્શન કરાવે તે રીતે બનાવીએ તો સહેજે જ ભક્તોને તે સ્મૃતિ કરાવી આનંદ આપશે, તે આઈલો વાઈટમાં મૉડેલ નગર જોઈને સૌને વિચાર આવ્યો. તો પૂ. અશ્વિનભાઈએ પૂ. હર્ષદભાઈ – મનોજભાઈ – સંદીપભાઈ – રમેશભાઈ ઝાલાવાડિયાને આ કામની સોંપણી કરી છે, તે સ્મૃતિ માટે આ કાર્ડ પૂ. રમેશભાઈએ લઈ લખાવ્યું છે. ૨૮–૩–૦૯ના અમો મૉડેલ વિલેજ ગયા હતા. આજે લંડન જતાં કાર્ડ ફેરીમાં લખ્યું છે.

આપના જ શાંતિભાઈ, અશ્વિનભાઈ,

સાહેબના જય સ્વામિનારાયણ.





॥ સ્વામિશ્રીજી ॥

# બ્રહ્મસમાધિ

દાદુભાઈ નાથાભાઈ પટેલ
સત્સંગના પ્રાણ પુરુષ
બ્રહ્મસ્વરૂપ પૂજ્ય કાકાશ્રી
અહીં લયલીન
બ્રહ્મસમાધિમાં.

શુક્રવાર દિનાંક ૭ માર્ચ ૧૯૮૬
મહા વદ ૧૨ વિક્રમ સંવત ૨૦૪૨
સાયંકાળે ૬:૦૦ની અમૃત ક્ષણે
પ્રાગટ્ય ૧૨ જૂન ૧૯૧૮થી આજપર્યંત...

તપોભૂમિ બ્રહ્મજ્યોતિનું એવું જ અન્ય પવિત્ર સ્થાન એટલે પ્રાસાદિક બ્રહ્મસમાધિ! મંદિર મહોત્સવ ઉપક્રમે પરમ પૂજ્ય કાકાશ્રી અને પ.પૂ. સોનાબાની બ્રહ્મસમાધિનાં પણ નવીનીકરણ થયાં. શ્રીહરિનાં ચરણારવિંદની સાથે પરમ પૂજ્ય કાકાશ્રી અને પરમ પૂજ્ય સોનાબાની આરસની મૂર્તિઓ પધરાવાઈ. દર્શનાર્થે પધારેલ મુક્તો ધૂન, પ્રદક્ષિણા સાથે પ્રાર્થનાભક્તિ અર્પણ કરી શકે તે હેતુથી સંતભગવંત સાહેબજીએ નૂતનીકરણ માટે સંકલ્પ કર્યા.





પૂ. હંસાદીદી દ્વારા પ.પૂ. કાકાજી સમાધિસ્થાને ચરણારવિંદનાં પૂજન



પ.પૂ. કાકાજી સમાધિસ્થાને સંત બહેનો દ્વારા મંત્રપુષ્પાંજલિ અર્પણ





ગુણાતીત જ્યોત-વલ્લભવિદ્યાનગર, ભક્તિ આશ્રમ-સોખડા, અક્ષરજ્યોત-દિલ્હીનાં સંત બહેનોએ આ નૂતન પ્રકલ્પનાં મુક્તાર્પણ કર્યાં.

પૂજ્ય હંસાદીદી અને પૂજ્ય આનંદીદીદીએ પરમ પૂજ્ય કાકાશ્રીની તથા પૂજ્ય દેવીબહેન અને પૂજ્ય પ્રેમબહેને પરમ પૂજ્ય સોનાબાની મૂર્તિઓનાં પૂજન કરી ભક્તિ અર્ઘ્ય અર્પણ કર્યાં. આરતી-મંત્ર પુષ્પાંજલિ સાથે સંત બહેનોએ સૌની સુખાકારી માટે પ્રાર્થનાઓ ધરી.

|| સ્વામિશ્રીજી ||

## બ્રહ્મસમાધિ

સોનાબા તુલસીદાસ અમીન
સત્સંગનાં આપણા સૌનાં
બ્રહ્મસ્વરૂપ પૂજ્ય બા
અહીં અચલ
બ્રહ્મસમાધિમાં..

શનિવાર દિનાંક ૨૧ જાન્યુઆરી ૧૯૯૫
પોષ વદ ૫ વિક્રમ સંવત ૨૦૫૧
સવારે ૧૧:૦૦ની અક્ષય ક્ષણે
પ્રાગટ્ય ૨૩ જુલાઈ ૧૯૦૬થી આજપર્યંત...




પૂ. દેવીબહેન દ્વારા પ.પૂ. સોનાબા સમાધિસ્થાને ચરણારવિંદનાં પૂજન



પ.પૂ. સોનાબા સમાધિસ્થાને સંત બહેનો દ્વારા મંત્રપુષ્પાંજલિ અર્પણ

# ॥ નવધાભક્તિ વંદના ॥


જ્ઞાનયજ્ઞ વિદ્યાલય અને સ્થાનિક યુવતીઓ : ઉત્સવ નૃત્ય અર્પણ


વેમારની યુવતીઓ : ગરબા સ્વરૂપે શ્રવણભક્તિ અર્પણ


અંકલેશ્વરની યુવતીઓ : કથક નૃત્યરૂપે કીર્તનભક્તિ અર્પણ


મુંબઈ-ચેન્નાઈની યુવતીઓ : લેઝિમ નૃત્યરૂપે સ્મરણભક્તિ અર્પણ



સુરતની યુવતીઓ : સર્જનાત્મક નૃત્યરૂપે પાદ-સેવનભક્તિ અર્પણ


યુ.કે.-ઑસ્ટ્રેલિયાની યુવતીઓ : ફ્યુઝન નૃત્યરૂપે અર્ચનભક્તિ અર્પણ



મંદિર મહોત્સવના પ્રથમ દિવસની ઢળતી સાંજ સૌને માટે અત્યંત યાદગાર બની રહી. રોશનીના ઝગમગાટ, સંગીતના સૂરતાલ અને ભક્તિના યુવાજોશની સંવાદિતા સાથે મંદિર મહોત્સવ સાંસ્કૃતિક કાર્યક્રમ 'નવધાભક્તિ વંદના' સંતભગવંત સાહેબજી અને સંત સ્વરૂપોની નિશ્રામાં પ્રસ્તુત થયો.

અનુપમ મિશનનાં વિવિધ મંડળોની ૨૩૫થી વધુ યુવતીઓ દ્વારા પ્રારંભિક ઉત્સવનૃત્ય, ઉપાસના ગીતનૃત્ય સહિત નવધાભક્તિને રજૂ કરતાં કુલ અગિયાર નૃત્યો ભક્તિરૂપે પ્રસ્તુત કરાયાં. આ સાંસ્કૃતિક કાર્યક્રમમાં જ્યારે સંતભગવંત સાહેબજી પધાર્યા ત્યારે દેશ અને પરદેશનાં ૩૦૦થી વધુ બહેનોએ વિશિષ્ટ વસ્ત્રો પરિધાન કરી સ્વાગતપથની બંને તરફ ઊભાં રહી આતમ પ્રાણના હૃદયભાવ સાથે સ્વાગત કર્યાં. ઉત્સવ શુભારંભ કાર્યક્રમમાં છલકતાં સંપ, સુહૃદભાવ અને એકતાનાં દર્શન-અનુભવ સહજ સંતભગવંત સાહેબજીના દિવ્ય કાર્યની અપ્રતિમ અનુભૂતિ કરાવી રહ્યાં હતાં.



# મંદિર મહોત્સવ સાંસ્કૃતિક કાર્યક્રમ



યુ.એસ.એ.ની યુવતીઓ : સર્જનાત્મક નૃત્યરૂપે વંદનભક્તિ અર્પણ



અમદાવાદની યુવતીઓ : રાજસ્થાની ચરી નૃત્યરૂપે દાસ્યભક્તિ અર્પણ



મોગરીની યુવતીઓ : ગોફ નૃત્યરૂપે સખ્યભક્તિ અર્પણ



મોગરીની બાલિકાઓ : કઠપૂતળી નૃત્યરૂપે આત્મનિવેદનભક્તિ અર્પણ




ધારીની યુવતીઓ : હૂડો નૃત્યરૂપે ઉપાસના ગીત ભક્તિ અર્પણ



વિખ્યાત કલાકાર શ્રી કનુ પટેલનાં અભિવાદન-સન્માન



આ સાંસ્કૃતિક કાર્યક્રમ સાકાર કરવામાં પૃથાબહેન, મનાલીબહેન, ઊર્જાબહેન, અર્ચનાબહેન, વિધિબહેનની સખત જહેમત અને પૂ. ડૉ. મનોજભાઈ, કનુ પટેલનાં માર્ગદર્શન-યોગદાન રહ્યાં. સંતભગવંત સાહેબજી, પૂ. અશ્વિનદાદા, પૂ. શાંતિદાદાએ નૃત્યભક્તિ અદા કરનાર સૌની પ્રસ્તુતિને, અંતરની ભક્તિને બિરદાવી રૂડા આશીર્વાદ પ્રદાન કર્યા. સુંદર આયોજન કરનાર સૌની સેવાને બિરદાવી. સાંસ્કૃતિક કાર્યક્રમમાં યુવતીઓ દ્વારા નૃત્યભક્તિ સ્વરૂપે થયેલ પ્રસ્તુતિ દ્વારા પ્રભુ પામવાના માધ્યમ રૂપી નવધાભક્તિની જીવંત અનુભૂતિ સૌને થઈ. કાર્યક્રમના કીર્તનોનું કંઠ્ય કલાપ અને સંગીત અમિતભાઈ ઠક્કર અને દીપ્તિબહેન દેસાઈના સૌહાર્દપૂર્ણ સહયોગથી સાકાર થયું. કાર્યક્રમના અંતે ભવ્ય આતશબાજી થઈ જેણે સૌને ખૂબ મોહિત કર્યાં. ચિક્કાર ઉમટેલી ભક્ત મેદની માટે આ સાંસ્કૃતિક કાર્યક્રમ અને આતશબાજીની અનુભૂતિ મંદિરજી મહોત્સવના શુભારંભને ચિરસ્મરણીય બનાવી ગઈ. આમ, મંદિરજી મહોત્સવનો શુભારંભ અનુપમ રહ્યો !!!





અનુપમ મિશનની તપોભૂમિ બ્રહ્મજ્યોતિ મોગરી ખાતે
સંતભગવંત સાહેબજીની પ્રેરણા અને કૃપાશિષ
તેમજ સંતો-ભક્તોનાં અનુપમ સમર્પણથી નિર્મિત નૂતન મંદિરજીના શ્રી ચરણોમાં
વ્રતધારી સંતોની ભાવવંદના !

# મંદિરજી
## માહાત્મ્ય ગાથા





અનુપમ મિશનની તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી ખાતે સંતભગવંત સાહેબજીની પ્રેરણા અને કૃપાશિષથી નિર્મિત પ્રથમ મંદિર – 'પારમિતા'

ભારતની તપોભૂમિ બ્રહ્મજ્યોતિમાં
નૂતન મંદિરજીના નિર્માણપૂર્વે
સંતોએ ભક્તિસભર હૃદયે તથા ભાવાશ્રુભીની આંખે
ભૌતિક સાધનોની વિષમતા તથા
આંતરિક મૂંઝવણની વાત કરતાં
સાહેબદાદાને અંતરનો પોકાર કર્યો ત્યારે
સાહેબદાદાએ પરભાવમાં આવીને કહ્યું,
**'મારા સંતોની પ્રાર્થના છે ને...**
**તો યોગીબાપા જરૂર સાંભળશે...**
**હવે મંદિર થશે !**
**લક્ષ્મીજીની વર્ષા થશે, તૂટો નહિ પડે...**
**શ્રી લક્ષ્મીજી શ્રી ઠાકોરજીની સેવા કરશે...'**
સાહેબદાદાના આ આશીર્વાદનાં દર્શન
આજે તપોભૂમિ બ્રહ્મજ્યોતિ પર મંદિરજી રૂપે
સાકાર થઈ રહ્યા છે અને
શાશ્વતકાળપર્યંત હાજરાહજૂર રહેશે...!

**અમદાવાદના** કાળુપુર વિસ્તારના નવાવાસમાં શ્રીજી મહારાજ દ્વારા વિશ્વના સર્વપ્રથમ સ્વામિનારાયણ મંદિરમાં શ્રી નરનારાયણદેવની મૂર્તિઓ પધરાવી. સૌએ શ્રી નરનારાયણ દેવનો જયઘોષ કર્યો. પછી બીજાં પાંચ મંદિરોમાં શ્રીજી મહારાજે શ્રી લક્ષ્મીનારાયણ દેવ, શ્રી મદનમોહન દેવ, શ્રીરાધાકૃષ્ણ દેવ, શ્રી રણછોડરાય-ત્રિકમરાયદેવ, શ્રી ગોપીનાથદેવ, એવાં સ્વરૂપો પધરાવ્યાં. તેઓએ મંદિરોમાં આ અવતારોને પધરાવ્યા તેનો સંકેત સ્પષ્ટ હતો : 'જેમ રાધાએ સહિત કૃષ્ણ, નર સહિત નારાયણ, લક્ષ્મી સહિત નારાયણની મૂર્તિઓને અમે સ્થાપી છે, તેમ અમે અમારા ભક્તે સહિત બિરાજીશું.'

ભગવાનના અન્ય અવતારો કરતાં શ્રીહરિની એક વિશેષતા હતી કે, વરતાલમાં પોતાની મૂર્તિ છેલ્લા શિખરમાં છેલ્લે સ્થાને શ્રી હરિકૃષ્ણ મહારાજ સ્વરૂપે પોતાના હસ્તે પધરાવી દીધી ! તેમને ખાતરી હતી કે, એક દિવસ પોતાની મૂર્તિ તેઓના ઉત્તમ ભક્ત અક્ષરબ્રહ્મ સાથે મધ્ય મંદિરમાં બિરાજશે. શ્રીજી મહારાજનો આ સંકલ્પ બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ દ્વારા સાકાર થયો ! અકલ્પનીય તકલીફો વચ્ચે બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે બોચાસણ, સારંગપુર, ગોંડલ, અટલાદરા, ગઢડા એમ પાંચ-પાંચ શિખરબદ્ધ મંદિરોનાં નિર્માણ કરી શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજની મૂર્તિઓ મધ્ય મંદિરે સ્થાપીને શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના ડંકા દિગંતે ગજવ્યા. આ શુદ્ધ ઉપાસના પ્રવર્તનનું કાર્ય તેઓ બાદ ગુરુદેવ યોગીજી મહારાજ દ્વારા વહેતું રહ્યું. યોગીજી મહારાજે શાહીબાગ-અમદાવાદ, ભાદરા તથા ભારતનાં અન્ય કેન્દ્રોમાં તેમજ આફ્રિકા, ઇંગ્લૅન્ડ આદિ સ્થાનમાં મંદિરો રચ્યાં, તે ઉપરાંત અનેક

જંગમ મંદિરોની રચના પણ કરી. તેઓએ યુવાનોને સ્નેહ-પ્રેમ સીંચી અધ્યાત્મમાર્ગે પ્રેર્યા અને ૫૧ ભણેલા ગણેલા પ.પૂ. મહંત સ્વામીજી જેવા સુશિક્ષિત યુવાનોને દીક્ષિત કરવાની આહલેક જગાવી. તેઓએ ગામોગામ અઠવાડિક સત્સંગસભા, યુવાસભા અને બાળસભાઓનો પ્રારંભ કરાવી સમગ્ર સત્સંગ સમાજમાં નવચેતના પ્રગટાવી.

ભગવાન શ્રી સ્વામિનારાયણ, ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજ, ગુરુદેવ યોગીજી મહારાજ પછી બ્રહ્મસ્વરૂપ પ્રમુખ સ્વામી મહારાજ, બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજે દેશ-વિદેશમાં યુગલ ઉપાસનાનું પ્રવર્તન અને ભારતીય સંસ્કૃતિનું વહન કરતાં ભવ્ય મંદિરોનાં નિર્માણ કર્યાં.

દરેક મંદિર નિર્માણની ગાથા વિરલ અને અકલ્પનીય છે. તેના સર્જનમાં સંતો-ભક્તોનાં સમર્પણ અતુલનીય છે. ભગવાનની સેવામાં જે કોઈએ સમર્પણ કર્યાં તે સૌ સુખિયાં સુખિયાં થઈ ગયાં, અક્ષરધામનાં શાંતિ અને આનંદને અનુભવતાં થયાં તેવાં અનેક દૃષ્ટાંતો શાસ્ત્રોનાં પાને પાને લખાયાં છે. મંદિર નિર્માણ સદાય સામૂહિક આધ્યાત્મિક ઉત્થાનનું માધ્યમ બન્યું છે.

તત્કાલીન સમયકાળમાં અનુપમ મિશનના પ્રાણપુરુષ સંતભગવંત સાહેબજીએ પણ ઉપાસનાનાં આવાં જ મંદિરોનાં નિર્માણ કરાવ્યાં ને શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાને આચરણમાં મૂકી જીવન જીવતા અદ્‌ભુત સમાજની રચના કરી. જેના મૂળમાં ગુરુદેવ યોગીજી મહારાજના આશીર્વાદ છે, નવયુગના નવસર્જન માટેનો તેઓનો સંકલ્પ છે !

અત્રે એક એવી ગાથા, માહાત્મ્યયાત્રાનો ઉલ્લેખ છે કે, જે અજોડ અને અનુપમ છે. આ ગાથા છે ગુરુદેવ યોગીજી મહારાજ અને તેઓના વારસદાર સંતભગવંત સાહેબજીની ! આ યાત્રા છે મંદિર નિર્માણ થકી દિવ્ય સંસ્કૃતિ નિર્માણની !

ઈ.સ. ૧૯૫૭માં જશુભાઈ (સંતભગવંત સાહેબજી) કૉલેજનો અભ્યાસ કરવા વલ્લભવિદ્યાનગર આવ્યા ત્યારે યોગીબાપાએ જશુભાઈના જીવનમાં શિખર સ્થાન લઈ લીધું હતું. વળી, સાહેબદાદા તો અનાદિના ! શ્રીજી મહારાજનું કાર્ય કરવા તેઓ પધાર્યા હતા, તેથી તેઓની યુવાન અવસ્થામાં યોગીજી મહારાજ તેઓને સાધુના બધા નિયમો આપતા. દરરોજ પૂજા કરવી, એકાદશીના ઉપવાસ કરવા, ભોંય પર સૂઈ જવું, ભેગું કરીને જમવું, લસણ-ડુંગળી ન ખાવાં, નાટક-સિનેમા ન જોવાં, તિલક-ચાંદલો કરવો, બહેનોને અડી જવાય તો ઉપવાસ કરવો, ગુરુસભા કરવી ને તેમાં કૉલેજના યુવાનોને જોડવા આદિ તે સમયે અશક્ય જણાતી અનેક આજ્ઞાઓ જે યોગીબાપાએ કરી, તે બધી જ આજ્ઞાઓ શિરસાટે જશુભાઈએ પાળી. અરે ! જશુભાઈ સાથેના અકલ્પ્ય પ્રેમને પરિણામે તેમના સાથી મિત્રોએ પણ તે બધી જ આજ્ઞાઓ પાળી ! આખું વલ્લભવિદ્યાનગર અચરજ પામ્યું કે, ઈલેક્શન અને કૉલેજની બધી જ પ્રવૃત્તિઓમાં અગ્રેસર એવી આ ભગત મંડળીને શું થઈ ગયું ? પણ તે દિવસે એમને કોણ સમજાવે કે, ગુણાતીત ગુરુ યોગીબાપાની આ યુવાનો પર દૃષ્ટિ પડી ગઈ હતી ! યોગીબાપાની પ્રેમશક્તિએ એવો કમાલ કર્યો કે, જશુભાઈ સાહેબ અને સાથી મિત્રોનાં મન અને હૃદય યોગીરંગે રંગાઈ ગયાં !

ઈ.સ. ૧૯૬૪ની દિવાળી પછીનો એ સમયગાળો હતો. યોગીબાપા વલ્લભવિદ્યાનગર પધારેલા ને ત્યાંથી વસો એક કાર્યક્રમમાં ગયા ત્યારે સાથે જશુભાઈને પણ લઈ ગયેલા. કાર્યક્રમ પત્યો એટલે બાપાએ જશુભાઈને બોલાવ્યા ને વહાલ વરસાવતાં આજ્ઞા કરી કે, 'હે જશુભાઈ સાહેબ ! આપણે હૉસ્ટેલની રૂમમાં મંદિર કરો ને સવાર-સાંજ શ્રી ઠાકોરજીને આરતી અર્પણ કરો, રાતની સભા સાથે નિયમ ચેષ્ટા કરો !' તે પછી તો એક પછી એક એમ અનેક આજ્ઞાઓનો ધસમસતો પ્રવાહ જાણે વહેતો હતો. તે સમયકાળમાં વીસ-બાવીસ વર્ષના યુવાનને માટે તે આજ્ઞાઓનું પાલન કરવું તે સહજ અશક્ય બાબત લાગે ; પણ, આ અજોડ અને અનુપમ કહાનીની ખાસિયત જ એ છે કે, જશુભાઈએ યોગીબાપાની એક પણ આજ્ઞા ઉથાપી નહિ. અને હા ! જશુભાઈના નેતૃત્વે કૉલેજમાં ભણતા યુવાનોએ હૉસ્ટેલની રૂમમાં પણ મંદિર કર્યું !



યોગીજી મહારાજની આજ્ઞાથી કૉલેજમાં ભણતા યુવાન જશુભાઈ સાહેબે યુનિવર્સિટી હૉસ્ટેલની રૂમ નં. ૧૪માં પ્રથમ મંદિર કર્યું તે પ્રસાદિક સ્થાન

ત્યારે જશુભાઈ યુનિવર્સિટી હૉસ્ટેલની રૂમ નંબર ૧૪માં રહેતા ને રતિકાકા તેમના રૂમ પાર્ટનર હતા. વસોથી તે જ સાંજે વલ્લભવિદ્યાનગર પરત આવ્યા બાદ બાપાએ કરેલ આજ્ઞાની વાત જશુભાઈએ સાથી મિત્રોને કરી ને સૌએ તેને વધાવી લીધી. જશુભાઈએ પોતાની રૂમ ખાલી કરી દીધી અને મંદિર કરવા જગ્યા નક્કી કરી દીધી. પણ, શ્રી ઠાકોરજીને પધરાવવા મંદિર તો જોઈએ ને ! ખીલીઓ ઠોકી શાંતિભાઈએ બુક શેલ્ફને દીવાલમાં લગાડ્યું. નવું જ ઓશીકાનું કવર ને ચાદર વી.એસ. પટેલ પાસે હતાં તેને દરજી પાસે લઈ ગયાં ને તેનો પડદો કર્યો. સાહેબદાદાની રૂમમાં શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ, શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજની મૂર્તિઓ હતી જ, તે મંદિરમાં પધરાવી દીધી. લ્યો, થઈ ગયું મંદિર તૈયાર ! હર્ષદભાઈ આરતી અને ઘંટડી લઈ આવ્યા. મોહનલાલ- રસોઈયા મહારાજ પાસેથી ઘીની દિવેટો તૈયાર કરાવી.અશ્વિનભાઈ અને સનંદભાઈએ રૂમસફાઈ કરી ને પ્રસાદની વ્યવસ્થા કરી.

નક્કી કર્યું હતું કે, બીજા દિવસે સવારે દસ વાગ્યે યુવક મંડળના બધા યુવાનોને બોલાવી આરતી ઉતારીશું. પણ, આરતી કરવાનો સમય આવ્યો ત્યારે સૌ સાહેબજીને આગળ કરે ને દાસત્વની મૂર્તિસમા સાહેબજી સાથીમિત્રોને આરતી કરવા આગ્રહ કરે ! તેવામાંજ એક ઍમ્બેસેડર કારનું હોર્ન વાગ્યું. તે જમાનામાં આવી કાર હજારોમાં કોઈ એકાદ પાસે જ હોય. વલ્લભવિદ્યાનગરમાં પણ તે દિવસે એચ. એમ. પટેલસાહેબ અને ચારુતર વિદ્યામંડળ પાસે જ કાર હતી. એટલે કોણ આવ્યું છે તે જોવા જિજ્ઞાસાપૂર્વક રૂમની બહાર સનંદભાઈ અને મિત્રો ગયા. ત્યાં તો એક સમય માટે સૌનાં હૃદય થંભી ગયાં. અંતરમન આનંદથી ઝૂમી ઊઠ્યાં. સૌ સફાળા જ એ દિવ્ય યુગવિભૂતિને સત્કારવા દોડ્યા. તેઓ હતા બ્રહ્મસ્વરૂપ પ્રમુખ સ્વામીજી મહારાજ ! તેઓ 'હરિલીલાકલ્પતરુ' ગ્રંથના પ્રકાશન કાર્ય માટે વડતાલ પધાર્યા હતા અને આણંદ પરત ફરતાં તેઓને થયું કે, વલ્લભવિદ્યાનગરના યુવાનોને મળતા જઈએ. તેથી તેઓ હૉસ્ટેલ પર પધાર્યા. આમ, યોગીબાપાની દિવ્ય આજ્ઞાને સંતભગવંત સાહેબજી અને મિત્રોએ શિરસાટે પાળવાનો આલોચ રાખ્યો તો મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠાની આરતી સ્વયં પ્રમુખસ્વામીજીએ ઉતારી અનેરી સ્મૃતિઓ બક્ષિસમાં આપી. તે પ્રસાદીની મૂર્તિ આજે પણ અ.નિ. પૂ. ડૉ. વી. એસ. પટેલસાહેબના આવાસમાં સચવાયેલ છે. પછી તો ભગતમંડળીની ગાડી પૂરપાટ વેગે ઊપડી. મંદિરમાં સવાર-સાંજ આરતી થાય ને હૉસ્ટેલના ૫૦-૬૦ યુવાનો તેનાં દર્શને આવે. રૂમ છલોછલ ભરાઈ જાય માટે બહાર ઊભા રહી બંને બારીઓમાંથી આરતીનાં દર્શન કરે. રાત્રે સાહેબદાદા અને સાથી મિત્રો 'વચનામૃત', 'સ્વામીની વાતુ'નું વાંચન કરે ને ચેષ્ટા કરીને જ સૂવે. હર્ષદભાઈ મંદિરના પૂજારી ! તેઓ બાજુની હૉસ્ટેલમાં રહે ને વહેલી સવારે શ્રી ઠાકોરજીને ઉઠાડે, આરતી કરે, પૂજા કરે, દીવો-અગરબત્તી કરે. પ્રસંગો તો ઘણા બને પણ આ નિત્યક્રમની સાથે સાથે અકબંધ રહે અંદરોઅંદર નિર્દોષભાવ અને યોગી પ્રત્યેનો બ્રહ્મભાવ ! રૂમમાં મંદિર કરવાની એક નાનકડી આજ્ઞા હૃદયના સાચા ભાવથી પાળી તો તેની શ્રેષ્ઠ ફળશ્રુતિ પ્રાપ્ત થઈ. અને પછી તો જે થયું તે યુગકાર્ય બની રહ્યું !

યોગીબાપા સાથે રહી, કેવળ તેમને જ રાજી કરવાના ભાવથી જિવાતા આ યુવાનોનાં જીવન યોગીમય બની ગયાં હતાં. યોગીબાપા આજ્ઞા કરે તો સઘળું છોડી સાધુ થઈ જવા સૌ તત્પર હતા. અને તેવામાં ગુરુદેવ યોગીજીમહારાજના અમૃતપર્વનું ટાણું આવ્યું. સાહેબજી અને યુવાનોને મન આ પર્વને વલ્લભવિદ્યાનગરના આંગણે ઊજવી લેવાના ભાવ જાગ્યા. મહોત્સવ વલ્લભવિદ્યાનગરમાં થાય તે માટેની પરવાનગી લેવા શરદ પૂનમના સમૈયે સાહેબજી તો પહોંચ્યા ગોંડલ પ.પૂ. પ્રમુખસ્વામીજી અને ટ્રસ્ટ કમિટી પાસે ! ત્યારે પ.પૂ. પ્રમુખ સ્વામીજી અને કમિટીએ રાજી થકા હા પાડી, પરંતુ સમૈયાની સમગ્ર જવાબદારી અને ખર્ચો વલ્લભવિદ્યાનગર મંડળના યુવાનો જ ઉઠાવે તે શરતે ! ગુરુદેવ યોગીજી મહારાજ અર્થે સાહેબજીને તો સઘળું મંજૂર હતું. ત્યારબાદ પ.પૂ. પ્રમુખસ્વામીજીએ તેમને યોગીબાપાને મળવાનું કહ્યું.

યોગીબાપા પાસે જઈને સાહેબજીએ પ્રસ્તાવ મૂક્યો અને કમિટીએ પરવાનગી આપી છે તેનો આનંદ વ્યક્ત કર્યો એટલે તરત જ બાપાએ કહ્યું કે, 'પ્રાગટ્યદિન ઊજવવાની તો કમિટીએ હા પાડી છે, પણ અમે ક્યાં હા પાડી છે !' તેથી સાહેબજીએ કહ્યું કે, 'બાપા ! તો હવે આપ હા પાડો !' ત્યારે યોગીબાપાએ માર્મિક આજ્ઞા કરી કે, 'અમે, તો હા પાડીએ જો તમે અગિયાર યુવકો સાધુ થાઓ !' પલભરનો વિલંબ કર્યા વગર સાહેબજીએ સૌ યુવાનો વતીથી ભગવાં વસ્ત્રધારી સાધુ થવાનું વચન આપ્યું અને સામે યોગીબાપાએ પણ પોતાના અમૃતપર્વને ઊજવવાની મંજૂરી આપી ! બાપા ખૂબ જ રાજી થયા. સાહેબજીને બાથમાં લઈને ભેટ્યા અને ધબ્બા મારી આશીર્વાદ વરસાવ્યા.

સમૈયાનાં આયોજન શરૂ થયાં. એક લાખ હરિભક્તોનાં ઉતારા, ભોજન, રાશન, સભાવ્યવસ્થા, સુશોભન, આમંત્રણ, અતિથિગણ આદિની તૈયારીઓ શરૂ થઈ. આર્થિક ભીડો પડે છતાં કામ અટકે નહિ ને ભગવાન સહાય મોકલે ! ૧૭ મે, ૧૯૬૬ તારીખ નક્કી થઈ મહોત્સવની ને સ્થળ નક્કી થયું વલ્લભવિદ્યાનગરનું શાસ્ત્રી મેદાન ! મહોત્સવ નજીક આવ્યો ને બાપાનો પત્ર આવ્યો કે, 'હે જશુભાઈસાહેબ ! અમે સૌ યુવાનો પર ખૂબ રાજી થયા ! તે હવે



યુવકોને આનંદ કરાવવો છે ! તે અમે વિદ્યાનગર વહેલા આવીશું ને સમૈયા સુધી યુવકો સાથે રહીશું. ૧૩મી તારીખે અમને લેવા ગાડી લઈને અમદાવાદ આવજો !'

આજ્ઞાનુસાર સાહેબજી અમદાવાદ પહોંચ્યા. બાપા શાહીબાગ મંદિરે બિરાજમાન હતા. તે જ સાંજે સંસ્થાના કમિટીના સભ્યોની મીટિંગ થઈ. મીટિંગ પછી યોગીબાપાએ સાહેબજીને બોલાવ્યા અને કહ્યું કે, 'કાલે વહેલી સવારે ૫:૦૦ વાગ્યે અમને અમારી ઓરડીમાં મળવા આવજો !' બાપાના આશીર્વાદ લઈને સાહેબજી જશુભાઈ ભટ્ટના ઘરે રાત્રિરોકાણ માટે પધાર્યા.

૧૪મી તારીખની મંગલ પરોઢ. સાહેબજી સમયસર શાહીબાગ મંદિરે પહોંચી ગયા. યોગીબાપા આરામમાંથી જાગ્યા અને નિત્યક્રમ પ્રમાણે શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજની મૂર્તિનાં દર્શન કરીને સ્થિર થયા ત્યારબાદ સાહેબજીને એકાંતમાં તેમની ઓરડીમાં મળ્યા.

આધ્યાત્મિક ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે લખી શકાય તેવી અલૌકિક ઘટના તે દિવસે બની ! સાહેબજીને પાસે બોલાવીને યોગીબાપાએ ખૂબ વહાલ કર્યું. અંતરના આશીર્વાદ આપ્યા અને અનુપમ ભાવિનો નિર્દેશ કરતાં મંત્ર દીક્ષા આપી : **"હે જશુભાઈસાહેબ! તમને સૌને અમે ભગવાં વસ્ત્રની દીક્ષા આપવાના હતા તે હવે નથી આપતા પણ તમારાં હૃદય ભગવાં કરવાં છે. સૌ સાથે રહેજો અને સંસારમાં જશો નહિ. આ જ કપડે રહી ભેળા મળીને પ્રભુના કાર્ય કરજો. અમે તમારી સાથે છીએ..."**

યુનિવર્સિટી હૉસ્ટેલમાં મંદિર કરાવી તરત યોગીબાપાએ સાહેબજીને શ્રી અક્ષરપુરુષોત્તમ છાત્રાલયના નિર્માણનું કાર્ય સોંપ્યું. તે આજ્ઞા તેઓએ પાળી ને ત્યાં મંદિર કરી રોજ પૂજા-આરતી- સભા કર્યાં. સમય આવ્યો ત્યારે યોગીબાપાએ કહ્યું કે, 'છાત્રાલય છોડી દો ને પ્રમુખસ્વામીને સોંપી દો !' એમ કહી યોગીબાપાએ સાહેબજીને સ્વતંત્રથકા સાધનામાર્ગે ડગ ભરવાની આજ્ઞા કરી. ક્યાં જઈશું, શું કરીશું, અમે તો તમારે શરણે આવ્યા હતા અને હવે આ શું કર્યું ? જે છાત્રાલયને હેતથી બાંધ્યું તેને છોડી દેવાનું ? એવા કોઈ પણ પ્રકારના પ્રશ્નો સાહેબજી દ્વારા ન તો પૂછાયા કે ન તો તેમના કે તેમના યુવામિત્રોના મનમાં ઉદ્ભવ્યા! 'મારા વ્હાલાને ગમે તે ખરું !' એમ સમજી સાહેબજીએ યોગીબાપા પાસેથી વિદાય લીધી !

યુનિવર્સિટી હૉસ્ટેલ રૂમ નંબર ૧૪થી 'શ્રી અક્ષરપુરુષોત્તમ છાત્રાલય', ત્યાંથી 'શ્રીજી કૉલોની' અને પછી 'અનુપમ' બંગલો ! એમ સાહેબજી અને સાથી મિત્રો જ્યાં જ્યાં રહેવા ગયા ત્યાં ત્યાં મંદિર પણ સાથે રહ્યું ને સાથે રહ્યા યોગીજી મહારાજ ને તેઓના આશીર્વાદ !

પછી તો સાહેબદાદાનું કાર્ય એટલે કે, યોગીજી મહારાજના સંકલ્પને છતો થવાનો સમય આવ્યો. ૧૯૭૧થી '૮૦ના દશકાની વાત છે ! પ.પૂ. કાકાજી, પ.પૂ. પપ્પાજી અને પ.પૂ. સોનાબાના દિવ્ય સાંનિધ્યે યુવાનોએ સાહેબદાદાના યથાર્થ મહિમાનો સાક્ષાત્કાર કર્યો. એવા ઘણા યુવાનોએ સાહેબદાદામાં જોડાઈ સાધનામાર્ગનો આરંભ કર્યો. યોગીજી મહારાજના દિવ્ય આશીર્વાદથી પ.પૂ. કાકાજી-પ.પૂ. પપ્પાજીનાં માર્ગદર્શને, સાહેબદાદાના નેતૃત્વે ૧૯૬૯માં અનુપમ ઍડહેસિવ્સ રૂપે કર્મયોગ સાધનામંદિરનો શુભારંભ થયો. ૧૩ ઑગસ્ટ ૧૯૭૬ના રોજ અનુપમ મિશન ટ્રસ્ટ રજિસ્ટર થયું. સંતભગવંત સાહેબજીના દિવ્ય પ્રભાવથી સેંકડો યુવાનો અંજાયા અને




શ્રી અક્ષરપુરુષોત્તમ છાત્રાલયમાં મંદિરની સેવામાં રત યુવાન સાહેબજી

તેઓમાં પ્રભુસુખની અનુભૂતિ પામ્યા. સંજોગો ઊભા થયા ને યોગીબાપાના વિરાટ કાર્યને આગળ ધપાવવા વિશાળ જગ્યાની અનિવાર્યતા સર્જાઈ. તેથી ઈ.સ. ૧૯૭૭માં મોગરીમાં જમીન લીધી જેનો પણ રસપ્રદ ઇતિહાસ છે.

વલ્લભવિદ્યાનગરમાં ગુણાતીત જ્યોતની નજીક જ મોટો પ્લોટ ખાલી હતો અને તેના માલિક વડોદરા રહે. તેમને મળવા સાહેબદાદા, રતિકાકા, વિઠ્ઠલદાસ ને સાથી મિત્રો ગયા. વડોદરાની અમદાવાદી પોળના એક મકાનમાં ઉપરના માળે પ્લૉટના માલિક રહેતા હતા. સૌ ઉપર ગયા ને જમીનની વાત કરી તો ખબર પડી કે, આગલા દિવસે જ એ જમીનનો દસ્તાવેજ થઈ ગયો હતો. સાહેબદાદાએ કહ્યું કે, 'ભગવાનની મરજી નહિ હોય એટલે જ સોદો થઈ ગયોને!' યોગીબાપાનો સંકેત મળ્યો એમ સમજી તરત જ સાહેબદાદા દાદરો ઊતરી ગયા. ત્યાં મોગરી ગામના ઉપસરપંચ હરિકૃષ્ણભાઈએ સંતભગવંત સાહેબજી, પૂ. વિઠ્ઠલદાસ સહિત સૌને જોયા અને જાણ્યું કે તેઓ જમીનની શોધમાં છે એટલે હરિકૃષ્ણભાઈએ કહ્યું કે, 'જો તમે મોગરીમાં આવો, તો જોઈએ તેટલી જમીન બતાવીશું !'

તેથી બીજે દિવસે સવારે જ સંતોને હરિકૃષ્ણભાઈએ મોગરી ગામમાં જમીન બતાવી. પહેલી જ જે જમીન જોઈ તેના માલિક ખેડૂત પાસેથી જાણવા મળ્યું કે, તે જમીન પર વર્ષો પૂર્વે ગાના તરફ જતા ગુરુદેવ યોગીજી મહારાજ પધાર્યા હતા ને આમ્રવૃક્ષ હેઠળ બિરાજ્યા હતા. ખેડૂતની પ્રાર્થનાથી યોગીબાપાએ પોતાની સાથે વિચરણમાં રાખતા તે શ્રી હરિકૃષ્ણ મહારાજની મૂર્તિનો અભિષેક કરી, તે પ્રાસાદિક જળને ખેતરના કૂવામાં પધરાવીને આશીર્વાદ દીધા હતા કે, 'આ કૂવામાં કદી પાણી નહિ ખૂટે !' ગુરુના પુનિત સ્પર્શને પામેલી પ્રસાદીભૂત જમીનને જોઈને સૌનાં હૃદય પુલકિત થઈ ઊઠ્યાં. સૌને થયું કે, ગુરુદેવ યોગીબાપા આપણી સાથે જ છે.



તપોભૂમિ બ્રહ્મજ્યોતિ પર વર્ષો પૂર્વે યોગીજી મહારાજ જે આમ્રવૃક્ષ હેઠળ બિરાજ્યા હતા તે પ્રાસાદિક દિવ્ય સ્થાન

મોગરી ગામમાં અનુપમ મિશનની પ્રથમ જમીન લેવાઈ. ત્યારબાદ ધીરે ધીરે આસપાસનાં બીજાં ખેતરો પણ લેવાયાં. લગભગ ૧૯ ખેડૂતો પાસેથી વીસ વીઘાં જમીન પ્રથમ તબક્કામાં લેવાઈ. આ ખરીદીમાં પણ સંતભગવંત સાહેબજીએ અનુપમ ભાવનાનું દર્શન કરાવ્યું. સ્વાભાવિકપણે સમયાનુસાર જે જમીન છેલ્લે ખરીદાય તેના માલિકને વધુ રકમ મળે અને જે જમીન સૌ પ્રથમ ખરીદાય તેના માલિકને ઓછી કિંમત મળે. પરંતુ, પ્રભુનાં દિવ્ય કાર્યમાં મદદરૂપ થનાર હરકોઈ અક્ષરમુક્તની આંતરડી ઠરે તો ભગવાન રાજી થાય – આ ભાવથી સંતભગવંત સાહેબજીએ દરેક માલિકોને એક સરખો ભાવ આપી જમીન ખરીદી. બ્રહ્મનો પ્રકાશ સર્વત્ર પ્રસરાવવા આ તપોભૂમિ માધ્યમ બનશે તે હેતુથી તેને 'બ્રહ્મજ્યોતિ' તરીકે બિરદાવવામાં આવી.

વર્ષો પૂર્વે યોગીજી મહારાજે શ્રી હરિકૃષ્ણ મહારાજના અભિષેકનું પ્રાસાદિક જળ જે કૂવામાં પધરાવી આશીર્વાદ આપ્યા તે દિવ્ય સ્થાન



યુવાન સાધકોની સખત મહેનત, શ્રમયજ્ઞ, દરરોજના કર્મયોગ સિવાયની તનતોડ સેવાને પરિણામે તપોભૂમિ બ્રહ્મજ્યોતિ થોડાં જ વર્ષોમાં નીખરી ઊઠી. શરૂઆતનાં વર્ષોમાં બ્રહ્મજ્યોતિમાં મહેમાનગૃહ 'સોનામૃત' અને સાધકનિવાસ 'પરિમલ' એમ બે જ મકાનો બંધાયાં હતાં. બરાબર ૧૦ વર્ષ બાદ ૨૬ જાનુઆરી, ૧૯૮૬માં શ્રી ગુણાતીતાનંદ સ્વામી દ્વિશતાબ્દી પર્વની ઉજવણીના મંગલ દિવસે સંતો બ્રહ્મજ્યોતિ પર રહેવા આવ્યા. સંતો પરિમલમાં રહે અને પોતપોતાના કર્મયોગમાં સેવાઓ કરે. પરિમલમાં રહેવા આવ્યા ત્યારે પટ્ટની મૂર્તિઓ તૈયાર કરાવી, હૉલમાં સુંદર મંદિર કર્યું તેમાં પધરાવી; જેની સેવા-પરિચર્યા સંતો કરતા.



તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરીમાં સંતભગવંત સાહેબજીની કૃપાશિષથી નિર્મિત પ્રથમ મંદિરમાં મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠાની દિવ્ય સ્મૃતિ

ઈ.સ. ૧૯૭૩થી સંતભગવંત સાહેબજીએ પ.પૂ. કાકાજી સાથે અને પછી સંતો સાથે ઈંગ્લૅન્ડ-અમેરિકામાં વિચરણ શરૂ કરી દીધું હતું જેના ફળ સ્વરૂપે પરદેશમાં પણ ભક્તિવંત ભક્ત સમુદાય તૈયાર થયો હતો. તે સૌની ભાવના હતી કે, સાહેબજીની સુવર્ણ જયંતી ઈંગ્લૅન્ડમાં ઉજવાય ! સન ૧૯૮૯માં ઈંગ્લેન્ડમાં સાહેબજી સુવર્ણ જયંતી પ.પૂ. પપ્પાજી અને પ.પૂ. હરિપ્રસાદ સ્વામીજીના સાંનિધ્યમાં ઉજવાઈ તે પ્રસંગે ૨૩ માર્ચના રોજ આરસની મૂર્તિ સર્વપ્રથમ વખત ઈંગ્લૅન્ડની ભૂમિ પર પધરાવાઈ ને જયજયકાર થઈ ગયો. યોગીબાપાની સંકલ્પશક્તિથી અલૌકિક કાર્ય થયું. હવે ! સૌની નજર બ્રહ્મજ્યોતિ, મોગરીની તપોભૂમિ પર હતી. સૌનો ભાવ હતો કે મુખ્ય ગુરુગાદી સ્થાનમાં પણ ભવ્ય મંદિર થાય ! દેશ-પરદેશ અને ખાસ તો ઈંગ્લૅન્ડના ભક્તોએ દાનની ધારા વહાવી. બ્રહ્મજ્યોતિ પર નૂતન શિખરસંપન્ન મંદિરનાં સ્થાન અને નકશા નક્કી કરાયાં. ૧૯૯૦ના વર્ષે પોષીપૂર્ણિમાના પાવન દિવસે પ.પૂ. પપ્પાજી, પ.પૂ. હરિપ્રસાદ સ્વામીજી, પ.પૂ. અક્ષરવિહારી સ્વામીજી, સંતભગવંત સાહેબજી આદિ સ્વરૂપોની ઉપસ્થિતિમાં ખાતમુહૂર્ત પણ થયું. ને ત્યારે આવ્યો અવસર ગુરુદેવ યોગીજી મહારાજની પ્રાગટ્ય શતાબ્દીનો. ઈ.સ. ૧૯૯૨નું વર્ષ ! પોતાના ગુરુનું ઋણ અદા કરવાના ભાવ સાથે યોગીજી મહારાજના પ્રાગટ્યસ્થાન ધારીમાં, તે દિવ્ય તીર્થસ્થાનના રહેવાસીઓની સેવા કરીને યોગીબાપાના નામની અને યોગીબાપાના ધામની સ્મૃતિ જાળવવાનો મંગલકારી વિચાર સંતભગવંત સાહેબજીને આવ્યો. ધારી ગામના અગ્રણીઓને મળી, ગામની જરૂરિયાતોને જાણી-સમજી, મહિલા કેળવણી માટેની સુવિધા પૂરી કરવાનો પ્રસ્તાવ સાહેબજીએ સ્વીકાર્યો. દેશ અને વિદેશમાં વસતા અનેક મુક્તોએ જેમણે મંદિર માટે દાન આપ્યું હતું તેમની સંમતિ પુછાવી કે, શ્રી હરિના મંદિરને બદલે વિદ્યામંદિરમાં તમારી સેવા વાપરી શકાય ? પોતે ગુરુ હોવા છતાં પણ કેવી ઉત્તમ દાસત્વભક્તિ ! ભક્તો સાથે તેમની વર્તવાની રીત પણ કેવી અનુપમ ! અને અહોહોભાવે સંમતિ આપનાર એ ભક્તોની તેમના ગુરુ તરફની ભક્તિ અને સમજ પણ અનુપમ ! અને આમ ગુરુ પ્રાગટ્યસ્થાન ધારીમાં યોગીજી મહારાજ મહાવિદ્યાલય, મહિલા કૉલેજની શરૂઆત થઈ. અને બ્રહ્મજ્યોતિમાં છાપરાવાળો, સામાન્ય ખર્ચે પણ અતિ સુંદર મંદિરનો હૉલ તૈયાર થયો, જેને 'પારમિતા' નામ અપાયું. આ મંદિરમાં પ.પૂ. પપ્પાજી, પ.પૂ. હરિપ્રસાદ સ્વામીજી, સંતભગવંત સાહેબજીના વરદ હસ્તે શ્રી ધામ-ધામી-મુક્તની આરસ પ્રતિમાની પ્રાણપ્રતિષ્ઠા વિધિ ઈ.સ. ૧૯૯૨ની પોષી પૂર્ણિમાએ થઈ. આ દિવ્ય પ્રસંગે ૩૨ યુવાનોને દીક્ષા આપીને એકાંતિક યુવાનો તૈયાર કરવાના ગુરુદેવ યોગીજી મહારાજના સંકલ્પને સંતભગવંત સાહેબજીએ સાકાર કર્યો. આમ, બ્રહ્મજ્યોતિમાં ભવ્ય શિખરસંપન્ન મંદિરનું નિર્માણ સ્થગિત રખાયું !

પરંતુ, ભગવાનનું કોઈ કાર્ય અધૂરું ન રહે. તેના સમયે, તેની શક્તિ અને આશીર્વાદથી, તેનું કાર્ય પાર પડે જ છે. બોચાસણ, સારંગપુર, ગઢડામાં શ્રીજી મહારાજનો સંકલ્પ હતો તે શાસ્ત્રીજી મહારાજ દ્વારા યોગ્ય સમયે સાકાર થયો ને ! એમ બ્રહ્મજ્યોતિ પર મંદિર નિર્માણનું કાર્ય પણ સાકાર થયું. આ માહાત્મ્ય ગાથાનો પૂર્વાર્ધ જેટલો દિવ્ય અને ભવ્ય હતો એટલો જ ભવ્ય ઉત્તરાર્ધ પણ છે !

લગભગ ૨૫ વર્ષનો સમયગાળો વીત્યો. પારમિતા મંદિરમાં સૌને ખૂબ ફાવવા લાગ્યું. શ્રી ઠાકોરજીનાં દર્શન-સમાગમનાં અપાર સુખ સૌએ લીધાં. પરંતુ, સૌનાં મનમાં થયા કરતું કે, ગુરુગાદીના સ્થાનમાં ભવ્ય મંદિર થાય. થોડાં વર્ષો પૂર્વે જ સંતભગવંત સાહેબજી દેશ-પરદેશના કેટલાક વડીલ

અક્ષરમુક્તોને લઈને છપૈયા તીર્થયાત્રા પર ગયા હતા. પ્રભુ પ્રાગટ્યસ્થાનમાં ઘનશ્યામ મહારાજની મૂર્તિનો અભિષેક કરી, આરતી ઉતારી, થાળનો લાભ લીધા બાદ સૌ નીચે ઊતર્યા ત્યારે ડૉ. જિતુભાઈ, મૂકેશભાઈ કઢીવાલા, બારીન્દ્રભાઈ, વિજયભાઈ ઠક્કર આદિ અક્ષરમુક્તોએ સાહેબદાદાને કહ્યું કે, 'અમારે એક સંકલ્પ વ્યક્ત કરવો છે.' એટલે સાહેબદાદા સૌને લઈને દાદરો ચઢી ફરી ઘનશ્યામ મહારાજની મૂર્તિ સમક્ષ પધાર્યા. ત્યાં, પ્રાસાદિક સ્થાનમાં સૌએ ભાવના વ્યક્ત કરી કે, બ્રહ્મજ્યોતિમાં નૂતન મંદિર થાય ને અમો સૌ તેમાં સહભાગી બનીએ. સાહેબદાદાએ સૌનો ભાવ ગ્રહ્યો ને મંદિર કરવા સંમતિ આપી. ત્યાં જ મંદિર નિર્માણ માટે સંકલ્પ કરી ધૂન કરી-કરાવી.



નૂતન મંદિર નિર્માણ તથા મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવનાં આયોજન અંગેની વિવિધ મીટિંગોમાં સંતભગવંત સાહેબદાદા અને સંતોનાં માર્ગદર્શન

આ માટે બ્રહ્મજ્યોતિ પરત આવ્યા પછી સતત પંદર દિવસ સુધી પારમિતા મંદિરે પ્રાર્થનારૂપી ૧૨ કલાકના જપયજ્ઞનો આરંભ થયો. અશ્વિનદાદા, શાંતિદાદા અને સૌ સંતોએ બંસી પહાડપુરના ગુલાબી પથ્થરમાંથી શિખરબદ્ધ મંદિર કરવાની ભાવના વ્યક્ત કરી ને તેમાં ધામ-ધામી-મુક્તની આરસની મૂર્તિ સાથે શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજની સુવર્ણની મૂર્તિઓ પધરાવવી છે તેવો સંકલ્પ સ્વયં સંતભગવંત સાહેબજીએ કર્યો.

અનુપમ મિશનના ઇતિહાસમાં આવું મંદિર પ્રથમ વખત થવાનું હતું. સંતભગવંત સાહેબજીની આજ્ઞાથી પૂ. અશ્વિનદાદા, પૂ. શાંતિદાદાના માર્ગદર્શન હેઠળ પૂ. હર્ષદદાદા, પૂ. દિલીપભાઈ, પૂ. વાસુભાઈ, પૂ. સંદીપભાઈ, પૂ. રમેશભાઈ, પૂ. સતીશભાઈ, પૂ. કેયૂરભાઈ, દ્વિજેનભાઈ, મનોજભાઈ આદિ સંતો-સેવકોની મંદિર નિર્માણ માટે કમિટી રચાઈ. ઘણી હકારાત્મક ચર્ચાઓના ફળસ્વરૂપે મંદિરનું સ્થાન, તેના આર્કિટેક્ટ-કૉન્ટ્રાક્ટર્સ, મંદિરના નકશા, તેના પર કરવાનું કોતરણીકામ, પથ્થરના પ્રકાર આદિનો નિર્ણય લેવાયો. અમદાવાદના ખ્યાતનામ સ્થપતિ શ્રી કિરણભાઈ ત્રિવેદીને મંદિર નિર્માણનો કૉન્ટ્રાક્ટ અપાયો તથા તેમની સાથે વીરેન્દ્રભાઈ ત્રિવેદી અને મનીષભાઈ દવેએ મંદિરની રૂપરેખા, નકશી ભાત આદિ તૈયાર કર્યાં. આમ, નૂતન મંદિર સૌના મનમાં આકાર લેવા લાગ્યું.

વેમારમાં ઉજવાયેલ ભવ્યાતિભવ્ય સંતભગવંત સાહેબજી અમૃતોત્સવના થોડા જ મહિનાઓ બાદ ૨૪ નવેમ્બર ૨૦૧૬ના રોજ આર્કિટેક્ટ-કૉન્ટ્રાક્ટર્સ સાથે મંદિર નિર્માણ માટે પ્રથમ મીટિંગ થઈ. વર્ષો પૂર્વે બ્રહ્મજ્યોતિમાં જ્યાં મંદિર કરવાનું નક્કી થયું હતું તે જ સ્થાને નૂતન મંદિર કરવાનું નક્કી થયું. ૨૯ માર્ચ ૨૦૧૭ના રોજ ભૂમિપૂજન થયું અને ૧ એપ્રિલ ૨૦૧૭, અ.નિ. પૂ. ડો. વી. એસ. પટેલસાહેબના પ્રાગટ્યદિને ભવ્ય નૂતન મંદિર શિલાન્યાસ મહાપૂજન વિધિ સંપન્ન થઈ. આ પ્રસંગે અનુપમ મિશનના સંતો અને શ્રી ગુણાતીત જ્યોતનાં સંત બહેનોનાં સુભગ સાંનિધ્યે દેશ-પરદેશના અગ્રણી અક્ષરમુક્તોના યજમાનપદે ભવ્ય ખાતવિધિ સંપન્ન થયો. ખૂબ ઊંડા પણ અતિ સુંદર સુશોભિત ખાતગર્તમાં પૂર્ણ કુંભસ્થાપન પણ થયું ; જેમાં ભગવાન શ્રી સ્વામિનારાયણથી લઈને પ્રત્યેક ગુણાતીત સ્વરૂપોનાં પ્રાગટ્યસ્થાન, પ્રાસાદિક મંદિરોની તીર્થરજ અને પંચધાતુ પધરાવવામાં આવી.



પૂ. કિરણભાઈ ત્રિવેદીની નૂતન મંદિર આર્કિટેક્ટ્સ અને ટીમ સાથે તપોભૂમિ બ્રહ્મજ્યોતિની પ્રથમ મુલાકાત અને મીટિંગ...સંતભગવંત સાહેબદાદાનાં માર્ગદર્શન... આશીર્વાદ

પરંતુ, સંજોગવશાત્ ઘણા સમય સુધી નિર્માણકાર્ય આરંભાયું નહિ. કદાચ આપણા પક્ષે કરવાનું ભજન જ વિલંબ થવાનું કારણ હતું. આ અંગે સંતોએ ગદ્‌ગદ કંઠે સાહેબદાદાના શ્રી ચરણોમાં પ્રાર્થનાઓ કરી. હૈયું ને આંખ બંને ભાવવિભોર હતાં, અંતર પોકાર કરતું હતું. આ પ્રાર્થનાના ભાવ સાંભળ્યા બાદ સંતભગવંત સાહેબજી પરભાવમાં આવીને બોલ્યા કે, 'હવે બાપાની કૃપાથી મંદિર થશે ! લક્ષ્મીજીની વર્ષા થશે, શ્રી ઠાકોરજીની સેવા કરશે, તૂટો નહિ પડે... મારા સંતોની પ્રાર્થના છે ને તો યોગીબાપા જરૂર સાંભળશે.' યાદ છે એ દિવસ કે, જ્યારે સાહેબદાદાના આશીર્વાદથી ૨૭ જુલાઈ ૨૦૧૮–ગુરુપૂર્ણિમાના પાવન દિને નૂતન મંદિર નિર્માણકાર્ય આરંભાયું. માત્ર દોઢ વર્ષનો જ સમય પસાર થયો ને જાણે અચાનક જ પૃથ્વીના પેટાળમાંથી ભવ્ય મંદિર નીકળ્યું હોય તેવાં દર્શન થયાં. રાતોરાત કામ થયું હોય, દેવતાઓ આવીને કામ કરી ગયા હોય તેવા સૌના અનુભવ છે. રેકોર્ડ સમયમાં આ મંદિરનિર્માણ શક્ય બન્યું, જે પ્રભુના બળે, પ્રભુના સ્વરૂપ સાહેબદાદા દ્વારા પ્રભુએ અન્યથા કર્તુમ્ શક્તિનાં દર્શન–અનુભવ કરાવી સાકાર કર્યું.

એક સમય એવો આવ્યો કે જ્યારે ભારે વરસાદ અને સરકારી ઉતાર–ચઢાવને પરિણામે મંદિર નિર્માણ સમયસર થશે કે કેમ તેના પર બહુ મોટું પ્રશ્નચિહ્ન લાગ્યું ! તેને લીધે કોન્ટ્રાક્ટર કહે કે, મુક્તાર્પણની તારીખ બદલો ને બે જ મહિનાનો સમય વધુ આપો તો મંદિર પૂરું કરી દઈએ. વળી, અહીં દર્શનાર્થે પધારનાર સૌના મનમાં આશ્ચર્ય રહે કે, શું આ મંદિર સમયસર પૂરું થશે ? પરંતુ, સાહેબજી અને આ સદ્‌ગુરુ સંતો નિશ્ચિંત હતા ! સાહેબદાદા સદા કહેતા કે, શ્રી ઠાકોરજીને પોષીપૂર્ણિમાએ જ બિરાજવું છે ને તેઓ બિરાજશે ! અને અત્રે ઉલ્લેખ કરતાં આનંદ થાયછે કે, ૭ થી ૧૦ જાન્યુઆરી, ૨૦૨૦ના ભવ્ય મહોત્સવ દ્વારા સમસ્ત વિશ્વ તે વાતનું સાક્ષી બન્યું !

આ મંદિર નિર્માણ અર્થે વિવિધ પ્રકારના સેવાયજ્ઞો–ભક્તિયજ્ઞો થયા જેમાં ભક્તોએ તન, મન, ધન અને આત્માનાં સમર્પણ ધર્યાં. સાહેબદાદાએ આજ્ઞા કરી તો પોતાને જે અતિ પ્રિય હતું તે છોડવા ભક્તોએ બે–બે વર્ષ સુધી ખાવા–પીવાના નિયમો લીધા, વ્રત અને ઉપવાસ કર્યાં, મંત્રલેખન કર્યાં અને નૂતન મંદિર નિર્માણસ્થાનની પ્રદક્ષિણાભક્તિ અદા કરી. વડીલ બહેનો, યુવાનો આદિએ ઘરોઘર મંડળે–મંડળ મહાપૂજાઓ કરીને પ્રાર્થનારૂપ ભક્તિઅર્ઘ્ય અર્પણ કર્યો. પસ્તી સેવાયજ્ઞ દ્વારા આસપાસનાં ગામોમાં સૌ ભાવિક બહેનોએ ઘરોઘર જઈ પસ્તી એકત્ર કરી ભગવાન શ્રી સ્વામિનારાયણની અને સાહેબદાદાનાં નામ તથા કામની આહલેક જગાડી, સૌને મહિમાગાન કર્યાં. 'જે કોઈ પાઈ–પૈસો પણ આ મંદિર માટે આપે તેનાં કલ્યાણ થશે' – સાહેબદાદાના આ આશીર્વાદમાં સૌને જોડવા યુવાનો–બાળકોએ બચતકુંભ સેવાયજ્ઞ દ્વારા સૌને કલ્યાણનાં ભાગીદાર બનાવ્યાં. પરદેશમાં પણ ભક્તોએ વિવિધ પ્રકારની સેવાયોજનાઓ આરંભી વિશેષ ભક્તિ અદા કરી. દેશ–પરદેશના સૌ ભક્તોએ હજારો ઘરોમાં અસંખ્ય ભક્તોને નૂતન મંદિર અને સંતભગવંત સાહેબજીના માહાત્મ્યમાં લીન કર્યા. દેશ અને વિદેશમાં રહેતાં બહેનોએ સુવર્ણનાં સમર્પણથી શ્રી ઠાકોરજીને રાજી કર્યા તો ભાઈઓએ પણ જે દાનની સરવાણી વહાવી તે અપ્રતિમ અને અદમ્ય છે.

અનુપમ મિશનના પ્રત્યેક કેન્દ્રના ભક્તોએ સાહેબજી જે હૃદયમંદિર નિર્માણ કરવાની વાત કરે છે તે આ સેવાયજ્ઞો દ્વારા સાકાર થતી અનુભવી. કારણ કે, કોઈ પણ ચીજ, પદાર્થ, વસ્તુ કે પ્રવૃત્તિ સાથે બંધાય નહિ ને કેવળ ભગવાનધારક સત્પુરુષમાં જોડાય એ મંદિરરૂપ થયા કહેવાય. આવાં અનેક હૃદયમંદિર નિર્માણ કરવાનું માધ્યમ બની રહ્યું છે આ મંદિર !





સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતોની પુનિત સંનિધિમાં ૨૯ માર્ચ ૨૦૧૭ના રોજ નૂતન મંદિરનાં ભૂમિપૂજન

નૂતન મંદિર
શિલાન્યાસ
મહાવિધિ





મંદિર નિર્માણ અર્થે સામૂહિક પ્રદાનથી સામૂહિક ઉત્થાનની આ યાત્રા છે ! આ મંદિર અનુપમ મિશનનાં ઈતિહાસનું પાષાણનું પ્રથમ મંદિર છે અને આ માટે બંસી પહાડપુરનો ગુલાબી પથ્થર નિર્માણકાર્યના ઉપયોગમાં લેવાયો છે. તેના નિર્માણ અંગે સંતભગવંત સાહેબજીએ ખૂબ માર્ગદર્શન આપ્યું. તેઓની જ પ્રેરણાથી સઘળું સાકાર થયું ને થઈ રહ્યું છે. અનેક પ્રકારે આ મંદિર વિશિષ્ટ છે. દ્વિમજલા આ મંદિર કુલ પાંચ શિખર ધરાવે છે. એક વિશાળ ઘુમ્મટ, ત્રણ ઘૂમટીઓ, નવ સામરણ અને બે પ્રસાદપુત્ર ધરાવતા નૂતન મંદિરની લંબાઈ અંદાજે ૧૭૦ ફૂટ, પહોળાઈ અને ઊંચાઈ ૧૦૦ ફૂટ છે તેમજ ૯૨૫૦ ચો.ફૂટનું કુલ બાંધકામ છે, જેમાં નીચેના મજલાનું બાંધકામ ૯૨૫૦ ચો.ફૂટ અને પ્રથમ મજલાનું બાંધકામ ૭૧૦૦ ચો. ફૂટ છે. આધુનિક તકનિકથી નિર્માણ પામેલ આ મંદિરની કલા-કોતરણી બેનમૂન છે. મંડોવરની કલાત્મકતા અતુલનીય છે. નવધાભક્તિ, અષ્ટાંગયોગ, શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના સિદ્ધાંત, ધર્મ, ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય રૂપી શાસ્ત્રોક્ત જીવનદર્શનનો સાર અને આધુનિક યુગમાં તેનાં આચરણ માટેના સંતભગવંત સાહેબજી દ્વારા પ્રબોધિત સારને નીચેના મજલામાં ૩૪ સ્તંભપંક્તિ પર કંડારી સુશોભિત કરાઈ છે. નૂતન ભવ્ય મંદિરના નીચેના મજલામાં ભગવાન શ્રી સ્વામિનારાયણ, અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી, મહામુક્ત ગોપાળાનંદ સ્વામી, ભગતજી મહારાજ, કૃષ્ણજી અદા, જાગા સ્વામી, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ, કાકાજી, પપ્પાજી, હરિપ્રસાદ સ્વામીજી, અક્ષરવિહારી સ્વામીજી અને સંતભગવંત સાહેબજી સહિત કુલ ૧૩ આરસની મૂર્તિઓ બિરાજમાન થઈ છે. વળી, પ્રથમ મજલામાં શ્રી ધામ, ધામી, મુક્ત અને શ્રી ગણેશજી, શ્રી હનુમાનજી એમ કુલ પાંચ આરસની મૂર્તિઓ સહિત શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજની સુવર્ણ મંડિત મૂર્તિઓ બિરાજી દિવ્ય દર્શન પ્રદાન કરે છે. મંદિરના ઝરૂખા અને નક્કી કરાયેલ જગ્યાએ દેવો, આદર્શ સંત સ્વરૂપો, આદર્શ હરિભક્તોની પ્રતિમાઓ પણ સ્થપાશે. વળી, શ્રીજી મહારાજ, સંતો-સ્વરૂપો, સંતભગવંત સાહેબજીના અને પ્રગટ સ્વરૂપોના દિવ્ય અને પ્રેરણાત્મક માહાત્મ્યસભર જીવન-પ્રસંગોને પણ પથ્થરમાં કંડારી સ્થાપિત કરાશે.






નૂતન મંદિર
શિલાન્યાસ
મહાવિધિ



નૂતન મંદિર બાંધકામ શુભારંભ વિધિ



નૂતન મંદિરનિર્માણની સાઈટ પર બ્રહ્મસ્વરૂપ અક્ષરવિહારી સ્વામીજી તથા સંતભગવંત સાહેબદાદાએ પધારી માર્ગદર્શન-આશીર્વાદ આપી બળ પૂર્યાં



નૂતન મંદિરમાં પ્રથમ સ્તંભ સ્થાપન વિધિ...
૧૫ ડિસેમ્બર ૨૦૧૮

આ મંદિર ભગવાન શ્રી સ્વામિનારાયણથી લઈને પ્રગટ ગુણાતીત સ્વરૂપોનાં જીવન અને કાર્યને પ્રસરાવશે, શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનો ગોકીરો કરશે!

મંદિર સહિત તપોભૂમિ બ્રહ્મજ્યોતિ પણ કાયાપલટ પામી છે. નૂતન રસ્તાઓની સાથે પ્રાસાદિક આમ્રવૃક્ષ હેઠળ ગુરુદેવ યોગીજી મહારાજના પ્રાગટ્યસ્થાનના ઘરની પ્રતિકૃતિ નિર્માણ કરવામાં આવી છે જેને 'હૃદયકુંજ' નામ અપાયું છે. અહીં, ગુરુદેવ યોગીજી મહારાજ અને શ્રી હરિકૃષ્ણ મહારાજની સુવર્ણની પ્રતિમા પધરાવાઈ. યોગીજી મહારાજ જ્યારે વર્ષો પૂર્વે મોગરીના ખેડૂતના ખેતરમાં આ સ્થાને બિરાજમાન થયા હતા ત્યારે શ્રી હરિકૃષ્ણ મહારાજની જે પ્રસાદિક મૂર્તિનો અભિષેક કર્યો હતો તે જ મૂર્તિની પ્રતિકૃતિ અહીં સ્થપાઈ અને તેના દિવ્ય અભિષેકનો લાભ ભક્તો લઈ રહ્યા છે.

'તીરથ' તીર્થધામ છપૈયા અને ધારીની યાત્રાની અનુભૂતિ કરાવતી આ પ્રદર્શની સંતભગવંત સાહેબજીના સંકલ્પનું સાકાર સ્વરૂપ છે. અહીં, ભગવાન શ્રી સ્વામિનારાયણ અને ગુરુદેવ યોગીજી મહારાજના પ્રાગટ્યસ્થાનનાં મોડેલ વિલેજ બનાવીને લીલા પ્રસંગોની સ્મૃતિ કરાવવાનો ભક્તિરૂપ નમ્ર પ્રયાસ કરાયો છે. સમસ્ત ગુણાતીત સમાજને ભક્તિસભર ભેટ ધરવાના ઉમંગ સાથે પ.પૂ. કાકાજી અને પ.પૂ. સોનાબાનાં સમાધિસ્થાનને 'બ્રહ્મસમાધિ' સ્વરૂપે નવસર્જિત કરાઈ છે.

આ સઘળી સેવારૂપ પ્રવૃત્તિઓમાં સંતો અને ભક્તોનાં અકલ્પ્ય સમર્પણની, ગુરુદેવ યોગીજી મહારાજ અને સંતભગવંત સાહેબજીના અનુપમ કાર્યની દિવ્ય ગાથા ગૂંજી રહી છે જે શાશ્વતકાળ સુધી અખંડ ગુંજતી રહેશે.

જેમ સૂર્યનો તડકો ધર્મ, સંપ્રદાય, નાત-જાત, પશુ-પક્ષી નથી જોતો, જેમ વૃક્ષ સૌને શાતા પમાડે; તેમ મંદિર અને સંત સૌનાં છે. મંદિર એટલે કેવળ દેવઘર નહિ, પણ જ્યાં સમય અટકે અને આત્માને શાંતિ મળે તે ધામ એટલે મંદિર! મંદિર એ પ્રેમ, સમર્પણ, શાંતિ અને સંવાદિતાનું સ્થાન છે. મંદિર એટલે આસ્થા, શ્રદ્ધાનું અદ્‌ભુત કેન્દ્ર! ભગવાનને રાજી કરવા માટે અર્પણ કરવાની ભક્તિનું પરમ ધામ! સંસ્કાર સિંચન કરતું

અનુપમ સ્થાન એટલે મંદિર ! ચારિત્ર્યસભર પેઢીના નિર્માણનું અદ્વિતીય માધ્યમ એ જ મંદિર ! મંદિર જીવનનું મધ્યબિંદુ છે. સંસારના અધ્યાત્મનો આધાર મંદિર છે. મંદિર શાશ્વત છે. પેઢીઓની પેઢીઓ સુધી મનુષ્યોને પ્રેરણા આપે છે. આવું મંદિર સંતભગવંત સાહેબજી કરી રહ્યા છે, પરંતુ તેના મૂળમાં છે ગુરુદેવ યોગીજી મહારાજની આજ્ઞા – હૉસ્ટેલની રૂમમાં મંદિર કરવાની આજ્ઞા !

યોગીજી મહારાજે સંતભગવંત સાહેબજીરૂપી જે હીર પારખ્યું તેનાં દર્શન તે દિવસે ભાગ્યે જ કોઈને હતાં. કોને ખબર હતી કે, હૉસ્ટેલની નાનકડી રૂમમાં મંદિર કરવાની આજ્ઞા કરનારના સંકલ્પ અને આશીર્વાદથી તેમના જ આ દિવ્ય વારસદાર એક નહિ પણ સાત-સાત ગગનચુંબી ઉપાસનાનાં મંદિરોનાં નિર્માણ કરશે !


યુનિવર્સિટી હૉસ્ટેલની રૂમ નંબર ૧૪થી શરૂ થયેલ ગુરુભક્તિની ગાથા યુ.કે., મોગરી, અમેરિકા, ખારઘર-નવી મુંબઈ, સુરત, વેમાર અને અમદાવાદમાં પણ ગુંજી ઊઠી ! આ બધાં જ સ્થાનોમાં સુંદર મંદિરોનાં નિર્માણ કરી અનુપમ મિશનના માધ્યમથી સંતભગવંત સાહેબજીએ ભક્તિ કરતાં અગણિત ચૈતન્યો, જંગમ મંદિરો પણ સર્જ્યાં !

આ બધું જ નિ:સ્વાર્થ, નિર્માન, નિષ્કામ અને નિરપેક્ષભાવે થયું, થયા જ કરે છે અને અવિરત, અખંડ થયા જ કરશે. કેવળ પરમાર્થ ! સંતભગવંત સાહેબજીની આ જ તો સાધુતા છે.

જે સંબંધમાં આવ્યું તે સૌનાં કલ્યાણનો ભાવ જ સંતભગવંત સાહેબજી અને તેમના સંતોનાં હૈયે વહે છે. સંતભગવંત સાહેબજીની આ ઉદાત્ત ભાવના એ પ્રભુનો ગુણ છે અને એટલે જ તેમનાં સામીપ્ય, સમાગમ અને સંબંધમાં પ્રભુતાનો અહેસાસ થાય છે, બ્રહ્માંડની પરમ શાંતિનો અનુભવ થાય છે ! અક્ષરધામનાં સુખ, શાંતિ અને આનંદની અનુભૂતિ એટલે ગુરુ અને ઇષ્ટદેવના સંકલ્પે સંતભગવંત સાહેબજી, સદ્‌ગુરુ સંતોની કૃપાશિષ સાથે ભક્તોના અહોહોભાવના સમર્પણથી નિર્મિત તપોભૂમિ બ્રહ્મજ્યોતિનું નૂતન મંદિર ! ◆



નૂતન મંદિરમાં પ્રથમ આધારદંડ સ્થાપન વિધિ... ૩ ફેબ્રુઆરી, ૨૦૧૯



નૂતન મંદિરમાં નિર્માણકાર્ય દરમિયાન સંતભગવંત સાહેબદાદાએ અને સંતોએ પધારી આશીર્વાદ આપ્યા



નૂતન મંદિર નિર્માણમાં સૌ સંતો સાથે વિવિધ મંડળોના સૌ ભક્તોએ શ્રમયજ્ઞમાં જોડાઈ ભક્તિ અદા કરી


જાન્યુઆરી ૨૦૧૯


માર્ચ ૨૦૧૯


જુલાઈ ૨૦૧૯


સપ્ટેમ્બર ૨૦૧૯


ઑક્ટોબર ૨૦૧૯


નવેમ્બર ૨૦૧૯

# શ્રી મંદિરજી નિર્માણયાત્રા

## અશક્ય શક્ય બન્યું !

ડિસેમ્બર ૨૦૧૯



૭ જાન્યુઆરી ૨૦૨૦



એક સમય એવો આવ્યો કે, જ્યારે ભારે વરસાદ અને અનેક ઉતાર-ચઢાવને પરિણામે મંદિર નિર્માણ સમયસર થશે કે કેમ તેના પર બહુ મોટું પ્રશ્નચિહ્ન લાગ્યું ! કાર્ય અશક્ય જણાયું. લૌકિક બુદ્ધિ અને દૃષ્ટિથી જોનારાને ચોક્કસ ખ્યાલ આવે કે સમૈયા સુધીમાં મંદિર તૈયાર નહિ થાય ને મૂર્તિપ્રતિષ્ઠા શક્ય નહિ બને ! પરંતુ, પ્રભુ પ્રત્યેની અડગ નિષ્ઠાની પરાકાષ્ઠાનાં સૌમ્ય મનોહર દર્શન સાહેબદાદાના મુખારવિંદ પર અને પ્રત્યેક ક્રિયામાં થતાં હતાં. તેઓ વારંવાર કહેતા કે, 'ઠાકોરજીને પોષીપૂર્ણિમાએ જ મંદિરમાં બિરાજવું છે, ને તેઓ બિરાજશે જ !' છેલ્લા એક મહિનાના જ સમયગાળામાં રાતોરાત કામ થયું અને જાણે અચાનક જ પૃથ્વીના પેટાળમાંથી ભવ્ય મંદિર નીકળ્યું હોય તેવાં દર્શન થયાં અને દેવતાઓ આવીને કામ કરી ગયા હોય તેવા સૌને અનુભવ થયા. રેકોર્ડ સમયમાં આ મંદિરનિર્માણ થયું એટલે કે અશક્ય શક્ય બન્યું. મૂર્તિપ્રતિષ્ઠા પણ નિર્ધારિત દિવસે જ થઈ, જે પ્રભુના બળે, પ્રભુના સ્વરૂપ સાહેબદાદા દ્વારા પ્રભુએ અન્યથા કર્તુમ્ શક્તિનાં દર્શન-અનુભવ કરાવી સાકાર કર્યું.







# નિમંત્રણ

અહો આત્મીય સ્વજનો, હે અક્ષરમુક્તો !

આપને પરિવાર અને સુહૃદ મિત્રો સહ હેતભર્યું નિમંત્રણ છે, પધારો !

તપોભૂમિ બ્રહ્મજ્યોતિ પર યોજિત હોળિકા ઉત્સવે ઇષ્ટરૂપ

**બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજની ૧૯૨મી જન્મજયંતીની પ્રાગટ્યપૂર્ણિમા !**

કૃષ્ણ પક્ષની ફૂલદોલી ધુળેટીએ પ્રેમમૂર્તિ, આનંદબ્રહ્મના પ્રગટ સ્વરૂપ

**સંતભગવંત પરમ પૂજ્ય સાહેબજીની ૮૧મી પ્રાગટ્યવસંત !**

આ મ્હોરેલી ભક્તિ પર્વણીના ઉમંગ સાથે ગુણાતીત સંતસ્વરૂપોના આશીર્વાદની કૃપાવર્ષા પામવા પધારો.

### હોળિકા ઉત્સવ :

૯ માર્ચ ૨૦૨૦, સોમવાર * સાંજે ૫:૩૦ થી
બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજ પ્રાગટ્યોત્સવ

### ધુળેટી પર્વ :

૧૦ માર્ચ ૨૦૨૦, મંગળવાર * સવારે ૯:૦૦થી
સંતભગવંત પરમ પૂજ્ય સાહેબજી પ્રાગટ્યોત્સવ

પ્રત્યેક ઉત્સવ સભા પછી શ્રી ઠાકોરજી મહારાજનો મહાપ્રસાદ આપણે સૌ સાથે લઈશું.

સદ્‌ગુરુ સંતો પૂ. અશ્વિનભાઈ, પૂ. શાંતિભાઈ, પૂ. રતિભાઈ સહિત સમસ્ત અનુપમ મિશન પરિવાર વતી,
સાધુ દિલીપભાઈનાં સ્નેહનિમંત્રણ સહ જય શ્રી સ્વામિનારાયણ !

મહા ઉત્સવતીર્થ : Anoopam Mission

શ્રી સ્વામિનારાયણ સ્પિરિચ્યુઅલ, કલ્ચરલ એન્ડ કોમ્યુનિટી સેન્ટર
બ્રહ્મજ્યોતિ, યોગીજી માર્ગ, મોગરી–૩૮૮ ૩૪૫

**Regd. News Paper / Air Mail / Book Post** **To,**

Brahmanirzar Monthly R.N.I. New Delhi No.: 69476/86 * Po. Regd. No. AND/303/2018-20
* Date of Publication : 14th of each Month
* Date of Posting : 15th of each Month * Posted at: Vitthal Udyog Nagar Post Office

"Brahmanirzar" Monthly Postal Reg. No. RO - VDR/AND - 303 * Date of Dispatch : 15-2-20 * Office of Origin : Vitthal Udyognagar
Editor : Shantibhai F. Patel * Published by : Shantibhai F. Patel on behalf of Anoopam Mission.* Published at : Mogri 388 345, Gujarat
Printed by : Pradip S. Giri * Printed at : Prizam Printers and Publishers Ltd., Amdavad 380 008

If Undelivered Please return to :
**Anoopam Mission, Brahmajyoti, Yogiji Marg, Mogri-388 345. Gujarat, India**
**Phone : (02692) 230483, 230544 Fax : (02692) 235660**
**email : amindia@anoopam.org * website: www.anoopam.org**



# શ્રી મંદિરજી માહાત્મ્યદર્શન સભા

૮ જાન્યુઆરી ૨૦૨૦





૮ જાન્યુઆરી, ૨૦૨૦ની સવારે શ્રી મંદિરજી માહાત્મ્યદર્શન સભા મહોત્સવના ભવ્ય સભામંડપ 'દિવ્ય દર્શન'માં યોજાઈ. ઈ.સ. ૧૯૬૫માં અટલાદરા ખાતે શાસ્ત્રીજી મહારાજ જન્મ શતાબ્દી પ્રસંગે યોગીબાપાની આજ્ઞાથી જશુભાઈ સાહેબે વલ્લભવિદ્યાનગરના ૨૫૦ યુવાનોને સફેદ વસ્ત્રોમાં સજ્જ કરી સેવામાં જોડી દીધા હતા તે ભક્તિભર્યા પ્રસંગની સ્મૃતિ કરાવતા ગુરુસભાના સેંકડો યુવાનોએ સાહેબદાદાને સ્વાગતભાવ સાથે મંચ પર પધરાવ્યા. આ ભવ્ય દર્શન ગુરુભક્તિનું દિવ્ય વર્ણન કરી રહ્યું હતું.

માહાત્મ્યદર્શન સભાનો શુભારંભ દીપપ્રાગટ્ય દ્વારા થયો. ભારત, અમેરિકા, ઈંગ્લેન્ડ, કેનેડા, ઓસ્ટ્રેલિયા, ન્યૂઝીલેન્ડ આદિ દેશોનાં પ્રતિનિધિ યુવક અને યુવતીઓ દ્વારા મંચ પરથી દીપ પ્રાગટ્ય થયું. આ દરમિયાન સંતોએ શ્લોકગાન કરી વાતાવરણમાં દિવ્યતા પ્રસરાવી.



યુવાનો પ્રેરક (IND), મયંક (CAN), જીમી (UK), હેતુ (NZ), મિહિર (USA) દ્વારા દીપપ્રાગટ્ય



યુવતીઓ ક્ષમા (AUS), સલોની (USA), સોનલ (CAN), આશકા (UK), હીરવા (IND) દ્વારા દીપપ્રાગટ્ય



યુવાનો નીલ (USA), આર્ષ (IND), નયન (AUS), યશ (CAN), આનંદ (UK) દ્વારા દીપપ્રાગટ્ય






આ દિવ્ય પ્રસંગે મંચ પર ઉપસ્થિત સંતભગવંત સાહેબજી સહિત ગોસ્વામી ૧૦૮ પ.પૂ. વ્રજરાજકુમારજી મહોદયશ્રી, ગુરુજી-પ.પૂ. મુકુંદજીવન સ્વામીજી, પ.પૂ. દિનકરભાઈ, પ.પૂ. અધ્યાત્માનંદ સ્વામીજી, સદ્‌ગુરુ સંતો અને આદરણીય વડીલોની દિવ્ય સંનિધિમાં સૌ પ્રથમ સાધુ પૂ. દિલીપભાઈએ સ્વાગત પ્રવચન કરી શ્રી મંદિરજીના નિર્માણમાં અર્પણ થયેલ સંતો અને ભક્તોની ભીડાભક્તિ અને સમર્પણભક્તિની હૃદયસ્પર્શી વાતો કરી.


પૂ. દિલીપભાઈ


કૉલેજમાં ભણતા યુવાન જશુભાઈ સાહેબે ગુરુદેવ યોગીજી મહારાજની આજ્ઞાથી વલ્લભવિદ્યાનગરમાં યુનિવર્સિટી હૉસ્ટેલની રૂમ નંબર ૧૪માં સર્વ પ્રથમ મંદિર કર્યું અને તે આજ્ઞાપાલનના ફળસ્વરૂપે યોગીબાપાના આશીર્વાદથી અનેક મંદિરો સર્જાયાં, તે પૈકીનું એક મંદિર એટલે સંતો-ભક્તોના સમર્પણથી તૈયાર થયેલ બ્રહ્મજ્યોતિનું નૂતન મંદિર ! પ્રાસંગિક વક્તવ્યમાં ગુરુસભાના યુવાનો હરમિતભાઈ અને હાર્દિકભાઈએ સંતભગવંત સાહેબજીની ગુરુભક્તિભરી આ જીવનયાત્રાને ચોટદાર શૈલીમાં વર્ણવી.


સાહેબદાદા પ્રતિ પ્રેમભાવ વ્યક્ત કરતા પ.પૂ. વ્રજરાજકુમાર મહોદયશ્રી


પૂ. અશ્વિદાદાએ આશીર્વાદ વરસાવ્યા અને શ્રી મંદિરજીના નિર્માણ અર્થે વહેલી સંતભગવંત સાહેબજી અને સૌ સંતો-ભક્તોની સમર્પણ ભક્તિનું મનનીય માહાત્મ્યદર્શન કરાવ્યું. (તેઓના આશીર્વાદ આ જ અંકના 'અનુપમની હે અમૃતધારા' વિભાગમાં સમાવ્યા છે.)


હરમિતભાઈ અને હાર્દિકભાઈ પર વરસતી સાહેબજીની પ્રસન્નતા


સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદા



સતીશભાઈ ચતવાણી



ડૉ. વીરેન્દ્રભાઈ પટેલ



દીપેનભાઈ રુગાણી

અનુપમ મિશનના સદ્‌ગુરુ સંતોના સંતભગવંત સાહેબજી પ્રત્યેના સ્વામી-સેવકભાવ અને શ્રી મંદિરજીના નિર્માણ પાછળના પરહિતકારી ભાવનું વર્ણન સતીશભાઈ ચતવાણીએ કર્યું. 'સ્વભાવ ઓગાળવાનું અને મહિમા વધારવાનું માધ્યમ એટલે મંદિર !' એમ જણાવી સાહેબદાદાના મંદિરજી નિર્માણના કલ્યાણકારી કાર્યનાં માહાત્મ્ય ડૉ. વીરેન્દ્રભાઈએ વર્ણવ્યાં. દીપેનભાઈ રુગાણીએ પરદેશના ભક્તો અને ખાસ કરીને ઑસ્ટ્રેલિયાના મુક્તોની બ્રહ્મજ્યોતિ, મોગરીમાં મંદિર નિર્માણ અર્થે વહેલી સેવાભાવનાનાં વર્ણન કરી સૌની ભક્તિને બિરદાવી. એક અર્થમાં બ્રહ્મજ્યોતિનું આ નૂતન મંદિર દેશ અને પરદેશમાં વસતા સૌ અક્ષરમુક્તોને ભક્તિના માધ્યમથી જોડતી કડી બની રહ્યું, સામૂહિક આધ્યાત્મિક ઉત્થાનનું અપૂર્વ માધ્યમ બની રહ્યું. આ પ્રસંગે ઉપસ્થિત સંતો તથા મહાનુભાવોના વરદ હસ્તે મહોત્સવનાં નૂતન પ્રકાશનો મુક્તાર્પણ પામ્યાં. વળી, સભામાં પધારનાર સર્વે સંતોનાં સન્માન કરી અનુપમ મિશન દ્વારા કૃતજ્ઞતાપૂર્ણ વંદના અર્પણ થઈ.



પ.પૂ. અધ્યાત્માનંદ સ્વામીજી

આ સભાની પૂર્વ સંધ્યાએ પ્રસ્તુત 'નવધાભક્તિ વંદના' સાંસ્કૃતિક કાર્યક્રમમાં અર્પણ થયેલી ભક્તિની અને ભક્તોની ભાવનાની સરાહના પ.પૂ. અધ્યાત્માનંદ સ્વામીજીએ કરી. પ્રભુના પ્રગટ સાકાર સ્વરૂપ સાહેબદાદા સાથે એકરૂપતા સાધી અક્ષરધામ પ્રાપ્ત કરવાના ભાવને આત્મસાત્ કરવાની વાત કરી સાહેબદાદાના નિરામય દીર્ઘાયુષ્ય માટે પ્રાર્થનાઓ ધરી.

'વિનમ્રતા, પ્રેમ અને સહજતાનું સાક્ષાત્ સ્વરૂપ એટલે સાહેબદાદા !' આ ભાવ પ્રગટ કરી વૈષ્ણવાચાર્ય ગોસ્વામી ૧૦૮ પ.પૂ. વ્રજરાજકુમાર મહોદયશ્રીએ મંદિર નિર્માણ એ સંસ્કૃતિ નિર્માણ અને જતનનું શ્રેષ્ઠ માધ્યમ છે, તેમ જણાવી હિન્દુ સનાતન ધર્મના સંસ્કારો જાળવવા આશિષ પાઠવી.



વૈષ્ણવાચાર્યશ્રી ગોસ્વામી ૧૦૮
પ.પૂ. વ્રજરાજકુમાર મહોદયશ્રી

પ.પૂ. મુકુંદજીવન સ્વામીજીએ આશીર્વાદમાં 'યોગીબાપા, કાકાજી, પપ્પાજી અને સૌ સ્વરૂપોના રાજીપાનું પાત્ર સાહેબદાદા છે. સાહેબ સાથે જોડાયેલ એક-એક મુક્ત લાખો બરાબર છે.' તેમ જણાવી સંબંધવાળામાં દિવ્યભાવ અખંડ રહે ને સૌ બ્રહ્મભાવમાં જીવતા થઈ જાય તેવી પ્રાર્થનાઓ કરી.



પ.પૂ. મુકુંદજીવન સ્વામીજી

'આપણા જીવનનો ધ્યેય હાંહાંગડથલરૂપ સેવાથી સંતોની પ્રસન્નતા મેળવવી એ છે. આ મંદિર આવી સેવા કરવાનું અનુપમ માધ્યમ બન્યું. સંતોની આજ્ઞા પાળી, ભક્તોને નિર્દોષ અને દિવ્ય માની ભગવાનને રાજી કરવા સર્વ કાર્ય કરવાની પ્રેરણા આ મંદિરનિર્માણથી સૌને પ્રાપ્ત થઈ.' તેવા સાહેબદાદાએ રૂડા આશીર્વાદ વરસાવ્યા.



અક્ષરધામના આનંદની અનુભૂતિ સાથે પ્રથમ સભા વિરામ પામી.

◆

# શાલીન માનવરત્ન સન્માન અર્પણ

અનુપમ મિશન દ્વારા
માનવતાના પ્રકાશપુંજનાં સન્માન

૮ જાન્યુઆરી ૨૦૨૦


સદ્ગુરુ સંત પૂ. અશ્વિનદાદા

શિક્ષણ, આરોગ્ય, સંસ્કૃતિજતન, પર્યાવરણ-સંવર્ધન આદિ ક્ષેત્રોમાં દાન, પ્રબંધ દ્વારા ઉત્તમ સેવા પ્રદાન કરતા સમાજના આદરણીય પ્રેરણાદાયી મહાનુભાવોને સન્માનિત કરી ભક્તિ કર્યાનો ભાવ સેવી પ્રતિવર્ષ અનુપમ મિશન સાહેબદાદાની પ્રેરણાથી શાલીન માનવરત્ન સન્માન અર્પણ કરે છે.


પૂ. ડૉ. મનોજભાઈ

શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ મૂર્તિપ્રતિષ્ઠા મંદિર મહોત્સવના પાવન પ્રસંગે સમાજના આવા શૂરવીર સેવકોને સન્માનિત કરવાનો સુંદર કાર્યક્રમ ૮ જાન્યુઆરીની શીતળ સાંજે યોજાયો. આ પ્રસંગે સંતભગવંત સાહેબજીના દિવ્ય સાંનિધ્યે ગુજરાત રાજ્યના નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ, વૈષ્ણવાચાર્ય ગોસ્વામી ૧૦૮ પ.પૂ. દ્વારકેશલાલજી મહારાજની પ્રેરક ઉપસ્થિતિમાં શ્રીમાન દેવાંગભાઈ પટેલ, શ્રીમાન પ્રયાસ્વિનભાઈ પટેલ, સુશ્રી મૌનાબહેન પટેલ, શ્રીમાન સુરેન્દ્રભાઈ પટેલ, શ્રીમાન પ્રવીણભાઈ કોટકને તેઓનાં અપ્રતિમ સેવાકાર્યો બદલ વિનમ્રતાપૂર્વક 'શાલીન માનવરત્ન' સન્માન અર્પણ કરાયો. સન્માન પ્રાપ્ત કરનાર સૌએ ધન્યતાનો પ્રતિભાવ આ પ્રસંગે વ્યક્ત કર્યો.

સભા પ્રારંભે સદ્ગુરુ સંત પૂ. અશ્વિનદાદા અને પૂ. ડૉ. મનોજભાઈ સોનીએ પ્રાસંગિક ઉદ્બોધન કરી 'શાલીન માનવરત્ન'ની વિશેષતા અને ગરિમાને સમજાવી અનુપમ મિશનની ભક્તિભાવનાને વ્યક્ત કરી. આ પ્રસંગે પધારેલ વૈષ્ણવાચાર્યશ્રી ગોસ્વામી ૧૦૮ પ.પૂ. દ્વારકેશલાલજી મહારાજે સાહેબદાદા પ્રતિનો પ્રેમભાવ શાલ ઓઢાડીને વ્યક્ત કર્યો.


આશીર્વાદ : સંતભગવંત સાહેબજી


સાહેબદાદા પ્રતિ પ્રેમભાવ વ્યક્ત કરતા પ.પૂ. દ્વારકેશલાલજી મહારાજ


વૈષ્ણવાચાર્યશ્રી ગોસ્વામી ૧૦૮
પ.પૂ. દ્વારકેશલાલજી મહારાજ








શ્રીમાન દેવાંગભાઈને શાલીન માનરત્ન સન્માન અર્પણ



**પ્રતિભાવદર્શન : શ્રીમાન દેવાંગભાઈ પટેલ**

" ગુરુઆજ્ઞાથી થઈ શકે તેટલું સેવાકાર્ય કરવાનું પ્રયત્ન કરું છું. 'તારું ના હોય તો છોડી દે અને જો તારું હોય તો છોડી બતાવ.' આ આજ્ઞાએ મને સેવા કરવા શક્તિ આપી. સમાજોત્થાનનું કાર્ય સંતોના આશીર્વાદથી સદૈવ થતું રહે તેવી અંતરની પ્રાર્થના છે. "






શ્રીમાન પ્રયાસ્વિનભાઈને શાલીન માનરત્ન સન્માન અર્પણ



**પ્રતિભાવદર્શન : શ્રીમાન પ્રયાસ્વિનભાઈ પટેલ**

" કોઈપણ વ્યક્તિ સારાં કર્મો સિદ્ધિ માટે નહિ પણ અન્યને ખુશી આપવા માટે કરે છે. અમે અહીંયાં સાહેબદાદાનાં સારાં કાર્યોમાં સહભાગી થવા એકત્ર થયા છીએ. સાહેબદાદાએ સદાય સૌની સેવા કરીને અમને પણ સેવા કરવા પ્રેર્યા છે. "






શ્રીમાન પ્રવીણભાઈને શાલીન માનરત્ન સન્માન અર્પણ



**પ્રતિભાવદર્શન : શ્રીમાન પ્રવીણભાઈ કોટક**

" સંતો સૌને સદ્માર્ગે વાળે છે. સંત સાથે રહીને સંત ના થવાય તો કાંઈ નહિ પણ શાંત થવાય અને સેવાપ્રવૃત્ત રહેવાય તે પણ ઘણું છે. સાહેબદાદાના સાંનિધ્યે આ સન્માન પ્રાપ્ત થયું તે મારા માટે અત્યંત સદ્ભાગ્યની વાત છે. "






શ્રીમાન સુરેન્દ્રભાઈને શાલીન માનરત્વ સન્માન અર્પણ



## શ્રીમાન સુરેન્દ્રભાઈ પટેલ

મૌન રહીને સંતોના વચને સત્સંગપ્રધાન જીવન જીવી સમાજની સેવામાં પ્રવૃત્ત નિર્માની ભક્તરત્ન શ્રીમાન સુરેન્દ્રભાઈએ 'શાલીન માનવરત્ન' સન્માન સ્વીકારી સૌને સમાજસેવાની પ્રેરણા અર્પી.

આ પ્રસંગે ગોસ્વામી પૂજ્ય દ્વારકેશલાલજી મહારાજે આશીર્વાદ વરસાવ્યા કે, 'સાહેબના પ્રત્યેક કાર્યમાં ભક્તિની જ સુવાસ જોવા મળે છે. ધર્મની ધજા તેમણે વિશ્વમાં ફેલાવી છે અને સમાજના અંતિમ વ્યક્તિને પણ સુખી કરવા તેઓ તત્પર રહ્યા છે. સામાન્ય વ્યક્તિને પણ પ્રેરણા આપી તેના દ્વારા ભગવાનનું કાર્ય કરાવવાની શક્તિ અને સામર્થી તેઓમાં છે. તેઓ બાળક જેવા નિર્દોષ, નિરહંકારી અને પ્રેમાળ છે. સર્વે સન્માનિત વિભૂતિઓની ભક્તિ અને શક્તિને વંદન છે.'

'શાલીન માનવરત્ન' સન્માન પ્રાપ્ત કરનાર સૌનેય ખૂબ ખૂબ અભિનંદન પાઠવી સાહેબદાદાએ રૂડા આશીર્વાદ વરસાવ્યા કે, 'યોગીજી મહારાજ કહેતા કે, ભગવાનનું શ્રેષ્ઠ સર્જન માનવ છે. માનવના ઉત્કર્ષમાં જે જે સમર્પિત થયા છે તેમનું સન્માન કરવું એ આપણી ભક્તિ છે. આજે જેઓનાં સન્માન થયાં તે સૌ વિરલ વિભૂતિઓ છે. તેમની પાસે જે કાંઈ છે તે સમાજને અર્પણ કરી સૌના ઉત્થાનનું કાર્ય કરે છે, જે સહજ સૌને પ્રેરણા આપે છે.'

સાહેબદાદાના પ્રેમથી ભક્તિના રંગે રંગાયેલ અને આ પ્રસંગે ઉપસ્થિત UN ઍમ્બેસેડર શ્રીમાન વર્તન મેલકોનિયને પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું. વિશ્વમાં શાંતિ પ્રસરાવવાના શુદ્ધ ભાવ સાથે સાહેબદાદાની પ્રેરણાથી તેઓ દ્વારા તૈયાર થનાર 'શ્રી સ્વામિનારાયણ સિમ્ફની'ના માધ્યમથી વિશ્વના ૧૮૦ દેશોને સાંકળવાનું ભક્તિભર્યું કાર્ય કરવાના તેઓના પ્રયાસને આ પ્રસંગે રજૂ કર્યો. શ્રીમાન વર્તન દ્વારા જીનીવાની પરિષદમાં રજૂ કરાયેલ અનુપમ મિશનના સમાજઉત્થાનના કાર્યની તેઓએ ઝાંખી પ્રસ્તુત કરી.



શ્રી વર્તન મેલકોનિયન







સુશ્રી મૌનાબહેનને શાલીન માનરત્વ સન્માન અર્પણ



## સુશ્રી મૌનાબહેન પટેલ

સુશ્રી મૌનાબહેને શ્રમ મંદિરના માધ્યમથી કરેલ કુષ્ઠરોગ પીડિતોની સેવાને 'શાલીન માનવરત્ન' સન્માન રૂપે બિરદાવી તેઓ વતી સંસ્થાના સેવિકાએ કૃતજ્ઞભાવ અર્પણ કરી આ પ્રસંગે ધન્યતા વ્યક્ત કરી.

આ દિવ્ય પ્રસંગે અતિથિવિશેષ સ્વરૂપે પધારેલ ગુજરાત રાજ્યના આદરણીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલનાં સન્માન કરાયાં. તેઓએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં જણાવ્યું કે, 'અનુપમ મિશનના અધિષ્ઠાતા જશભાઈ સાહેબના વિનમ્ર સ્વભાવનો પરિચય મને વારંવાર થયો છે. તેમની સાથે મારો લાગણીનો સંબંધ છે. સામાન્ય પરિવેશમાં રહીને તેઓએ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય અને ભક્તિની સુવાસ વિશ્વભરમાં પ્રસરાવી છે. આજે સન્માન પામેલાં સૌ કોઈ ગુજરાત રાજ્ય અને દેશના ઉત્થાન માટે વિવિધ સેવાનાં કાર્યોમાં જોડાયેલાં છે. તે સૌનાં સન્માન થતાં જોઈ આનંદ થયો. નવી પેઢીને આ સંસ્કાર આપવા જરૂરી છે. આવાં રત્નો શોધી સૌને પ્રેરણા આપવા બદલ હું જશભાઈ સાહેબ, તેમના સાથીદારો અને અનુપમ મિશન પરિવારનાં સૌને પ્રણામ કરું છું.'



શ્રીમાન નીતિનભાઈ પટેલ

શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ મૂર્તિપ્રતિષ્ઠા મંદિર મહોત્સવ નિમિત્તે પ્રકાશિત 'સંતભગવંત સાહેબજીની છે મહાત્મ્યસભર વાણી સદા' ભાગ-૮, 'સ્પિરિચ્યુઅલ એસેન્સ' ભાગ-૫, અને બાળ પ્રવૃત્તિ માટેનું નૂતન પ્રકાશન 'અનુપમ તારલા', 'આપણું ઘર આપણી સંવાદિતા', 'Our Home Our Harmony', 'આરાધના' કીર્તનનિધિ દ્વિતીય, 'સાધુહૃદયની પ્રાર્થનાગંગા' આદિ પ્રકાશનોનાં મુક્તાર્પણ આ પ્રસંગે થયાં.



ગુજરાત રાજ્યના નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈનાં અનુપમ મિશન દ્વારા સન્માન

'શાલીન માનવરત્ન' સન્માન અર્પણની સાથે શ્રી મંદિરજીની નિર્માણસેવામાં સંપૂર્ણપણે સમર્પિત આર્કિટેક્ટ શ્રી અમિતભાઈ પટેલ, શ્રી કિરણભાઈ ત્રિવેદી, શ્રી દ્વિજેનભાઈ પંચાલ, શ્રી હિતેશભાઈ પટેલ, સુશ્રી પૂર્વા રાજ પટેલ, સાધુશ્રી પૂ. સુનીલભાઈ પંડ્યાનાં વિશેષ સન્માન કરી તેઓની ભક્તિને બિરદાવી. આ પ્રસંગે ઉપસ્થિત હજારો અક્ષરમુક્તોની મેદનીએ પ્રેરણા અને ધન્યતાનો અલૌકિક અનુભવ કર્યો. ◆



સંતો અને મહાનુભાવોના સાંનિધ્યે 'શાલીન માનવરત્ન' સન્માન પ્રાપ્ત કરનાર વિભૂતિઓ




મૂર્તિપ્રતિષ્ઠા
મહાયજ્ઞ
૯ જાન્યુઆરી ૨૦૨૦





મૂર્તિઓનાં દિવ્ય દર્શન... વંદન



મૂર્તિપ્રતિષ્ઠા મહાયજ્ઞમાં બિરાજમાન યજમાન ભક્તોને વંદન... આશીર્દાન



પ્રધાન આચાર્ય પૂ. શાંતિદાદાનાં પૂ. અશ્વિનદાદા દ્વારા પૂજન



પ્રધાન આચાર્ય પૂ. શાંતિદાદા સંગ આચાર્યગણ





મૂર્તિપ્રતિષ્ઠા મહાયજ્ઞમાં શ્રીફળની આહુતિ અર્પણ



મૂર્તિપ્રતિષ્ઠા મહાયજ્ઞમાં સંત બહેનોની દિવ્ય સંનિધિ

શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ મૂર્તિપ્રતિષ્ઠા મંદિર મહોત્સવના તૃતીય દિવસ, ૯ જાન્યુઆરી ૨૦૨૦ની મંગલ પ્રભાત અનેરા આનંદને લઈને ઉદય પામી. વહેલી સવારે એકસરખાં સફેદ વસ્ત્રો પરિધાન કરી ૧૨૮૫થી વધુ યુગલ યજમાનો મૂર્તિપ્રતિષ્ઠા મહાયજ્ઞમાં યજમાનપદે બિરાજ્યા. સૌના હૈયે શ્રી ઠાકોરજીની પ્રાણપ્રતિષ્ઠા પૂર્વે પ્રાર્થના-ભક્તિપૂર્ણ મહાયજ્ઞ અર્પણ કરી આંતર-બાહ્ય વાતાવરણમાં પવિત્રતા પ્રસરાવવાની શુભ ભાવના વ્યાપી હતી. ભક્તોના ભાવ ઝીલી સંતભગવંત સાહેબજીએ યજ્ઞશાળામાં પ્રવેશ કર્યો તે દર્શન રમણીય અને ચિરસ્મરણીય હતાં. યજમાનોની બેઠક સજ્જા ભવ્ય અને દિવ્ય લાગી રહી હતી. પ્રત્યેક યજમાનને વ્યક્તિગત વેદીમાં આહુતિ અર્પણ કરવાનો લાભ પ્રાપ્ત થયો તેનો આનંદ અકલ્પ્ય હતો. મૂર્તિઓ સમક્ષ શ્રી સહજાનંદજી, શ્રી ગુણાતીતાનંદજી, શ્રી યજ્ઞપુરુષદાસજી, શ્રી જ્ઞાનજીવનદાસજી, શ્રી કાકાજી, શ્રી પપ્પાજી, શ્રી હરિપ્રસાદસ્વામીજી, શ્રી સાહેબજી એમ મુખ્ય આઠ યજ્ઞવેદીઓ અને અન્ય ૩૧૦ જેટલી યજ્ઞવેદીઓની ગોઠવણ કલાત્મક રીતે સંત પૂજ્ય રાજુભાઈનાં માર્ગદર્શને કરાઈ હતી. એકસરખાં વસ્ત્રો પરિધાન કરી ભક્તિભાવથી ૨૨૦ જેટલી ઋષિકન્યાઓ યજમાનોની સેવામાં ઉપસ્થિત હતી. તેઓની સેવા અને ભક્તિને સહજ સૌ કોઈએ અંતરથી નવાજી.


સદ્‌ગુરુ સંત પૂજ્ય શાંતિદાદાના પ્રધાન આચાર્યપદે પૂ. ડૉ. મનોજભાઈ, પૂ. અશોકભાઈ, પૂ. રાજુભાઈ, પૂ. ઉત્પલભાઈ સહિત અનુપમ સૂરવૃંદના સંતો-ભક્તોએ શાસ્ત્રોક્ત રીતે મહાયજ્ઞ વિધિ કરાવ્યો. સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતોની પ્રત્યક્ષ સંનિધિમાં યજ્ઞનારાયણમાં શ્રીફળ હોમાયું ને સર્વત્ર જયજયકાર ગૂંજી ઊઠ્યો. સંતભગવંત સાહેબજીએ સ્વહસ્તે લિખિત આશિષ-સંકલ્પમાં સૌ જોડાયા. સુવ્યવસ્થિત યજ્ઞ આયોજનની દિવ્ય અનુભૂતિ પામી પૂ. દિનકરભાઈએ સૌ પર રૂડા આશીર્વાદ વરસાવ્યા.

'આ યજ્ઞના તો દેવતાઓ દર્શન કરવા પધાર્યા છે તેવો અનુભવ અમને થઈ રહ્યો છે.' આ ભાવના વહાવતા પૂ. અધ્યાત્માનંદ સ્વામીજીએ સૌની સેવાને બિરદાવી અને વિશેષ યજ્ઞ કરાવનાર આચાર્યોને મંત્રોચ્ચારના સ્પષ્ટ ઉચ્ચારણ અને યજ્ઞવિધિની ઊંડી સમજણ માટે બિરદાવ્યા.

'શ્રી મંદિરજી માટે જપયજ્ઞ, શ્રમયજ્ઞ તો કર્યા ને આજે મહાયજ્ઞ કરી ભક્તિ અદા કરી તેનો વિશેષ આનંદ છે. આ યજ્ઞનારાયણના અગ્નિમાં હઠ, માન, ઈર્ષ્યાના ભાવો ભસ્મીભૂત થઈ જાય ને હૈયાને વિશે કેવળ ભગવાનનો ભાવ સ્થિર થાય તેવી પ્રાર્થનાઓ ! ભગવાન ને ગુરુને રાજી કરવામાં આડું આવતું સઘળું યજ્ઞમાં આહુતિ આપી 'હું પ્રભુનો ને પ્રભુ મારા' એ ભાવથી સૌ જીવી લઈએ' તેવા આશીર્વાદ પૂ. અશ્વિનદાદાએ વરસાવ્યા.



આશીર્વાદ :
પ.પૂ. દિનકરભાઈ



આશીર્વાદ :
પ.પૂ. અધ્યાત્માનંદ સ્વામી



આશીર્વાદ :
સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદા



સંકલ્પ-આશિષ લેખન :
સંતભગવંત સાહેબજી



સંતભગવંત સાહેબજીએ આશીર્વાદ વરસાવ્યા કે, 'મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા થઈ રહી છે તે પૂર્વે આ મહાયજ્ઞમાં બિરાજમાન થવાનો મોકો મળ્યો તે મહાસદ્‌ભાગ્ય ! આપણાં સર્વ જૂનાં પ્રારબ્ધ ધોવાઈ જશે, માટે નિશ્ચિંત રહેજો. પણ હવે અભાવ, અવગુણ, ખટપટ અને માથાકૂટમાં પડી નવાં પ્રારબ્ધ ઊભાં ના કરીએ તેનું ખાસ ધ્યાન રાખવું. ભગવાન પ્રગટ છે તેવા સાધુમાં આત્મબુદ્ધિ અને પ્રીતિથી જોડાઈ, સૌ સંબંધવાળાને નિર્દોષ માની, છતી દેહે અક્ષરધામનાં સુખ, શાંતિ અને આનંદને આપણે પામવાં છે; માટે આજે સૌ ખાસ સંકલ્પ કરજો કે, ગુરુવચને સેવા કરીને, સંબંધવાળાને નિર્દોષ માનીને, સંપ સુહૃદભાવ એકતાથી સઘળી પ્રવૃત્તિઓ કરીશું.'

પ્રત્યેક યજમાનોને સન્મુખ દર્શન આપતી નૂતન મંદિરની કલાત્મક શોભા અને યજ્ઞવિધિની પવિત્રતા, સંતોની દિવ્ય સંનિધિ તથા આશીર્વાદ અનુપમ સુખ પ્રદાન કરી રહ્યાં હતાં. ઉપસ્થિત સૌને અક્ષરધામનાં સુખ, શાંતિ અને આનંદના સહજ અનુભવ થઈ રહ્યા હતા. એક વર્ષની સખત મહેનત, સંપ, સુહૃદભાવ, એક્તાભરી ગુરુભક્તિનાં દર્શન થઈ રહ્યાં હતાં. યજ્ઞનાં આયોજન થઈ રહ્યાં હતાં ત્યારે ૧૦૦૦ યુગલો બિરાજે તેવી ભાવના સંતોએ રાખી હતી. પરંતુ ભક્તોના ઉત્સાહ ને ઉમંગ, ભક્તિ ને સમર્પણની ભાવના જોઈને એક મીટિંગમાં સંતભગવંત સાહેબજીએ પરભાવમાં આવીને સંકેત આપ્યા હતા કે, 'યજમાનોની સંખ્યા વધી જશે માટે તે પ્રમાણે વ્યવસ્થા કરશો.' અનેક મહિનાઓ પૂર્વે આપેલા સંતભગવંત સાહેબજીના એ આશીર્વાદનાં સાકાર દર્શન કરી સૌ સંતો અને ભક્તો પણ ગદ્‌ગદ આનંદથી સભર હતા.

મહાયજ્ઞવિધિના અંતે મંચસ્થ સૌ સંતસ્વરૂપોએ જયજયકાર કરી જે દિવ્ય દર્શન દીધાં, તે ચિરંજીવ બની રહ્યાં. અનુપમ મિશનના ઇતિહાસમાં આ મહાયજ્ઞ સુવર્ણ અક્ષરે અંકિત થઈ ગયો. શ્રી મંદિરજીમાં પ્રતિષ્ઠિત થનારી પ્રત્યેક મૂર્તિઓનાં દર્શન અને તેઓની સંનિધિમાં મહાયજ્ઞવિધિના દિવ્ય લાભના મહાસદ્‌ભાગ્યનો આનંદ સૌના હૈયે હિલોળા લઈ રહ્યો હતો. યજ્ઞસામગ્રી સહિત શિયાળાની વહેલી સવારની ઠંડીથી રક્ષણ પામવા પ્રાપ્ત થયેલી શાલ અને ટોપીની વ્યવસ્થાને પામી પ્રત્યેક યજમાનોનાં હૈયાં સૌ સંતો પ્રતિ કૃતજ્ઞતાપૂર્ણ વંદના ધરી રહ્યાં હતાં. ◆

## શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ મૂર્તિપ્રતિષ્ઠા મંદિર મહોત્સવ મહાયજ્ઞની જય જય જય !




મૂર્તિદર્શન
શોભાયાત્રા
૯ જાન્યુઆરી ૨૦૨૦


યોગીબાપાની આજ્ઞાથી હૉસ્ટેલની રૂમમાં સાહેબજીએ મંદિર કર્યું તે પ્રસંગને નૃત્યભક્તિ સ્વરૂપે રજૂ કરતા યુવાનો


સાહેબજીએ સર્વપ્રથમ મંદિર કર્યું તે પ્રસાદીની યુનિવર્સિટી હૉસ્ટેલની રૂમ નંબર ૧૪


સાહેબજીએ વિદ્યાભ્યાસ પ્રાપ્ત કર્યો તે પ્રાસાદિક વી. પી. સાયન્સ કૉલેજના પ્રવેશદ્વારે નૃત્યભક્તિ



૯ જાન્યુઆરી, ૨૦૨૦ની દિવ્ય સંધ્યાએ શ્રી ઠાકોરજીની મૂર્તિદર્શન શોભાયાત્રા યોજાઈ. આ શોભાયાત્રાની વિશાળતા અને દિવ્યતાએ સહજ જ સૌનું ધ્યાન આકર્ષિત કર્યું. યોગીજી મહારાજની આજ્ઞાથી વલ્લભવિદ્યાનગરની યુનિવર્સિટી હૉસ્ટેલ રૂમ નંબર ૧૪માં સાહેબદાદાએ સર્વપ્રથમ મંદિર કર્યું, માટે તે પવિત્ર પ્રાસાદિક સ્થાનથી તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી સ્થિત નૂતન મંદિર સુધીની ૩.૫ કિલોમીટર લાંબી શોભાયાત્રામાં હજારો અક્ષરમુક્તો જોડાયા. શોભાયાત્રાના આરંભસ્થાન અંગે સ્વયં સંતભગવંત સાહેબજીએ જ માર્ગદર્શન આપ્યાં. શોભાયાત્રામાં સુશોભિત રમણીય મૂર્તિઓનાં દર્શન કરવા સેંકડો નગરજનો ઉમટ્યા. શ્રી ઠાકોરજીને લઈને પધારતા સંતભગવંત સાહેબજીનાં સ્વાગત અને સન્માન કરવા સ્થાનિક ગણમાન્ય મુક્તો-મુમુક્ષુઓ છલકાયાં.

શોભાયાત્રામાં ઉપસ્થિત અને દર્શન કરતા નગરજનોના ભાવ શ્રી ઠાકોરજી મહારાજ અને સંતભગવંત સાહેબજીએ સ્વીકાર્યા અને સૌ પર પ્રસન્નતાપૂર્ણ આશીર્વાદ વરસાવ્યા. વ્રતધારી સંતો પૂ. પરેશભાઈ, પૂ. યજ્ઞેશભાઈ, પૂ. શ્રેયસભાઈનાં માર્ગદર્શને ગુરુસભાના યુવાનોએ સમગ્ર શોભાયાત્રાનાં સુચારુ આયોજન કર્યાં, તે સૌ પર પણ પ્રસન્નતાશિષ વરસાવી.















શોભાયાત્રા દરમિયાન વિવિધ સ્થળોએ શ્રી ઠાકોરજી અને સાહેબજીનાં સ્વાગત-વધામણાં કરતા નગરજનો

શોભાયાત્રા આરંભસ્થાન યુનિવર્સિટી હૉસ્ટેલની પ્રાસાદિક રૂમ નંબર ૧૪ કે જ્યાં સાહેબદાદાએ સર્વપ્રથમ મંદિર કર્યું હતું, તેને ગુરુસભાના યુવાનોએ સજાવ્યું તેમજ પ્રાસંગિક નૃત્યભક્તિ અદા કરી, જેમાં યોગીબાપાની આજ્ઞાપાલનનો પ્રસંગ પ્રસ્તુત કરાયો. વલ્લભવિદ્યાનગર નગરપાલિકાના પ્રમુખશ્રી અને સભ્યો, સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિશ્રી, ગણમાન્ય મહાનુભાવોએ આ દર્શન કરી સાહેબદાદાના શ્રીચરણે વંદનાઓ ધરી.

શોભાયાત્રા આરંભ થઈ ત્યાંથી વિવિધ પ્રાસાદિકસ્થાનોએ પધારી ત્યારે નગરજનો-મહાનુભાવોએ સાહેબદાદાનાં સ્વાગત-સન્માન કરી શ્રી ઠાકોરજીના ચરણે વંદનાઓ ધરી.

ભવ્ય શોભાયાત્રામાં એકસરખાં વસ્ત્રો પરિધાન કરી ચરોતર, વડોદરા, કાનમ, સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત, મુંબઈ આદિ પ્રદેશો સહિત ભારતના અન્ય પ્રાંતોમાંથી પધારેલાં ભાઈઓ અને બહેનો હસ્તમાં પોતાના પ્રદેશનાં બેનર, મહોત્સવના ધ્વજ, શુભ પ્રતીકો, સ્વરૂપોએ ઉદ્‌ગારેલ વચનામૃતનાં બેનર ધારણ કરી શોભાયાત્રાની ભવ્યતાને દિવ્યતા અર્પી.

આબાલવૃદ્ધ સૌ કોઈના હૈયે શ્રી ઠાકોરજીનાં વધામણાં કરવાનો ઉમંગ છલકાઈ રહ્યો હતો. આટલી વિશાળ મેદની હોવા છતાં પણ ભક્તોની શિસ્ત અને સ્વયંસેવકોની વ્યવસ્થા સહજ સૌનું ધ્યાન આકર્ષિત કરતી હતી.

શોભાયાત્રામાં શ્રી ઠાકોરજીના સુંદર રથની શોભા અનુપમ હતી. સંતભગવંત સાહેબજી સ્વયં મયૂર રથમાં બિરાજી સૌને દિવ્ય દર્શનદાન આપી રહ્યા હતા. સદ્‌ગુરુ સંતો કલાત્મક સુશોભિત બગીમાં બિરાજી ભક્તોના ભાવ ઝીલી રહ્યા હતા. શોભાયાત્રાના પ્રારંભે ઘોડેસવારો, બાઇક પર સજ્જ યુવાનોની જોશસભર ભક્તિ તરવરી રહી હતી.





શોભાયાત્રામાં અમદાવાદ પ્રદેશના ભક્તિવંત ભાઈઓ



શોભાયાત્રામાં મુંબઈ-ROI પ્રદેશના ભક્તિવંત ભાઈઓ




શોભાયાત્રામાં કાનમ-વડોદરા પ્રદેશના ભક્તિવંત ભાઈઓ



શોભાયાત્રામાં દક્ષિણ ગુજરાત પ્રદેશના ભક્તિવંત ભાઈઓ

શોભાયાત્રામાં શ્રી ઠાકોરજીના દિવ્ય રથમાં શ્રી મંદિરજીની પ્રતિકૃતિ બિરાજમાન કરાઈ હતી તેમજ અનુપમ મિશનની સમાજોત્થાનની વિવિધ પ્રવૃત્તિઓ તથા પારિવારિક સંવાદિતાના સંદેશને પ્રસરાવતા સુંદર મજાના ટેબ્લોનું દર્શન થઈ રહ્યું હતું. વલ્લભવિદ્યાનગરના સ્થાપક આદરણીય શ્રી ભાઈકાકા, શ્રી ભીખાકાકા અને તેઓ દ્વારા વિદ્યાદાનની પ્રવૃત્તિઓ આરંભાઈ તેવા ચારુતર વિદ્યામંડળની સ્થાપનાના અમૃતવર્ષે વંદના ધરતો વિશેષ ટેબ્લો પણ શોભી રહ્યો હતો.

યુનિવર્સિટી હૉસ્ટેલની રૂમ નંબર ૧૪, સાહેબદાદાએ જ્યાં વિદ્યાભ્યાસ પ્રાપ્ત કર્યો તે વી.પી. સાયન્સ કૉલેજના પ્રવેશદ્વારે, શ્રી સરદાર પટેલ સાહેબના સ્ટેચ્યૂ નજીક તથા બ્રહ્મજ્યોતિના મહોત્સવ પ્રવેશદ્વારે ગુરુસભાના યુવાનોએ વિશિષ્ટ નૃત્યભક્તિ અર્પણ કરી. શ્રી ઠાકોરજીને વધાવતી યુવાનોની આ નૃત્યભક્તિને શોભાયાત્રામાં ઉપસ્થિત સૌ સંતો અને અક્ષરમુક્તોએ બિરદાવી. સેંકડો યુવતીઓએ શિરે પોથી અને કળશ ધારણ કરી દિવ્યતાના સંદેશને રેલાવ્યો.


શોભાયાત્રામાં બગીમાં બિરાજમાન સંતો



શોભાયાત્રામાં USA & CANADAના ભક્તિવંત ભાઈઓ


શોભાયાત્રામાં ઑસ્ટ્રેલિયા-ન્યૂઝિલેન્ડના ભક્તિવંત ભાઈઓ


શોભાયાત્રામાં બગીમાં બિરાજમાન સંતો


નૃત્યભક્તિ અદા કરતા જોશીલા થનગનતા યુવાનો


શોભાયાત્રામાં ૮૦ કીર્તન આરાધના કરનાર ભક્તિવંત ભક્તો


શોભાયાત્રામાં વડોદરા પ્રદેશના ભક્તિવંત ભાઈઓ


પોથી અને કળશ શિર પર ધારીને ભક્તિ અદા કરતી યુવતીઓ



શ્રી ગુણાતીત જ્યોતમાં પ.પૂ. પપ્પાજી અને સંત બહેનોનાં દર્શન



શોભાયાત્રામાં મુંબઈ-ROI પ્રદેશનાં ભક્તિવંત બહેનો



શોભાયાત્રામાં USA & CANADAનાં ભક્તિવંત બહેનો



શ્રી ગુણાતીત જ્યોતમાં પ.પૂ. પપ્પાજી અને સંત બહેનોનાં દર્શન



શોભાયાત્રામાં અમદાવાદ પ્રદેશનાં ભક્તિવંત બહેનો



શોભાયાત્રામાં ઇંગ્લૅન્ડનાં ભક્તિવંત બહેનો



શોભાયાત્રામાં કાનમ-વડોદરા પ્રદેશનાં ભક્તિવંત બહેનો



શોભાયાત્રામાં સૌરાષ્ટ્ર પ્રદેશનાં ભક્તિવંત બહેનો



શોભાયાત્રામાં દક્ષિણ ગુજરાત પ્રદેશનાં ભક્તિવંત બહેનો

અનુપમ મિશનની સમાજોત્થાનની પ્રવૃત્તિઓ સાથે ચારુતર વિદ્યામંડળની પ્રવૃત્તિઓની ઝાંખી કરાવતા ટેબ્લો





શોભાયાત્રામાં ચાલીને ગુરુભક્તિ અદા કરતા પૂ. અશ્વિનદાદા



મહોત્સવ પ્રવેશદ્વારે નૃત્યભક્તિનાં દિવ્ય દર્શન

શોભાયાત્રા દરમિયાન જ્યારે ગુણાતીત જ્યોત પ્રાસાદિક સ્થાન આવ્યું ત્યારે પ.પૂ. પપ્પાજી અને સર્વે સંત બહેનોનાં દર્શનાર્થે સંતભગવંત સાહેબજીએ પધારી ભક્તિઅર્ઘ્ય અર્પણ કર્યા. વળી, આખી શોભાયાત્રા દરમિયાન સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદાએ પદયાત્રા કરી અને સંતભગવંત સાહેબજીના રથની સાથે જ રહી અનુજ સેવક તરીકે અલૌકિક ભક્તિ અદા કરી. મહોત્સવ પ્રવેશદ્વારે યુવાનો સાથે નૃત્ય અને સંગીતના તાલે તાલ મિલાવી તેઓએ બ્રહ્માનંદ કરાવતાં જે સ્મૃતિદર્શન આપ્યાં તે શોભાયાત્રાનો દિવ્ય પ્રસાદ હતો.

સૂરજ ઢળ્યો ને શોભાયાત્રા મંદિરજીના પ્રાંગણમાં વિરામ પામી. શ્રી ઠાકોરજીની સન્મુખ સંત બહેનો અને ભક્ત બહેનોએ ગરબાભક્તિ અદા કરી સૌને આનંદમાં ગુલતાન કર્યાં, તે સૌને સાહેબજીએ આશીર્વાદ અર્પી વધાવ્યાં. ◆



શોભાયાત્રામાં ભક્તિ કરનાર સૌને વંદન !



સાહેબજી અને શ્રી ઠાકોરજીનાં વધામણાં કરતાં સંત બહેનો

## "તમ સૌને ખૂબ ખૂબ અભિનંદન...ધન્યવાદ !

આવી સુંદર શોભાયાત્રા આયોજિત કરનાર સંતો, ભક્તો અને સૌ યુવાનોને વંદન ! શાબાશ !"

~સંતભગવંત સાહેબજી



# કીર્તન આરાધના



કીર્તનભક્તિમાં ગુલતાન કરનાર ભક્તિવંત કલાકાર મુક્તો



કીર્તનભક્તિમાં ગુલતાન સંતો - સ્વરૂપો - ભક્તો



ભક્તહૃદયી ચિત્રકાર કિંજલ સુખડિયા દ્વારા હૃદયભાવ અર્પણ

શ્રી ઠાકોરજીની નગર શોભાયાત્રા બાદ રાત્રે 'દિવ્યદર્શન' સભામંડપમાં અનુપમ સૂરવૃંદના ભક્તિવંત યુવાકલાકારો દ્વારા સુરીલી કીર્તન આરાધના પ્રસ્તુત કરાઈ. સંતભગવંત સાહેબજી, પૂ. મુકુંદજીવન સ્વામીજી, સંત બહેનો, સેંકડો અક્ષરમુક્તોના સાંનિધ્યે શ્રી પ્રભુજી, શ્રી ગુરુજીનાં માહાત્મ્યદર્શન કરાવતાં વિવિધ કીર્તનોની હારમાળા સૂર-તાલની સંવાદિતા સાથે વિખ્યાત પ્રતિભાઓ દ્વારા ભક્તિરૂપે અર્પણ થઈ.

મુંબઈના અભિજિત ઘોષાલ, જયેશ ગાંધી, મિલિન્દ સેવડે, રાજકોટના કૃણાલ પરમાર, વડોદરાના ચિરાગ રતનપરા, ચિરાગ પટેલ, યશ, કપિલ પંડિત, અમદાવાદના અમિત ઠક્કર, કલ્પેશ વ્યાસ, ચેતન વ્યાસ, દીપ ભરુચી, નડિયાદના સદાશિવ દવે તથા સ્થાનિક મંડળના રાહુલ પટેલ, નિખિલ પારેખ, નિશ્ચલ ઓઝા, દીપેન ગોહિલ, પ્રિન્સ મારડિયા, જિરેન પટેલ સાથે પૂ. સૌમ્યભાઈ શાહ દ્વારા સુમધુર સંગીત અને ભક્તિભર્યાં કીર્તનોની રમઝટ બોલાવાઈ.

વહેલી સવારે મહાયજ્ઞ, ત્યારબાદ શ્રી મૂર્તિદર્શન શોભાયાત્રામાં સહભાગી બનેલ સૌ અક્ષરમુક્તોનો થાક આ કીર્તન આરાધનાએ ભુલાવી દીધો. કીર્તન આરાધના પ્રસ્તુત કરનાર સૌ ભક્તો પર રાજીપો વરસાવી સંતભગવંત સાહેબજી અને પૂ. મુકુંદજીવન સ્વામીજીએ આશીર્વાદરૂપી સ્મૃતિભેટ અર્પણ કરી અને શાલ ઓઢાડી સન્માનિત કર્યા.

આ પ્રસંગે ભક્તહૃદયી ચિત્રકાર કિંજલ સુખડિયા દ્વારા તૈયાર કરાયેલ નૂતન મંદિર અને સંતભગવંત સાહેબજીની મૂર્તિનું મનોહર પેઈન્ટિંગ સાહેબદાદાને અર્પણ કરી ભક્તિવંદના સહ પ્રાર્થના ધરી. આખા દિવસના વિવિધ ભક્તિપૂર્ણ કાર્યક્રમો સાથે અંતરમાં શાશ્વત આનંદની અનુભૂતિ સૌ ભક્તોએ કરી. ◆

# મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા મહાવિધિ

૧૦ જાન્યુઆરી ૨૦૨૦









શ્રી ગુણાતીત દીક્ષાતિથિ પોષીપૂર્ણિમાના મહામંગલકારી દિવસે તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરીમાં નવનિર્મિત કલામંડિત શિખરસંપન્ન ભવ્ય મંદિરમાં ૧૦ જાન્યુઆરી, ૨૦૨૦ના રોજ શ્રી મુક્ત અક્ષરપુરુષોત્તમ મહારાજ સહિત ગુણાતીત સ્વરૂપોની મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા મહાવિધિ સંપન્ન થઈ. અને સાથે જ ગુરુહરિ બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ અને ગુરુદેવ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજની સુવર્ણમંડિત મૂર્તિઓ પણ નૂતન મંદિરમાં બિરાજમાન થઈ. અગણિત ભક્તોનાં સમર્પણ, ભક્તિ અને શ્રદ્ધાનો સ્વીકાર કરી પ્રભુ નિજ મંદિરે, હૃદય મંદિરે બિરાજ્યા !

વહેલી સવારે મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા મહાવિધિનો આરંભ થયો. પ્રથમ મજલે મંદિર ગર્ભગૃહે પૂર્ણ પુરુષોત્તમ સહજાનંદ સ્વામી સમક્ષ સંતભગવંત સાહેબજી, મૂળ અક્ષરમૂર્તિ શ્રી ગુણાતીતાનંદ સ્વામી સમક્ષ પ.પૂ. મુકુંદજીવન સ્વામીજી, અનાદિ મહામુક્ત શ્રી ગોપાળાનંદ સ્વામી સમક્ષ પૂ. પ્રેમસ્વરૂપદાસ સ્વામીજી, બ્રહ્મસ્વરૂપ શ્રી શાસ્ત્રીજી મહારાજ સમક્ષ સદ્‌ગુરુ સંત પૂ. શાંતિદાદા અને બ્રહ્મસ્વરૂપ શ્રી યોગીજી મહારાજ સમક્ષ સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદા, સિદ્ધિવિનાયક શ્રી ગણપતિ દેવ સમક્ષ પૂ. જયેશભાઈ, કષ્ટભંજન શ્રી હનુમાનજી દેવ સમક્ષ પૂ. હિંમતસ્વામીજીએ પધારી શાસ્ત્રોક્ત રીતે મૂર્તિઓની દિવ્ય પ્રાણપ્રતિષ્ઠા કરી.

નીચેના મજલામાં પૂર્ણપુરુષોત્તમ શ્રી સહજાનંદ સ્વામી સમક્ષ પ.પૂ. દિનકરભાઈ, અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામી સમક્ષ પૂ. રતિકાકા, અનાદિ મહામુક્ત શ્રી ગોપાળાનંદ સ્વામી સમક્ષ પૂ. ભરતભાઈ, બ્રહ્મસ્વરૂપ શ્રી ભગતજી મહારાજ સમક્ષ પૂ. પૂનમભાઈ, પ્રગટ બ્રહ્મસ્વરૂપ શ્રી સાહેબજી મહારાજ સમક્ષ પૂ. હર્ષદભાઈ, બ્રહ્મસ્વરૂપ શ્રી જાગાસ્વામી સમક્ષ પૂ. ગોવિંદભાઈ, બ્રહ્મસ્વરૂપ શ્રી કૃષ્ણજી અદા સમક્ષ પૂ. શાસ્ત્રી સ્વામી, બ્રહ્મસ્વરૂપ શ્રી કાકાજી મહારાજ સમક્ષ પૂ. દિલીપભાઈ, બ્રહ્મસ્વરૂપ શ્રી પપ્પાજી મહારાજ સમક્ષ પૂ. વાસુભાઈ, બ્રહ્મસ્વરૂપ શ્રી શાસ્ત્રીજી મહારાજ સમક્ષ પૂ. અરુણભાઈ, બ્રહ્મસ્વરૂપ શ્રી યોગીજી મહારાજ સમક્ષ પૂ. હરસુખભાઈ, બ્રહ્મસ્વરૂપ શ્રી હરિપ્રસાદસ્વામીજી સમક્ષ પૂ. નિર્મળસ્વામી, બ્રહ્મસ્વરૂપ શ્રી અક્ષરવિહારી સ્વામી સમક્ષ પૂ. નિષ્કામજીવનદાસ સ્વામીજીએ પધારી મૂર્તિઓની દિવ્ય પ્રાણપ્રતિષ્ઠા શાસ્ત્રોક્ત રીતે કરી.



















મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા મહાવિધિ બાદ શ્રી ઠાકોરજી સહિત પ્રત્યેક ગુણાતીત સ્વરૂપોની મૂર્તિઓની પ્રતિષ્ઠા આરતી સંત સ્વરૂપોએ અર્પણ કરી. પ.પૂ. હરિપ્રસાદ સ્વામીજીએ પણ પધારી શ્રી ઠાકોરજીની આરતી અર્પણ કરી. મંદિરના ઉપરના મજલે શ્રી ધામ ધામી મુક્ત અને શ્રી શાસ્ત્રીજી મહારાજ, શ્રી યોગીજી મહારાજને અન્નકૂટ અર્ઘ્ય અર્પણ કરાયો. નયનરમ્ય, અતિ દિવ્ય, મનોહર મૂર્તિઓની શોભા, ભક્તિભાવથી તૈયાર કરાયેલા કલાત્મક વાઘા, ભવ્ય કલાત્મક સિંહાસન, બારીકીભરી કોતરણીથી તૈયાર કરાયેલ ગર્ભગૃહના દ્વાર આદિ સઘળું અલૌકિક અને અનુપમ દર્શન પ્રદાન કરી રહ્યાં હતાં. સંતભગવંત સાહેબજી સહિત સૌ સંત સ્વરૂપો અને ત્યારબાદ અનેક અક્ષરમુક્તો જ્યારે શ્રી ઠાકોરજી અને ગુણાતીત સ્વરૂપોની મૂર્તિઓનાં દર્શન કરવા પધાર્યા ત્યારે વાણી, મૌન અને હૈયું ભાવવિભોર બન્યું. શબ્દાતીત શોભાને નતમસ્તકે સહજ સૌએ વંદન કરી શ્રી પ્રભુજીને હૃદય સિંહાસને અખંડ બિરાજવા પ્રાર્થના ધરી ! ◆




નૂતન દીક્ષાર્થી

# વ્રતધારણ

૧૦ જાન્યુઆરી ૨૦૨૦



કંઠી અર્પણ



ગુરુમંત્ર અર્પણ



શાલ અર્પણ



બેજ અર્પણ



પૂજા અર્પણ

પોષીપૂર્ણિમા, શ્રી ગુણાતીત દીક્ષાદિન, અનુપમ મિશનના સંતોનો વ્રતધારણ દિન ! શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ મૂર્તિપ્રતિષ્ઠા મંદિર મહોત્સવના આ મહામાંગલ્યપ્રદ અવસરે નિષ્ઠાવાન, હોનહાર, તેજસ્વી ૩૧ યુવાનોએ દીક્ષા પ્રાપ્ત કરી શ્રી ઠાકોરજીના શ્રીચરણોમાં જીવન સમર્પિત કરવાનું મહાકલ્યાણકારી ભક્તિકાર્ય કર્યું. ૩૧ નવદીક્ષિત યુવાનો પૈકી ૨૭ દીક્ષાર્થીઓએ સંતભગવંત સાહેબજીના અને ૪ યુવાનોએ પ.પૂ. મુકુંદજીવન સ્વામીજીના આશરે રહી સંતત્વ પ્રાપ્ત કરવાની દીક્ષા લીધી. શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના મહામંગલકારી કાર્યના વિસ્તરણમાં જોડાનાર, જીવન હોમી દેવા તત્પર આ નૂતન દીક્ષાર્થીઓનાં માતા-પિતા-પરિવારજનોને પણ આ પ્રસંગે સન્માનિત કરાયાં.

નૂતન દીક્ષાર્થીઓને સંતભગવંત સાહેબજીએ કંઠી અર્પણ કરી, પ.પૂ. હરિપ્રસાદ સ્વામીજીએ ગુરુમંત્ર આપ્યો, પૂ. પ્રેમસ્વરૂપ સ્વામીજીએ શાલ ઓઢાડી, પ.પૂ. મુકુંદજીવન સ્વામીજીએ બેજ અર્પણ કરી, પૂ. નિર્મળ સ્વામીજીએ પૂજા અર્પણ કરી દીક્ષા પ્રદાન કરી.

અનુપમ મિશનના સંતો, ગુણાતીત સમાજના સૌ સંતો, સંત બહેનો સહિત ઉપસ્થિત ભક્તમેદનીએ નવદીક્ષિત સંતોને અંતરથી બિરદાવ્યા. ભગવાનના કાર્યમાં જોડાનાર સૌ સંતોને ભગવાનનું કાર્ય, ભગવાનની રીતે કરવા સાધનામાર્ગે ખૂબ બળ મળે તે માટે પ્રાર્થનાઓ કરી ! ◆



નૂતન દીક્ષાર્થીઓને આશીર્વાદ અર્પણ



નૂતન દીક્ષાર્થીઓનાં માતાપિતા-પરિવારજનો



નૂતન દીક્ષાર્થી સંતવૃંદ : પૂ. ડૉ. મનોજભાઈ, પૂ. રમેશભાઈ, પૂ. નર્મદાશંકરભાઈ, પૂ. કાળુભાઈ, પૂ. ઘનશ્યામભાઈ, પૂ. ઘનશ્યામભાઈ (બિરલા), પૂ. રવિભાઈ, પૂ. હર્ષદભાઈ, પૂ. પ્રિયકાંતભાઈ, પૂ. પ્રેરકભાઈ, પૂ. પુનિતભાઈ, પૂ. અનિલભાઈ, પૂ. નિખિલભાઈ, પૂ. હિતેશભાઈ, પૂ. જિજ્ઞેશભાઈ, પૂ. જીતભાઈ, પૂ. નીરવભાઈ, પૂ. સંજયભાઈ, પૂ. જગદીશભાઈ, પૂ. અશોકભાઈ, પૂ. તુષારભાઈ, પૂ. સૌમ્યભાઈ, પૂ. સરજુભાઈ, પૂ. હાર્દિકભાઈ, પૂ. હરમિતભાઈ, પૂ. દીપભાઈ, પૂ. જૈનિશભાઈ, પૂ. રાકેશભાઈ, પૂ. પુનિતભાઈ, પૂ. મિલનભાઈ, પૂ. સમીરભાઈ


સંતભગવંત
સાહેબજી
અષ્ટદશાબ્દી
પ્રાગટ્યોત્સવ માહાત્મ્યસભા
૧૦ જાન્યુઆરી ૨૦૨૦



આનંદમૂર્તિ, પ્રેમસાગર, ભક્તવત્સલ, અનુપમ ગુરુ સંતભગવંત સાહેબજીના અષ્ટદશાબ્દી પ્રાગટ્ય મહોત્સવની માહાત્મ્યદર્શન સભાના પ્રારંભે દેશ-પરદેશમાં વસતા ગુરુસભાના યુવાનોએ સૂટ-ટાઈ પરિવેશ ધારણ કરી કલાત્મક મયૂરરથમાં બિરાજમાન સંતભગવંત સાહેબજીનાં ભવ્ય સ્વાગત કરી મંચ પર પધરાવ્યા. વર્ષો પૂર્વે મહેળાવ મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા પ્રસંગે યોગીબાપાની આજ્ઞાથી સાહેબદાદાએ વલ્લભવિદ્યાનગરના યુવકોને સૂટ ધારણ કરાવી સેવામાં જોડીને કરેલી ગુરુભક્તિનું દર્શન કરાવવાનો આ વિનમ્ર પ્રયાસ હતો.

'દિવ્યદર્શન' સભામંડપમાં બિરાજમાન અસંખ્ય મુક્તોને સંતભગવંત સાહેબજીનાં આ દિવ્ય દર્શન પ્રાપ્ત થતાં સૌનાં હૈયે આનંદની હેલી વરસી. આ મહામંગલકારી પ્રસંગે પ.પૂ. હરિપ્રસાદ સ્વામીજી, પ.પૂ. મુકુંદજીવન સ્વામીજી, પ.પૂ. દિનકરભાઈ, પૂ. ભરતભાઈ, પૂ. ભૂપેન્દ્રભાઈ પંડ્યા, સંતો, સંત બહેનો, મહાનુભાવોની દિવ્ય ઉપસ્થિતિ અત્યંત આનંદપ્રદ હતી. ભગવાં વસ્ત્રને બદલે ભગવાં હૃદયની સાધુતા પ્રાપ્ત કરવાના યોગીબાપાના સંકલ્પના સાકારકર્તા સંતભગવંત સાહેબજીની દિવ્ય સંનિધિ અલૌકિક શાતા પમાડી રહી હતી. સંતભગવંત સાહેબજીના પ્રાગટ્યમંગલે તેઓના શ્રીચરણે સર્વસ્વનાં સમર્પણ કરવાના ભાવથી પોતાના આતમપ્રાણને વધાવી લેવા ઉપસ્થિત ભક્તમેદની તત્પર હતી.





હરિધામ, સોખડા સંતગણ વતી ભાવાર્પણ



અનુપમ મિશન પરિવાર વતી હૃદયવંદન



સંતરામ મંદિર, કરમસદ વતી ભાવાર્પણ



હરિધામ, સહિષ્ણુગણ વતી ભાવાર્પણ



દિલ્હી, સંતમંડળ વતી ભાવાર્પણ



ભક્તિ આશ્રમ, સોખડા વતી ભાવાર્પણ



ગુણાતીત જ્યોત વતી ભાવાર્પણ



ગુણાતીત પ્રકાશના સંત ભાઈઓ વતી ભાવાર્પણ



પૂ. ભૂપેન્દ્રભાઈ પંડ્યા દ્વારા શુભેચ્છાર્પણ

ગુણાતીત સમાજની પ્રત્યેક સંસ્થાઓના પ્રતિનિધિ ભક્તોએ શુભેચ્છા સંદેશ, આશીર્વાદપત્રોના માધ્યમ દ્વારા વંદના પાઠવી સંતભગવંત સાહેબજી પ્રત્યેના પ્રેમભાવને વ્યક્ત કર્યો.

સૌ પ્રત્યે કૃતજ્ઞતાભાવ વ્યક્ત કરતાં સંતભગવંત સાહેબજીનાં આચરણ અને દિવ્ય દર્શન મૂક ઉપદેશ પાઠવી રહ્યાં હતાં. દેશ-પરદેશના અનુપમ મિશનનાં અનેક મંડળોના ભક્તોએ પણ સ્વહસ્તે બનાવેલ કલાત્મક હૃદયભાવ આ પ્રસંગે સાહેબદાદાને અર્પણ કરી ભક્તિ અદા કરી.



પવઈના સંત ભાઈઓ વતી ભાવાર્પણ



પ્રાસંગિક ઉદ્‌બોધન : વિનુભાઈ નકારજા



મંદિર નિર્માણ ટીમને સાહેબજીનાં આશીર્દાન



આશીર્વાદ : પૂ. ભૂપેન્દ્રભાઈ પંડ્યા

અનુપમ મિશનના સૌ ભક્તો વતી વિનુભાઈ નકારજાએ પ્રાસંગિક ઉદ્‌બોધન કરી પ્રાર્થનાઓ ધરી. આદરણીય પૂ. ભૂપેન્દ્રભાઈ પંડ્યાએ આશીર્વાદ પાઠવ્યા કે, 'સાહેબજીની વાણીમાં સરળતા છે. સાહેબજી ધૈર્યનું સ્વરૂપ છે. તેઓની આઠ દાયકાની જીવનયાત્રામાં પરિસ્થિતિના ગુલામ બન્યા વગર તેને ગુરુનો પ્રસાદ માની આગળ વધતા ગયા ને સમાજ માટે પ્રેરણારૂપ બન્યા. સાહેબજીનું જો કંઈક મને સ્પર્શ્યું હોય તો એ છે તેમનો નિઃસ્વાર્થ પ્રેમ. તેમના પ્રત્યેક વર્તનમાં મને પ્રેમની અનુભૂતિ થાય છે.'

આ પ્રસંગે સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતોનાં વચને નૂતન મંદિરનિર્માણ માટે અહોહોભાવે સમર્પણ ધરનાર દાનેશ્વર અક્ષરમુક્તો શ્રીમાન ગોવિંદભાઈ-શંકરભાઈ પટેલ પરિવાર, ડૉ. જિતુભાઈ-ડૉ. વીરેન્દ્રભાઈ પરિવાર, શ્રીમાન વિજયભાઈ ઠક્કર પરિવાર, શ્રીમાન બિમલભાઈ શેઠ પરિવાર, શ્રીમાન ત્રંબકદાદા પઢિયાર પરિવાર તથા શ્રીમાન નીલેશભાઈ પટેલ પરિવારનાં સન્માન કરવામાં આવ્યાં. સન્માનિત થનાર પ્રત્યેક અક્ષરમુક્તોનાં જીવન અને સમર્પણ પ્રેરણાદાયી બની રહ્યાં. વળી, નૂતન મંદિરનિર્માણ માટે જવાબદાર કન્સ્ટ્રક્શન ટીમના સભ્યોએ પણ સંતભગવંત સાહેબજીને શુભેચ્છા-ભાવાર્પણ કરી વંદનાઓ ધરી.

પ.પૂ. હરિપ્રસાદ સ્વામીજી અને સંતભગવંત સાહેબજી સહિત મંચસ્થ સંતો, મહાનુભાવોની ઉપસ્થિતિમાં ગુરુસભાના યુવાનોએ પ્રાસંગિક નૃત્યભક્તિ અર્પણ કરી સૌને મંત્રમુગ્ધ કરી દીધાં. આ પ્રસંગે મોટી સંખ્યામાં ઉપસ્થિત સંતો, સંત બહેનો અને અક્ષરમુક્તોએ અલૌકિક સત્સંગલાભ પ્રાપ્ત કર્યો. મહોત્સવના અંતિમ દિવસે પણ ગુરુભક્તિ અદા કરવાનો સૌનો જોશ અતુલ્ય હતો.



મહોત્સવમાં ઉપસ્થિત સંતોનાં દિવ્ય દર્શન



મહોત્સવમાં ઉપસ્થિત સંત બહેનોનાં દિવ્ય દર્શન





દિવ્ય મિલન... અનુપમ આનંદનાં દિવ્ય દર્શન



આશીર્વાદ : પ.પૂ. હરિપ્રસાદ સ્વામીજી

સંતભગવંત સાહેબજીના મહામાંગલ્યપ્રદ પ્રાગટ્ય અવસરે તેઓના મહિમાને વર્ણવતાં પ.પૂ. હરિપ્રસાદ સ્વામીજીએ આશીર્વાદ વરસાવ્યા કે, 'સાહેબ સરળ અને સહજ છે. તેમના જેવો આધ્યાત્મિક વિવેક હોય અને જીવનમાં ભક્તિ હોય તો હઠ, માન, ઈર્ષ્યાના ભાવ ઓગળે અને દાસત્વ પ્રગટે. અહંકારનું વિસર્જન થાય ને સમર્પણભાવ પ્રગટે. આવા પુરુષોના પ્રાગટ્યદિન ઊજવવાથી ભક્તિ પ્રગટે અને દાસત્વ વધે. સાહેબ નિર્વ્યાજ પ્રેમનું સ્વરૂપ છે. યોગીજી મહારાજ એમને જોઈને ખૂબ રાજી થતા અને સહજ બોલી ઊઠતા કે, તમે અમારા છો. સાહેબ સૌના આદર્શ છે. આપણે તેમની સાથેનો અપેક્ષારહિતનો, ખુલ્લા દિલનો, નિષ્ઠાથી ભર્યો સંબંધ બનાવવો છે. તેમના જેવી નિર્દોષબુદ્ધિ દૃઢ કરવાની છે તે જ પ્રાર્થના !'

અંતે સૌની સેવા બિરદાવી, સૌનો આભાર માની, બ્રહ્મભાવે જીવી પરબ્રહ્મના દાસ બની આનંદદાયક જીવન જીવવાનો મજકૂર સમજાવી સંતભગવંત સાહેબજીએ રૂડા આશીર્વાદ પ્રદાન કર્યા, જે સંકલિત કરી આ અંકના 'સંતભગવંત સાહેબજીની છે માહાત્મ્યસભર વાણી સદા' વિભાગમાં પ્રકાશિત કર્યા છે.

સમગ્ર મહોત્સવ દરમિયાન પ્રાપ્ત થયેલી સહજાનંદની પળોની સ્મૃતિ, અધ્યાત્મનો ખજાનો અને ભક્તિનું ભાથું લઈ સૌ વિસર્જિત થયાં. વિશેષ તો સૌનાં હૈયે આ મહોત્સવની ફલશ્રુતિ દૃઢપણે અંકિત થઈ કે, 'સાહેબદાદાની પ્રસન્નતા, સંપ-સુહૃદભાવ ને એકતા !' ◆





સંતભગવંત સાહેબજીની

# છે માહાત્મ્યસભર વાણી સદા...

**શુક્રવાર, ૧૦ જાન્યુઆરી ૨૦૨૦,**
**સંતભગવંત પ.પૂ. સાહેબજી પ્રાગટ્યમંગલ મહાસભા,**
**તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી.**

**મંદિરની** મૂર્તિઓની આજે પ્રાણપ્રતિષ્ઠા થઈ. ખરેખર, આપ સૌ ભક્તો માટે, જેમણે જેમણે સેવાઓ કરી છે તે સર્વ દાનેશ્વરી મુક્તો માટે, એવા સમર્પિત એકાંતિક મુક્તો માટે બિરદાવવાના કોઈ શબ્દો નથી. તેમાંથી હાંહાંગડથલરૂપ થોડા ભક્તોનું સન્માન કર્યું, પણ બધાયનું સન્માન કરવા જેવું છે એવા નાનાથી માંડી મોટા સુધી બધા ભક્તો છો તમે ! ભગવાનની કૃપાથી તમારો હૃદયના ભાવથી સર્વ રીતે સાથ-સહકાર સાંપડ્યો છે તો આ શક્ય બન્યું છે.

ખરેખર નાનામાંથી ધીમે ધીમે આટલો મોટો પ્રૉજેક્ટ તૈયાર થયો છે. ખૂબ જ સુંદર મંદિર બન્યું છે. અત્યારે બધાં ભાઈઓ-બહેનોને

જવાની ઉતાવળ હશે, પણ મારી પ્રાર્થના છે કે, મૂર્તિઓનાં દર્શન કરીને જજો. ચોમાસાના વરસાદના ૨-૩ મહિના લંબાયા એટલે કામ થોડું મોડું થયું. કૉન્ટ્રાક્ટરની ઇચ્છા હતી કે, ૨-૩ મહિનાનો સમય વધારે આપો તો આખું મંદિર પૂરું કરીએ. પણ અશ્વિનભાઈ, શાંતિભાઈ, સંતોની ઇચ્છા હતી કે, પોષીપૂનમે પ્રતિષ્ઠા કરીએ. તો ૫૦ ટકા તૈયાર થઈ ગયું એવા મંદિરમાં આજે પ.પૂ. હરિપ્રસાદ સ્વામીજીના હસ્તે આરતી થઈ, ગુરુજી, અશ્વિનભાઈ, શાંતિભાઈ, દિનકરભાઈ, ભરતભાઈ, નિર્મળ સ્વામી, પ્રેમસ્વરૂપ સ્વામી, રતિકાકા, દિલીપ, વાસુ; સૌ સંત ભાઈઓ દ્વારા બધી મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા થઈ.

શ્રી ઠાકોરજીની મૂર્તિઓ રમણીય છે, દર્શનીય મૂર્તિઓ છે, સતત દર્શન કરવાનું આપણને મન થાય તેવી મૂર્તિઓ છે. મુંબઈના અમારા કનુભાઈ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ; અમારા રાજુભાઈ ડે, પૂ. અશ્વિનભાઈ ને હેતનભાઈના સંપર્કથી સત્સંગમાં આવે છે. બહુ ભક્તિમાં હતા નહિ, પણ હવે ભક્તિવાળા થયા છે. તેઓ અને અમારાં જ્યોતિબા બંને. જ્યોતિબાને અને બીનાબાને તો ભક્તિ હતી જ ! આજે કનુભાઈ મને આવીને કહે કે, 'આ મૂર્તિઓનાં દર્શન કરીને મારા જીવનમાં પહેલી વખત જ મને કંઈક થઈ ગયું.' વિચાર કરો ! એટલી અદ્ભુત મૂર્તિઓ છે !

છપૈયા ધામ, ધારી ધામનાં મૉડેલ ટાઉન સરસ બન્યાં છે. યોગીજી મહારાજનું જન્મસ્થળ, જે ઘરે બાપાનો જન્મ થયો તે ભાગ્યશાળી-નસીબવંતા ઘરની રેપ્લિકા-પ્રતિકૃતિ અહીંયાં બનાવીને તેમાં અભિષેકની શ્રી હરિકૃષ્ણ મહારાજની મૂર્તિનું સ્થાપન કર્યું છે. બા અને કાકાજીનાં સમાધિસ્થાન માટે ભગવાનની કૃપાથી, તેઓની કૃપાથી, પપ્પાજીની કૃપાથી અહીંયાં બ્રહ્મજ્યોતિને સદ્ભાગ્ય સાંપડ્યું; એ સમાધિસ્થાનનું નવીનીકરણ કરીને ખૂબ દર્શનીય મૂર્તિઓ મૂકી છે.

આ બધાં કાર્યો એમ ને એમ તો થતાં નથી. અમે સંતો તો ઘરબાર છોડી નીકળી આવેલા છીએ, પ્રભુને રાખીને ખીસે ખાલી ફરનારા. પણ આટલા મોટા પ્રૉજેક્ટ કરવા માટે ખરેખર હું એ ભક્તોને વંદન કરું છું, નમન કરું છું કે, જેઓએ વિધવિધ તબક્કામાં એક ઝાટકે એક રૂપિયાથી માંડીને કરોડો રૂપિયાની સેવાઓ કરી છે. કોઈએ સોનાનો હાર બનાવ્યો, કોઈએ ગળાનો સુંદર હાર બનાવ્યો અને આજે શ્રી ઠાકોરજીને સોનાના વાઘા ધરાવ્યા છે, એ દર્શન કરવા જેવાં છે.

હું ખાનગી વાત જાહેરમાં કરું, ભલે થોડું મોડું થયું. અમે જ્યારે મંદિર શરૂ કર્યું ત્યારે અશ્વિનભાઈ અમેરિકા હતા. મંદિરનો પ્રૉજેક્ટ નક્કી થયો. કૉન્ટ્રાક્ટરે મોટું બજેટ આપ્યું એટલે અમારા રાજુભાઈને તેઓની ઑફિસમાં મળવા ગયો. મને પણ બજેટ બહુ મોટું લાગ્યું. ૨૫-૩૦-૩૫ કરોડનો પ્રૉજેક્ટ અનુપમ મિશન માટે મોટો પ્રૉજેક્ટ કહેવાય. રાજુભાઈને મળવા ગયો, રાજુભાઈને કહ્યું કે, 'કાગળ આવ્યો છે.' અશ્વિનભાઈ હાજર હોય તો મારે આ બધું જોવાની જરૂર ના હોય અને મારે પૈસા બાબતે કંઈ જોવાનું જ નહિ. તમે માનશો, તમને કલ્પના પણ નહિ આવે કે, મેં કોઈ દિવસ હિસાબ જોયા નથી કે, અનુપમ મિશનમાં કેટલા પૈસા આવ્યા ને કેટલા વપરાયા છે ? પણ અશ્વિનભાઈ નહોતા એટલે રાજુને મળવા ગયો કે, 'આપણે કેવું છે ?' રાજુ કહે કે, 'હા, મારી પર પણ એ કૉન્ટ્રાક્ટના કાગળની કૉપી આવી છે.' મેં કહ્યું કે, 'આજે કૉન્ટ્રાક્ટર આવવાના છે ને આપણે કૉન્ટ્રાક્ટ આપવો છે ને ફાઇનલ કરવું છે. આપણી ઍક્ઝિક્યુટિવ કમિટી અને કન્સ્ટ્રક્શન કમિટીની ટીમ સાથે તેઓની મીટિંગ થવાની છે, એટલે તને મળવા આવ્યો છું કે, શું કરીએ ?' રાજુ જવાબ આપવાને બદલે મારા ખોળામાં માથું મૂકીને ધ્રૂસકે ને ધ્રૂસકે રડી પડ્યો અને કહે, 'કેવી રીતે પહોંચી વળીશું ? કશું જ છે નહિ.' હું એકદમ અવાક થઈ ગયો. મારી આંખમાં પણ આંસુ આવી ગયાં. અને વાત પણ સાચી હતી એટલે જવાબ આપવાનો સવાલ જ નહોતો એટલે પ્રેમથી એના માથે હાથ ફેરવ્યો, છાતીએ હાથ ફેરવ્યો અને ધૂન કરી. પછી હું નીચે કમિટીની મીટિંગમાં ગયો. પણ દાદરો ઊતરતાં ઊતરતાં મને આ વિચારતાં એટલી બધી શ્રદ્ધા બેસી ગઈ કે, આ બાપાનો વહાલો સાધુ અંદરથી હાલી ગયો છે તો હવે ભગવાન હાલી જશે ને આ કાર્યમાં લક્ષ્મીનો તૂટો

> "શ્રી ઠાકોરજીની મૂર્તિઓ રમણીય છે,
> દર્શનીય મૂર્તિઓ છે,
> સતત દર્શન કરવાનું
> આપણને મન થાય
> તેવી અદ્ભુત મૂર્તિઓ છે !"

જ નહિ પડવા દે. એટલે મીટિંગમાં જઈને કંઈ પૂછ્યા વગર કૉન્ટ્રાક્ટરને કહ્યું કે, 'તમે કામ ચાલુ જ કરી દો, આપણે મંદિર કરવું છે.' કૉન્ટ્રાક્ટર પણ કહે, 'થઈ જશે.' અને તમે માનશો, આ બધા બેઠા છે દેશ-પરદેશના ખાસ કરીને અમેરિકા, ઇંગ્લૅન્ડ, ઑસ્ટ્રેલિયા, કૅનેડા ને દેશના ભક્તોએ ખરેખર પૈસા બાબતમાં કોઈ દિવસ કોઈ તકલીફ અનુપમ મિશનને-રાજુને પડી જ નથી. અને તમે જુઓ કે, રાજુ પણ આટલા મોટા પ્રૉજેક્ટમાં અત્યારે હલકોફૂલ ફરે છે. અને પાછો પ્રૉજેક્ટ તો ૫૫-૬૦ કરોડનો થઈ ગયો, વિચાર કરો તમે ! પણ ધન્ય છે, આપ સૌ ભક્તોને !

અમારા ગોવિંદને યાદ કરવો પડે. ગોવિંદે સ્વપ્નું સેવ્યું, મને કહે કે, 'સાહેબ ! એ-વન મંદિર બનાવો.' બોલ્યા એટલું જ નહિ, પણ એની પાછળ એના ભાઈ શંકરભાઈ, આશિષ, અનુપમ, હર્ષે પૈસાની તો ઢગલાબંધ સેવા કરી જ કે જેની ગણતરી કરી શકાય નહિ, પણ જાતે આવીને શ્રમયજ્ઞમાં જોડાય, ચાઇના જઈને બધી વસ્તુઓ લઈ આવે. તમે જુઓ તો, વર્ષા, હેતલ અને ભાગ્યશ્રી દેરાણી-જેઠાણી - આખા કુટુંબે મંદિર માટે શું ના થાય ! એવા ભાવથી ભક્તિ કરી.

વિજયકુમાર ને દર્શનાબહેન પણ ખરેખર પાયામાંથી મંદિરનાં કામોમાં અહીં એટલું બધું સાથે રહ્યાં, બધાં કામકાજમાં તેઓએ ફાઇનાન્સિયલી ને દેહે કરીને બધી રીતે ઘણી સેવા કરી. અને બંને દીકરાઓ રોનક અને રાકેશે પણ. વરસ પહેલાં અમારી ગાડી બગડી હતી-ગેરેજમાં હતી ને મારે જવાનું થયું. અમારા ગોવિંદભાઈ ધામમાં ગયા હતા ને શાંતિભાઈએ વાત કરી એટલે ત્યાંથી નવી ને નવી ઑડી ગાડી મોકલી અને કહે, હવે તમે રાખો. વર્ષાનો તેના જન્મદિવસે શાંતિભાઈના આશીર્વાદ લેવા ફોન આવ્યો ત્યારે કહે કે, 'આ ગાડી અમારે પાછી નથી લેવાની, ત્યાં રાખજો.' ગાડી તો ઑલરેડી હતી, પણ હું ફરતો હતો તે ગાડી કોઈ કામ માટે આ લોકોએ ગૅરેજમાં મોકલી હતી. વિજયકુમારને તેની ખબર પડી એટલે પાંચ-સાત જાતની મર્સિડિઝ, પાંચ-સાત જાતની લૅન્ડ રોવર ગાડીઓ મને બતાવી. મેં કહ્યું, 'જુઓ, આ મંદિરનો પ્રૉજેક્ટ પૂરો ના થાય ત્યાં સુધી કોઈ ગાડી કે કોઈ વસ્તુ મારા માટે નવી લેવી નથી. એટલે તમે મને માફ કરો.' તો આજે મંદિર પૂરું થયું, આજે પ્રતિષ્ઠા થઈને નવી વોલ્વો ગાડીની ચાવી પ્રતિષ્ઠિત મૂર્તિઓના ચરણારવિંદમાં ભેટ ધરી દીધી. ધન્ય છે આવા ભક્તોને, મસ્તક નમી જાય ! સોનાના વાઘામાં પણ દોઢ કિલો સોનું વપરાયું છે, તમે જોજો, તેમણે પૂર્વા પાસે તે કરાવડાવ્યા. સતીશભાઈએ સુંદર હાર બનાવીને ઠાકોરજીને ધરાવ્યો.



"આ મંદિરની સેવામાં નાનાં ટાબોરિયાંથી માંડીને
મોટાં સુધીનાં બધાં જોડાયાં ને
સર્વની ભાવ-ભક્તિમાંથી તૈયાર થયેલું
આ મંદિર છે. એટલે
ખરેખર સૌને થાય કે, આ આપણું મંદિર છે !
એટલે જ મૂર્તિઓ કિલકિલાટ
આપણી પર આશીર્વાદ વરસાવી રહી છે."

અમારા ત્રંબકભાઈ અને પઢિયાર બ્રધર્સ લો, કે જેમનાં જેમનાં સન્માન કર્યાં તે એકે એક લો. ડૉ. જિતુભાઈ અને બિમલ શેઠ ઍલનટાઉન પણ એટલી સેવા કરે છે અને ભારતનો કોઈ પણ પ્રૉજેક્ટ એવો નથી કે, એમની સેવા વગર પ્રૉજેક્ટ પૂરો થયો હોય. કોઈ પણ પ્રકારની ગણતરી વગર ને માન વગર છૂટ્ટા હાથે પૈસા આપે છે. આ તો બધા ના પાડે છે કે, અમારું નામ ના દેવું, અમારાં માન-સન્માન ના કરવાં. પણ સ્વામિનારાયણ ભગવાન અને યોગીજી મહારાજ અમારી ઉપર રાજી ના થાય જો જેણે જે કર્યું છે તેના માટે માન-સન્માન ના કરીએ તો ! પ્રભુ તરફની અમારી ભક્તિ અદા કરવા કરીએ છીએ હોં ! જિતુભાઈ ને બિમલ શેઠે વેમાર મંદિર માટે એટલી સેવા કરી, અમદાવાદ મંદિર માટે એટલી સેવા કરી, ઍલનટાઉન મંદિર માટે એટલી સેવા કરી અને આ મંદિરમાં પણ એમણે ખૂબ સેવાઓ કરી

છે. એટલું જ નહિ, પણ સંતોને સાથે રાખીને ડૉ. વિષ્ણુભાઈ, ડૉ. વીરેન્દ્રભાઈ સાથે મળીને ડૉ. જિતુભાઈ આખા અમેરિકા-કૅનેડાના આપણા ભક્તોને ભક્તિમાં અદ્‌ભુત સાથ આપી રખેવાળી કરે છે. એક એક ભક્તને જોઈએ તો મસ્તક નમી જાય. અને આવા એક એક ભક્તોનાં જો વર્ણન કરું તો સાંજ પડી જાય; પણ એવું તો આપણે કરવું નથી, વધારે તપશ્ચર્યા કરવી નથી. ખરેખર, બધા જ ભક્તોએ-નાનાથી માંડી મોટાએ સેવા કરી છે.

આ મંદિર માટે દેહે કરીને સેવા કરવા દર રવિવારે ત્રણસો જેટલાં યુવાન-યુવતીઓ જુદા જુદા પ્રદેશોમાંથી આવીને શ્રમયજ્ઞ કરતાં. દીકરીઓએ પસ્તી ને બધો કાટમાળ ભેગો કર્યો. જેમણે પસ્તી આપીને પાંચ-પચ્ચીસ રૂપિયાની સેવા કરી છે, કે અમારી દીકરીઓ ગઈ ત્યારે પાંચ-પચાસ-સો-બસો રૂપિયા આપ્યા છે. તમને આશ્ચર્ય લાગશે કે, છોકરાઓએ ઘરેઘરે ફરીને ચાર હજાર બચતકુંભમાંથી સાઠ લાખ રૂપિયા ભેગા કર્યા અને છોકરીઓએ પસ્તી-લોખંડના ભંગારમાંથી ચાલીસ-પચાસ લાખ ભેગા કર્યા, તમે વિચાર કરો ! નાનાં નાનાં ટાબોરિયાં પણ બધાં મંડી પડ્યાં. એટલે આ મંદિરની સેવામાં નાનાં ટાબોરિયાંથી માંડીને મોટાં સુધીનાં બધાં જોડાયાં ને સર્વની ભાવ-ભક્તિમાંથી તૈયાર થયેલું આ મંદિર છે. એટલે ખરેખર સૌને થાય કે, આ આપણું મંદિર છે ! એટલે જ મૂર્તિઓ કિલકિલાટ આપણી પર આશીર્વાદ વરસાવી રહી છે.

જેમણે જેમણે દેહે કરીને, ધને કરીને, મને કરીને, આત્માએ કરીને સેવાઓ કરી છે, તો આજે પ્રભુને પ્રાર્થના કરીએ કે, હે પ્રભુ ! તેમને અનંતગણું આપજો. પણ સાથે સાથે હરિપ્રસાદ સ્વામીએ કહ્યું તેમ, દાસત્વભાવ ને ભક્તિ પણ ખૂબ આપજો. અને આખા કુટુંબમાં એક સંવાદિતા ઊભી થાય, સંપ-સુહૃદભાવ-એક્તા ને હળીમળીને કાર્ય કરી અક્ષરધામનાં સુખે સૌ સુખી બની રહે તે બધાં માટે પ્રાર્થનાઓ છે !

આજે મૂર્તિપ્રતિષ્ઠાનો વિશેષ પ્રસંગ થયો. ગઈકાલે ખૂબ સુંદર રેલી નીકળી. શરૂઆતમાં જે પ્રૉસેશન કાઢ્યું તે હરિપ્રસાદ સ્વામી પધારવાના હતા એટલે તે રીતે તૈયારી કરી હતી અને છોકરાઓએ આખા રોડ પર ખૂબ સરસ કાર્યક્રમ આપ્યો. તે પછી દીકરીઓએ બધાંની આંખમાં આંસુ આવી જાય એવો સરસ નવધાભક્તિ પર સાંસ્કૃતિક કાર્યક્રમ આપણને આપ્યો. ગઈ કાલે અમારા યજ્ઞેશ-પરેશ-શ્રેયસની આગેવાની નીચે વલ્લભવિદ્યાનગરથી જે રેલી નીકળી, તેમાં દસ હજાર બહેનો-ભાઈઓ જોડાયાં અને ખૂબ સુંદર રેલી હતી, તેમાં ફ્લોટ પણ સરસ હતા.

૧૯૬૪માં યુનિવર્સિટી હૉસ્ટેલની ૧૪ નંબરની રૂમમાં મંદિર કરવાની યોગીજી મહારાજે આજ્ઞા આપી. યોગીબાપા એવા દિવ્ય પુરુષ હતા કે, આ જે કંઈ બધું છે, અત્યારે જે બધું થઈ રહ્યું છે તે અમારા પક્ષે જોવા જઈએ તો અમે કાંઈ કર્યું નથી. બહુ સાચું નિષ્કપટભાવે કહું તો આ અક્ષરધામની સભા છે ! યાદ રાખો, બધા કહે છે કે, ગુરુદેવ યોગીજી મહારાજની એકેએક આજ્ઞા સાહેબે પાળી. ના એવું નથી હોં, નિષ્કપટભાવે કહું છું. તમને અત્યારે જે મહિમા છે, જે ભક્તિથી તમે આજ્ઞાઓ પાળો છો, તમે અત્યારે જે અહોહોભાવે સમર્પણભાવથી સેવાઓ કરો છો તે અમે નથી કરી. છતાં આટલું બધું અમને આપ્યું, તો તમે તો કરો છો તો તમને તો નવડાવી દેશે એટલું બધું ભગવાન આપવાના છે, યાદ રાખો !

અમે યોગીબાપાના હેત ને પ્રેમથી ખેંચાયા ને એમાં સિંચન કર્યું હરિપ્રસાદ સ્વામીજીએ-પ્રભુદાસ તરીકે, જતન કર્યું કાકાજી ને



"જેમણે જેમણે દેહે કરીને, ધને કરીને, મને કરીને, આત્માએ કરીને સેવાઓ કરી છે, તો આજે પ્રભુને પ્રાર્થના કરીએ કે, હે પ્રભુ ! તેમને અનંતગણું આપજો. દાસત્વભાવ ને ભક્તિ પણ ખૂબ આપજો. અને આખા કુટુંબમાં એક સંવાદિતા ઊભી થાય, સંપ-સુહૃદભાવ-એક્તા ને હળીમળીને કાર્ય કરી અક્ષરધામનાં સુખે સૌ સુખી બની રહે!"

પપ્પાજીએ, અને એમાં સાથ મળ્યો તમે સૌ ભક્તોનો તો આ બધું કામ થયું, બાકી થાય એવું નથી; યાદ રાખો ! અમારી તો કૅપેસિટી એવી છે જ નહિ, સાચું પૂછો તો. અને સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી એવા ગુરુઓ મળ્યા અને આપ સર્વ ભક્તોનો સાથ સાંપડ્યો એટલે આ બધું થયું છે, થઈ રહ્યું છે.

એટલે ૧૪ નંબરની રૂમમાં બાપા કહે, મંદિર શરૂ કરો. અને ખરેખર, મેં તો અશ્વિનભાઈ, શાંતિભાઈ, રતિભાઈ, સનંદભાઈ, પૂનમભાઈ, હર્ષદ, વી.એસ. - આ બધા મિત્રોને રાત્રે આવીને કહ્યું કે, આવી બાપાની ઇચ્છા છે. તમે વિચાર કરો, યોગીજી મહારાજની આજ્ઞા હતી તો આ યુવકોએ બહુ લાંબો-પહોળો વિચાર કર્યા વગર ફટ દઈને રાતોરાત મંદિર બનાવી જ દીધું. બીજા દિવસે મૂર્તિપ્રતિષ્ઠા રાખી દીધી. અમારે કોઈ આમંત્રણ કાર્ડ કે કશું છપાવવાનું નહોતું. અમે દશ વાગ્યાનો ટાઇમ નક્કી કર્યો હતો. અને તમે માનશો, અમને કલ્પના પણ નહિ ને પોણા દશ વાગ્યે પ્રમુખ સ્વામી આવ્યા ને પ્રતિષ્ઠાની આરતી પ્રમુખ સ્વામીએ કરી. તેઓ કહે કે, 'હું મળવા આવ્યો છું તમને બધાને.' એમને બાપાએ જ મોકલ્યા કહેવાયને ! એ ૧૪ નંબરથી યાત્રા શરૂ થઈ. બાપાએ સવાર-સાંજ આરતી કરો, 'વચનામૃત', 'સ્વામીની વાતો' વાંચો, નિયમ-ચેષ્ટા કરીને સૂઈ જવાનું એવી આજ્ઞાઓ કરી. હાંહાંગડથલ રૂપે એ આજ્ઞાઓ એમના પ્રેમને લીધે પળાઈ, તો કાકાજીનો યોગ આપ્યો. કાકાજીના સાંનિધ્યમાં બાપાના થઈને જીવન જીવવાનો સંકલ્પ થયો અને બાપા રાજી થયા. કાકાજીની આજ્ઞાથી પપ્પાજીના સાંનિધ્યમાં રહેવાનું થયું અને પપ્પાજીની આજ્ઞાથી બ્રહ્મજ્યોતિ આવ્યા. અને અત્યારે આપ સૌના સાથ-સહકારથી આ થઈ શક્યું છે. આ કાર્યમાં ખરેખર સંતો, સંત બહેનો, સર્વ ગૃહસ્થ ભાઈઓ-બહેનોનો અદ્‌ભુત સાથ સાંપડ્યો છે; એ અમારા માટે ખરેખર બહુ ભાગ્યની વાત છે !



> "ગુણાતીત સત્પુરુષને ઓળખો, એમાં ભજન-પ્રાર્થનાથી જોડાવ, હેતથી જોડાવ, સત્કર્મ કરીને જોડાવ. પછી જો બે હાથ જોડીને એમની આજ્ઞા પાળશો અને નિર્દોષભાવ યુક્ત ભક્તોની જો સેવા કરશો તો તમે દેહે કરીને હસતા-રમતા, ખેલતા-કૂદતા અક્ષરધામનાં સુખ, શાંતિ ને આનંદ ભોગવતા થશો."

આજે મનોજભાઈની આગેવાની નીચે ૨૭ વ્રતધારી સંતો અને ૪ દિલ્હીના વ્રતધારી સંતો જોડાયા. એમાંય મનોજભાઈ જોડાયા એટલે બધાને મોટું આશ્ચર્ય લાગ્યું હશે. મનોજભાઈને બહુ નાનપણથી હું જોઉં છું કે, એ દીકરો પહેલેથી જ સાધુ છોકરો છે. શાંતિભાઈ સાથે તેમને અસાધારણ હેત. એમનાં બાને જ્યોતમાં હંસાદીદી સાથે હેત. એ રીતે અહીં આવ્યાં. પણ નાના હતા, ભણતા હતા ત્યારે શાંતિભાઈએ એમનું ખૂબ જતન કર્યું. એમનું લગ્ન પણ શાંતિભાઈએ જ કરાવડાવ્યું અને સાધુ પણ શાંતિભાઈ જ બનાવે છે, કેવી વાત કહેવાય તમે વિચાર કરો ! પૃથા કહે, 'તેને સાધુ બનાવો, અમે તો સંસારી જીવન ભોગવતાં જ નથી. એટલે તે સાધુ જ છે, જોડે રહે છે તોય.' અને UPSC એટલે બહુ મોટી પૉઝિશન પર તેઓ છે, પણ સ્વામીજી કહે છે તેમ, દાસના દાસ થઈને મનોજભાઈ વર્તે છે. તેમણે આજે વ્રત લીધું, ખરેખર મસ્તક નમી જાય. એમની સાથે અમારા યુવાનોએ વ્રત લીધાં. કોઈ ડૉક્ટરનું ભણે છે, કોઈ એન્જિનિયરનું ભણે છે, ફાર્માસિસ્ટ છે. એક તો સંગીત વિશારદ છે -તુષાર - અમે સંગીત ઍકેડમી શરૂ કરી છે એના ડાયરેક્ટર છે. એક એક ટૅલેન્ટેડ યુવાનો જ્યારે આજે દીક્ષા લઈને પ્રભુના કાર્યમાં જોડાય છે એનો હૈયામાં ખૂબ આનંદ છે અને આપ સૌ આવ્યાં છો, ખરેખર ખૂબ આનંદ થયો !

ચાર દિવસથી વિધવિધ પ્રકારની તપશ્ચર્યા તમે કરી રહ્યાં છો, ખાવાનો, સૂવાનો, ફરવાનો પણ ટાઇમ નહિ. પરદેશવાળા મારા વહાલા

અક્ષરમુક્તો તો ટાઇમ પર ચાલતા હોય. ઘડિયાળના કાંટે એમનું જીવન હોય. જ્યારે અહીં તો ઘડિયાળનો કાંટો ગમે તેટલો ફરે પણ અમારે તો અમારી રીતે જ ચાલતું હોય. એમાં તમે બધાય ઍડજસ્ટ થઈ ગયા, ખૂબ આનંદ થયો. અને તપશ્ચર્યા ફળી તો આપણને સ્વામીજીના આશીર્વાદ મળ્યા.

એક પ્રસંગ કહીને પૂરું કરું કે, અમે કેવા હતા ! અમે આ દુનિયાદારીના યુવાનો જ હતા. ભણીશું, પરદેશ જઈશું, કમાઈશું અને બસ જીવન સુખમય બનાવીશું. સુખ-સમૃદ્ધિના જે બધા ભોગવિલાસો છે તેમાં જ રાચતા હતા. એવું માનીને નીકળ્યા મુસાફરીએ કે, આપણે આવું જ જીવવું છે - ભણવું છે, અમેરિકા જવું છે અને બસ જીવનનો બધી જ રીતનો આનંદ કરવો છે. એટલે બેઠા ટ્રેઇનમાં. ઝોકું આવ્યું સૂતા ને જ્યારે આંખ ખોલીને જોયું તો મુંબઈના બદલે ખંભાત પહોંચ્યા. કારણ કે, ટ્રેઇનમાં અંદર બેઠેલા માણસને આખી ટ્રેઇન ૯૦ ડિગ્રી એન્ગલે ટર્ન થઈ જાય તોય જર્ક પણ ના આવે, ખબર પણ ના પડે એટલે એને ખ્યાલ ના આવે કે ટ્રેઇન ક્યાં જાય છે ? એટલું સ્મૂધ ટર્ન થાય તો ખબર ના પડે ને આખી દિશા બદલાઈ જાય. આમ તો આખી ટ્રેઇનના બધા માણસો ભેગા થાય તોય આટલી મોટી ટ્રેઇન વળે નહિ, પણ એક કૅબિનવાળો જે માણસ હોય તેણે આમ આંચકો માર્યો ને પાટો આમ બદલાયો એટલે આખી ટ્રેઇન એક જ ઝાટકે ટર્ન થઈ ગઈ.

એમ અમે તો બેઠા હતા પણ બદલી કોણે દીધા ? યોગીજી મહારાજના અસાધારણ પ્રેમથી અમે જતા હતા તેમાંથી સીધા અત્યારે માળા ફેરવતા થઈ ગયા. ખબર પણ નથી પડી કે, ક્યા વખતે અમે ક્યાં આવી ગયા ? પણ જ્યાં આવ્યા ત્યાં સુખમાં આવ્યા છીએ એટલું ચોક્કસ છે. એવું બાપાએ અમારા માટે કરી દીધું. ખરેખર એક યોગીજી મહારાજની-ગુરુની કૃપા છે !

અક્ષરપુરુષોત્તમનો સનાતન સિદ્ધાંત શાસ્ત્રીજી મહારાજે જે પ્રવર્તાવ્યો છે તે યાદ રાખીએ. બહુ બધાં તપશ્ચર્યા કરે છે, બહુ બધાં ધર્મની, નિયમની બધી વાતો કરે છે; કરવું જોઈએ એની ના નથી કહેતો, પણ મૂળ વસ્તુ જો ચુકાઈ જાય તો કશું કામનું નથી. જે શાસ્ત્રીજી મહારાજ આપીને ગયા કે, પ્રગટ ભગવાન, પ્રગટ સાધુ જોઈશે, જોઈશે ને જોઈશે. અક્ષરપુરુષોત્તમનો સનાતન સિદ્ધાંત - ભગવાન સદાય સાકાર છે, આપણા જીવનમાં કર્તા-હર્તા છે, અને જે કંઈ થયું છે, જે કંઈ થઈ રહ્યું છે ને જે કંઈ થવાનું છે, એના કરનાર એ જ છે. પણ એ ક્યાં છે ? તો એવા ગુણાતીત સાધુ દ્વારા પ્રગટ મળે અને એમને વિશે આત્મબુદ્ધિ ને પ્રીતિ થાય, અને એમની આજ્ઞા પાળીએ તો જ છતીદેહે અક્ષરધામનાં સુખ, શાંતિ ને આનંદ ભોગવવાં મળે. એ વસ્તુ, ગમે તેવા તમે ફાંકાબાજ હોય, ગમે તેવા નિયમ-ધર્મનો ફાંકો હોય, પણ એને ઝાડા-ઊલટી થઈ ગયાં હોય તો એ શું કરે ? એ બીમાર પડી ગયા હોય તો શું કરે ? તમે ગમે તેવી પરિસ્થિતિમાં નિયમ-ધર્મ તો ભગવાનની કૃપાથી પળાય છે, નથી પળાતા એમ નહીં, પણ ભગવાન ચુકાઈ ગયા તો બધું નકામું. ભગવાન રહેશે તો ભગવાન આપણને સરખા રાખશે, યાદ રાખો ! સત્પુરુષ જોઈશે આપણા જીવનમાં.


અમને બધાને યોગીબાપા મળી ગયા. યોગીબાપા મળી ગયા એટલે એમણે અમને ખેંચ્યા, એમના હેતમાં લીધા, અને અમને પોતાને ખબર ના પડી ને અમારું આખું જીવન બદલી નાખ્યું. એ અક્ષરપુરુષોત્તમનો સિદ્ધાંત છે. કેવળ ગુણાતીત સત્પુરુષને



> “અક્ષરપુરુષોત્તમનો સનાતન સિદ્ધાંત - ભગવાન સદાય સાકાર છે, આપણા જીવનમાં કર્તા-હર્તા છે, અને જે કંઈ થયું છે, જે કંઈ થઈ રહ્યું છે ને જે કંઈ થવાનું છે, એના કરનાર એ જ છે. એ એવા ગુણાતીત સાધુ દ્વારા પ્રગટ મળે અને એમને વિશે આત્મબુદ્ધિ ને પ્રીતિ થાય, એમની આજ્ઞા પાળીએ તો છતીદેહે અક્ષરધામનાં સુખ, શાંતિ ને આનંદ ભોગવવા મળે.”

ઓળખો, એમનામાં ભજન-પ્રાર્થનાથી જોડાવ, હેતથી જોડાવ, સત્કર્મ કરીને જોડાવ, એમના કાર્યમાં સાથ-સહકાર આપો તો એમની પ્રસન્નતા પ્રાપ્ત થાય ને જોડાવ; કોઈ પણ રીતે એમની સાથે જોડાવ અને પછી જો બે હાથ જોડીને એમની આજ્ઞા પાળશો અને નિર્દોષભાવ યુક્ત ભક્તોની જો સેવા કરશો તો તમે દેહે કરીને હસતા-રમતા, ખેલતા-કૂદતા અક્ષરધામનાં સુખ, શાંતિ ને આનંદ ભોગવતાં થશો.

અને એવા સેવાયજ્ઞ આ મંદિર નિમિત્તે અશ્વિનભાઈ, શાંતિભાઈ, રતિભાઈ, દિલીપભાઈ અને અમારા સંતોનાં વચને તમે બધાંએ કર્યાં. ખરેખર આ કૅમ્પસમાં તમે જુઓ, આ રસોડા વિભાગની સેવા અમારા સુરત મંડળે સંભાળી. આખા કૅમ્પસની સ્વચ્છતાની સેવા અંકલેશ્વર મંડળે સંભાળી. પીરસવાની સેવા અમારા ચરોતર પ્રદેશના મંડળે કરી. સભાવ્યવસ્થા અમદાવાદ મંડળે સંભાળી. સાબરકાંઠા, સૌરાષ્ટ્ર અને એક એક મંડળના ઇવન પરદેશના છોકરાઓને તમે જુઓ, પરદેશથી મહિનો, બે-બે મહિનાની રજાઓ લઈને બધા મુક્તો આવ્યા છે. હું એમને કહું કે, 'તમે વહેલા આવ્યા છો તો તમારે જાત્રા કરવા જવું છે ? છપૈયા જવું છે ? દિલ્હી જવું છે ? ધારી, સારંગપુર, ગઢડા, ગોંડલ, માણાવદર, જૂનાગઢ, ભૂજ આ તીર્થસ્થાનોમાં જવું છે ?' ત્યારે કહે, 'ના. અમારે તીર્થનું તીર્થ આ મંદિરની સેવા એ જ છે. અમારે બ્રહ્મજ્યોતિના દરવાજાની બહાર જવું નથી.' એમની સમજણ, એમની નિષ્ઠા, એમની ભક્તિથી ખુશ થઈ ગયો. તેઓ કેટલા કેટલા કલાક કામ કરે છે ! રસોડામાં, ડેકોરેશનમાં, કાર્ડ બનાવવામાં તમે જુઓ તો. હું જોઉં છું કે, આપણા દેશનાં બહેનો-ભાઈઓ સાથે પરદેશનાં એક એક બહેન, એક એક ભાઈ, એક એક યુવાન એટલી બધી અદ્‌ભુત સેવા કરે છે ! પીરસવાની સેવામાં ઘણા યુવાનો લાગી ગયા છે. ગઈ કાલે દસ-પંદર હજાર માણસ જમ્યું, આજે પણ એટલું જમતું હશે. મોગરી ગામનાં સાત-આઠ હજાર માણસ જમવા આવે છે. આપણે એમને બે દિવસ જમવાનું આમંત્રણ આપ્યું છે. તેનાં કેટલાં બધાં વાસણ થાય! કોઈ દિવસ એવી સેવા કરી નથી, પણ તમે જુઓ તો હસતાં હસતાં વાસણ અજવાળવાનાં. આ મહિમા વગર થતું નથી. આવી સેવાથી ભગવાન રાજી થાય. અને ભગવાન રાજી થાય એટલે શું આપે ? એવા સાધુ સાથે આત્મબુદ્ધિ ને પ્રીતિ થાય, અને એવા સાધુ રાજી થાય એવું જીવનનું વર્તન બની રહે; એટલે આપોઆપ સરસ જીવન બની રહે. એ આખી શાસ્ત્રીજી મહારાજે અક્ષરપુરુષોત્તમની શુદ્ધ ઉપાસના પ્રવર્તાવી છે તે સામાન્ય વાત નથી. આપણને સૌને અક્ષરરૂપ થઈને પરબ્રહ્મની સેવાનો અધિકાર પ્રાપ્ત કરવા માટેની ઉપાસના છે, અને એ ઉપાસનાના માર્ગે આપણે ચાલ્યા. અમારા મનોજભાઈ એ ઉપાસનાનું ખરેખર અદ્‌ભુત પારાયણ કરે છે.



> "આવી સેવાથી ભગવાન રાજી થાય.
> અને ભગવાન રાજી થાય એટલે શું આપે ?
> એવા સાધુ સાથે આત્મબુદ્ધિ ને પ્રીતિ થાય,
> અને એવા સાધુ રાજી થાય એવું
> જીવનનું વર્તન બની રહે;
> એટલે આપોઆપ સરસ જીવન બની રહે."

ગઈકાલે શ્રી વર્તને વાત કરી. UNOની જિનીવાની પરિષદમાં અનુપમ મિશનની વાત કરીને એમણે શાંતિ માટેની વાત કરી. અને સ્વામિનારાયણ મંત્રને ગાજતો કરવા સ્વામિનારાયણ સિમ્ફની બનાવી ૧૮૦ દેશમાં મોકલવાના છે. ખરેખર આવા અક્ષરમુક્તોને જોઈ આપણું મસ્તક નમી જાય. આપણને આવા ભક્તો સાથે રહીને કામ કરવાની તક મળી છે.

ગુરુજીને ખરેખર હું સ્પેશ્યલ પ્રણામ કરું છું કે, ગુરુજી આપની તબિયત સારી નથી છતાં આપ ૧૦૦ જેટલાં સંતો-ભક્તો, સંત બહેનોને લઈને પધાર્યા. સંત બહેનોને તમે જુઓ તો કાલે રેલીમાં,

પછી અહીં ગરબા ગાવામાં કોઈ પણ પ્રકારનો છોછ રાખ્યા વગર, જે બધાંની સાથે હળીમળીને ભક્તિ કરતાં જોયાં તો બધાંને એમના માટે પ્રેમ વધી ગયો. આ ખરેખરી સાધુતાનું એમણે આપણને દર્શન કરાવ્યું. રેલીમાં પણ બહેનોને એટલો બધો ઉત્સાહ-ઉમંગ વધાર્યો, ગરબામાં બહેનોનો ઉત્સાહ-ઉમંગ વધાર્યો. અને બીજા ભક્તો પણ સેવામાં લાગ્યા છે.

બધા સંતો પધાર્યા. અમારા નિર્મળ સ્વામી, દિનકરભાઈ, ભરતભાઈ આવ્યા, હરિપ્રસાદ સ્વામીજીની નાદુરસ્ત તબિયત હતી તો પણ આપણને સ્પેશ્યલ આશીર્વાદ આપવા પધાર્યા, એ એમની આપણા ઉપર કૃપા કહેવાય ! આપણા ઘણા પ્રૉજેક્ટ થાય તો પહેલાં હું કહું, 'મૂર્તિઓ કઈ પધરાવવી? શું કરવું ? એ તમે નક્કી કરો, પણ ફાઇનલ તો હરિપ્રસાદ સ્વામીને એક એક વસ્તુ પૂછીને, બતાવીને પછી કરીશું.' હરિપ્રસાદ સ્વામીએ સૅન્ક્શન કર્યું. અક્ષરવિહારી સ્વામીને બતાવ્યું. અહીં જે મૂર્તિઓ પધરાવી છે, એ સ્વામીજીની આજ્ઞા લઈને પછી પધરાવી છે.

તો એવું સુંદર મંદિર આપણા સૌ માટે તૈયાર કરવા માટે જેમણે જેમણે સાથ-સહકાર આપ્યો છે, જેમણે જેમણે પોતાની આવડત-હોશિયારી વાપરી છે, તે અમારી આખી ટીમને ખરેખર ખૂબ ખૂબ ખૂબ ધન્યવાદ ને અભિનંદન ! આખા કાર્યક્રમને સફળ બનાવવામાં જે સ્વયંસેવકો, જે કાર્યકર્તાઓ, જે ભાઈઓ-બહેનોએ સાથ-સહકાર આપ્યો છે એમને પણ ખૂબ ખૂબ ધન્યવાદ ! અભિનંદન !

આ પ્રસંગને અદ્‌ભુત બનાવવા માટે સૌ દેશ-પરદેશથી સમય કાઢીને, પૈસા ખર્ચીને અહીં પધાર્યાં છો એ સૌને અભિનંદન ! અને સાથે સાથે આ આટલા મોટા પ્રૉજેક્ટને દોઢ વરસમાં પૂરો કરવામાં ધનની રીતે, મનની રીતે સેવા કરનાર અને સોનું બહેનોએ બહુ આપ્યું, તમે જુઓ તો સોનાથી ધરવી દીધા ઠાકોરજીને ! એ સર્વ બહેનોનો અને ધનરાશિ આપનાર સર્વ દાનેશ્વરી ભાઈઓ-બહેનો-એકાંતિક મુક્તોનો ખરેખર જેટલો આભાર માનું, ધન્યવાદ કહું, જેટલાં અભિનંદન આપું એટલાં ઓછાં છે ! આજે અમારો કાનો, કનુ, મહેશ-આ ત્રણેયે આટલા બધા ભક્તોને પ્રસાદ આપીને બહુ મોટી સેવા કરી છે. ત્રણેયને અભિનંદન ! ખાસ, યોગેન્દ્રભાઈએ અમારા પરદેશના મહેમાનોને રહેવાની સુંદર વ્યવસ્થા માટે 'નિજાનંદ રિસૉર્ટ' આખું સોંપી દીધું છે ને સામે ૧૦-૧૫ બંગલાઓ પણ એ માટે એમણે તૈયાર કરાવ્યા; તે માટે ખરેખર એમને હૃદયના ભાવથી ખૂબ ખૂબ અભિનંદન ! ધન્યવાદ ! આભાર !



આપ સૌને સમૈયા-ઉત્સવમાં તમારી રાખ-રખાવટ કરવામાં, તમારા ઉતારામાં આઘું-પાછું થયું હોય, પાર્કિંગમાં તમે જુઓ તો એટલી બધી ગાડીઓ આવી હતી, પાર્કિંગવાળા યુવાનોને, ઑફિસવાળા કાર્યકર્તાઓને ખબર ના હોય કે કોણ ક્યાંથી આવે છે ? શું કરે છે ? તેથી કોઈ સારી રીતે બોલ્યા-ના બોલ્યા, વર્ત્યા-ના વર્ત્યા, આપણું સચવાયું-ના સચવાયું હોય તો એ બધાને એ માટે ઉદાર દિલે, હસતા મોંઢે માફ કરશો. અહીંથી જે સારું છે એ લઈને જજો ને બધે વહેંચજો. આપ હસતા-રમતા આવ્યા છો, તો હસતા-રમતા સાથે ખૂબ મહિમા લઈને ઘરે જઈ અને સર્વને મહિમા વહેંચજો; એવી આપણે ભક્તિ અદા કરી શકીએ એ માટે પ્રભુ સર્વને બળ, બુદ્ધિ, પ્રેરણા ને જાગ્રતતા અર્પે એવી ગુરુચરણે-પ્રભુચરણે સૌ વતીથી પ્રાર્થનાઓ છે ! રાજી રહેશો !

સૌને જય શ્રી સ્વામિનારાયણ ! ◆

> "એવું સુંદર મંદિર આપણા સૌ માટે તૈયાર કરવા માટે જેમણે જેમણે સાથ-સહકાર આપ્યો છે, પોતાની આવડત-હોશિયારી વાપરી છે, તે આખી ટીમને ખરેખર ખૂબ ખૂબ ખૂબ ધન્યવાદ ને અભિનંદન ! આખા કાર્યક્રમને સફળ બનાવવામાં જે સ્વયંસેવકો, જે ભાઈઓ-બહેનોએ સાથ-સહકાર આપ્યો છે એમને પણ ખૂબ ખૂબ ધન્યવાદ ! અભિનંદન !"

# સેવા-સ્મૃતિ મંદિર મુક્તાર્પણ

'આ બચતકુંભમાં જે કોઈ એક રૂપિયો પણ આપશે તેનાં ભગવાન કલ્યાણ કરશે.'
~ સંતભગવંત સાહેબજી





નૂતન મંદિર નિર્માણકાર્ય અર્થે સંતભગવંત સાહેબજીની પ્રેરણા અને આશીર્વાદથી 'બચતકુંભ' સેવાયજ્ઞના લગભગ એક વર્ષ પૂર્વે આરંભ થયા. દેશ-પરદેશમાં વસતા અક્ષરમુક્તો તેમજ અસંખ્ય મુમુક્ષુઓએ, વિશેષ તો ઊછરતી બાળ-યુવાપેઢીએ મોજ-શોખ છોડી કરકસરરૂપ આર્થિક સેવા બચતકુંભના માધ્યમથી એકત્ર કરી નૂતન મંદિર નિર્માણકાર્ય માટે સાહેબદાદાના શ્રીચરણોમાં અર્પણ કરી. એકત્ર થયેલ બચતકુંભમાંથી કલાત્મક મંદિર તૈયાર કરી ભક્તોનાં સમર્પણની દિવ્યસ્મૃતિ યુવાનોએ મહોત્સવ પરિસરમાં 'સેવાસ્મૃતિ મંદિર' સ્વરૂપે પ્રસ્તુત કરી, જેનાં મુક્તાર્પણ ૫ જાન્યુઆરી, ૨૦૨૦ના રોજ સદ્‌ગુરુ સંતો પૂ. અશ્વિનદાદા, પૂ. રતિકાકાએ કર્યાં. સાહેબદાદાએ આ સેવાયજ્ઞમાં સમર્પણ કરનાર, મુમુક્ષુઓને કલ્યાણના ભાગીદાર બનાવનાર પ્રત્યેક સેવક ભક્તોની સેવાને બિરદાવી અલૌકિક આશીર્વાદ પ્રદાન કર્યા. ◆

નૂતન મંદિરજીના બંને મજલાના મુખ્ય ગર્ભગૃહમાં બિરાજમાન થનાર વીસ મૂર્તિઓનાં પીઠિકાસ્થાનનાં પૂજન સંતભગવંત સાહેબજી, સદ્‌ગુરુ સંતો અને અનુપમ મિશનના વ્રતધારી સંતોએ ૬ જાન્યુઆરી, ૨૦૨૦ના રોજ શાસ્ત્રોક્ત રીતે કરી શ્રી પ્રભુજીને બિરાજવા નમ્ર પ્રાર્થના ધરી. સંતભગવંત સાહેબજી સહિત સદ્‌ગુરુ સંતો દ્વારા લિખિત મંત્રપોથીઓ, ૪૫૦થી વધુ પ્રાસાદિક સ્થાનોની રજ, માનસરોવરનાં પવિત્ર જળ, નવરત્ન, પંચધાતુ, દર્ભશલાકા, શ્રી સ્વામિનારાયણ યંત્ર, પુષ્પો આદિ સામગ્રીઓ સંતોએ પીઠિકાસ્થાનમાં પધરાવી. શાશ્વતકાળ સુધી આ પ્રસાદીની સામગ્રીઓ પીઠિકાસ્થાનમાં રહેશે ને દિવ્ય આધ્યાત્મિક ઊર્જાના સંચાર કરશે. ◆















# શ્રી પીઠિકા પૂજન

# મંદિર મહોત્સવમાં સંતવર્યોની દિવ્ય ઉપસ્થિતિ





પૂજ્ય નિર્મળ સ્વામીજી (સમઢિયાળા)



પૂજ્ય દિનકરભાઈ (શિકાગો)



પૂજ્ય નિષ્કામજીવન સ્વામીજી (સાંકરદા)



પૂજ્ય પ્રેમસ્વરૂપ સ્વામીજી (સોખડા)



પૂજ્ય શાસ્ત્રી સ્વામીજી (સોખડા)



પૂજ્ય ભરતભાઈ (પવઈ)

શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ મૂર્તિપ્રતિષ્ઠા મંદિર મહોત્સવ દરમિયાન પ્રભુના ધારક સંતવર્યોએ પધારી, આશીર્વાદ પાઠવી સૌને ધન્ય કર્યાં. સંતભગવંત સાહેબજીની પ્રેરણાથી આ સંતવર્યોનાં સન્માન–સત્કાર કરી તેઓ પ્રતિની ભક્તિ અદા કરવાનો ધન્યભાવ અનુપમ મિશનના સંતોએ ધર્યો. વળી, ભગવાન શ્રી સ્વામિનારાયણ દ્વારા નિર્મિત મંદિરો, બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ દ્વારા નિર્મિત મંદિરો, ગુણાતીત સમાજનાં મંદિરો, વિવિધ સ્વામિનારાયણ મંદિરો તથા પ્રભુના શુભ સંદેશાના વાહક ગુજરાત અને ભારતનાં અન્ય આધ્યાત્મિક સંસ્થાનોમાં બિરાજમાન શ્રી ઠાકોરજી અને સંતવર્યોને શાલ, ભેટ અને મહોત્સવસ્મૃતિ પ્રસાદ અર્પણ કરી સંતભગવંત સાહેબજીએ સર્વદેશીયતા અને આત્મીયતાનાં પ્રેરણાદાયી દર્શન કરાવ્યાં. આ સૌ સંતોની પ્રાર્થનાશિષથી શ્રી ઠાકોરજી મહારાજ નૂતન મંદિરે બિરાજ્યા ને મહોત્સવ નિર્વિઘ્ને પાર પડ્યો. ◆



પૂજ્ય દ્વારકેશલાલજી મહારાજનાં સન્માન



પૂજ્ય મુકુંદજીવન સ્વામીજીનાં સન્માન



પૂજ્ય વ્રજરાજકુમાર મહોદયશ્રીનાં સન્માન



પૂજ્ય ભૂપેન્દ્રભાઈ પંડ્યાજીનાં સન્માન



પૂજ્ય અધ્યાત્માનંદ સ્વામીજીનાં સન્માન



પૂજ્ય મોરારિદાસજીનાં સન્માન



ડૉ. જિતુભાઈ-ડૉ. વરિન્દ્રભાઈ પટેલનાં સન્માન



શ્રી ગોવિંદભાઈ, શ્રી શંકરભાઈ પટેલ પરિવારનાં સન્માન



શ્રી વિજયભાઈ ઠક્કર પરિવારનાં સન્માન

ભક્તિસભર
સમર્પણભાવનાં
આદર્શ પ્રેરણામૂર્તિ
અક્ષરમુક્તોને
શ્રીજી ચરણાર્વિંદ રૂપી
આશીર્વાદ સહ
કૃતજ્ઞવંદના



શ્રી બિમલભાઈ શેઠનાં સન્માન



શ્રી ત્રંબકદાદા પઢિયાર પરિવારનાં સન્માન



શ્રી નીલેશભાઈ પટેલ પરિવારનાં સન્માન


આર્કિટેક્ટ શ્રી અમિતભાઈ પટેલ પરિવારનાં સન્માન


શ્રી મનન કિરણભાઈ ત્રિવેદીનાં સન્માન

સંતભગવંત સાહેબજીના સંકલ્પ તથા
શ્રી ઠાકોરજી મહારાજના આશીર્વાદથી
તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરીમાં
નવનિર્મિત મંદિરનિર્માણની સેવામાં
ભક્તિસભર સમર્પણભાવનાં
આદર્શ પ્રેરણામૂર્તિ
અક્ષરમુક્તોને વંદના ધરી
અનુપમ મિશન દ્વારા વિનમ્રતાપૂર્વક
કૃતજ્ઞભાવ અર્પણ કરાયો.


શ્રી દ્વિજેનભાઈ પંચાલ પરિવારનાં સન્માન


શ્રી હિતેશભાઈ પટેલનાં સન્માન


સાધુ પૂજ્ય સુનીલભાઈ પંડ્યાનાં સન્માન


સુશ્રી પૂર્વા રાજ પટેલ અને પરિવારનાં સન્માન

# ભાવાર્પણ... હૃદયવંદન...



વૈશ્વિક ખ્યાતિ પ્રાપ્ત કલાકાર શ્રી વર્તન દ્વારા રચિત કલાકૃતિ અર્પણ

શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ મૂર્તિપ્રતિષ્ઠા મંદિર
મહોત્સવ દરમિયાન અનુપમ મિશનનાં વિવિધ કેન્દ્રોના
ભાવિક ભક્તોએ સંતભગવંત સાહેબજીને હૃદયભાવ
અર્પણ કરી વંદનાઓ ધરી.
શ્રી ઠાકોરજી, સંતભગવંત સાહેબજીની સતત સ્મૃતિ સાથે
જે કલાત્મક સર્જન થયાં તે અર્પણ કરી ધન્યતા પામ્યા.
આ ભક્તિ-સ્મૃતિનાં દિવ્ય દર્શન ! ◆



મુંબઈ પ્રદેશ વતી જગતભાઈ તથા સાધુ દિનેશભાઈ દ્વારા ભાવાર્પણ



સોનલબા(USA)એ તૈયાર કરેલ કલાત્મક હૃદયભાવ સંતો દ્વારા અર્પણ



અમેરિકા મંડળ વતી ડૉ. વિષ્ણુદાદા, ડૉ. જિતુભાઈ, ડૉ. વિરેન્દ્રભાઈ દ્વારા ભાવાર્પણ



અમદાવાદનાં યુવાનો-યુવતીઓ દ્વારા વિશિષ્ટ હાર અને બચતરૂપ સેવાર્પણ



બૅંગકોક સ્થિત શ્રી સુરેન્દ્રભાઈ દ્વારા સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતોને ભાવાર્પણ



યોગેન્દ્રભાઈ તથા 'નિજાનંદ' પરિવાર દ્વારા સાહેબજી અને સંતોને ભાવાર્પણ



શ્રી વાસુદેવભાઈ અને ભક્તો દ્વારા સાહેબજીને ભાવાર્પણ



સુપ્રિન્ટેન્ડન્ટ ઑફ પૉસ્ટ શ્રી નરેન્દ્રભાઈ રાણા દ્વારા સાહેબજીની પૉસ્ટલ ટિકિટ અર્પણ



મહારાષ્ટ્રના લોકસેવક અરુણભાઈ-પ્રદીપભાઈ દ્વારા હૃદયભાવ અર્પણ



બારીન્દ્રભાઈ અને ભક્તો દ્વારા સાહેબજીને ભાવાર્પણ



ચારુતર વિદ્યામંડળ વતી અધ્યક્ષ શ્રી ભીખુભાઈ દ્વારા સાહેબજીને ભાવાર્પણ



શ્રીમદ્ રાજચંદ્ર મિશનથી ગુરુદેવ શ્રી રાકેશભાઈ વતી શુભેચ્છાભાવ અર્પણ



પ.પૂ. અધ્યાત્માનંદ સ્વામીજી તથા ભક્તો દ્વારા સાહેબજીને ભાવાર્પણ



લોકસેવક પંકજભાઈ અને પરિવાર દ્વારા સાહેબજીને ભાવાર્પણ

ભાવાર્પણ.. હૃદયવંદન.. 80

# ભાવાર્પણ.. હૃદયવંદન..



ઉત્તર ગુજરાત પ્રદેશના ભક્તો દ્વારા ભાવાર્પણ



સુરત મંડળ દ્વારા સાહેબજીને ભાવાર્પણ



ઑસ્ટ્રેલિયા-ન્યૂઝીલૅન્ડ મંડળ દ્વારા સાહેબજીને ભાવાર્પણ



ફ્લોરિડા-યુ.એસ.એ. મંડળ દ્વારા સાહેબજીને ભાવાર્પણ



સાકંબા મંડળ દ્વારા સાહેબજીને ભાવાર્પણ



પ્રેરણાબહેન (યુ.એસ.એ.) અને પરિવાર દ્વારા સાહેબજીને ભાવાર્પણ




દક્ષિણ ભારત મંડળ દ્વારા સાહેબજીને ભાવાર્પણ



યુ.કે. મંડળ દ્વારા સાહેબજીને ભાવાર્પણ



કઢીવાલા પરિવાર વતી વિનોદભાઈ-સત્યેનભાઈ દ્વારા ભાવાર્પણ



ભીંગરાડ મંડળના મુક્તો દ્વારા હૃદયભાવ અર્પણ



મોરબી મંડળ દ્વારા સાહેબજીને ભાવાર્પણ



વિજયભાઈ ઠક્કર અને પરિવાર દ્વારા સાહેબજીને ભાવાર્પણ



બાયડ-મોઠાસા મંડળના ભક્તો દ્વારા ભાવાર્પણ



અનિલભાઈ જેરાજાણી દ્વારા ભાવાર્પણ



સેલમ મંડળ દ્વારા ભાવાર્પણ



મોગરી મંડળ વતી સૂકા મેવાનો વિશિષ્ટ હાર અર્પણ

ભાવાર્પણ.. હૃદયવંદન..



# અનુપમની હે અમૃતધારા...!

~ સદ્‌ગુરુ સંત પરમ પૂજ્ય અશ્વિનદાદા

શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ મૂર્તિપ્રતિષ્ઠા મંદિર મહોત્સવ
બુધવાર, ૮ જાન્યુઆરી ૨૦૨૦,
મંદિર મહોત્સવ માહાત્મ્ય દર્શન સભા, બ્રહ્મજ્યોતિ, મોગરી.

**ગુરુસભાના** બંને યુવાનોએ પ્રવચનમાં સાહેબદાદાની જીવનગાથા – હૉસ્ટેલની રૂમથી શરૂ થયેલા મંદિર ને બ્રહ્મજ્યોતિ ઉપર નૂતન મંદિર સુધીની યાત્રા એમણે કરાવી ત્યારે પ.પૂ. અધ્યાત્માનંદ સ્વામીજી મને પૂછતા હતા કે, 'તમે આ ઉંમરના હતા, ત્યારે આવું બોલતા હતા ?' અને પછી પોતે જ ભાવ કરીને કહ્યું કે, 'ટાંગા ધ્રૂજતા હતા.' આ બંને યુવાનોએ જે ઇતિહાસ આપણી સમક્ષ રજૂ કર્યો, એ પછી મારે શું વાત કરવાની એ બધું ભુલાઈ ગયું છે. યાદ રાખવા જેવા તો એક ગુરુદેવ યોગીજી મહારાજ અને એમના તરફ સતત દૃષ્ટિ રાખીને જીવન જીવી રહેલા ગુરુહરિ પરમ પૂજ્ય સાહેબદાદા છે !

'યુવાનો મારું હૃદય છે' એ સૂત્ર આપી યોગીજી મહારાજે દેશની ઊછરતી યુવાનપેઢીના આત્મિક કલ્યાણ માટે અઠવાડિક સત્સંગસભાના સ્વાધ્યાયથી એનું ઉત્થાન કર્યું, એને પરિણામે અત્યારે આપણા આખા સ્વામિનારાયણ સંપ્રદાયની વિવિધ શાખાઓમાં સત્સંગપ્રધાન જીવન જીવતો સમાજ તૈયાર થયો. મંદિરોનાં નિર્માણ સ્વામિનારાયણ ભગવાને કર્યાં. આપણે જે પરંપરાને અનુસરીએ છીએ તે શ્રી અક્ષરપુરુષોત્તમની ઉપાસનાની પરંપરાનાં મંદિરો શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ, પ્રમુખ સ્વામી મહારાજે કર્યાં. જે મંદિર સાથે જોડાયા એની સાથે સાથે તે સાધુની સાથે કે પ્રભુની સાથે જોડાયા. સાહેબદાદાના જીવનનો એક સાર તેઓ સતત ગુરુની સાથે, પ્રભુની સાથે જોડાયેલા રહ્યા.

બે વાતનો ઉલ્લેખ કરવાનું મન થાય છે. પ્રથમ જ્યારે કાકાજી, પપ્પાજી, હરિપ્રસાદ સ્વામીજીના વરદ હસ્તે મંદિરનું ખાતમુહૂર્ત થયું ને મંદિર કરવાનો રૂડો સંકલ્પ થયો ત્યારે સાહેબદાદાએ પોતાના ગુરુદેવ યોગીજી મહારાજના પ્રાગટ્યસ્થાનમાં યોગીજી મહારાજનું નામ અને કામ થાય એવો ભાવ પ્રગટ કર્યો. ભક્તોએ એને સહજભાવે સ્વીકાર્યો અને એને પરિણામે કન્યા કેળવણીનું કામ ધારીમાં જસાણીદાદાનાં માર્ગદર્શનથી શરૂ થયું. સમય વીતતો ગયો, મંદિરો થતાં ગયાં, સાધુઓ ઉમેરાતા ગયા અને દેશ–વિદેશના હરિભક્તોનો હૃદયભાવ કે, ગુરુગાદી સ્થાન– બ્રહ્મજ્યોતિમાં સરસ મજાનું મંદિર થાય. ભક્તોનો એ સંકલ્પ ગુરુહરિ સાહેબદાદાએ

સ્વીકાર્યો, માન્ય રાખ્યો અને આપણા સૌના માટે, આપણા સૌનુંય સામૂહિક ઉત્થાન કરવા માટેનો એમણે અદ્ભુત પરિશ્રમ અને દાખડો કર્યો. આજે જે આનંદ છે, ઉલ્લાસ છે, ઉમંગ છે, ભક્તિ છે ને માહાત્મ્ય છે; એ એમની તપશ્ચર્યાનું ફળ છે. એમના પર એમના ગુરુહરિ ગુરુદેવ યોગીજી મહારાજે કરેલી અસીમ કૃપાનું પરિણામ છે.

જ્યારથી બ્રહ્મજ્યોતિમાં મંદિર કરવાની વાત કરી–મંદિર કરવું એવો ઠરાવ થયો, સ્વીકાર થયો ત્યારથી સાહેબદાદાના મનમાં તો ધારી જ હતું. યોગીજી મહારાજના પ્રાગટ્યસ્થાનની મૂળભૂત જગ્યા પર એ સમયના સંતો અને કાર્યકર્તાઓએ હૉલ બનાવીને ઠાકોરજી પધરાવ્યા અને વર્ષો સુધી ત્યાં સત્સંગ ચાલ્યો. અમે વારંવાર ધારી દર્શન કરવા જઈએ ત્યારે ત્યારે સાહેબદાદા હૃદયનો ભાવ વ્યક્ત કરતા કે, યોગીબાપાના પ્રાગટ્યસ્થાનને એવું ને એવું સાચવ્યું હોય તો કેટલું સરસ! અને જેમ હૉસ્ટેલના મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા કરવા માટે પ્રમુખ સ્વામી મહારાજ પધાર્યા, તેમ પ્રમુખ સ્વામી મહારાજ અને સંતોએ સાહેબદાદાનો સંકલ્પ ઝીલ્યો–સ્વીકાર્યો અને આજે ધારી મંદિરે દર્શન કરવા જઈએ ત્યારે યોગીબાપાના પ્રસાદીસ્થાનના–પ્રાગટ્યસ્થાનના એ મકાનનાં તે સમયની રચના પ્રમાણે સુંદર દર્શન કરવાનો આપણને લાભ મળે છે.

'મારા ગુરુ'નું સતત અનુસંધાન, નવધાભક્તિમાં એમની સતત સ્મૃતિ, સ્મરણ અને એમનું જ શરણ સ્વીકારીને પોતાના જીવનને સમર્પિત કરવાનો શિષ્યભાવ સાહેબના જીવનમાં દેખાય છે. એટલે જ્યારે મંદિર નિર્માણ માટે જુદા જુદા વિચારો રજૂ કરવામાં આવ્યા ત્યારે પણ સાહેબના હૃદયે એમના ગુરુદેવનું પ્રાગટ્યસ્થાન ધારી, જ્યાં પ્રમુખ સ્વામી મહારાજે સુંદર મજાના મંદિરનું નિર્માણ કરીને યોગીબાપાની પ્રતિમા પધરાવી છે – એવું ધારી જેવું મંદિર આપણે અહીંયાં આપણા બ્રહ્મજ્યોતિ પરિસરમાં કરીએ; એવી સાહેબની ઇચ્છા, સાહેબને એમના ગુરુદેવ માટેનો ભાવ!

ગુરુભક્તિ સ્વરૂપે સૌએ એ ભાવને સ્વીકારી માન્ય રાખ્યો. પણ વિવિધ પ્રશ્નો અને મનમાં ઊભી થતી વિવિધ પ્રકારની શંકાઓની જ્યારે સાહેબદાદા સમક્ષ રજૂઆત થાય ત્યારે સાહેબનો એ જ ભાવ! નાનામાં નાના સાધકનું પણ કાંઈ સૂચન આવે કે, 'આવું હોવું જોઈએ, આવું કરવું જોઈએ.' ત્યારે બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજની આજ્ઞાનું પાલન જે ભાવથી કર્યું તે જ ભાવથી સાહેબદાદાએ પોતાના શિષ્યો, સેવકોની વાત પણ શાંતિથી સાંભળી અને સૌનાય મનના ભાવોને શાંત કરીને ગુરુમાં અને પ્રભુમાં જોડવા માટે વિશેષ જપયજ્ઞની આજ્ઞા કરી. અને પોતે સાથે બેસીને સંતો–ભક્તો પાસે જપયજ્ઞ કરાવ્યો ને સમજ આપી કે, 'પ્રભુની જે ઇચ્છા હશે એ પ્રમાણે થશે. આપણે ક્યાં કરવું છે? એમને બિરાજમાન થવું છે.' જેમ એક સામાન્ય ગૃહસ્થને પોતે રહેવાનું હોય તો પોતાની ઇચ્છા પ્રમાણેનું મકાન પ્લાન કરે અને એ પ્રમાણે મકાન બનાવે, એ પ્રકારની એમાં સુવિધાઓ વસાવે. તો જ્યાં ખુદ પોતે ઠાકોરજી બિરાજમાન થવાના હોય, તો એ કાર્ય પણ ઠાકોરજી પોતે જ કરે એવી અચળ શ્રદ્ધા અને નિષ્ઠાના ભાવથી એ પોતે તો જીવ્યા પણ પોતાની સાથેના સાધકો અને સેવકોને પણ એ ભાવમાં લઈ આવ્યા; તો એ મંદિર નિર્માણ સાથે સાથે થતું ગયું. અંતે સૌએ પોતપોતાના ઠરાવો મૂકીને સાહેબની ઇચ્છા હોય તે પ્રમાણે કરવું છે તે ભાવ કર્યો. અને સાહેબની ઇચ્છા છે કે, ઠાકોરજી જે કરાવે એ કરવું છે.

જ્યારે મંદિર નિર્માણનું કાર્ય ચાલતું હતું ત્યારે દેશ અને વિદેશના અનેક ભક્તો આવતા ને ધીમી ગતિથી ચાલી રહેલા કામને માટે સ્વાભાવિક તેમને શંકા થતી. ત્યારે પણ સાહેબદાદાએ આ જ સંકલ્પને સૌની પાસે પકડાવી રાખ્યો. મંદિર પાષાણનું, મૂર્તિઓ પાષાણની અને ધાતુની; પરંતુ, એ મૂર્તિઓને માટે જ્યાં સુધી સાક્ષાત્ પ્રભુ છે એવો ભાવ ન થાય ત્યાં સુધી આપણું મંદિર પણ અધૂરું. અને એ રીતે અધૂરા રહેલા – એટલે કે બાંધકામમાં હજુ કેટલીક બાબતો કલા–કારીગરી અને

સુશોભન બાકી છે ત્યારે સાહેબદાદાએ તો નિશ્ચિત સમયનો સમૈયો એ જ પ્રમાણે ચાલુ રખાવ્યો. તેથી આજે આપણે સર્વે એ ઉત્સવમાં ઉપસ્થિત રહીને એની માહાત્મ્યગંગામાં, ગુરુ-ભક્તિમાં સ્નાન કરી રહ્યા છીએ. આ પણ આપણા જીવનનું એક બહુ મોટું અને સુખદ સંભારણું બની રહે એવી પ્રાર્થના છે !

મંદિર પૂરું થશે એટલે તેનું બાંધકામ પૂરું થશે. ખૂટતા પથ્થરો આવતા જશે અને ગોઠવાતા જશે. એની સાથે સાથે મારા હૃદયમાં પણ – મનુષ્ય શરીરના માધ્યમ દ્વારા વિચરતું ગુરુનું પરમ તત્ત્વ, પ્રભુને ધારક ગુરુનું પરમ તત્ત્વ એ સદાય નિર્દોષ છે, દિવ્ય છે અને એમના સંબંધવાળા સર્વે ભક્તોનો સહજ ભાવથી સ્વીકાર છે; એવો ભાવ જે દી થશે તે દી આ હૃદયમંદિરમાં પણ પ્રભુ પધાર્યા અને મંદિર પૂરું થયું ! અનેક જન્મોની આ યાત્રા – કોઈક જન્મે પાયા ખોદાયા, કોઈક જન્મે એ પુરાણા, કોઈક જન્મે એમાં ચણતરો થયાં; એમ અનેક જન્મોની યાત્રામાં પ્રભુ અને ગુરુનું પરમ તત્ત્વ સતત આપણી સાથે રહ્યું અને આપણું કામ આગળ વધતું ચાલ્યું.

આ ભવિષ્યની પૂર્ણતા – આપણે ક્યાં પહોંચવું છે ? તો બ્રહ્મરૂપ થઈને પરબ્રહ્મની ઉપાસના ! આ ઉપાસનાના સનાતન સિદ્ધાંત માટેનો સરળ માર્ગ ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજે, યોગીજી મહારાજે અને અમારા સમયનાં ગુણાતીત સ્વરૂપો – કાકાજી, પપ્પાજી, સ્વામીજી, સોનાબા, શાંતાબેન કે જેમની સાથે અને જેમના ખોળામાં જીવવાનો અમને અદ્‌ભુત લાભ મળ્યો ! એમણે જે સમજાવ્યું અને જે દઢતા કરાવી એ દઢતા પ્રમાણે 'હું મંદિરનો અને મંદિર મારું' એ ભાવ જે દિવસે થયો તે દિવસે પ્રભુના સદેહે વિચરતા જંગમતીર્થ મંદિરને વિશે આપણે સંપૂર્ણપણે જોડાઈ ગયા.

કોઈપણ ધર્મ-સંપ્રદાયના આધાર-સ્તંભો – એના માટેની આપણી નિષ્ઠા અને શ્રદ્ધાની પુષ્ટિ કરવા માટે સ્થાવર મંદિર, મંદિરમાં પધરાવેલી આપણા ઈષ્ટદેવની મૂર્તિ, એ મૂર્તિને જપવા માટેનો આપણો ઈષ્ટ મંત્ર કે જે આપણા પ્રભુએ સ્વયં પોતે 'સ્વામિનારાયણ' મંત્ર આપ્યો – એ મંત્ર અને પ્રભુનું માહાત્મ્ય સમજવા માટેનાં શાસ્ત્રો-ગ્રંથો અને સૌનાય આધારસ્વરૂપ ભગવાનનું પ્રગટ સ્વરૂપ – બ્રહ્મસ્વરૂપ સંત – ગુણાતીત સંત ! 'હું મારા ગુણાતીત સંત દ્વારા સદાય તમારી વચ્ચે રહીશ' – એવા આશીર્વાદ આપીને સ્વામિનારાયણ ભગવાને તો ત્યાં સુધી કીધું કે, 'તમે એને જેવા માનશો એવા તો અમે તમને બનાવી દઈશું.' આ સ્થાવરતીર્થ અને જંગમતીર્થનો મહિમા ! એ જંગમતીર્થને આપણે જીવતું જાગતું મંદિર માનીશું તો પાષાણના મંદિરમાં પધરાવેલી પાષાણની મૂર્તિઓમાં પ્રાણ પણ જીવંત થશે અને મારા હૃદયના ધબકાર સાથે એ એકરૂપ એકાકાર બનશે ; આ મહિમા !

પોષ સુદી પૂનમનો દિવસ ગુરુવર્ય સાહેબદાદાએ નક્કી કર્યો. કાકાજી-પપ્પાજીએ આ દિવસે સૌ પ્રથમ અમને વ્રત આપ્યું. બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજનો સંકલ્પ – વસ્ત્રથી ભગવા સાધુ નહિ, પણ હૃદયથી ભગવા સાધુ કરવા છે. એ પ્રમાણે હૃદય ભગવું કરવું, ભગવદ્ ભાવમાં સદાય રહેવું, ભગવદ્ સત્તાનો સ્વીકાર કરવો અને સર્વત્ર ભગવદ્ ભાવનાં દર્શન કરવાં; એ હૃદયનો ભગવો ભાવ છે. ભગવાં વસ્ત્રો એક આશ્રમ મર્યાદા આપે છે, એની સાથે સાથે વ્રતધારણનો સંકલ્પ પણ એક પ્રતિબદ્ધતા આપે છે. પોષ સુદી પૂનમ – ગુણાતીતાનંદ સ્વામીનો દીક્ષા દીન. એ વ્રતધારી સાધકો માટેનો વ્રતધારણ દિન, સંકલ્પ દિન પસંદ થયો અને એ પ્રમાણે નવા યુવાનો આ નારાયણી સેનામાં જોડાતા ગયા. એ જ દિવસે પાષાણની પ્રતિમામાં ને ધાતુની પ્રતિમામાં પ્રભુના પ્રાણનો સંચાર થાય તેવી મૂર્તિ-પ્રતિષ્ઠાનો પોષ સુદી પૂનમ, ૧૦ જાન્યુઆરી ૨૦૨૦ના મંગલ ઉત્સવમાં આપ સર્વ ઉપસ્થિત રહેશો અને અમ સર્વ સંતોની હોંશ અને ઉમંગને વધારશો. આપે જે પ્રકારે સેવાઓ કરી, સમર્પણભાવ કર્યો, આ ઉત્સવમાં અમારી સાથે જોડાઈને એને મહા-

ઉત્સવ–જીવન સંભારણું બનાવવાનો જે આપે અમારી ઉપર અનુગ્રહ ને કૃપા કરી; એ બધું જ મંદિર છે, મંદિરના ભાગ રૂપ છે.

સાહેબદાદાએ સાધક–સેવકોને સૂત્ર આપ્યું છે : 'ભગવાનના ભક્તોની ભગવાનના ભાવથી સેવા કરવી.' હૃદય ભગવું થાય તો જ આ થઈ શકે છે, નહિતર ત્યાં સુધી દેહ અને પ્રકૃતિ દેખાય છે, સ્વભાવ, ટેવ–કુટેવ દેખાય છે. આ ભાવ સુધી મંદિરને પૂરું કરવાનો સંકલ્પ લઈને ગુરુહરિ સાહેબદાદા આપણા સૌનાય હૃદયસિંહાસન ઉપર બિરાજવાની જગ્યા કરી રહ્યા છે. યોગીજી મહારાજ પોતાના યુગકાર્યને આ નૂતન માર્ગે આગળ વધારવા માટે સેંકડો યુવાનોમાંથી જશુભાઈને પસંદ કરે છે; એ જૂની વાતો, જૂના પ્રસંગો ઊછરતી યુવાનપેઢી આપણને કહે છે એ આપણી ખાનદાની છે, આપણા સંસ્કાર છે, આપણું ગૌરવ છે. અને એ ગૌરવવારસો વધારવાની આપણા સૌની સામૂહિક ગંભીર જવાબદારી છે. જે રીતે ગુરુહરિ સાહેબદાદાએ પોતાના શિષ્યત્વને દીપાવ્યું એમ આપણે સૌ ભક્તો, અનુયાયીઓ, શિષ્યો અને સાધકો ગુરુ પ્રત્યેની, પ્રભુ પ્રત્યેની આપણી ભક્તિના ભાવને, શરણાગત–ભાવ–શિષ્યત્વભાવને સદાય જાગ્રતતાથી હૃદયને વિશે ધારણ કરી રાખીએ !

સ્વામિનારાયણ સંપ્રદાયની પરંપરા પ્રમાણે એક ભક્ત જ્યારે બીજા ભક્તને મળે છે ત્યારે હૃદયવંદનાના હાથ જોડીને દસેય ઇન્દ્રિયોથી પ્રણામ કરી મસ્તક નમાવીને ભાવપૂર્વક 'જય સ્વામિનારાયણ'નો ઉદ્‌ઘોષ કરે છે. મારા હૃદયને વિશે – તમારા હૃદયને વિશે – સર્વના હૃદયને વિશે રહેલા એ પ્રભુનો હંમેશાં જયઘોષ થતો રહે તો મારા સ્વભાવ, પ્રકૃતિ કાંઈ–કશું રહેતું નથી. આવું ઓગળી જવાનું, ખપી જવાનું, ખોવાઈ જવાનું આપણે જાતે પસંદ કર્યું છે. ત્યારે ગુરુની કૃપા આપણા ઉપર સતત આ રીતે વરસતી રહે. સાહેબદાદા કહે છે એમ, આ વર્ષે દોઢ સો ટકા વરસાદ વરસ્યો – જોઈએ એના કરતાં પણ વધારે વરસાદ વરસ્યો. તો આજે અમ સૌ ભૂલકાંઓની આપના શ્રી ચરણોમાં પ્રાર્થના છે કે, આપનો રાજીપો પણ એવો વરસાવો કે, ઘાસ–ફૂસ–કચરા સબ સાફ હો જાય. અંતર ચોખ્ખું થાય કે જેથી પ્રભુને બિરાજવાની જગ્યા પવિત્ર થાય. આ શુદ્ધ ઉપાસનાનો પાયો છે મહિમા. એ મહિમા અત્યારે તો છે, પણ જીવનવ્યવહારની સર્વ બાબતોમાં અને પ્રાણપ્રતિષ્ઠા થાય પછી અહીંયાંથી વિસર્જિત થઈએ ત્યારે પણ એ મહિમાનો સંદેશ લઈને જઈએ.

સ્વામિનારાયણ ભગવાને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિની વાત સમજાવી છે. ભક્તિ એકલી નહિ, પણ માહાત્મ્યયુક્ત ભક્તિ અને યોગી–બાપાની ભાષામાં લુખ્ખી ભક્તિ નહિ, પણ ચીકટવાળી ભક્તિ. તે જ્યારે અસાધારણ પ્રેમથી તમારી સાથે જોડાઈ જવાય ત્યારે ચીકટવાળી ભક્તિ થાય. અને તમે અમને સૌને પ્રભુની સાથે જોડી દો ત્યારે એ ભક્તિ કરેલી એનો પૂર્ણ સંતોષ, આનંદ અને સમાધિસુખ પ્રાપ્ત થાય. યોગીબાપાનું સૂત્ર : 'સંપ, સહૃદભાવ અને એકતા.' જો આ ભાવમાં રહીશું, આ ભાવથી જીવીશું અને માહાત્મ્યસ્વરૂપ એવા પરમ પૂજ્ય શાંતિદાદાની પ્રાર્થનાના શબ્દોનો આધાર લઈશું તો સતત એ સાથે રહેશે અને એની સ્મૃતિ સતત સચવાયેલી રહેશે.

ઉપાસનાનો સિદ્ધાંત – ગુરુની સ્મૃતિ અને પ્રભુના નામનું સ્મરણ અખંડ કરતા રહીએ તો આપ જે અમારા માટે દાખડો કરી રહ્યા છો, આટલું તપ કરી રહ્યા છો, સાથે સાથે વિના કારણે–અકારણીય આપનો અનુગ્રહ ને કૃપા પણ સતત અમારી ઉપર વરસાવી રહ્યા છો; તો અમારાં પાત્ર છતાં રહે અને આપની દિવ્યતાનો અમે સ્વીકાર કરીને નમ્રભાવ–દાસભાવ–સેવકભાવથી આપની સાથે અને આપના સંબંધવાળા સૌની સાથે જીવીને જીવનને કૃતાર્થ કરીએ એવી મંગલ કૃપા કરો એ જ પ્રાર્થના !

જય સ્વામિનારાયણ. ◆





## મહોત્સવનો ધ્રુવમંત્ર... મહોત્સવની ફલશ્રુતિ

# 'સાહેબદાદાની પ્રસન્નતા...'

### સંપ, સુહૃદભાવ, એકતા...




























































# આધ્યાત્મિક પ્રકાશ રેલાવતા મહોત્સવનાં પ્રકાશનો...


























અનુપમ મિશન
મંદિરજી
શ્રી અક્ષરપુરુષોત્તમ મૂર્તિપ્રતિષ્ઠા મંદિર મહોત્સવ
સંતભગવંત સાહેબજી પ્રાગટ્યોત્સવ
૯-૧૦ જાન્યુઆરી ૨૦૨૦
સૌજન્યભક્તિ: હિન્દુસ્તાન ફાઈબર, વડોદરા


॥ નવધાભક્તિ વંદના ॥


શાશ્વત બોધ
Timeless Teachings


અનુપમ મિશન
અનુપમ તારલા
અનુપમ તારલાઓને સાહેબદાદાના આશીર્વાદ...


શ્રી સ્વામિનારાયણ
મંદિરગાથા



॥ ચતુર્વિધ ભક્તિસરવાણી ॥
Published by :
Shri Akshar Purushottam Murti Pratishtha Mandir Mahotsav Samiti
Anoopam Mission
Brahmajyoti, Arameshwar Marg, MOGRI - 388 345
Dist. : Anand, Gujarat, INDIA
email : anindia@anoopam.org | website : www.anoopam.org


અનુપમ મિશનનાં નવા ઓડિયો પબ્લિકેશનનો સંગ્રહ
Spiritual Essence-1-2-3
Sahebdada ! We Love you


HOLY SPOT I


MEMORY GURU

महोत्सव अनुभूति



# We're ready now, Sahebdada !

"Jago, yuvano, jago!" This humble prayer for youth to awaken was granted, as the Murti Pratishtha Mandir Mahotsav awakened our souls. We celebrated G.P.P. Sahebdada's 80th birthday and the opening of a divine temple, and in the process, we also celebrated the journey of our souls moving toward God.

During the Mandir Mahotsav Mahatmya-Darshan Sabha, Pujya Virendra Uncle shared the following analogy: In physics, Voltage / Resistance = Current. Voltage is God's presence in our lives. Resistance is our own ego, which prevents us from embracing God. Consequently, current is our connection with God. When we feel less connected with God, is it due to God not being there for us, or is it due to us resisting Him?

MPM shed light on the resistance in our lives. Why was it so challenging for us to realize how blessed we are? For example, in preparation for the Cultural Program, the countless hours of dance practice did not feel rewarding. While serving as Rushi Kanyas for the Maha-Yagna, having to wake up at 2:30am overshadowed our passion for the event. We found ourselves complaining about our fatigue throughout the yagna and the Shoba Yatra later that day. Why were we only looking forward to going back home, while failing to realize that our real home is God?

Why? Because of our resistance - our egos. We were too focused on ourselves, on our own physical comfort, rather than on the manifest God we had come to serve. MPM enlightened us so that we could reduce our ego, enabling us to feel a stronger connection with God.

After the Cultural Program, P.P. Shantidada lovingly said that, our smiles from the dance were forever saved in His heart. After the Maha-Yagna, P.P. Ashvindada encouraged us to pat ourselves on the backs to congratulate ourselves. Looking back at these memories, the overflowing love from the Santos made every second of MPM worth it. In the moment, however, it was challenging to appreciate how blessed we were to be a part of Sahebdada's grand celebration. The voltage was always present; God was always there for us in our lives. However, our resistance was high, and we weren't ready to take a step toward Him.

We're ready now, Sahebdada, and we are awake. The smrutis from MPM are now forever saved in our hearts, and we pray at Your lotus feet to reduce our resistance so we can be fully connected with God. ◆



~ Saheli Sheth
(U.S.A.)

## મંદિર મહોત્સવ મંગલ પ્રસંગે પ્રાર્થના !

જેવા તેવા અમને સ્વીકાર્યા
જેવા તેવા અમને સ્વીકાર્યા
હૃદય મંદિરે આપ બિરાજ્યા

મનાયે સદાયે સર્વકર્તા પ્રભુ મારા
મનાયે સદાયે સર્વકર્તા પ્રભુ મારા
હું પ્રભુનો અને પ્રભુ મારા

રહે નિર્દોષભાવ આપનાં ચૈતન્યોમાં
રહે નિર્દોષભાવ આપનાં ચૈતન્યોમાં
સ્થિતપ્રજ્ઞતા બક્ષો અમારા જીવનમાં


પ્રાર્થના એ જ છે આપ ચરણે
પ્રાર્થના એ જ છે આપ ચરણે
દાસસ્ય દાસોસ્મિ સિદ્ધ થઈ જાયે
દાસસ્ય દાસોસ્મિ સિદ્ધ થઈ જાયે

Jai Shri Swaminarayan !



~ બિમલ શેઠ
(U.S.A.)

મહોત્સવ અનુભૂતિ




# આ સુખદ અનુભૂતિને શાશ્વત કરો પ્રભુ !

મંદિરજીની રચના અને આપણાં સૌની અધ્યાત્મયાત્રા...! શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ સંદર્ભે પ્રભુકૃપાથી અધ્યાત્મયાત્રામાં આપણે સૌ એક ડગલું આગળ વધ્યાં એની અનુભૂતિ થાય છે. છેલ્લાં પાંચેક વર્ષથી જ્યારે પણ હું કોઈ ઊંડી પ્રાર્થનામાં ખોવાઈ જાઉં ત્યારે ધ્યાન અવસ્થામાં મને પોતાને કોઈ શિખરબદ્ધ મંદિરમાં આપણા ધામ–ધામી–મુક્તની મૂર્તિ સમક્ષ એક પિલ્લરને અઢેલીને બેઠી હોઉં તે સ્થિતિ મારી જાતને અનુભવતી. મને થાય કે, આપણું એક પણ મંદિર આવું નથી તો શું હું કોઈ સ્થાનની શોધમાં છું ? એક દિવસ ધારી મહાપ્રસાદિક સ્થાન મંદિરના ચોકમાં સાહેબદાદા બોલ્યા, 'આપણે ધારી જેવું શિખરબદ્ધ મંદિર કરવું છે !' મને જાણે મારો જવાબ મળી ગયો. પણ; હજી હતું કે, મૂર્તિઓ તો નવી આવશે અને મને દર્શન તો જૂની મૂર્તિનાં જ થાય છે તો એનો જવાબ પણ સાહેબદાદાએ એક મીટિંગમાં આપ્યો કે, '૨૭ વર્ષથી આપણા સૌ શુભ સંકલ્પ આ મૂર્તિએ પૂરા કર્યા છે એટલે આ મૂર્તિ આપણે નીચેના ગર્ભગૃહમાં પધરાવવી છે.' બસ, એ દિવસે મારા માટે જાણે શિખરબદ્ધ મંદિર પૂર્ણરૂપે સાકાર થયું.

જે દિવસે પ્રાણપ્રતિષ્ઠા થઈ, સર્વ સ્વરૂપો થાળ જમ્યાં પછી નૂતન મંદિરે દર્શન કરવા ગયાં. ઉપરના ગર્ભગૃહમાં અલૌકિક દર્શન ! મહારાજ – સ્વામી – શાસ્ત્રીજી મહારાજ – યોગીબાપા જાણે રાજી થકા સૌને દર્શનસુખ આપી રહ્યા હતા. ત્યાંથી નીચેના ગર્ભગૃહમાં દર્શન કરવા ગયાં... ફક્ત ગર્ભગૃહમાં જ પ્રકાશ... દર્શન કરી પિલરને અઢેલીને બેઠી... આંખમાંથી અશ્રુ વહ્યાં... એ પ્રતીતિ હતી ધ્યાનાવસ્થામાં થતાં દર્શન સાકાર થયાની. જે પિલરને અઢેલીને બેઠી એ પિલર પર લખ્યું છે : 'ઉપાસના સિદ્ધાંત ૩' ભગવાનનું પ્રગટપણું. આપણા માટે એ ભગવાન પ્રગટ – સાહેબદાદા સ્વરૂપે, એ પ્રતીતિ દૃઢ કરવાનો રૂડો અવસર એટલે મંદિરજી મહોત્સવ. સાહેબદાદા ઘણી વખત એક વાત કરે છે, જૂલે વર્ન નામના લેખકે ચંદ્ર પર કઈ રીતે જવાય તે વિષય પર કલ્પના કરીને બુક લખી. અમેરિકન સાયન્ટિસ્ટોએ આ બુકના આધારે પ્રયત્ન કર્યા તો કલ્પના હકીકતમાં પરિણમી અને નીલ આર્મસ્ટ્રોંગ ચંદ્ર પર જનાર પહેલો અમેરિકન બન્યો. ગુરુબળે આપણે નક્કી કર્યું કે, 'મંદિર સ્થૂળ રીતે પૂર્ણ થાય, મહોત્સવ ઉજવાય તે દરમિયાન સાહેબદાદાએ આપેલા ઉપાસનાના સિદ્ધાંતોને જીવીને જીવનમાં તેને સાકાર કરવાના પ્રયત્નો કરવા છે.'

આ સંકલ્પમાં બળ પૂર્યાં 'બ્રહ્મનિર્ઝર' પત્રિકાએ ! ફેબ્રુઆરી ૨૦૧૯થી. 'બ્રહ્મનિર્ઝર'માં શ્રીજી મહારાજ રચિત – શાસ્ત્રીજી મહારાજ રચિત મંદિરોની ગાથાનો વિભાગ શરૂ થયો. વાંચતાં વાંચતાં એક વાત દૃઢ થઈ, શ્રીજી મહારાજ સ્વયં સદેહે આ પૃથ્વી પર વિચરતા, છતાં મંદિરોની રચના સમયે જે લીલાઓ કરી તેવી લીલાઓ આ પ્રગટ પુરુષ સાહેબદાદા કરવાના. મહારાજે સ્વયં ઈંટો ઊંચકી... આ પણ ઊંચકવાના, મહારાજે સોનું – ધન સેવામાં લઈ સૌની આસક્તિ છોડાવી... સાહેબદાદા પણ એ જ કરવાના. એક તાંસરું ઘઉં દળે એનું કલ્યાણ એ વચન મહારાજે આપ્યું... એક રૂપિયા બચત કુંભમાં, પસ્તી આપે એનું કલ્યાણ ! એ વચન સાહેબદાદાનું. યોગીજી મહારાજે જ્યાં કટોકટીનો મામલો જાહેર કર્યો અને ધૂન–ભજન–પ્રાર્થનાથી સઘળાં કાર્ય પાર પાડ્યાં તેમ એમનું સ્વરૂપ સાહેબદાદા પણ એ જ કરવાના. ૧૩ દોકડા એટલે સંપૂર્ણ સમર્પણ ! મહારાજને સંપૂર્ણ સમર્પણ જ્યાં ભક્તોએ ધર્યું ત્યાં અનન્ય રાજીપો વરસાવ્યો... આ સ્વરૂપ પણ એ જ કરવાનું. 'લો ૧૨ રૂપિયા ને કરો મંદિર' એમ કહી ધન બાબતે અસમર્થતા મહારાજે બતાવી... આ પણ બતાવવાના, પણ જ્યાં બ્રહ્માનંદ સ્વામી બોલ્યા, 'સાહેબ સમ શેઠિયા' એમ કહી મહારાજના સંકલ્પમાં શંકા ના કરી તો મહારાજે ઐશ્વર્ય–પ્રતાપ ખુલ્લા હાથે વાપર્યાં. આપણે જ્યાં માન્યું સાહેબદાદાના સંકલ્પ બાપા પૂરા કરવાના છે ત્યાં આશીર્વાદ વરસાવ્યા : 'લક્ષ્મીજી આવશે, આધી જશે નહીં, તોટો પડશે નહિ... મંદિર થશે.'



~ સીમા પટેલ
(અનુપમ મિશન, ભારત)

આ વર્ષે વડતાલ પદયાત્રા દરમિયાન મંદિરનાં પગથિયાં ચઢતાં અનુભવાયું કે, ૨૦૦ વર્ષથી આ મંદિર અડીખમ ઊભું છે, અરે ! ભક્તોનાં ભક્તિ–સમર્પણસમાં સોનાનાં શિખર થયાં છે. બ્રહ્મજ્યોતિનું મંદિર પણ આવતાં ૫૦૦ વર્ષ સુધી આમ જ દિવ્યતાથી ઝળહળતું હશે. પ્રથમ સોપાને જ જ્યાં શાસ્ત્રીજી મહારાજ–યોગીજી મહારાજની સોનાની મૂર્તિઓ શોભાયમાન છે તો સોનાનાં શિખર પણ થવાનાં. આ પ્રતીતિ એટલી બધી પ્રબળ છે કે, ભલે દેખીતી રીતે મંદિરનું કાર્ય હજુ ચાલુ છે, પણ એમની કૃપાથી મને મંદિરનાં પૂર્ણ દર્શન છે.

હે મહારાજ ! આપના સ્વરૂપના સંકલ્પને વિશે આ દઢતા કરાવવા બદલ અમે આપના ખૂબ ઋણી છીએ. આ સંકલ્પ દઢતામાં મહત્તમ બળ પૂર્યાં સદ્‌ગુરુ સંતોની સાહેબદાદાના સ્વરૂપને વિશે અનન્ય નિષ્ઠાએ – સાહેબદાદાએ કરેલા સંકલ્પને વિશે અનન્ય શ્રદ્ધા અને તેઓનો દાસત્વ ભાવે ! સાહેબદાદાએ સ્થૂળ મંદિરની રચના સાથે આપણા સૌના સુહૃદ બની એક સંકલ્પ કર્યો કે, 'સૌનાં હૃદય મંદિર કરવાં છે.' મંદિરનું જ્યારે ખાતમુહૂર્ત થયું ત્યારે સાહેબદાદાએ આજ્ઞા કરી કે, 'સંતબહેનો સાથે તું ખાડામાં ઊતરજે.' બીજો પ્રસંગ : પ્રથમ ખાતમુહૂર્ત સમયે ગર્ભિત થયેલા કળશ જે ખોદકામ સમયે મળ્યા, જેને પુનઃ પધરાવવાના હતા. માંડ અડધા ફૂટનો ખાડો હતો ત્યારે સાહેબદાદા ફરી બોલ્યા, 'પૂ. ઈન્દિરાબહેન પરીખના હાથમાં જે કળશ છે તે તું ખાડામાં ઊતરી પધરાવજે.' પૂ. મનોજભાઈરચિત ભજનની પંક્તિ ગાઉં, 'નિર્દોષભાવના પાયા ઊંડા પાતાળે ઘન ઢાળું રે...' ત્યારે સાહેબદાદાના મુખે બોલાયેલા 'ખાડામાં ઊતરજે' એ આજ્ઞામાં અધ્યાત્મ ઉજાગર થતું હતું.

આપણે જ્યારે 'સર્વ સુહૃદ સોપાન' ઊજવ્યું ત્યારે એક આશિષ પ્રવચનમાં સાહેબદાદા બોલ્યા હતા કે, 'મહારાજ કૃપા કરીને આ પૃથ્વી પર પ્રગટ્યા અને ગુણાતીત સંત સ્વરૂપે આ પૃથ્વી પર અખંડ રહ્યા એ એમનો આપણા પ્રત્યેનો સુહૃદભાવ.' સાહેબદાદાએ સમજણ આપી હતી કે, સંતો–ભક્તો નિર્દોષ ને દિવ્ય છે. મને–તમને સૌને મહારાજ વર્તાવી રહ્યા છે. જો આ વાત મનાય તો આપણે શ્રીજી મહારાજના કર્તાભાવનો સ્વીકાર કરી તેમના સુહૃદ બન્યા કહેવાઈશું. સમૈયા–ઉત્સવ દરમિયાન વિવિધ સેવાઓમાં પળેપળ આ જાગ્રતતા રાખી જીવ્યાં તો હૈયે અનેરો આનંદ પ્રગટ્યો. જે પળે એમ વિચાર આવે કે, આટલા સમર્થ સંતો છે તો આ પ્રશ્ન તો આમ ઊકલી જાય, છતાં પ્રશ્ન ગુંચાયેલો દેખાય ત્યાં પ્રભુ જાગ્રતતા આપે કે, સાહેબદાદા સૌનાં સ્વભાવ–પ્રકૃતિ–ચિત્ત–અહંકારની ભૂમિકાઓ મેંને જ કરી રહ્યા છે; એ સાક્ષીભાવે દર્શન કરી જાગ્રતતા પ્રાપ્ત કરવાનો લહાવો મળ્યો. વ્યવસ્થાના ભાગરૂપે પ્રશ્નો પણ આવ્યા પણ એનો ભાર ના રહ્યો. અંતે મહારાજને ગમ્યું એ જ થયું, એનો અહોભાવ થયો. જ્યાં નિર્દોષબુદ્ધિ દઢ થઈ ત્યાં સઘળું જાણે એકદમ સરળ બન્યું. મૂંઝવણ જ ના રહી અને અમ સૌ મુક્તોમાં જાણે દેવતાઓ આવી કાર્ય કરી ગયાં. વિવિધ સેવાઓમાં સઘળું દિવ્ય લાગ્યું. આ મહોત્સવમાં વિશેષ દર્શન હતાં; સદ્‌ગુરુ સંતોનાં સંકલ્પે–વચને ભક્તોનાં સેવા સમર્પણનાં ! આ મહોત્સવ 'Reunion' હતું. કેટલાય મુક્તોનાં દર્શન આઠ–દસ વર્ષે થયાં. તો ઉંમરમાં નાનાં એવાં બાળકો કે જેઓ, પૂર્વજન્મના સાહેબદાદા અને સદ્‌ગુરુ સંતો પ્રત્યેના પ્રેમની શાશ્વતતાનાં દર્શન કરાવતાં હતાં.

મહોત્સવની ફલશ્રુતિનાં એંધાણ આપતા હોય એમ એક પ્રસંગે પ.પૂ. શાંતિદાદાનાં દર્શનની સ્મૃતિ થાય છે. "હાલતાં ચાલતાં" ભજન કોરિયોગ્રાફ કરવામાં અઘરું પડે છે તેથી એ ભજન 'નવધાભક્તિ' પ્રોગ્રામમાંથી ડ્રોપ કરીએ તેવી રજૂઆત કલ્ચરલ કમિટીના સભ્યોએ પ.પૂ. શાંતિદાદા સમક્ષ કરી. પ.પૂ. શાંતિદાદાએ એક અઠવાડિયું ભજન કર્યું, પછી કલ્ચરલ પ્રોગ્રામની એક મીટિંગમાં બધાંની સમક્ષ જ્યારે આ રજૂઆત થઈ ત્યારે પ.પૂ. શાંતિદાદાએ એકદમ પરભાવમાં આવી ખૂબ આગ્રહપૂર્વક કહ્યું કે, 'તમને કોરિયોગ્રાફ કરવામાં અઘરું પડતું હોય તો તમે વગાડજો, હું આવીને નાચી જઈશ પણ આ ભજન લેવું જ છે.' એમના એ આગ્રહ પાછળનું અધ્યાત્મ સમજાવતાં કહ્યું, આ ભજનના શબ્દો એ આ સમૈયાની ફલશ્રુતિ છે. "સઘળું લુંટાઈ જાય, આવે પ્રલય... મારી ભીતર સાહેબ હેમખેમ છે" આ પ્રાપ્તિ કરવી છે.

પીઠિકા પૂજનના દિવસે સાહેબદાદાએ આશીર્વાદ આપતાં કહ્યું હતું કે, 'અધૂરા ઘરે જ વાસ્તુ થાય એટલે આપણે અધૂરા મંદિરે જ મૂર્તિઓ પધરાવીશું.' સ્થૂળ મંદિરની સાથે સાથે હે પ્રભુ ! હે સાહેબદાદા ! આપના સંકલ્પે કાંઈ કેટલાંય હૃદયમંદિરો રચાઈ રહ્યાં છે. કેટલાંકના પાયા ખોદાયા છે, કેટલાંકના પિલર ચણાયા છે, કેટલાંકનાં ગર્ભગૃહ તૈયાર થયાં છે, કેટલાંકનાં શિખર ચઢ્યાં છે તો કેટલાંકના કળશ ચઢ્યા છે. ભલે અમારાં હૃદયમંદિર હજુ અધૂરાં હોય પણ પ્રગટસ્વરૂપે આપ હૃદયમંદિરે બિરાજ્યા છો એનો અહેસાસ છે. આ સુખદ અનુભૂતિને શાશ્વત કરો પ્રભુ, એ જ અભ્યર્થના ! ◆

## મહોત્સવ અનુભૂતિ



# નવધાભક્તિ : કીર્તન રેકોર્ડિંગ... અનુભૂતિના દ્વારેથી !


જૂન મહિનાના એક રવિવારની બપોરે અચાનક ફોનમાં રિંગ વાગી, ને જોયું તો "શાંતિદાદા Calling..." એ જ ચિરપરિચિત મધમીઠા અવાજે શાંતિદાદાએ આશીર્વાદ પાઠવ્યા અને એમની અતિ સહજ વિનમ્રતાથી એક અદ્‌ભુત પ્રસ્તાવ (આજ્ઞા) કીધો કે, "સવારે સાહેબજી સાથે એક meeting થઈ, જેમાં આપણે ત્યાં આવી રહેલ મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવના સમૈયા અંતર્ગત જે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન થઈ રહ્યું છે તે બાબતે સાહેબજી સાથે વિસ્તૃત ચર્ચા થઈ ને તેમાં મેં (શાંતિદાદાએ) એવી વાત પૂ. સાહેબજી સમક્ષ મૂકી કે, આખાંય નૃત્ય-ભક્તિ-કીર્તનોનાં સંગીત નિયોજનની સેવા અમિત અને દીપ્તિને સોંપીએ તો કેવું...!!? ને શ્રી સાહેબજીની આજ્ઞા અને અમારી પણ ઇચ્છા છે કે, તમે અને દીપ્તિ આ સેવાની તક ઝડપી લ્યો..."

જાણે એક મહામોટું સદ્‌ભાગ્ય અમારે આંગણે ટકોરા મારતું ઊભું હતું, અને અમે પણ તત્પર હતાં શ્રી સાહેબ અને પૂજ્ય શાંતિદાદાની આ આજ્ઞાને સાંગોપાંગ ઝીલી લેવા. પહેલી meeting, યોગી વિદ્યાપીઠના Conference Hall માં શ્રી શાંતિદાદાના સાન્નિધ્યમાં યોજાઈ, જેમાં સમગ્ર કાર્યક્રમના Show Director તથા Dance Director પૂ. પૃથાબહેન, પૂ. ઉત્પલભાઈ તથા પૂ. રાહુલભાઈ સાથે આખીય theme - "નવધાભક્તિ" વિષે detailed ચર્ચા થઈ ને અમે તેને અનુરૂપ જે કીર્તનોની Script તૈયાર કરી હતી તે રજૂ કરી. થોડી ક્ષણો આમતેમ વીતી ને પછી પૂ. પૃથાબહેને એક સાવ અલગ જ Script અમારી સામે મૂકીને ધીરેથી કહ્યું, "પૂજ્ય સંતભગવંત સાહેબે સ્વયં આ કીર્તનો select કર્યાં છે..." જે કીર્તનો અમે વિચાર્યાં હતાં તેનાથી સાવ અલગ જ ઢાળ અને લયનાં હતાં. અહીંથી જ અમારી કસોટીની શરૂઆત થઈ ચૂકી હતી !

સાહેબે સ્વયં select કર્યાં હોય તે જ કીર્તનો Finally લેવાં જોઈએ તે વાત તો સાવ સહજ સ્વીકાર્ય હતી, પણ તે કીર્તનોના લય અને ઢાળને કાર્યક્રમની theme અને નૃત્યનાં steps સાથે સાંકળવા તે અમારે માટે મોટી challenge હતી. અમારા સાંગીતિક જ્ઞાન અને નીતિ-નિયમોથી કંઈક અલગ જ અમારે કરવાનું હતું. તેમ છતાં અમને શ્રદ્ધા હતી કે, વિશ્વના કોઈ પણ સંગીતકાર - ગાયકને સાહેબ કહે તો જે-તે સંગીતકાર, સહર્ષ - જરૂર મુજબનું સંગીત તૈયાર કરી આપે, તેમ છતાં સાહેબે આ સેવા અમને સોંપીને એક મોટો ઉપકાર કર્યો છે. તો અમારી અત્યાર સુધીની શ્રેષ્ઠ કળા આ કીર્તનોનાં Recordingમાં પ્રયોજવી અને કૃતાર્થ થવું.

જેવાં આ કીર્તનોનાં compositions તૈયાર થઈ ગયાં એટલે બીજી meeting માટે શાંતિદાદાએ આમંત્રણ આપ્યું ને બેસાડી દીધાં "સમન્વયમાં" - શ્રી સાહેબની office-ગુરુકક્ષમાં...! પૂ. શાંતિદાદા, પૂ. પૃથાબહેન, પૂ. ઊર્જાબહેન, પૂ. ઉત્પલભાઈ તથા પૂ. રાહુલભાઈનાં સૂચનો મુજબ સામાન્ય ફેરફાર સાથે સમગ્ર script સ્વીકારાઈ ગઈ અને શાંતિદાદાએ Recordingના શ્રી ગણેશ કરવાની આજ્ઞા આપી.

અનુપમ મિશનના હૃદયસમા સ્થાન બ્રહ્મજ્યોતિ-મોગરીમાં આ અદ્‌ભુત મંદિર નિર્માણ થઈ રહ્યું હોય, શ્રી ઠાકોરજી સ્વ-ઇચ્છાએ કરી આ સ્થાનમાં બિરાજવા આતુર છે તેવી સુરખી જ્યારે આખાય પરિસરમાં છવાઈ ચૂકી હોય, પૂ. સંતભગવંત સાહેબદાદા આ વખતે કંઈક વિશેષ કૃપા અને ઐશ્વર્યપ્રતાપથી વર્તી રહ્યા હોય, પૂ. શાંતિદાદા, પૂ. અશ્વિનદાદા, પૂ. રતિદાદા અને સંતો મંદિર નિર્માણ સાથે એકરૂપ થઈને સમગ્ર સત્સંગસમાજને પ્રેરણા આપી રહ્યા હોય ત્યારે આ કાર્યક્રમનું સંગીત પણ વિશિષ્ટ અને દૈવી થવું જોઈએ તેવો ભાવ સતત વર્તાતો.



~ અમીતભાઈ ઠક્કર
(અમદાવાદ, ભારત)

અનુપમ મિશનની સંસ્કારિતા, શાલીનતા અને દિવ્યતાને અનુરૂપ, શ્રી સાહેબજીના વ્યક્તિત્વ સાથે સુસંગત હોય તેવું સંગીત રચવા માટે પહેલાં અમે અમારો "પુરુષ પ્રયત્ન" આરંભ્યો...(હરિબળ રહિત) સાહેબને રાજી નહીં, પણ અતિ રાજી કરી લેવા છે તેવા ભાવ સાથે; પણ તેમ છતાં અમારા સંગીતના જ્ઞાનના પૂર્ણ અહંકાર સાથે કામ શરૂ કર્યું.

Priority of appreciation કંઈક આ મુજબ હતી કે, પહેલાં સાહેબ પ્રસન્ન થવા જોઈએ, પછી Show Director અને સંકળાયેલ કમિટીનાં સભ્યો, ત્યારબાદ નૃત્યમાં ભાગ લેનારી બહેનોને મઝા પડવી જોઈએ ને છેલ્લે એક-એક હરિભક્તને આનંદ થવો જોઈએ. પણ સાહેબની રીતિ કંઈક નોખી જ હોય છે તેવો દરેક વખતની જેમ આ વખતે પણ અમને અનુભવ થયો. ઉપર મુજબની priority સાવ જ reverse કરવી પડી.

અચાનક એક દિવસે પૂ. સીમાબહેનનો ફોન આવ્યો કે, જે કાંઈ સંગીત તૈયાર થયું હોય તે પૂ. સાહેબને સંભળાવવા આવતી કાલે, આપ અને દીપ્તિબહેન મોગરી પધારો. અમે તો આ ક્ષણ માટે આતુર જ હતાં, પણ ચમત્કાર શરૂ થઈ ચૂક્યા હતા. હજી ગઈ કાલે જ વિચાર્યું હતું કે, શ્રીજી મહારાજ ગઢડામાં જેમ અક્ષરઓરડીમાં નિવાસ કરતા તેમ અત્યારે પ્રગટસ્વરૂપ શ્રી સાહેબના નિવાસ-સ્થાન "ઉપાસના"નાં એકવાર દર્શન કરવા છે અને અંતર્યામીપણે પૂ. શાંતિદાદાએ અમારો આ સંકલ્પ ઝીલ્યો ને meeting, ગુરુહરિ પૂ. સાહેબના નિવાસસ્થાન "ઉપાસના"માં યોજી...!!!


સાંજે ચાર વાગે, સાહેબજીના સાંનિધ્યમાં "ઉપાસના"ના કક્ષમાં, એક પછી એક કીર્તનો જે pilot versionમાં હતાં તે અમે સાહેબને સંભળાવવાં લાગ્યાં ને સદ્‌ગુરુ પ્રેમાનંદ સ્વામી રચિત કીર્તન આવ્યું "કેસરિયા મ્હાને રાખજ્યો રાજરો ગુલામ" નખશિખ દાસત્વના ભાવથી ભર્યું અતિ ભાવુક કીર્તન ! તે કીર્તન સંભળાવ્યા બાદ, પૂ. શાંતિદાદાએ આ કીર્તનના શબ્દો મુજબ, શ્રી સાહેબજી પાસે અમારા વતી પ્રાર્થના મૂકી કે, "હે સાહેબ ! અમે સદાય આપના દાસ થઈને રહીશું. જો અમારી કાંઈ ભૂલ થઈ જાય તો આપ અમને સજા પણ કરજો." ને જવાબમાં સાહેબ નિશ્ચલભાવે કહે છે કે, "હવે તમે બધાં એવી ભૂમિકામાં છો કે ભૂલ કરતાં જ નથી, એટલે સજાનો પ્રશ્ન જ ક્યાં આવે છે !!!"

અમે જાણીએ છીએ કે, સાહેબની આ ઉદારતા, કરુણા અને અમ સૌ પ્રત્યેનું વાત્સલ્ય છે, બાકી અમારું "જીવપણું" એમ કંઈ ટળ્યું નથી પણ અમારા માટે તે અતિ સુખદ ને વિરલ દશ્ય, ચિરંજીવ બની ગયું ; કે અમારા સૌ વતી પૂ. શાંતિદાદા ગદ્‌ગદ કંઠે સાહેબજી પાસે અવિચલ કૃપા યાચે છે ને કરુણાસિંધુ સાહેબ પણ અતિ સહજતાથી આ પ્રાર્થનાને સ્વીકારે છે. આનંદના આવિર્ભાવમાં એ દિવસે શાંતિદાદાને સહજ પૂછ્યું કે, "હેં શાંતિદાદા, પ્રથમવાર તમે conference Roomમાં, પછી, તમે ગુરુકક્ષમાં બેસાડ્યાં ને આજે હવે સાહેબના નિવાસસ્થાને પહોચાડ્યાં ; તો હવેની meeting ક્યાં કરશો ?" ને શાંતિદાદાએ કહ્યું કે, "હવે તમને સાહેબના હૃદયમાં સ્થાપવાનાં છે...!!" કેવી નિર્વ્યાજ કૃપા છે શાંતિદાદાની અમારાં સૌ પર !

આખાય Recording દરમિયાન અમે કામ શરૂ થતાં પહેલાં, સંતભગવંત સાહેબજીને પ્રાર્થના કરીને દિવ્ય રૂપે studio પર પધારવા વિનંતી કરતાં ને સાહેબ - યોગીબાપા સહિત સમગ્ર મંડળે પધારતા ને આખાય દિવસનું Recording એક દિવ્ય અને આહ્‌લાદક અનુભવમાં convert થઈ જતું. Recordingમાં વગાડવા આવેલ તબલાંવાદક શ્રી હાર્દિકભાઈ, શ્રી નરેશભાઈ, વાંસળીવાદક શ્રી સંદીપભાઈ કે શરણાઈવાદક શ્રી રાજુભાઈ-સૌએ અમને કીધું કે, આ projectમાં અમને વગાડવામાં અલૌકિક આનંદ આવી રહ્યો છે ને કોઈ દિવ્ય તત્ત્વ અહીં હાજર છે જે અમારી પાસેથી વગાડાવી રહ્યું છે.

અમે ધીરે ધીરે સમજતાં થયાં કે, આ બધું કોણ કરી રહ્યું છે ને હવે અમારે "અમે" મટીને સાહેબના એક instrument તરીકે વર્તવાનું છે - તે વાત ઉપસવા માંડી હતી. Rehearsal માટે જે Track અમે પૂ. પૃથાબહેન અને પૂ. ઊર્જાબહેનને મોકલતાં, તેને તેઓ ખૂબ ઉમળકાથી સ્વીકારી લેતાં, તેમ છતાંય એ કીર્તનોની નૃત્ય-ગૂંથણીના સંદર્ભમાં એમનાં કેટલાંક સૂચનો આવ્યાં કે, જે પ્રામાણિકતાથી કહીએ તો, અમે તે સ્વીકારવા સહેજ પણ તૈયાર નહોતાં, પણ અહીં પૂ. સીમાબહેનની ધીરજ અને સુહૃદભાવના તથા ભક્તિ કામ કરી ગઈ. એમણે અમને સમજાવ્યું કે, આ processમાં involved સૌ કોઈ ભક્તોને સાહેબ ઉપર લઈ જવા માંગે છે ને આ આખીય સંગીત-યાત્રા એક સાધનારૂપ છે. તેમાં થોડાંક જાગ્રત, સમજદાર અને સુહૃદયી થઈએ તો આનંદ આવે. ત્યાર પછી તો પૂ. શાંતિદાદાએ કૃપા કરીને અમારી ગાડી પૂરજોશમાં ઊપડી.

એક સુખદ પ્રસંગ બની ગયો, પૂ. મનોજભાઈના studio પર એક કીર્તન ગાવા માટે આવવાથી. જે તત્પરતાથી અને બાળકસહજ નિર્દોષતાથી પૂ. મનોજભાઈએ સ્વરચિત કીર્તન "હાલતાં ને ચાલતાં, રસ્તે મળે જો કોઈ" ગાયું...ને અમે ધ્રૂજી ઊઠ્યાં, કે આવા સક્ષમ, સફળ અને સંનિષ્ઠ ભક્ત આટલી સાદગીથી વર્તે છે...???!!! અમને એક મોટો પદાર્થપાઠ શીખવીને, દિલ્હીથી લાવેલી special મીઠાઈ, શ્રી ઠાકોરજીને ધરાવવા આપીને પૂ. મનોજભાઈ દિલ્હી જવા વિદાય થયા. આ કીર્તનોમાં જેમણે સ્વર આપ્યો તેવા શ્રી સની શાહ, શ્રી સોનિક સુથાર, શ્રી અક્ષત પરીખ, શ્રી અરવિંદ પરમાર, શ્રી દ્યુતિ બુચ આદિ સૌ કોઈએ આ કીર્તનગાનને પોતાના જીવનનાં સૌભાગ્ય તરીકે સ્વીકાર્યાં અને સંતભગવંત સાહેબજી પ્રત્યે પોતાની ભક્તિ અને નિષ્ઠા સમર્પિત કરી. શ્રી આશિતા પ્રજાપતિ અને શ્રી ચિરાગ પટેલ તો અનુપમ મિશનનાં જ સત્સંગી કલાકારો છે, જેમણે પણ સાહેબની સેવા-ભક્તિ કરવાનો લાભ ઉત્સાહથી લીધો.



~ દીપ્તિ દેસાઈ
(અમદાવાદ, ભારત)

છેલ્લે, એક વાત તો કહેવી જ પડે તેમ છે કે, છ-સાત મહિનાનો આ આખોય process સાહેબ અને શાંતિદાદાએ અમારા આંતરિક ચારિત્ર્યના ઘડતર માટે સર્જ્યો હતો, તે વાત નક્કી છે ને સંતભગવંત સાહેબની આજ્ઞાપાલનમાં આવું અનુપમ સુખ સમાયેલું છે તેની પ્રતીતિ થઈ, એ અમારા જીવનનું પરમ સૌભાગ્ય છે !

ગુરુહરિ શ્રી સાહેબજીના અને આપ સૌના ચરણોમાં વંદન સહિત અમિત ઠક્કર અને દીપ્તિ દેસાઈના ભાવભર્યા સાદર જય સ્વામિનારાયણ !

◆

મહોત્સવ અનુભૂતિ



## હે પ્રભુ ! તારું કાર્ય, તારી રીતે, તને રાજી કરવા થાય !

શ્રી મુક્ત અક્ષર પુરુષોત્તમ મહારાજ મૂર્તિપ્રતિષ્ઠા મંદિર મહોત્સવની જય !

આપણા સહુ માટે આજીવન સ્મૃતિ સંભારણાંરૂપ મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવમાં સૌએ ભાગ લીધો. દેશ-વિદેશના અબાલ-વૃદ્ધ સૌ મુક્તોએ ભેગા મળી ગુરુવર્ય શ્રી સાહેબદાદા અને મોટેરા સંતોનો રાજીપો પ્રાપ્ત કરતી ભક્તિ અદા કરવા માટે પોતપોતાનાં કૌશલ્યનાં તન-મન-ધનથી સમર્પણ કર્યાં.

અદ્ભુત અલૌકિક પાષાણ મંદિરની નિર્માણસેવામાં રાત-દિવસ જોયા વગર લાગી પડેલા સંતો અને ભક્તોનાં દર્શન થયાં. શ્રી ઠાકોરજીની લીલારૂપ મંદિર મુક્તાર્પણતિથિની સમયની મર્યાદા અને કરવાનાં બાકી કામને, સેવાભક્તિ કરી લેવાની અદ્ભુત તક તરીકે ગામગામના સત્સંગીઓએ ઝડપી લીધી. સંતોની આગેવાની હેઠળ શ્રમયજ્ઞની હારમાળા સર્જાઈ, યુવાનોની રાત-દિવસ જોયા વગરની દેહનો કસ કાઢી નાખતી સેવાનાં દર્શન થયાં.

સાંસ્કૃતિક કાર્યક્રમો, શોભાયાત્રા, યજ્ઞ, મૂર્તિપ્રતિષ્ઠા, અને વિવિધ સભાઓનાં ઝીણવટભર્યાં આયોજન અને સુનિયોજિત સંચાલન થયાં. એટલા બધા વિવિધ કાર્યક્રમો અને વિશાળ માનવ મહેરામણ માટેની વ્યવસ્થામાં લાગેલા સહુ કાર્યકર્તા અને સ્વયંસેવકોએ તેમનાં દેહભાવ, મમત્વ, માન અને અહંકારથી પર થઈને સેવા-ભક્તિ કરી.


ગુણાતીત સત્પુરુષના સંકલ્પબળે મંદિરનિર્માણ અને મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવના નિમિત્તે સર્વે સત્સંગીઓ માટે, તેમની ઇન્દ્રિયોની ક્રિયાને ભગવાન અને ભગવાનના સંતો-ભક્તોની સેવામાં કાર્યરત કરી દઈને, તેમના અંતઃકરણની શુદ્ધિનો મહાયજ્ઞ ચાલ્યો. જે કોઈ આ કાર્યમાં યથાશક્તિ સંમિલિત થઇ ગયું છે, તે સહુએ ભગવાનના કાર્યમાં યોગદાન આપ્યાનું સુખ અનુભવ્યું છે.

જગતમાં નામના, કીર્તિ, પદ અને મોભો ધરાવતા અનેક સત્સંગીઓની નિર્માની-સમર્પિત સેવાનાં દર્શન કરનાર સૌ કોઈના અંતરમનમાં, ભગવાન અને ભગવાનના સંતના માહાત્મ્યની સમજણરૂપ ગેડ પાકી થઈ છે.

બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મની ભક્તિરૂપ આત્યંતિક કલ્યાણના માર્ગે સહુ સત્સંગી અગ્રેસર થાય તેવા શુભ સંકલ્પે, ગુરુહરિ શ્રી સાહેબદાદાએ શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજની સુવર્ણમૂર્તિના સ્થાપન દ્વારા, ગુરુભક્તિનાં દર્શન કરાવ્યાં.

ભગવાનના સંત અને ભગવાનના ભક્તમાં આત્મબુદ્ધિ અને પ્રીતિનો ભાવ થઈ જાય તે સત્સંગી અક્ષરધામનો અધિકારી થઈ જાય છે.


સત્સંગી ભક્તનું ભગવાન અને ભગવાનના સંતમાં દૃઢ જોડાણ થાય, અને શાસ્ત્રવાત-સિદ્ધાંતનું અનુસરણ કરીને એ જીવનું કલ્યાણ થાય, તે ઉદ્દેશને પોતાનું જીવનકાર્ય ગણીને જીવતા ગુણાતીત સત્પુરુષ, આવાં નિમિત્ત ઊભાં કરીને, ખૂબ જ ટૂંકી સમય-અવધિમાં એક સાથે સમૂહમાં અનેક સત્સંગી જીવોને કલ્યાણના ભોક્તા બનાવવાનું ભગીરથ કાર્ય કેવી રીતે કરે છે, તેનો અમને આ સમૈયામાં જાત અનુભવ થયો છે.



~ ઘનશ્યામ પાઠક
(અમદાવાદ, ભારત)

ભારતવર્ષમાં જન્મ, આવા ગુણાતીત સત્પુરુષનો યોગ અને સત્સંગપ્રાપ્તિ એ અમારા જીવનની શ્રેષ્ઠ ઉપલબ્ધિ છે. મનમુખી અવસ્થા ત્યજીને ગુરુમુખી જીવન થાય, અમે આ સત્પુરુષનાં તમામ સંકલ્પકાર્યોમાં "તારું કાર્ય - તારી રીતે - તને રાજી કરવા...ની સમજણ સહિત જોડાઈએ, અને અમારા જીવનસાફલ્યને પામીએ, તેવી સદ્બુદ્ધિ આપવા ગુરુવર્ય શ્રી સાહેબદાદા, શાંતિદાદા અને અશ્વિનદાદાના ચરણે પ્રાર્થના છે ! ◆

~ લિ. શ્રુતિ અને ઘનશ્યામ પાઠક.



~ શ્રુતિબહેન પાઠક
(અમદાવાદ, ભારત)

# વર્તમાનપત્રોમાં છવાયો

## શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ મૂર્તિપ્રતિષ્ઠા મંદિર મહોત્સવ

**દિવ્ય ભાસ્કર**



### મોગરી અનુપમ મિશનમાં નવા મંદિરનો પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ

સાંસ્કૃતિ કાર્યક્રમ સહિત વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા



**મોગરી પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ દરમિયાન છારા ગેંગ ઝડપાઈ**

**મધ્ય ગુજરાત સમય**

સંત ભગવંત જશભાઇ સાહેબની નિશ્રામાં બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજના પાગટ્યસ્થાન ધારી ગામે આવેલા ઘરની તૈયાર કરેલ આબેહૂબ પ્રતિકૃતિ હૃદયકુંજ અભિષેક મંડપનું મુકતાર્પણ કરાયું: સાંસ્કૃતિક રંગારંગ કાર્યક્રમથી મહોત્સવની ઉજવણીનો પ્રારંભ

### મોગરીમાં મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવનો પ્રારંભ..



**દિવ્ય કેસરી** — સમાચાર પત્ર

### અનુપમ મિશન મોગરી ખાતે સ્વામિનારાયણ મંદિરનું ભવ્ય નિર્માણ



### તપોભૂમિ બ્રહ્મજ્યોતમાં પૂ. સાહેબજીના સાનિધ્યમાં મૂર્તિપૂજા મહાયજ્ઞ યોજાયો



### પૂ. સાહેબજીના ૮૦મા પ્રાગટ્યોત્સવ પ્રસંગે શાલિન માનવરત્ન પુરસ્કાર અપાયા



### અનુપમ મિશન મોગરીમાં નૂતન ભવ્ય શિખર સંપન્ન મંદિરનું નિર્માણ સંપૂર્ણ



**કચ્છ તરંગ**

### અનુપમ મિશનમાં ભવ્ય શિખરબદ્ધ મંદિરનો શ્રી અક્ષર પુરૂષોત્તમ મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવઃ સંત ભગવંત સાહેબજીનો પ્રાગટ્યોત્સવ ઉજવાયો



**સંતભગવંત જશભાઈ સાહેબ વિદેશમાં ગુજરાતી પરીવારોની નવી પેઢીમાં સંસ્કાર સિંચન કરે છેઃ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ**

**અનુપમ મિશનમાં શ્રી અક્ષર પુરૂષોત્તમ મહારાજ મૂર્તિપ્રતિષ્ઠા મંદિર મહોત્સવ અંતર્ગત શાલીન માનવરત્ન એવોર્ડ પ્રદાન**



શુક્રવાર, તા. ૧૦-૧-૨૦૨૦ 3

### અનુપમ મિશનના સંતો સમાજમાં, સમાજ સાથે, સમાજ માટે કાર્ય કરે છે : નીતિન પટેલ

શ્રી અક્ષર પુરુષોત્તમ મહારાજ મૂર્તિ પ્રતિષ્ઠા મંદિર મહોત્સવની ઉજવણી



**ઓસ્ટ્રેલિયાના ૫૦ હરિભક્તોએ એક વર્ષ સુધી કર્યુ સંકલન**

અનુપમ મિશન મોગરી ખાતે ૭થી ૧૦ જાન્યુઆરી શ્રી અક્ષર પુરુષોત્તમ મહારાજ મૂર્તિપ્રતિષ્ઠા મંદિર મહોત્સવનું આયોજન

### મોગરીમાં ૫૦ કરોડના ખર્ચે ભવ્ય મંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ





મધ્ય ગુજરાત સમય

સંતોનો પહેરવેશ પણ સામાન્ય નાગરિક જેવો જ છેઃ નીતિન પટેલ

દિવ્ય કેસરી
DIVYA KESARI
મણીનગર – ૭,મવડી પ્લોટ,રાજકોટ
સમાચાર પત્ર
divyakesannews@gmail.com

મોગરી ખાતે અનુપમ મિશનમાં મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો.

સંદેશ

જશભાઈ સાહેબના અધ્યક્ષસ્થાને અનેક કાર્યક્રમોનું આયોજન

મોગરીમાં ૫૦ કરોડના ખર્ચે તૈયાર થયેલ મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવનો શુભારંભ

સાંસ્કૃતિક અને શાસ્ત્રોક્ત વિધિ સાથે અક્ષરપુરુષોત્તમ મહારાજની મૂર્તિ પ્રસ્થાપિત કરાશે

રવિવાર

નમસ્કાર ગુજરાત દૈનિક
૪ ૧૨-૦૧-૨૦૨૦

સંત ભગવંત સાહેબજીનો પ્રાગટ્યોત્સવ ઉજવાયો

અનુપમ મિશનમાં ભવ્ય શિખરબદ્ધ મંદિરનો શ્રી અક્ષર પુરુષોત્તમ મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ

મધ્ય ગુજરાત સમય

ગરીઃ ૮૦૦ ઉપરાંત NRI સહિત 10000 હરિભક્તો મહાયજ્ઞ-શોભાયાત્રામાં જોડાયા

કચ્છ તરંગ

our Day Festival to mark Shree Akshar Purushottam aharaj Murti Pratishtha Mandir Mahotsav in Ana

*Anoopam Mission's Laudable Efforts to spread message of Purna Purushottam Shri Sahajanand Swami in Modern times*

Shobha Manavratna Awards for serving mankind in extraordinary way for Individuals from India and Abroad

અનુપમ મિશનમાં ૭ થી ૧૦ જાન્યુ. દરમિયાન શ્રી અક્ષર પુરુષોત્તમ મહારાજ મૂર્તિપ્રતિષ્ઠા મંદિર મહોત્સવનું આયોજન : વિવિધ ઉત્સવો

મંદિરની વિશેષતાઓ

મહોત્સવની વિશેષતાઓ



# સાહેબજીની પધરામણીની ઘડીઓ રળિયામણી



**૭ નવેમ્બર, ગુરુવાર...** સવારે નડિયાદથી પધારેલ દેવાંગભાઈ પટેલ (ઈપ્કોવાલા)ને સત્કાર્યા અને ગોષ્ઠિનો આણંદ માણ્યો. બપોરે પ્રૉ. ચંદ્રકાંતભાઈને ગોષ્ઠિનો લાભ આપ્યો. સાંજે યોગીપ્રસાદમાં બ્રહ્મસ્વરૂપ કાકાજી મહારાજની સ્મૃતિમાં યોજેલ કીર્તન આરાધનામાં પધારી કીર્તન-ભક્તિનો આનંદ માણ્યો તેમજ ઉપસ્થિત ભક્તોને આશીર્વાદ પાઠવ્યા.

**૮ નવેમ્બર, શુક્રવાર...** સાંજે પારમિતા મંદિરે શ્રી ઠાકોરજી સમક્ષ અર્પણ કરેલ શાકોત્સવ નિહાળી સૌ કાર્યકર્તાઓને આશીર્વાદ પાઠવ્યા.

**૯ નવેમ્બર, શનિવાર...** બ્રહ્મજ્યોતિમાં નિવાસ કરી સ્થાનિક ભક્તોને લાભ આપ્યો.

**૧૦ નવેમ્બર, રવિવાર...** અમદાવાદથી પધારેલ રીટાબહેન ચંદારાણાને મુલાકાત-ગોષ્ઠિનો લાભ આપ્યો. સવારે આણંદમાં શ્રી સરદાર પટેલ હૉલમાં અ.નિ. શિવાની હેમંતભાઈ ભટ્ટની પ્રાર્થનાસભામાં પધારી મંત્રપુષ્પાંજલિ અર્પણ કરી સૌ માટે પ્રાર્થનાઓ કરી પરિવારજનોને સાંત્વન પૂરું પાડ્યું. બ્રહ્મજ્યોતિમાં નૂતન મંદિરના નિર્માણકાર્ય માટે યોજેલ શ્રમયજ્ઞમાં પધારેલ સૌ કાર્યકર્તાઓને આશીર્વાદ પાઠવી તેઓની સેવા-ભક્તિને બિરદાવી પ્રસન્નતા વરસાવી. સાંજે નૂતન મંદિર સાઈટ પર પધારી સૌ કાર્યકર્તાઓને આશીર્વાદ પાઠવ્યા.

**૧૧ નવેમ્બર, સોમવાર...** વહેલી સવારની ફ્લાઈટમાં વડોદરાથી મુંબઈ પધાર્યા. ઍરપૉર્ટ ઉપર જગતભાઈ તથા મુંબઈ મંડળના ભક્તોએ સત્કાર્યા. ઍરપૉર્ટથી કનુભાઈ ગાંધી-જ્યોતિબહેનના ઘરે પધારી સૌને ગોષ્ઠિનો લાભ આપ્યો. સાંજે ખારઘર મંદિરે પધાર્યા, જ્યાં મુંબઈ મંડળના ભક્તોએ બૅન્ડવાજાં સાથે શોભાયાત્રા કરીને સત્કાર્યા. મંદિરે શ્રી ઠાકોરજીનાં દર્શન કરી, શાકોત્સવમાં પધારી આશીર્વાદ આપ્યા. સાંજે ખારઘર મંદિરની સામે નિવાસ કરતાં હસમુખભાઈ-હર્ષાબહેનના ઘરે પધરામણી કરી આશીર્વાદ પાઠવ્યા તેમજ રાત્રિરોકાણ કર્યું.

**૧૨ નવેમ્બર, મંગળવાર...** સવારે જાણીતા ગાયક કલાકાર શ્રી અભિજિત ઘોષાલને મુલાકાત આપી અને તેઓએ ગાયેલ 'આજ મારે ઓરડે રે...' પદ માટે બિરદાવ્યા. શ્રી ઠાકોરજી સમક્ષ ધરાવેલ અન્નકૂટોત્સવનાં દર્શન-પ્રાર્થના કરી સૌના ભાવ શ્રી ઠાકોરજીને પહોંચાડ્યા. અન્નકૂટ આરતી અર્પણ કરી સૌને આશીર્વાદ પાઠવ્યા. સાંજે ખારઘરમાં અરવિંદભાઈ બિલ્ડરના ઘરે પધરામણી કરી પવઈ મંદિરે યોજેલ શાકોત્સવમાં પધારી સભામાં સૌને આશીર્વાદ અર્પણ કર્યા. પવઈમાં મદનભાઈ-ઉમાબહેનના ઘરે, રીટાબહેન-રવિભાઈના ઘરે તથા મહેન્દ્રભાઈ પઢિયાર-રંજનબહેનના ઘરે પધરામણી કરી પરિવારના સૌ મુક્તોને આશીર્વાદ પાઠવ્યા. રાત્રિરોકાણ પાર્લા જગતભાઈના ઘરે કર્યું.

**૧૩ નવેમ્બર, બુધવાર...** સવારે જગતભાઈ-ચારુબહેનના ઘરે મંગલપૂજામાં ઉપસ્થિત સૌ ભક્તોને આશીર્વાદ આપ્યા. પાર્લામાં રતીન્દ્રભાઈ-ગીતાબહેનના ઘરે પધરામણી કરી. પૂ. ત્રંબકદાદાની ફરસાણ અને સ્વીટની દુકાનમાં તથા નૂતન કારખાને પધરામણી કરી આશીર્વાદ પાઠવ્યા. જગતભાઈની ઑફિસે પધરામણી કરી. બપોરે નીતાબહેન-અશોકભાઈના ઘરે પધારી સૌ ભક્તોને આશીર્વાદ પાઠવ્યા. મિતેશભાઈ-ચેતનાબહેન, દીપકભાઈ, ભરતભાઈ-રૂપલબહેન, નિખિલભાઈ-પ્રીતિબહેનના ઘરે પધરામણી કરી સૌને આશીર્વાદ પાઠવ્યા. S.M.V.S. સ્વામિનારાયણ મંદિરે શ્રી ઠાકોરજીનાં દર્શન કરી સ્થાનિક કાર્યકર્તાઓ સાથે ગોષ્ઠિ કરી. દેવેનભાઈ-જયશ્રીબહેનના ઘરે મોડી રાત્રે પધારી સ્થાનિક ભક્તોને સત્સંગલાભ આપી રાત્રિરોકાણ કર્યું.

**૧૪ નવેમ્બર, ગુરુવાર...** સવારે મંગલપૂજામાં પધારેલ સૌને આશીર્વાદ પાઠવ્યા. મૂકેશભાઈ-મોનાબહેનના ઘરે પધારેલ સૌને સત્સંગનું સુખ આપ્યું. ભાવનાબહેન-નતાશા-મનુબહેનના ઘરે પધરામણી કરી. તેઓના પડોશમાં નિવાસ કરતા સૌ ભક્તોને સત્સંગનું સુખ આપ્યું. બપોરે પારસભાઈ-હર્ષાબહેનના ઘરે પધાર્યા. સાંજે પાર્લામાં ત્રંબકદાદા-

સમતાબાના ઘરે પધારી સભામાં મુંબઈ મંડળના ભક્તોને આશીર્વાદ પાઠવ્યા. સભામાં ભાગવત વિદ્યાપીઠ-સોલાથી પધારેલ પૂ. ભાગવતઋષિજીને સત્કાર્યા. હિતેનભાઈ શાહ (ગટ્ટુભાઈ)ને ગોષ્ઠિનો લાભ આપ્યો.

**૧૫ નવેમ્બર શુક્રવાર...** સવારે ત્રંબકદાદા-સમતાબાના ઘરે મંગલપૂજામાં ઉપસ્થિત સૌને આશીર્વાદ પાઠવ્યા બાદ ફ્લાઈટમાં રાજકોટ પ્રતિ પ્રયાણ કર્યું. ઍરપોર્ટ લૉન્જમાં ગૌર ગોપાલદાસ અને સુશ્રી હેમા માલિની (MP)ને મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવનું નિમંત્રણ આપ્યું. બપોરે રાજકોટ ઍરપૉર્ટ ઉપર વ્રતધારી સંત ભાઈઓ, મુકુંદભાઈ અને સ્થાનિક મંડળના મુક્તોએ સત્કાર્યા. ઍરપૉર્ટથી મુકુંદભાઈ-ધર્મિષ્ઠાબહેનના ઘરે પધાર્યા. સાંજે ગોંડલ અક્ષર મંદિરે દર્શનાર્થે પધારી અક્ષરદેરીમાં તથા 'યોગીસ્મૃતિ' મંદિરમાં ધૂન-પ્રાર્થના અને પ્રદક્ષિણા કરી. જેતપુરથી પધારેલ પ્રતિભાબહેન-પ્રવીણભાઈને આશીર્વાદ પાઠવ્યા. સુરેશભાઈ કથરોટિયાના ઘરે યોજેલ સભામાં રાજકોટ મંડળના મુક્તોને આશીર્વાદ પાઠવ્યા.

**૧૬ નવેમ્બર, શનિવાર...** સવારે રાજકોટથી નીકળી અમદાવાદમાં શ્રી પ્રવીણભાઈ કોટકના ઘરે પધારી તેઓના ઘરમંદિરે ધૂન-પ્રાર્થના કરી ગોષ્ઠિનો લાભ આપ્યો. ચિ. ધવલને લગ્ન નિમિત્તે આશીર્વાદ પાઠવ્યા. 'યુનિટી'માં પધરામણી કરી સૌને દર્શન-સમાગમનું સુખ આપ્યું. ઉપાસનાધામ મંદિરે શ્રી ઠાકોરજીનાં દર્શન કરી મીટિંગમાં પધાર્યા. સાંજે અતુલભાઈ લેખડિયાના જન્મદિન નિમિત્તે સભામાં સ્મૃતિભેટ સાથે આશીર્વાદ પાઠવ્યા. નૂતન મંદિરના ઠાકોરજી માટે જ્યાં સિંહાસન તૈયાર થઈ રહ્યા છે ત્યાં પધારી સઘળાં કાર્ય નિહાળી ખૂબ રાજી થઈ સંતોષ વ્યક્ત કર્યો. બ્રહ્મજ્યોતિમાં પધારીને યોગી વિદ્યાપીઠમાં યોજેલ મીટિંગમાં સૌ કાર્યકર્તાઓને આશીર્વાદ આપ્યા. મીટિંગ બાદ સમન્વયમાં દિલ્હીથી પધારેલ પૂ. આનંદીદીદી અને સંત બહેનો આદિ ઉપસ્થિત અનેક ભક્તોને ગોષ્ઠિનો લાભ આપી બ્રહ્માનંદ કરાવ્યો.

**૧૭ નવેમ્બર, રવિવાર...** સવારે નૂતન મંદિરે યોજેલ શ્રમયજ્ઞમાં પધારી સેવાનો લાભ લઈ ગુણાતીત જ્યોતમાં યોજેલ પ.પૂ. જ્યોતિબહેનના ૮૫મા પ્રાગટ્યપર્વની સભામાં પધારી તેઓના મહિમાની અદ્‌ભુત વાતો કરી આશીર્વાદ પાઠવ્યા. આણંદ જિલ્લાના સાંસદ મિતેશભાઈ પટેલ (બકાભાઈ) દર્શનાર્થે પધાર્યા ત્યારે સત્સંગનો લાભ આપ્યો. વડોદરાથી દર્શનાર્થે પધારેલ આશિષભાઈ-વર્ષાબહેન તથા પરિવારનાં સૌ સભ્યોને આશીર્વાદ આપ્યા. દિલ્હી પરત પધારતાં પૂ. આનંદીદીદી અને સંત બહેનોને વિદાયવેળાએ આશીર્વાદ પાઠવ્યા.

**૧૮ નવેમ્બર, સોમવાર...** યુ.કે.થી પધારેલ સંજયભાઈ ટેલર-ચંદાબહેનને સત્કારી આશીર્વાદ પાઠવ્યા. વ્રતધારી સંત પૂ. રાજુભાઈ ડેનાં માતુશ્રી પૂ. બેલાબહેન ડે તથા પરિવારજનોને સત્કાર્યાં.

**૧૯ નવેમ્બર, મંગળવાર...** સવારે યુ.એસ.એ.થી પધારેલ મિલનકુમાર-અમિતાબહેનને સત્કાર્યાં. સાંજે વડોદરામાં ઊર્મિલભાઈ-મીનલબહેનના ઘરે પધરામણી કરી. સુરેન્દ્રભાઈ (ધર્મજ) ધામમાં ગયા હોવાથી દીકરા આશિષને મળી સાંત્વન પૂરું પાડ્યું. આશિષભાઈ-વર્ષાબહેનના ઘરે પધરામણી કરી પરિવારજનોને સત્સંગનું સુખ આપ્યું.

**૨૦ નવેમ્બર, બુધવાર...** સવારે વડતાલ રોડ ઉપર આવેલ 'ત્રિવેણી લૅન્ડમાર્ક'માં શાંતિમામાના ઘરે પધરામણી કરી સૌ પરિવારજનોને આશીર્વાદ પાઠવ્યા. ત્યારબાદ વડતાલ મંદિરે દર્શનાર્થે પધારી ધૂન-પ્રાર્થના કરી. સ્થાનિક સંતોનાં દર્શન કર્યાં. બારીન્દ્રભાઈ-બિંદુબાના ઘરે પધરામણી કરી ઉપસ્થિત સૌ ભક્તોને આનંદ કરાવ્યો. સાંજે અનુપમસ્વજન જિતુભાઈ પોપટના ૭૩મા જન્મદિન નિમિત્તે તથા સતીશભાઈ ચતવાણીના વિદાય-મિલન નિમિત્તે યોજેલ સભામાં આશીર્વાદ પાઠવ્યા. 'ઉપાસના'માં સતીશભાઈને મોડી રાત્રિ સુધી ગોષ્ઠિનો લાભ આપ્યો તથા તેઓએ અમદાવાદ ઍરપૉર્ટ પ્રતિ પ્રયાણ કર્યું તે પહેલાં વિદાયની શુભેચ્છા અને આશીર્વાદ પાઠવ્યાં.

**૨૧ નવેમ્બર, ગુરુવાર...** મિલન-ગૌરાંગ રાધનપરા (સિડની-ઑસ્ટ્રેલિયા)ની દીકરી હેતસ્વિનીને આશીર્વાદ પાઠવ્યા. વડોદરાથી પધારેલ ચિરાગભાઈને સત્કારી ગોષ્ઠિનો લાભ આપ્યો. બપોરે યોગીપ્રસાદમાં તથા સ્ટોર પાસે મહાયજ્ઞ તેમજ ડેકોરેશનની સેવામાં વ્યસ્ત સૌ કાર્યકર્તાઓને આશીર્વાદ પાઠવ્યા. સાંજે નડિયાદથી સપરિવાર પધારેલ દેવાંગભાઈ ઈપ્કોવાલાને મુલાકાત આપી ગોષ્ઠિનો લાભ આપ્યો.

**૨૨ નવેમ્બર, શુક્રવાર...** સવારે યુ.એસ.એ.થી સુનિતાબહેન, પીયૂષભાઈ-ભાવનાબહેન તેમજ મુંબઈથી ત્રંબકદાદા-સમતાબા પધાર્યાં તે સૌને સત્કારી આશીર્વાદ

પાઠવ્યા. બપોરે ઇન્દોરથી પધારેલ સંજયભાઈ–નિમિશાબહેનને સત્કાર્યાં.

**૨૩ નવેમ્બર, શનિવાર...** સવારે યુ.એસ.એ. એલનટાઉન મંદિરે નિવાસ કરતા વ્રતધારી સંત પૂ. અરવિંદભાઈ પધાર્યા, તેઓને સત્કાર્યા. સવારે નીકળી બપોરે મોરબી પધાર્યા. સ્થાનિક ભક્તોના સ્વાગતના ભાવ ઝીલી કાનજીભાઈ અંબાણી–ભાનુબહેનના ઘરે પધાર્યા. સાંજે વસંતભાઈ રાજકોટિયાના ફાર્મમાં પધરામણી કરી પરિવારજનોને આશીર્વાદ પાઠવ્યા. મહેશભાઈ–જાગૃતિબહેનના નિર્માણ થઈ રહેલ નૂતન આવાસમાં પધારી પુષ્પવૃષ્ટિ કરી આશીર્વાદ પાઠવ્યા. સંતોષભાઈના સર્જન ફાર્મ ઉપર પધરામણી કરી જગદીશભાઈ અંબાણીના તૈયાર થઈ રહેલ ફ્લેટમાં પધરામણી કરી, બાદ નિષ્ઠાવાન ભક્તરાજ કનુભાઈ ભટાસણાની દીકરી ચિ. કૃતિ–ચિ. યશનાં લગ્નપ્રસંગે પધારી નવદંપતીને સર્વાંગી સુખદ જીવન માટે આશીર્વાદ પાઠવ્યા. સૌને ગોષ્ઠિનો લાભ આપી મોડી રાત્રે આરામમાં પધાર્યા.

**૨૪ નવેમ્બર, રવિવાર...** સવારે કાનજીભાઈ–ભાનુબહેનના નિવાસસ્થાને મંગલપૂજામાં ઉપસ્થિત સ્થાનિક ભક્તોને આશીર્વાદ પાઠવ્યા. વિનુભાઈ રૂપાલા, મહેશભાઈ અંબાણીના ઘરે પધરામણી કરી. મહેશભાઈના ઘરે સાંસદ અને ભૂતપૂર્વ મંત્રીશ્રી મોહનભાઈ કુંડારિયાને ગોષ્ઠિનો લાભ આપ્યો. કાનજીભાઈની નૂતન ફૅક્ટરીમાં પધારી આશીર્વાદ પાઠવી બપોરે આશિષભાઈ–કિરણબહેનના ઘરે પધરામણી કરી. સાંજે ભરતભાઈ પાંચોટિયા, અનિલભાઈ સીતાપરા, વિપુલભાઈ ડઢાણિયાના ઘરે પધરામણી કરી આશીર્વાદ પાઠવ્યા. કાનજીભાઈના પ્લૉટમાં પુષ્પવૃષ્ટિ કરી કે.ડી. પંડસુબિયા, ભરતભાઈ કાલાવાડિયા, સુનીલભાઈ બારૈયા, દિલીપભાઈ ગામી, શૈલેશભાઈ ગામી આદિ મુક્તોના ઘરે પધરામણી કરી આશીર્વાદ પાઠવ્યા.

**૨૫ નવેમ્બર, સોમવાર...** સવારે મંગલપૂજામાં સ્થાનિક ભક્તોને આશીર્વાદ પાઠવ્યા. નવદંપતી ચિ. કૃતિ–ચિ. યશના ઘરે પધરામણી કરી સૌ પરિવારજનોને આશીર્વાદ પાઠવ્યા. કનુભાઈ ભટાસણાના ઘરે પધરામણી કરી સૌને આશીર્વાદ પાઠવ્યા. નાનીવાવડીમાં અનુપમ મિશન સંચાલિત શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ મંદિરના પાટોત્સવ પ્રસંગે પધારી મહાપૂજા બાદ મૂર્તિઓનું પૂજન કરી આરતી ઉતારી તથા સૌ ભક્તોને આશીર્વાદ પાઠવ્યા. સંજયભાઈ ફૂલતરિયાના ઘરે તથા કાનજીભાઈના ઘરે પધરામણી કરી. જયેશભાઈ રૂપાલા (નાની વાવડી)ની ફૅક્ટરીમાં પધરામણી કરી બ્રહ્મજ્યોતિ પ્રતિ પ્રયાણ કર્યું.

**૨૬ નવેમ્બર, મંગળવાર...** સવારે મુંબઈથી પધારેલ જાણીતા ગાયક કલાકાર શ્રી અભિજિત ઘોષાલને સત્કારી આશીર્વાદ પાઠવ્યા. રાત્રે પારમિતા મંદિરે શ્રી અભિજિત ઘોષાલ દ્વારા પ્રસ્તુત કીર્તનભક્તિના કાર્યક્રમમાં પધારી, સાંભળીને આનંદ માણ્યો તેમજ આશીર્વાદ પાઠવી તેઓની ભક્તિને બિરદાવી.

**૨૭ નવેમ્બર, બુધવાર...** બ્રહ્મજ્યોતિમાં નિવાસ કરી સ્થાનિક ભક્તોને લાભ આપ્યો.

**૨૮ નવેમ્બર, ગુરુવાર...** સવારે આણંદમાં રમેશભાઈ મોદી–કોમલબહેનના ઘરે પધરામણી કરી પરિવારજનોને આશીર્વાદ પાઠવ્યા. બપોરે યુ.એસ.એ.થી પધારેલ અલકાબહેનને સત્કાર્યાં. સાંજે કરમસદમાં વૈષ્ણવાચાર્ય ગોસ્વામી ૧૦૮ શ્રી વ્રજરાજકુમારજી મહોદયશ્રીના મુખેથી 'શ્રીનાથ ચરિત્રામૃત કથા'નું પાન કરી ધન્યતા અનુભવી તથા ઉપસ્થિત સૌ વૈષ્ણવભક્તોને આશીર્વાદ પાઠવ્યા.

**૨૯ નવેમ્બર, શુક્રવાર...** સવારે યુ.એસ.એ.થી પધારેલ મહેન્દ્રભાઈ રાય–કુસુમબહેનને સત્કાર્યાં. સાંજે મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ ઉપક્રમે યોજેલ કીર્તન આરાધનામાં પધારી કીર્તનભક્તિનો આનંદ માણ્યો તેમજ ઉપસ્થિત ભક્તોને આશીર્વાદ પાઠવ્યા. શાપુરજી–ભાનુબહેનના ઘરે પધરામણી કરી આશીર્વાદ આપ્યા.

**૩૦ નવેમ્બર, શનિવાર...** સાંજે નૂતન મંદિરના નિર્માણકાર્યની સેવા નિહાળી સૌ કાર્યકર્તાઓને આશીર્વાદ પાઠવ્યા. સિડની ઑસ્ટ્રેલિયાથી પધારેલ જાસ્મિન–શીતલને સત્કારી આશીર્વાદ પાઠવ્યા. યોગીપ્રસાદમાં પધારી સેવા કરતા સૌ ભક્તોને આશીર્વાદ પાઠવ્યા. વચનામૃત દ્વિશતાબ્દીના મંગલ દિન નિમિત્તે રાત્રિસભામાં તેની ઉજવણી કરી ઉપસ્થિત સૌ ભક્તોને આશીર્વાદ પાઠવ્યા.

**૧ ડિસેમ્બર, રવિવાર...** ડૉ. હેમંતભાઈ–બિંદિયાબહેનની દીકરી અ.નિ. શિવાની ભટ્ટની પ્રથમ માસિક પુણ્યતિથિ નિમિત્તે યોજેલ મહાપૂજામાં પધારી માતા–પિતા તેમજ ઉપસ્થિત પરિવારજનોને આશીર્વાદ પાઠવ્યા. નૂતન મંદિર નિર્માણ

નિમિત્તે યોજેલ શ્રમયજ્ઞમાં સમગ્ર સત્સંગસમાજમાંથી પધારેલ ભક્તોને આશીર્વાદ પાઠવ્યા. યુ.કે.થી પધારેલ દર્શનાબહેન ઠક્કરને સત્કાર્યાં. મૂર્તિપ્રતિષ્ઠા મંદિર મહોત્સવનાં યુ.કે.માં નિર્માણ પામેલ નિમંત્રણકાર્ડનાં પૂજન કરી કાર્ડ નિર્માણની સેવા કરનાર મુક્તો ઉપર પ્રસન્નતા વરસાવી.

**૨ ડિસેમ્બર, સોમવાર...** સવારે યુ.એસ.એ.થી આવેલ નિરાલીને સત્કાર્યાં. વલ્લભવિદ્યાનગરમાં ભાઈકાકાના સ્ટેચ્યૂ પાસે નિર્માણ થઈ રહેલ 'ઇપ્કોવાળા કૉમ્પલેક્સ'માં યોજેલ યજ્ઞમાં પધારી આશીર્વાદ પાઠવ્યા. આ પ્રસંગે જામનગરથી દેવીદાસ બાપુ તેમજ અનેક સંતો-ભક્તો પધાર્યા હતા.

**૩ ડિસેમ્બર, મંગળવાર...** સવારે નરોડામાં મહેશભાઈ-ભાવનાબહેનના સુપુત્ર ચિ. અવનીશ-ચિ. ધરતીનાં લગ્ન બાદ તેઓના નૂતન આવાસમાં યોજેલ મહાપૂજામાં પધારી આશીર્વાદ પાઠવ્યા. શાહીબાગમાં વ્રતધારી સંત પૂ. ગૌતમભાઈ સંઘવીના ઘરે પધારી પ્રાગટ્યદિને આશીર્વાદ પાઠવ્યા. નૂતન મંદિર મૂર્તિપ્રતિષ્ઠા નિમિત્તે વડોદરામાં યોજેલ કીર્તન આરાધનામાં પધારી કીર્તન-ભક્તિનો આનંદ માણ્યો તથા ઉપસ્થિત સૌ ભક્તોને આશીર્વાદ પાઠવ્યા.

**૪ ડિસેમ્બર, બુધવાર...** સવારે પારમિતા મંદિરે મૂર્તિપ્રતિષ્ઠા મંદિર મહોત્સવના એક દિવસીય નિમંત્રણ કાર્ડનું પૂજન કરી આશીર્વાદ પાઠવ્યા. શિકાગોથી પધારેલ મંજુમાસી, અશોકભાઈ અને જ્યોતિબહેનને સત્કાર્યાં. સાંજે નડિયાદમાં શ્રી દેવાંગભાઈ ઇપ્કોવાલાના 'હિમાંશુ' બંગલામાં યોજેલ સંતસંમેલન તેમજ નૂતન ઑફિસના લોકાર્પણ પ્રસંગે પધારી આશીર્વાદ પાઠવ્યા.

**૫ ડિસેમ્બર, ગુરુવાર...** સવારે યુ.એસ.એ.થી પધારેલ પારુલબહેન અને યુ.કે.થી પધારેલ મંદાબહેનને સત્કાર્યાં.

**૬ ડિસેમ્બર, શુક્રવાર...** સવારે અનુપમ મિશન-યુ.એસ.એ.ના ઉપપ્રમુખ ડૉ. જિતુભાઈ પટેલ તેમજ રીટાબહેનને સત્કાર્યાં. યોગી વિદ્યાપીઠમાં મોગરી ગામના અગ્રણી મુક્તોની યોજેલ મીટિંગમાં પધારી સૌને માર્ગદર્શન તેમજ આશીર્વાદ પાઠવ્યાં. અમદાવાદથી દર્શનાર્થે પધારેલ ચિ. અવનિશ-ચિ. ધરતીને તેમજ કલ્પેશભાઈ વ્યાસ-અમીબહેનને આશિષ પાઠવી. કૅનેડા નિવાસી રાજુભાઈ-કૌશિકાબહેનની દીકરી ક્રિશ્નાને સત્કાર્યાં. વડોદરાથી નિગમસાહેબ તથા તેઓના અ.નિ. સુપુત્ર સર્વેશ્વરની પત્ની રિતુ અને બંને દીકરીઓને સત્કારી આશીર્વાદ પાઠવ્યા.

**૭ ડિસેમ્બર, શનિવાર...** સવારે યુ.એસ.એ.થી પધારેલ મીનાબહેન-રમણભાઈને સત્કાર્યાં. સાંજે બ્રહ્મસ્વરૂપ કાકાજી મહારાજની સ્મૃતિમાં યોજેલ કીર્તન આરાધનામાં પધારી કીર્તન ભક્તિનો આનંદ માણ્યો તથા ઉપસ્થિત દેશ-વિદેશના સૌ ભક્તોને આશીર્વાદ પાઠવ્યા.

**૮ ડિસેમ્બર, રવિવાર...** સમગ્ર સત્સંગસમાજમાંથી નૂતન મંદિરના નિર્માણકાર્યની સેવામાં પધારેલ અનેક ભક્તોને આશીર્વાદ પાઠવ્યા. આણંદના પ્રતિષ્ઠિત આંખના ડૉક્ટર, અનુપમસ્વજન ડૉ. બિપિનભાઈના સ્નેહ ફાર્મમાં તેઓની લગ્નતિથિ નિમિત્તે યોજેલ મહાપૂજામાં પધારી આશીર્વાદ પાઠવ્યા. રાત્રે ચિખોદરામાં આણંદ જિલ્લાના સાંસદ શ્રી મિતેશભાઈની દીકરીનાં લગ્નપ્રસંગે પધારી નવદંપતીને આશીર્વાદ પાઠવ્યા.

**૯ ડિસેમ્બર, સોમવાર...** યુ.કે.થી પધારેલ કાંતિભાઈ પોપટ-ઇન્દુબાને સત્કાર્યાં તેમજ દર્શન-સમાગમનું સુખ આપ્યું.

**૧૦ ડિસેમ્બર, મંગળવાર...** વહેલી સવારે યુ.એસ.એ.થી પધારેલ બકીબહેન, મોનિકાબહેન તથા પૃથાબહેનને સત્કાર્યાં.

**૧૧ ડિસેમ્બર, બુધવાર...** યુ.એસ.એ.થી પધારેલ મૂળ અમદાવાદ નિવાસી કોમલ ઓઝા તથા પરિવારને સત્કાર્યાં.

**૧૨ ડિસેમ્બર, ગુરુવાર...** નૂતન મંદિરમાં શિખરના નિર્માણકાર્યના પ્રારંભે સૌ સંતો-ભક્તો સાથે મંદિરના પ્રથમ મજલા પર પધારી પૂજન-ધૂન-પ્રાર્થના કર્યાં.

**૧૩ ડિસેમ્બર, શુક્રવાર...** સવારે વિદેશથી પધારેલ સૌ ભક્તોને નિજ આવાસ 'ઉપાસના'માં સત્કારી સત્સંગનું સુખ આપ્યું. બપોરે યુ.કે.-ઇસ્ટ લંડનથી પધારેલ રાજેશભાઈ-મયૂરીબહેનને સત્કાર્યાં. રાત્રે બ્રહ્મજ્યોતિમાં યોગીકૃપા નજીક નિર્માણ પામેલ નૂતન સ્ટોરના આંગણે યોજેલ સભામાં પધારી સૌને આશિષ પાઠવી બ્રહ્માનંદ કરાવ્યો. મોડી રાત્રે યોગી વિદ્યાપીઠ પધારી મૂર્તિપ્રતિષ્ઠા મંદિર મહોત્સવનાં નિમંત્રણ કાર્ડની સેવામાં વ્યસ્ત વિદેશના હરિભક્તોને પ્રસન્નતા આશિષ પાઠવી.

**૧૪ ડિસેમ્બર, શનિવાર...** સવારે 'નયા પડકાર' ન્યૂઝપેપરના લેખક શ્રી જશવંતભાઈ રાવલને સત્કારી ગોષ્ઠિનો લાભ આપ્યો.

ચારુતર વિદ્યામંડળ (CVM)ના ૭૫મા સ્થાપનાદિન પ્રસંગે તેમજ ચારુતર વિદ્યામંડળ સંસ્થાએ વિશાળ યુનિવર્સિટીનું સ્વરૂપ ધારણ કર્યું તેના લોકાર્પણ પ્રસંગે પધાર્યા. ભારત દેશના ઉપરાષ્ટ્રપતિ માનનીય શ્રી વેંક્યા નાયડુ સાથે મુલાકાત થઈ. આ પ્રસંગમાં હાજર રહી ધન્યતા અનુભવી.

**૧૫ ડિસેમ્બર, રવિવાર...** સિડની-ઑસ્ટ્રેલિયાનાં દીપકભાઈ-સોનલબહેન તેમજ પૅરિસનાં રીનાબહેનને સત્કાર્યાં. સાંજે પેટલાદમાં નૂતન મંદિર મૂર્તિપ્રતિષ્ઠા નિમિત્તે યોજેલ કીર્તન આરાધનામાં પધારી કીર્તન-ભક્તિનો લાભ લઈ આશીર્વાદ આપ્યા.

**૧૬ ડિસેમ્બર, સોમવાર...** સવારે હરિધામ પધારી નૂતન મંદિર મહોત્સવનું નિમંત્રણકાર્ડ પ.પૂ. હરિપ્રસાદ સ્વામીજીને અર્પણ કરી આશીર્વાદ પ્રાપ્ત કર્યા. સોખડા ગામે નિજ પ્રાગટ્યસ્થાને સંતો-ભક્તો સાથે પધારી ત્યાં નિવાસ કરતાં ઘનશ્યામભાઈ તથા પરિવારજનોને આશીર્વાદ પાઠવ્યા. ગામમાં અરવિંદભાઈ, રાજુભાઈના ઘરે પધરામણી કરી સૌને આનંદ અપાવ્યો.

**૧૭ ડિસેમ્બર, મંગળવાર...** બ્રહ્મજ્યોતિમાં નિવાસ કરી સ્થાનિક ભક્તોને લાભ આપ્યો.

**૧૮ ડિસેમ્બર, બુધવાર...** સવારે હરિધામ સોખડાથી પધારેલ પૂ. પ્રેમસ્વરૂપ સ્વામીને મુલાકાત આપી. રોહિતભાઈ, સુરેશભાઈ આદિ મુક્તોને સત્કાર્યા તેમજ ગોષ્ઠિનો લાભ આપ્યો. USAથી પધારેલ ભાઈ મિહિર તથા યુવાનોને સત્કાર્યા. UK નિવાસી વિજયભાઈ ઠક્કરના ૬૦મા જન્મદિનની ઉજવણી પ્રસંગે આશિષ પાઠવી. બ્રિસબેનમાં નિવાસ કરતાં નીલેશભાઈ - નીલમબહેન તથા પરિવારના સૌ મુક્તોને આશિષ પાઠવી.

**૧૯ ડિસેમ્બર, ગુરુવાર...** સવારે કૅનેડાથી પધારેલ દીપકભાઈ દાણી તથા દીકરી નેવીને સત્કાર્યાં. આણંદના ડૉ. હેમંતભાઈ ભટ્ટ, ચરોતર આરોગ્ય મંડળના ચૅરમૅનશ્રી અતુલભાઈ પટેલ તથા જાગૃતભાઈ ભટ્ટને સત્કારી ગોષ્ઠિનો લાભ આપ્યો. 'યોગી તીર્થ'માં નિર્માણ પામી રહેલ નૂતન મંદિરની મૂર્તિઓનાં દર્શન કરવા પધારી માર્ગદર્શન આપ્યાં. સાંજે પામોલમાં જયેશભાઈના સુપુત્રનાં લગ્નમાં પધારી નવદંપતીને આશીર્વાદ પાઠવ્યા.

**૨૦ ડિસેમ્બર, શુક્રવાર...** કૅનેડાથી પધારેલ ચંદ્રકાંતભાઈ (સી.પી.) તથા USAથી પધારેલ સ્મિતાબહેનનાં પરિવારજનોને સત્કાર્યાં. આણંદ ઍગ્રિકલ્ચર યુનિવર્સિટીના ભૂતપૂર્વ કુલપતિશ્રી ડૉ. એન. સી. પટેલને ગોષ્ઠિનો લાભ આપ્યો. સાંજે નીલેશભાઈ ઠાકરે તથા આણંદ જિલ્લાના કલેક્ટરશ્રી ગોહિલ સાહેબને સત્કારી ગોષ્ઠિનો લાભ આપ્યો.

**૨૧ ડિસેમ્બર, શનિવાર...** UKમાં અભ્યાસ કરી પરત આવેલ સુરતની દીકરી રાજવી સુખડિયાને સત્કારી આશીર્વાદ આપ્યા. અ.નિ. પ.પૂ. અક્ષરવિહારી સ્વામીજીના પાર્થિવ દેહને બ્રહ્મજ્યોતિમાં સૌનાં દર્શનાર્થે લાવ્યા ત્યારે સૌએ પુષ્પાંજલિ અર્પણ કરી. લૉસ ઍન્જલસ-USA તથા કાઠમંડુ-નેપાળના આશ્રમનાં સંત બહેનોને મુલાકાત આપી સત્સંગ-ગોષ્ઠિનો અદ્‌ભુત લાભ આપ્યો. મુંબઈથી પધારેલ અનુપમસ્વજન હિતેશભાઈ દવે અને પરિવારજનોને આશિષ પાઠવી. શમશાબાદનિવાસી રીટાબહેન-રાકેશભાઈને સત્કારી ગોષ્ઠિનો લાભ આપ્યો. વલ્લભવિદ્યાનગરનિવાસી અમૃતભાઈ-ભગવતીબહેનના ઘર આંગણે મૂર્તિપ્રતિષ્ઠા મંદિર મહોત્સવ નિમિત્તે યોજેલ કીર્તન આરાધનામાં પધારી કીર્તનભક્તિનો આનંદ માણ્યો તથા ઉપસ્થિત સૌ ભક્તોને આશીર્વાદ આપી સૌ કલાકારોની ભક્તિને બિરદાવી.

**૨૨ ડિસેમ્બર, રવિવાર...** UKથી પધારેલ નયનભાઈ-કાજલબહેન તેમજ અમદાવાદથી પધારેલ પ્રશાંતભાઈ, પ્રદીપભાઈ પોપટ અને પરિવારને ગોષ્ઠિનો લાભ આપ્યો. સાંજે સાંકરદામાં પ.પૂ. અક્ષરવિહારી સ્વામીજીના પાર્થિવદેહની અગ્નિસંસ્કારવિધિમાં પધારી દર્શન-પ્રાર્થના કર્યાં. પ.પૂ. હરિપ્રસાદ સ્વામી, પ.પૂ. ગુરુજી, પ.પૂ. નિર્મળ સ્વામીજી આદિ સૌ સ્વરૂપોના સાંનિધ્યે પ.પૂ. નિષ્કામજીવન સ્વામી (ગુરુજી)ને સાંકરદા મંદિરે પ.પૂ. અક્ષરવિહારી સ્વામીજીના ઉત્તરાધિકારી તરીકે સ્થાપિત કર્યા.

**૨૩ ડિસેમ્બર, સોમવાર...** વી.પી. સાયન્સ કૉલેજના પ્રિન્સિપાલશ્રી ડૉ. ભાવેશભાઈ પટેલને મુલાકાત આપી ગોષ્ઠિનો લાભ આપ્યો. મૂળ રૂવા ગામ અને હાલ USAનાં શ્રી વિજયભાઈ-જયશ્રીબહેનને સત્કાર્યાં. નડિયાદ ચંદન જ્વેલર્સના શ્રી શૈલેશભાઈને ગોષ્ઠિનો લાભ આપ્યો. ન્યૂઝીલૅન્ડનાં અમિતાબહેનને તથા ડૉ. બિપિનભાઈ-કુંદનબહેનને લગ્નતિથિ નિમિત્તે આશિષ પાઠવી. બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજની સ્મૃતિમાં યોજેલ કીર્તન આરાધનામાં

પધારી કિર્તન-ભક્તિનો આનંદ માણી મોટી સંખ્યામાં પધારેલ સ્થાનિક તેમજ NRI ભક્તોને આશિષ પાઠવી. આ પ્રસંગે અનુપમ સૂરવૃંદે પ.પૂ. શાસ્ત્રીજી મહારાજ દ્વારા રચિત શિખરબદ્ધ મંદિરોનાં નિર્માણની ગાથા પ્રસ્તુત કરી, તે સૌ મુક્તોની ભક્તિને બિરદાવી આશિષ પાઠવી. આ પ્રસંગે ગુણાતીત જ્યોતમાંથી મોટી સંખ્યામાં સંતબહેનો પધાર્યાં.

**૨૪ ડિસેમ્બર, મંગળવાર...** શ્રી ઠાકોરજીના વાઘા તેમજ શણગાર સંબંધી સેવા બદલ સૌ કાર્યકર્તાઓને આશિષ પાઠવી. હરિધામ-સોખડાથી પધારેલ સંતોને ગોષ્ઠિનો લાભ આપ્યો. મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તે સાંજે ધર્મજમાં યોજેલ કીર્તનસંધ્યામાં પધારી કીર્તન-ભક્તિનો આનંદ માણ્યો તેમજ મોટી સંખ્યામાં ઉપસ્થિત ભક્તોને આશિષ પાઠવી. ફરસુભાઈ-દીપકબહેન તથા સુપુત્ર બિરજુના દાખડા તેમજ ભક્તિને બિરદાવી આશિષ પાઠવી. ફરસુભાઈના ઘરે પધરામણી કરી સમગ્ર પરિવાર પર પ્રસન્નતા વરસાવી.

**૨૫ ડિસેમ્બર, બુધવાર...** રાત્રે એલનટાઉન મંદિર-USAથી પધારેલ સદ્‌ગુરુ સંત પ.પૂ. બેરિસ્ટર સાહેબ તથા પૂ. નરેન્દ્રભાઈ (દરબાર)ને સત્કારી, રૂબરૂ મળ્યાનો આનંદ માણ્યો.

**૨૬ ડિસેમ્બર, ગુરુવાર...** સવારે NRI ભક્તો માટે નિર્માણ કરેલ અલ્પાહાર ગૃહમાં પધારી ઉપસ્થિત સૌ ભક્તોને બ્રહ્માનંદ સાથે ગોષ્ઠિનો આનંદ કરાવ્યો. પારમિતા મંદિરે વિદેશથી પધારેલ અનેક ભક્તોને સત્કારી સત્સંગનો આનંદ કરાવ્યો. અમિતભાઈ ઠક્કર, દીપ્તિબહેન દેસાઈને ગોષ્ઠિનો લાભ આપ્યો. સાંજે USAથી પધારેલ પૂ. જયેશભાઈ શાહને સત્કાર્યા.

**૨૭ ડિસેમ્બર, શુક્રવાર...** સવારે USAથી પધારેલ ભરતભાઈ-ભગવતીબહેન-વિશ્વા-દ્રુપદ તેમજ ઑસ્ટ્રેલિયા સિડનીથી પધારેલ આશિષ-આરતી તથા પરિવારજનોને સત્કાર્યાં. સાંજે કરમસદનાં પારુલબહેન તથા કનુભાઈના ઘરે પધરામણી કરી પરિવારના મુક્તોને સાંનિધ્યનું સુખ આપ્યું.

**૨૮ ડિસેમ્બર, શનિવાર...** સવારે USAથી મોટી સંખ્યામાં મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવનો લાભ લેવા પધારેલ ભક્તોને સત્કાર્યા. સાંજે UKથી પધારેલ દિનેશભાઈ સંઘરાજકાને તેમજ USAથી પધારેલ સંદીપભાઈ-શિલ્પાબહેન આદિ મુક્તોને સત્કાર્યાં. વડતાલ પદયાત્રાની પૂર્વરાત્રિએ પારમિતા મંદિરમાં યોજેલ સભામાં પધારી સૌ અક્ષરમુક્તોને આશિષ પાઠવી. વિશેષ વડતાલ પદયાત્રા તેમજ વડતાલ તીર્થધામનું માહાત્મ્યગાન કર્યું.

**૨૯ ડિસેમ્બર, રવિવાર...** વહેલી સવારે વડતાલ મંદિરે પધારી શ્રી હરિકૃષ્ણ મહારાજનાં દર્શન-પ્રાર્થના કરી, ખૂબ મોટી સંખ્યામાં પધારેલ પદયાત્રીઓની સભામાં પધારી સૌની ભક્તિને બિરદાવી. આ પ્રસંગે ગુરુસભાના યુવકો હરમિત અને હાર્દિકે અદ્‌ભુત માહાત્મ્યગાન કર્યાં, તેઓને તેમજ વિશેષ સમગ્ર ગુરુસભાની પ્રવૃત્તિના માર્ગદર્શક સંત પૂ. પરેશભાઈ-પૂ. યજ્ઞેશભાઈ ઉપર અત્યંત પ્રસન્નતા વરસાવી. સાંજે દાવોલમાં નરેન્દ્રભાઈ-જ્યોત્સનાબહેનના યજમાનપદે તેઓના ઘરઆંગણે યોજેલ કીર્તન આરાધનામાં પધારી કીર્તન-ભક્તિનો આનંદ માણી ઉપસ્થિત ભક્તોને આશિષ પાઠવી.

**30 ડિસેમ્બર, સોમવાર...** સવારે 'ઉપાસના'માં દેશ-વિદેશથી પધારેલ ભક્તોને મુલાકાત-ગોષ્ઠિનો લાભ આપ્યો. USAથી પધારેલ ડૉ. તેજેનભાઈ-પારુલબહેન-કૃણાલ-સેજલને સત્કાર્યાં. બ્રિસબેનનાં દીપ્તિબહેન શાહને આશીર્વાદ પાઠવ્યા. નૂતન મંદિર માટે તૈયાર થઈ રહેલ મૂર્તિઓનાં દર્શને પધારી કલાકાર દીકરી રીનાને આશિષ પાઠવી.

**3૧ ડિસેમ્બર, મંગળવાર...** સવારે USAથી પધારેલ ચિ. ઋષિતા-ચિ. અંકિતને, UKથી પધારેલ સૂર્યકાંતભાઈ અને દીકરી કલ્પનાબહેનને આશીર્વાદ પાઠવ્યા. સાંજે 'યોગીજી સર્કલ' પર પધારી લોકાર્પણના કાર્યક્રમ અંગે ગોષ્ઠિ કરી. મિલનકુમાર-અમિતાબહેનની દીકરી ચિ. પૃથા પરત USA જતી હોવાથી તેને વિદાયવેળાએ આશિષ પાઠવી. કરમસદમાં શ્રી કૃષ્ણ હૉસ્પિટલમાં સારવાર લઈ રહેલા કાંતિભાઈ પોપટના સ્વાસ્થ્યલાભ માટે મળવા પધારી તેઓના નિરામય સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરી.

**૧ જાન્યુઆરી, બુધવાર...** નૂતનવર્ષની મંગલ પ્રભાતે પારમિતા મંદિરે શ્રી ઠાકોરજીને આરતી અર્પણ કરી ઉપસ્થિત સૌ ભક્તોને આશિષ પાઠવી. NRI ભક્તોની સાથે અલ્પાહાર કરી સાથે સત્સંગ-ગોષ્ઠિનો અદ્‌ભુત આનંદ કરાવ્યો.

**૨ જાન્યુઆરી, ગુરુવાર...** નૂતન મંદિરમાં શ્રી ઠાકોરજીની મૂર્તિ સ્થાપનના સ્થાને મંત્રપોથી પધરાવવાની વિધિ સંપન્ન કરી. સાંજે લૉસ ઍન્જલસનાં ભાવિનભાઈ-કામિનીબહેનને સત્કારી આશીર્વાદ પાઠવ્યા.

**૩ જાન્યુઆરી, શુક્રવાર...** વડોદરામાં આત્મીય યુવા મહોત્સવમાં પધારી ઉપસ્થિત ખૂબ મોટી સંખ્યામાં ભક્તોને આશિષ પાઠવી. સાંજે વડોદરાનિવાસી અ.નિ. ગોવિંદભાઈની માસિક પુણ્યતિથિ નિમિત્તે અલકાપુરી ક્લબમાં યોજેલ કીર્તન-ભક્તિનો આનંદ માણી ઉપસ્થિત સૌ ભક્તોને આશિષ પાઠવી.

**૪ જાન્યુઆરી, શનિવાર...** સવારે આત્મીય યુવા મહોત્સવમાં પધાર્યા. સાંજે અનુપમસ્વજન તપનભાઈ-ઉમાબહેનની ફૅક્ટરી BST સાયોનાના પ્રાંગણમાં નૂતન મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા નિમિત્તે યોજેલ ૮૦મી કીર્તનસંધ્યામાં પધારી કીર્તન-ભક્તિનો આનંદ માણી ઉપસ્થિત સ્થાનિક તેમજ NRI ભક્તોને અદ્‌ભુત આશીર્વાદ આપ્યા.

**૫ જાન્યુઆરી, રવિવાર...** સવારે UKથી પધારેલ પૂ. હિંમત સ્વામી તેમજ મોટી સંખ્યામાં UKના ભક્તોને સત્કાર્યા. બપોરે અમદાવાદથી પધારેલ પ.પૂ. અધ્યાત્માનંદજી સ્વામીજીને સત્કાર્યા. પર્થ ઑસ્ટ્રેલિયાથી પધારેલ રોહન-જલ્પા-દેવને સત્કાર્યા. રાત્રે રિચમંડથી આવેલ પૂર્વીબહેનને સત્કાર્યા. સાંજે બ્રહ્મજ્યોતિમાં બચતકુંભથી રચિત 'સેવા-સ્મૃતિ મંદિર'નું ઉદ્‌ઘાટન કર્યું.

**૬ જાન્યુઆરી, સોમવાર...** સવારે પારમિતા મંદિરે નૂતન સાધકોને પ્રાથમિક દીક્ષા અર્પણવિધિમાં પધારી આશિષ પાઠવી. આ પ્રસંગે પ.પૂ. મુકુંદજીવન સ્વામી (ગુરુજી), પ.પૂ. આનંદીદીદી, સંત બહેનો, ભક્તો પધાર્યાં. ફ્લૉરિડા-યુ.એસ.એ.નાં નીલેશભાઈ-મંજુબહેને નૂતન મંદિરના શ્રી ઠાકોરજી માટે કલાત્મક સોનાનો હાર અર્પણ કર્યો તે નિહાળી તેઓ તથા સૌ પરિવારજનો ઉપર પ્રસન્નતા વરસાવી. ડૉ. તેજેનભાઈ-પારુલબહેન, કનુભાઈ ગાંધી-જ્યોતિબહેન અને દીકરી શીતલ આદિ મુક્તોને સત્કાર્યાં. દર્શનાર્થે પધારેલ આણંદ જિલ્લાના DSP શ્રી મકરંદભાઈ ચૌહાણને મુલાકાત-ગોષ્ઠિનો લાભ આપ્યો. રાત્રે યોગીપ્રસાદમાં હૈદરાબાદનાં સંજયભાઈ સરાફ-સ્વાતિબહેન-દીકરા ચિ. અંકિતને આશીર્વાદ પાઠવ્યા.

**૭ જાન્યુઆરી, મંગળવાર...** બપોરે બ્રહ્મજ્યોતિના મુખ્ય દ્વાર પાસે શ્રી ઠાકોરજીનું પૂજન કરી, મોટી સંખ્યામાં રંગીન ફુગ્ગાઓને ગગનમાં મુક્ત કરી સમગ્ર મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ પરિસરનું ઉદ્‌ઘાટન કર્યું. આ પ્રસંગે ગુણાતીત સમાજની બધી પાંખના સંતો-ભક્તો ઉપસ્થિત હતા. બ્રહ્મજ્યોતિના દ્વારથી મંદિરના દ્વાર સુધીની સ્વાગતયાત્રામાં યુવાનો દ્વારા વિવિધ નૃત્ય દ્વારા ભાવાર્પણ થયા. ધ્વજ ફરકાવી, ધ્વજવંદન કરી મંદિર પરિસરના દ્વારનું ઉદ્‌ઘાટન થયું. ત્યારબાદ બ્રહ્મજ્યોતિમાં નિર્માણ પામેલ વિવિધ પ્રકલ્પોનાં સંતો અને સંત બહેનો દ્વારા મુક્તાર્પણ થયાં. મહોત્સવ પ્રારંભે નૂતન મંદિરના પ્રાંગણમાં વિવિધ પ્રદેશની યુવતીઓ દ્વારા રજૂ થયેલ 'નવધાભક્તિ' વંદના સાંસ્કૃતિક કાર્યક્રમ અને અંતે પ્રસ્તુત આયોજનબદ્ધ આતશબાજીથી સૌ મંત્રમુગ્ધ થયાં. સમગ્ર કાર્યક્રમ નિહાળી સૌ કલાકાર મુક્તોની ભક્તિને બિરદાવી આશીર્વાદ આપ્યા.

**૮ જાન્યુઆરી, બુધવાર...** સવારે મંદિરજી માહાત્મ્યદર્શન સભામાં પધારી અનેક સંતો-ભક્તોનાં પ્રવચનો સાંભળીને અંતે ઉપસ્થિત સૌ ભક્તોને આશીર્વાદ પાઠવ્યા. સાંજે સભામાં સમાજનાં રત્નોને 'શાલીનમાનવરત્ન' સન્માન અર્પણ કરી, સૌ મહાનુભાવોનાં અભિવાદન કરી આશીર્વાદ પાઠવ્યા.

**૯ જાન્યુઆરી, ગુરુવાર...** મંગલ પ્રભાતે મૂર્તિપ્રતિષ્ઠા યજ્ઞ સંપન્ન થયો. ૧૨૮૫થી વધારે યુગલો યજમાનપદે બિરાજ્યાં. સૌ યજમાનોને તેમજ ઉપસ્થિત ભક્તોને આશીર્વાદ પાઠવ્યા. બપોરે વલ્લભવિદ્યાનગર યુનિવર્સિટીની પ્રસાદીની હૉસ્ટેલ કે જ્યાં પ્રથમ મંદિરનો પ્રારંભ થયો હતો, ત્યાં પધારી ગુરુસભાના યુવકો દ્વારા પ્રસ્તુત સાંસ્કૃતિક કાર્યક્રમ નિહાળ્યો તેમજ પ્રસાદીની મંદિરવાળી રૂમમાં ધૂન કરી. ત્યાંથી ગુરુસભાના યુવાનો દ્વારા આયોજિત ખૂબ વિશાળ શોભાયાત્રામાં ખુલ્લા રથમાં બિરાજી, સૌનાં અભિવાદન ઝીલીને સૌ પર આશીર્વાદ વરસાવતાં બ્રહ્મજ્યોતિ પધાર્યા. સાંજે પ.પૂ. અધ્યાત્માનંદ સ્વામીને વિદાયવેળાએ સ્મૃતિભેટ અર્પણ કરી. પારમિતા મંદિરમાં શ્રી ઠાકોરજી સમક્ષ અંતિમ આરતી અર્પણ કરી પ્રાર્થનાઓ કરી. રાત્રે મૂર્તિઓના ઉત્થાપન પૂર્વે મૂર્તિઓનાં પૂજન કર્યાં. અનુપમ સૂરવૃંદ ઉપરાંત નામાંકિત કલાકાર મુક્તોએ ભજનો ગાઈ સૌને ભક્તિનો આનંદ અપાવ્યો. આ પ્રસંગે દિલ્હીથી પધારેલ પ.પૂ. ગુરુજી-મુકુંદજીવન સ્વામીજી, પૂ. આનંદીદીદી અને સંતો-ભક્તો ઉપસ્થિત હતાં ત્યારે પધારી ભક્તિનો આનંદ માણ્યો. વિશેષ, કરમસદની દીકરી કિંજલ સુખડિયાએ પેઇન્ટિંગ દ્વારા અદ્‌ભુત મૂર્તિ તૈયાર કરીને અર્પણ કરી, તેને સ્વીકારી અંતરથી ખૂબ આશિષ પાઠવી.

**૧૦ જાન્યુઆરી, શુક્રવાર...** મંગલ પ્રભાતે નૂતન મંદિરમાં શ્રી ધામ-ધામી-મુક્ત અને સૌ સ્વરૂપોની મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠાવિધિ સંપન્ન કરી. મુંબઈથી પધારેલ જાણીતા કથાકારશ્રી ભૂપેન્દ્રભાઈ પંડ્યાને સત્કાર્યા. દીક્ષાવિધિ બાદ તેઓના ૮૦મા પ્રાગટ્યપર્વની સભામાં પધારી ઉપસ્થિત સૌ સંતો-ભક્તોને આશીર્વાદ પાઠવ્યા. સભામાં નૂતન વ્રતધારી સંત ભાઈઓને વિધિવત દીક્ષા અર્પણ કરી. આ પ્રસંગે પધારેલ પ.પૂ. હરિપ્રસાદ સ્વામીજીને સત્કારી આશિષ પ્રાપ્ત કરી.

**૧૧ જાન્યુઆરી, શનિવાર...** સાંજે વિદાય વેળાએ લૉસ ઍન્જલસનિવાસી ભાવિનભાઈ-કામિનીબહેનને આશીર્વાદ પાઠવ્યા. મોગરી ગામના રામજી મંદિરના મહંતશ્રીને સત્કારી અભિવાદન કર્યું. અનુપમસ્વજન યોગેન્દ્રભાઈના 'નિજાનંદ રિસોર્ટ'માં યોજેલ ઊંધિયાના તેમજ સંગીતના કાર્યક્રમમાં પધારી સૌ ભક્તો સાથે બ્રહ્માનંદ કર્યો.

**૧૨ જાન્યુઆરી, રવિવાર...** સવારે નૂતન મંદિરમાં યુ.એસ.એ.નિવાસી મીનેશભાઈ-પ્રેરણાબહેનની સુપુત્રી ચિ. ઋષિતા-ચિ. અંકિતના વિવાહની મહાપૂજામાં પધારી આશીર્વાદ પાઠવ્યા. સાંજે નૂતન મંદિરના પ્રાંગણમાં સૌ વ્રતધારી સંત ભાઈઓ સાથે યોજેલ ફોટોસેશનમાં પધાર્યા.

**૧૩ જાન્યુઆરી, સોમવાર...** સાંજે ચરોતર ઍજ્યુકેશન સોસાયટી સંચાલિત ડી.એન. હાઇસ્કૂલમાં યોજેલ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સંમેલન તેમજ વિદ્યાગુરુ પૂ. વિઠ્ઠલકાકાના ૧૦૧મા જન્મદિનની ઉજવણીના કાર્યક્રમમાં પધારી પૂ. વિઠ્ઠલકાકાના માહાત્મ્યની અદ્‌ભુત વાતો કરી સૌને આશીર્વાદ પાઠવ્યા. રાત્રે ચિખોદરા ડૉ. રમણભાઈના સ્વાસ્થ્યલાભ માટે મળવા પધારી તેઓના નિરામય સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરી.

**૧૪ જાન્યુઆરી, મંગળવાર...** યુ.એસ.એ.-પિયોરિયા નિવાસી મનુભાઈ-સુધાબહેન પાટીદારને વિદાયવેળાએ આશીર્વાદ પાઠવ્યા અને નૂતન મંદિરના શ્રી ઠાકોરજી માટે અર્પણ કરેલ ભેટનો સ્વીકાર કર્યો. નૂતન મંદિરમાં રાત્રિસભામાં વિદેશ પરત પધારતા ભક્તોને વિદાય આપી તથા તેઓની સેવા-ભક્તિને બિરદાવી પ્રસન્નતા વ્યક્ત કરી.

**૧૫ જાન્યુઆરી, બુધવાર...** પ્રાતઃપૂજામાં યુ.એસ.એ. નિવાસી ભક્તરાજ બિમલભાઈ શેઠ-પૂજાબહેન, દિનેશભાઈ-અલકાબહેન, જિતુભાઈ-મનીષાબહેન આદિ મુક્તોએ સત્સંગલાભ લીધો. બપોરે કરમસદમાં વિજયભાઈ-દર્શનાબહેનના ઘરે પધરામણી કરી પરિવારજનોને સત્સંગનું સુખ આપ્યું. સાંજે બ્રહ્મજ્યોતિમાં નૈમિષારણ્ય-સી બ્લૉકની અગાશી ઉપર ભક્તો સાથે પધારી સૌને બ્રહ્માનંદ કરાવ્યો. રાત્રે વલ્લભવિદ્યાનગરમાં રાજુભાઈ-પૂર્વીબહેનના ઘરે પધરામણી કરી ઉપસ્થિત સૌ ભક્તોને આનંદ કરાવ્યો.

**૧૬ જાન્યુઆરી, ગુરુવાર...** સવારે નૂતન મંદિરમાં શ્રી ઠાકોરજી સમક્ષ યોજેલ મહાપૂજામાં પધારી ડૉ. જિતુભાઈ-રીટાબહેન, બિમલભાઈ શેઠ-પૂજાબહેનને આશીર્વાદ પાઠવ્યા. સાંજે કરમસદનિવાસી પારુલબહેન-અ.નિ. વ્રજેશભાઈના સુપુત્ર શ્રીનીલ-ખુશ્બૂના દીકરા 'વ્રજ'ની ચૌલક્રિયા નિમિત્તે યોજેલ મહાપૂજામાં પધારી મોટી સંખ્યામાં ઉપસ્થિત ભક્તોને આશીર્વાદ પાઠવ્યા. રાત્રિસભામાં પૂ. હિંમત સ્વામી, પૂ. વિજયકુમાર આદિ ભક્તોને વિદાયની શુભેચ્છા અને આશીર્વાદ પાઠવ્યાં.

**૧૭ જાન્યુઆરી, શુક્રવાર...** નૂતન મંદિર માટે સતત દોઢ માસની સેવા બાદ મુંબઈ પરત પધારતાં યોગેશભાઈ-ભાવનાબહેન પઢિયાર ઉપર પ્રસન્નતા વરસાવી આશીર્વાદ પાઠવ્યા. ફિઝિયોથૅરાપિસ્ટ દીકરી ચિ. ભક્તિ-ચિ. વિરલનાં લગ્નમાં પધારી નવદંપતીને આશીર્વાદ પાઠવ્યા.

**૧૮ જાન્યુઆરી, શનિવાર...** સવારે વલ્લભવિદ્યાનગરમાં પૂ. ભાઈકાકાનાં પૌત્રી માયાબહેનના સ્વાસ્થ્યલાભ માટે મળવા પધારી નિરામય સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરી. સવારે ઑસ્ટ્રેલિયાનાં વિપુલભાઈ-હિનાબહેન, નીલેશભાઈ-નીલમબહેન આદિને મુલાકાત આપી આશીર્વાદ પાઠવ્યા. યુ.કે. નિવાસી વર્તનભાઈ સાથે યોજેલ મીટિંગમાં પધાર્યા. રાત્રે બૅન્ગ્લૉર નિવાસી કૌશિકભાઈ-દિવ્યાબહેનની દીકરી ચિ. દૌલતનાં લગ્નપ્રસંગે આણંદ પધારી નવદંપતીને આશીર્વાદ પાઠવ્યા. જિટોડિયામાં મોગરીનિવાસી દશરથભાઈ રાણા-મીનાબહેનની દીકરી ચિ. પલકનાં લગ્નપ્રસંગે પધારી નવદંપતીને આશીર્વાદ પાઠવ્યા.

**૧૯ જાન્યુઆરી, રવિવાર...** સવારે ઇથોપિયા પરત પધારતાં શ્રીનીલ-ખુશ્બૂ-વ્રજને વિદાયવેળાએ આશીર્વાદ પાઠવ્યા. સવારે 'ઉપાસના'માં ગુરુસભાના યુવાનોને સભામાં આશીર્વાદ આપ્યા. બપોરે દર્શનાર્થે પધારેલ હર્ષદભાઈ ઝીંઝુવાડિયાને મુલાકાત-ગોષ્ઠિનો લાભ આપ્યો. ◆





Divine Discourses of Sant Bhagwant Sahebji

# Spiritual Essence

Shri Akshar Purushottam Murti Pratishtha Mandir Mahotsav &
Sant Bhagwant P. P. Sahebji's 80th Pragatyadin Maha-Sabha on
Friday, 10 January 2020, Brahmajyoti, Mogri

*Original Discourse in Gujarati Transcreated by : Bhavisha Tailor*

**Today** in the new mandir, the *praan-pratishtha*[1] of the *murtis* took place. Truly, for all the devotees, all who have done *seva*, all those who have donated, for all of you totally surrendered *ekantik* devotees, I have no words to thank you. With all due respect, we have honoured a few such devotees, but it would be fitting to honour you all, from the smallest to the eldest, that is how great you all are! With God's grace, the wholehearted support that we received from you has made this all possible.

Truly, from something small we have gradually ended developing such a large project, and such a beautiful mandir has been created. All of you must be in a rush to get home, but it is my prayer that you go only after having *darshan* of the *murtis.* Because of the monsoon, the work got delayed by 2 to 3 months. The contractors asked for an extension of a few months so they could finish the work, but Ashvinbhai, Shantibhai and Santo wished for the *Pratishtha* to happen on Poshi Poonam. And so today, with the mandir being only 50% complete, the *aarti* of the deities took place at the hands of Hariprasad Swamiji, and through all the Santo, Guruji, Ashvinbhai, Shantibhai, Dinkarbhai, Bharatbhai, Nirmal Swami, Ratikaka, Dilip, Vasu... the *Praan-Pratishtha* of the *murtis* took place.

Shri Thakorji's *murtis* are so beautiful, that you would wish to keep looking at them. Our Kanubhai – Chartered Accountant, came into the satsang through association with our Rajubhai Dey, Ashvinbhai and Hetenbhai. He was not interested in devotion, but now this has changed. He and Jyotiba both came into the satsang. Jyotiba and Binaba were devoted from the start. But today Kanubhai came to me and said, 'For the first time in my life, I have had *darshan* of these *murtis* and something has happened to me.' Think about it! That is how exceptional these *murtis* are!

Also beautiful model villages of Chhapaiya-dham and Dhari-dham have been created. The birth-place of Yogiji Maharaj, the house in which he was born – that auspicious, providential house has also been built and replicated here and the *abhishek-murti* of Shri Harikrushna Maharaj has been placed within. Also the *Samadhi-sthaan* of Sonaba and Kakaji; with God's grace, with their grace and Pappaji's grace, we have had the great fortune of having their final resting place at Brahmajyoti. This *Samadhi-sthaan* has also been made anew, and beautiful *murtis* have been placed there.

[1] **The ceremonial consecration of the deities, whereby life is instilled in the image.**

All of these projects do not happen by themselves. All of us Santo have left our homes; we have God with us and we wander with nothing in our pockets. But to bring all of these huge projects to realization, I salute those devotees, I bow to those devotees who in the various stages of development have given *seva* from Rs1 to hundreds of millions of rupees. Some have given garlands of gold for Thakorji, whereas others have given priceless necklaces and today we have *darshan* of Thakorji in attire made of gold. Truly one must have *darshan* of this.

I am going to share with you all, something that is confidential, never mind even though it is getting late. When we started the mandir, Ashvinbhai was in the USA. The mandir project got finalized. The contractor put forward a huge budget, and so I went to see our Rajubhai. Even I felt the budget was too large. A 25 to 35 crore project is very large for Anoopam Mission. So I went to see Rajubhai and I said, 'these papers have come.' When Ashvinbhai is here, I have no need to look at money matters at all. Would you believe it? You may not even imagine, but I have never seen the accounts and have no idea how much money has come into Anoopam Mission, or how much has gone out. But because Ashvinbhai was not here, I went to see Raju to ask, 'how are we with this?' Raju told me, 'Yes a copy of those papers have come to me too.' I said, 'the contractors are coming today and we want to give the contract and finalise everything. The contractors are going to meet with the Executive Committee and the Construction Committee, so I came to see you about what we should do.' Without saying a word, Raju put his head in my lap and started to cry uncontrollably, saying, 'how will we ever be able to do this? We don't have anything.' I was astounded and seeing him, I too had tears in my eyes. He was telling the truth, so there was nothing to reply with, so I lovingly stroked his head and his chest and did dhun. Then I went downstairs to the Committee meeting. But while I was coming down the stairs, I was filled with so much faith, because if this beloved sadhu of Bapa's is so shaken from within, then God will be shaken, and He will not allow there to be any shortage of funds! So I went into the meeting and without asking the Contractor anything, I said, 'Start the work right away; we want to make this mandir.' The Contractor said, 'it will be done.' And would you believe it – all those sitting here, the devotees from here and abroad, especially those from America, England, Australia, Canada and India have really in terms of finance, not allowed Anoopam Mission - Raju to have any trouble whatsoever. And you will have all seen, that Raju too in the midst of such a big project is going about so lightly and carefree. Not only that, but the project cost increased to 55 to 60 crores! Truly hats off to these devotees!

Today I have to remember our Govind. It was his dream, and he had said to me, 'Saheb, make it an A-1 mandir.' He didn't just say that, but behind him, his brother Shankarbhai, and the sons, Ashish, Anoopam and Harsh have not only given so much financial *seva,* that one is not even able to count this but they have also joined in the physical seva; have gone to China and procured the necessary things. If you were to look at Varsha, Hetal and Bhagyeshree – the wives of the three sons – they have all gone out of their way; what can we not do for the mandir! They have carried out their devotion with this deep sentiment.

Vijaykumar and Darshanaben too, have truly stayed with us from the very foundations and in all the work, they have financially and physically done so much *seva;* and the two sons, Ronak and Rakesh too. A year ago, our car broke down – so it went to the garage and I had to travel at that time. It was after our Govindbhai had passed to Akshardham and our Shantibhai spoke to them, so they sent a brand new Audi and said, 'please use this.' It was Varsha's birthday and when they called to take blessings from Shantibhai, she said, 'We do not want to take this car back, please keep it there.' We already had a car, but it was in the garage. Vijaykumar too found out the car was in the garage and so he arranged for five to seven different Mercedes, five to seven different Range Rovers to be brought to the Mission for test-driving. I said, 'Until this mandir project is not over, please do not buy any new car or anything for me; so forgive me.' So today when the mandir is done, after the *Pratishtha*, he placed the keys of the brand new Volvo at the lotus feet of the *Murti*. Hats off to the devotion

of such bhakto, our heads are bowed to your devotion. In Thakorji's gold attire, 1.5 kg gold has been used; have a look – they had them made by Purva, and Satishbhai had a beautiful necklace made, which Thakorji is adorned with today.

Whether you take our Trambakbhai and the Padhiar brothers, or you take those individuals who have been honoured today. Dr. Jitubhai and Bimal Sheth – give so much *seva* to Allentown mandir, but there is not a single project in India that has been completed without their *seva*. Without making any calculations whatsoever and without expecting any praise or recognition, they so freely give their monetary *seva*. Instead all of these bhakto say, please do not mention our name; please do not honour us. But Bhagwan Swaminarayan and Yogiji Maharaj would not be pleased with us if we did not honour you. It is to offer our devotion to them, that we honour you! Jitubhai and Bimal Sheth both gave so much *seva* for the Vemar mandir, they did the same for the Amdavad mandir, gave so much *seva* for the Allentown mandir and even for this mandir, they have given so much *seva*. Each devotee is such that we want to bow to each one, and if we were to describe each devotee, we would be here till the evening; but we do not want to do this, and do not want you to perform even more austerity than you already have. Truly, every devotee from the very smallest to the biggest have given their *seva*.

For this mandir, every Sunday, up to 300 youths would come from different mandals and perform physical seva. The girls have gone out and gathered newspapers and other unwanted recyclable goods and raised money that way. Whoever gave such goods, the five to fifty rupees raised from that would count as their *seva,* or some would give cash directly from five to one hundred rupees. You will be astonished to know that the boys had gone from house to house and distributed more than 4000 donation boxes – from which they raised 70 lakh rupees! And the girls through the recyclable goods collection, raised 40 to 50 lakh rupees! Just think about it! Even the little ones were onto this! And so for this mandir, from the youngest right through to the eldest – everyone has joined and this mandir has therefore been created from all of their devotion. That is why everyone feels, 'this mandir is ours!' That is why the *murtis* are so joyously showering their blessings upon us.

Whoever has given their seva in whichever way, physically, financially, spiritually – through the mind, through the soul; today we pray to Shri Thakorji that, 'O Lord! May you bless their *seva* by returning it to them exponentially multiplied. But together with this, as Hariprasad Swami said, may you bless them with great *dassatva-bhav*[2] and devotion. In their lives and within their whole family may a harmony arise; through *samp – suhrad-bhav* and *ekta*[3] may they all together come to enjoy the bliss of Akshardham – that is our prayer for them all!

Today the Murti Pratishtha event was truly special. Yesterday a wonderful rally took place. At the beginning of the procession, Hariprasad Swami was going to come, so preparations had been made in that way, and so the youths performed wonderful dances along the way on the road. After that, the girls gave a devotional programme bringing tears to everyone's eyes. Yesterday under the guidance of our Yagnesh – Paresh – Shreyas, in the rally that took place – 10,000 devotees took part, and there were floats too.

In 1964, Yogiji Maharaj gave us the *aagna*[4] to set up a mandir in Room number 14 of our hostel. Yogi Bapa was such a divine being that whatever we have, and whatever is happening now – if we were to look from our side, we have really done nothing at all. If I were to tell you the real truth, totally openly, then this sabha is of Akshardham! Remember, everyone says, that Saheb followed Yogiji Maharaj's ever single *aagna*. No, it wasn't like that; I am telling the truth. The *mahima*[5] you all have right now, the devotion with which you carry out *aagna,* the *seva* you are doing with complete surrender – we have not done. And yet, He has given us so much, and for you who have done so much, God will completely bathe you – that is how much He will give!

---

[2] **Complete surrender and servitude. One who lives for God and whose life is for God.**

[3] **Unity, spiritual harmony and oneness.**

[4] **Any instruction given by God or Guru, which is always for our spiritual benefit.**

[5] **Understanding of the greatness and glory of God, Santo and devotees.**

We were drawn by Yogi Bapa's love, and were nurtured by Hariprasad Swamiji – as Prabhudas, by Kakaji and Pappaji, and with that we received the support of all of you devotees and as a result all of this work has happened, otherwise it would not have been possible! And if one were to ask truthfully, it was not in our capacity at all. It was with Bhagwan Swaminarayan's grace that we got such a Guru in our lives, and the support of such devotees as you, and that is the reason this has all happened and is happening.

Bapa had said, start a mandir in Room no. 14. And so I came and told Ashvinbhai, Shantibhai, Ratibhai, Sanandbhai, Poonambhai, Harshad, V.S. – told all these friends, that this is Bapa's wish. Just think about it; it was Yogiji Maharaj's *aagna* and all of these youths – did not stop to think, they immediately set to work and made Room no. 14 a mandir overnight. The next day we had our *murti pratishtha.* We did not have any invitation cards to print. We had decided on the time of 10.00am. And would you believe? We had not imagined in our wildest dreams, but at 9.45am, Pramukh Swami came and he performed the *pratishtha aarti.* He said, 'I came to meet you all.' It can be said that Bapa sent him! It is from that Room no. 14 that the rally started. Bapa had given us the *aagna* to perform daily morning and evening *aarti*, read the 'Vachanamrut' and 'Swamini Vaato' daily, and to sleep after *niyam-chesta*. Because of his love, we were able to eagerly follow his *aagna*; and so he gave us the association of Kakaji. Through that association we came to the resolution to live our lives for Bapa, and Bapa was pleased. Through Kakaji's *aagna*, we then came to live in the association of Pappaji and with Pappaji's *aagna*, we finally came to Brahmajyoti. And now with all of your support – this has been made possible. In this work, truly all the Santo, Sant behno, all the devotees have given their exceptional support and for us, that is truly our great fortune.

Today under Manojbhai's guidance, 27 Vratdhari Santo and 4 Vratdhari Santo from Delhi have joined the order. And within that Manojbhai himself has joined and so everyone must be so surprised. I have watched Manojbhai since he was a child; he was always a sadhu. He had exceptional love for Shantibhai. His mother had great love for Hansadidi, in Jyot; and that is how they came here. But when he was young, and was studying, Shantibhai took great care of him and nurtured him. His wedding was arranged by Shantibhai, and now it is Shantibhai that is making him a sadhu! What an amazing thing this is, just think about it! Prutha says, 'make him a sadhu, we do not live a worldly life. Even though we live together, he is a sadhu.' He is with the UPSC; it is such a huge position. But as Swamiji says, Manojbhai remains *'das na das[6]'*. He has taken the *Vrat* today- truly it is so humbling. With him, our other youths have also taken initiation today. While one is studying to be a doctor, the other is studying Engineering and another is becoming a Pharmacist. One is a 'Sangeet Visharad' – Tushar; we have started a Sangeet Academy and he is the Director of that. Each youth is so talented and today when they are taking initiation to join in God's work, there is great joy in their hearts and you are all here to share in this, so it is truly such a joyous occasion.

From the last four days, you have all gone through various austerities, regarding food and sleep and you have not even had any leisure time. Our beloved devotees from abroad are such that they do everything on time. They live their lives by the clock. Whereas here, no matter how many times the clock goes round, we do things in our own time! And it is a matter of joy that you have all adjusted so easily. The fruit of your austerities is that we have had Swamiji's *darshan*.

I will tell you an incident of how we used to be. We were worldly youths. We thought we would study, go abroad, earn money and enjoy our lives. We too were sailing in thoughts of worldly comforts and prosperity. That is how we set out on the journey of our lives; with the mind-set that we would live like this, study like this, go to America, and enjoy life in every way. It was like we sat in a train, dozed off, and when we opened our eyes – we were in Khambhat instead of Mumbai. The reason was that the passengers in the train would have no idea when the train takes a ninety-degree turn, because there is no jerk and so the passenger doesn't know where the train is going. The turn was so smooth that the passengers had no idea that their entire direction had changed. If all the passengers were to get off the train and try to push it to turn, they would not be

---

**[6] *Dās* crudely translated means servant. *'Das na das'* literally meaning to be the 'servant of the servant' refers to the spiritually elevated state of complete and natural submission, surrender, humility and servitude.**

able to. It needs just one person in the driver's cabin to pull the lever and the train will change tracks, and hence it turns.

It was like this, that we had all sat, but who changed the direction? We were going along out of exceptional love for Yogi Bapa and from that we went straight to turning *malas*. We didn't even know when we ended up here! But where we have come, we have come in utmost fulfillment - that is for sure. That is what Bapa did for us. Truly it is our Guru, Yogiji Maharaj's grace.

The eternal principle of Akshar Purushottam Upasana that Shastriji Maharaj spread is what we must remember. So many people out there perform austerities, so many speak of religion and of religious conduct; I am not saying no to this, but if you forget the main principle, then it is all worth nothing. What Shastriji Maharaj gave to us, was that you will absolutely need to have the manifest Lord and the manifest Sadhu, no matter what. It is the eternal principle of the Akshar Purushottam Upasana that God is eternally with form, He is the all-doer in our lives, and that whatever has happened, is happening and will happen – is by His doership. But where is He? He can be found manifest through such Gunatit Sadhus and if you develop *atma-buddhi* and *preeti*[7] for such a Sadhu, and follow His *aagna*, only then will you come to experience the joy, peace and bliss of Akshardham within your current physical state. No matter how great you are, no matter how rigidly you adhere to religious disciplines, but if you were to get diarrhea and vomiting, what would you do? If you fall ill, what happens? In whatever situation, it is only with God's grace that we can follow religious disciplines – it is not that we must not follow them, but if you sidestep God in that process, then the whole process becomes meaningless. If God is with us, then God will keep us straight, remember this! We need the Satpurush in our lives.

We all found Yogi Bapa in our lives. Because we had Yogi Bapa, he pulled us towards him; pulled us in with his love, and without us even knowing, our whole lives changed. That is the principle of Akshar Purushottam Upasana. You only have to recognise the Gunatit Satpurush, join with him through bhajan and prayer, through love, through good deeds, or by supporting His work – or by attaining his *prasannata*; join with him in whichever way, and after that if you put your hands together and follow his *aagna* while carrying our the *seva* of devotees with *nirdosh-bhav*[8], then you will laughingly, joyfully, effortlessly come to attain and enjoy the joy, peace and bliss of Akshardham in your current physical state.

You have all carried out such physical *seva* through the medium of the mandir according to the word of Ashvinbhai, Shantibhai, Ratibhai, Dilipbhai and our Santo. Truly if you look within the campus, the whole kitchen department *seva* has been taken care of by our Surat mandal. The cleaning of the whole campus was looked after by Ankleshwar mandal. The food serving *seva* was done by our Charotar Pradesh mandals. Sabha seating arrangements were taken care of by Amdavad mandal. Sabarkaatha, Saurashtra – if you look at all the mandals – even the mandals that came from abroad, so many devotees came up to two months in advance, taking leave from work. I would say to them, 'you have come early, so would you like to go on *yatra*? Would you like to go to Chhapaiya? Or Delhi? Dhari, Sarangpur, Gadhada, Gondal, Manavadar, Junagadh, Bhuj – would you like to go to these places of pilgrimage?' They would say, 'No, the greatest place of pilgrimage for us is this mandir *seva*. We do not want to go outside Brahmajyoti.' We are so pleased with their understanding, their conviction and their devotion. They would do *seva* for hours and hours - in the kitchens, in decoration, in making the cards, if you were to look. I have seen that alongside our bhaiyo and behno here – our devotees from abroad – each one of them, each youth has done such exceptional *seva*! In the food serving *seva*, so many youths have joined in this. Yesterday, ten to fifteen thousand devotees took mahaprashad and today too a similar number will take mahaprashad. Up to seven or eight thousand people from Mogri village too come to take their meal here – as we have invited them to partake in the

---

[7] ***Atma-buddhi*** **and** ***preeti*** **means to love the Satpurush as one's own atma, and thereby refers to a bond of inseparable loving association.**

[8] **To perceive God and all of God's devotees as being faultless.**

mahaprashad over these two days. So imagine how many utensils are used! Some have never done this kind of *seva*, but are laughingly washing utensils. This cannot happen without *mahima*. God is pleased with this kind of *seva;* and when God is pleased, what does He give? He gives you *atma-buddhi* and *preeti* with such a Sadhu, and our behaviour starts to become such that the Sadhu is pleased; and so our lives automatically become better and more fulfilled. This whole Akshar Purushottam Upasana that was established by Shastriji Maharaj is not something ordinary. The Upasana is to enable us all to become *Akshar-roop* and give us the eligibility to perform the *seva* of Parabrahma, and that is the path of Upasana we are walking on. Our Manojbhai truly gives an exceptional *parayan* on Upasana.

Yesterday Vartan spoke. At the United Nations assembly in Geneva, he spoke of Anoopam Mission and the goal of establishing peace. And to bring the Swaminarayan *mantra* to everyone, he spoke of creating a Swaminarayan Symphony and broadcasting it to the 180 member states of the United Nations. Truly seeing such *aksharmukto* as him, our heads are bowed. We have the opportunity to stay and work alongside such devotees.

Truly, my special *pranam* to Guruji. Even though your health is not well, you have come with up to 100 Santo, bhakto and Sant *baheno*. If you were to look at the Sant *baheno*, yesterday in the rally, and then here too in the *garba* – without any barriers, they simply joined everyone and offered their devotion in such a way that everyone's love for them has intensified. In the rally too and in the *garba*, they increased the joy and enthusiasm of all the *baheno*.

All of our Santo came... Nirmal Swami, Dinkarbhai, Bharatbhai; even though Hariprasad Swamiji's health was not good, he came specially to give us blessings; that is his grace upon us! In so many of our projects, I always say, 'Whichever *murtis* we are going to instate, whatever we think of doing – you all can decide everything but we will finalise everything with Hariprasad Swami, and show him everything.' Hariprasad Swami sanctioned everything. We showed Aksharvihari Swami too, and all the *murtis* that are instated here have been placed having taken Hariprasad Swamiji's *aagna*.

So to everyone who has given their support, their help, used their skills and talents to give rise to this beautiful mandir for us all; to our whole team, hearty, hearty, hearty thanks and congratulations! All the volunteers, the bhaio, baheno who have given their *seva*, their support in making this whole event so successful, our thanks to you over and over again! And congratulations!

By taking the time out to come here, all of our devotees from here and abroad and made the occasion exceptional by their presence, our congratulations to you all! And alongside this, to bring to completion such a huge project in one and a half years, through your financial seva, your prayers and to the *baheno* through the gold that you donated! If you were to look, they have immersed Thakorji in gold! To all those *baheno* and to all those donors – *bhaiyo, baheno* and *ekantik mukto*, however much thanks, gratitude and congratulations we give to you, will not be enough! Today, our Kano, Kanu and Mahesh have performed such a huge *seva* by giving *prashad* for all these devotees who will eat today. Hearty congratulations to all three! Also our Yogendrabhai too, gave the whole 'Neejanand Resort' for the accommodation of our overseas guests and also prepared 10 to 15 bungalows opposite for this purpose; for this from the bottom of our hearts, congratulations! And thank you!

During the samaiyo and the festivities, if in any way we were not able to adequately take care of you, if your accommodation was not up to your standard, if there was any trouble with parking, as there were so many cars, and for any reason if there was a lag of communication between the office and the parking volunteers, and if someone may have spoken to you briskly, or been curt then please forgive them all laughingly, with a big heart. Take with you from here that which was good and share it with everybody. You came laughingly and joyfully, and may you return in the same way with so much *mahima*, and go home to share that *mahima* with everyone. So that we may all offer our devotion in this way, may God give us all great strength, intellect, inspiration and awareness; that is our prayer at our Lord and Guru's lotus feet! Stay happy! Jai Shri Swaminarayan to all! ◆

## શાકોત્સવ

દેવઊઠી અગિયારસના પાવન દિવસે અનુપમ મિશનનાં મુખ્ય કેન્દ્રો–ભારતમાં મોગરી, અમેરિકામાં ઍલનટાઉન અને યુ.કે.માં ડેન્હમ ખાતે તેમજ અમદાવાદ, મુંબઈ, સુરત, વેમાર, માણાવદર કેન્દ્રોમાં સંતભગવંત સાહેબજીની પ્રેરણાથી દિવ્ય શાકોત્સવની ઉજવણી કરવામાં આવી. આ પાવન પ્રસંગે ભક્તોએ સંતોનાં માર્ગદર્શને ખૂબ માહાત્મ્યભાવથી શાકભાજીને શ્રી ઠાકોરજી સમક્ષ કલાત્મક રીતે ગોઠવી ભક્તિ અદા કરી. સ્વાભાવિક જ શાકભાજીના સુશોભનમાં શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ મૂર્તિપ્રતિષ્ઠા મંદિર મહોત્સવ અને શ્રી વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવનો ભાવ અને પ્રાર્થના છલકાયાં. ◆

## ભક્તિરેલી

શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ મૂર્તિપ્રતિષ્ઠા મંદિર મહોત્સવની આહલેક જગાવવાના તેમજ મોગરી ગામવાસીઓને નિમંત્રણ પાઠવવાના શુભ હેતુથી સંતભગવંત સાહેબજીની પ્રેરણાથી ૮ ડિસેમ્બર ૨૦૧૯ના રોજ તપોભૂમિ બ્રહ્મજ્યોતિમાં નિર્માણાધીન નૂતન મંદિરથી મોગરી ગામ સુધીની ભક્તિરેલીનું દિવ્ય આયોજન થયું. આ રેલીમાં સંતભગવંત સાહેબજી અનુપમ મિશનના સદ્‌ગુરુ સંતો, વ્રતધારી સંતો, એકસરખાં પરિધાન ધારણ કરેલ ભક્તોને લઈને મોગરી ગામમાં પધાર્યા ને પ્રાસાદિક મંદિરોમાં દર્શન કરી ગામના અગ્રણીઓને મળ્યા, આશીર્વાદ પાઠવ્યા. આ ભક્તિરેલીમાં સંતો–ભક્તોએ પ્રભુના બુલંદ જયઘોષ સાથે મહોત્સવની આહલેક ગુંજાવી. ◆

## શ્રી વડતાલધામ પદયાત્રા

સંતભગવંત સાહેબજીની પ્રેરણાથી પ્રતિવર્ષની જેમ આ વર્ષે ૨૯ ડિસેમ્બરના રોજ નૂતન મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ અને વચનામૃત દ્વિશતાબ્દી મહાપર્વ નિમિત્તે શ્રી વડતાલધામ પદયાત્રાનું આયોજન ગુરુસભાના યુવાનોએ કર્યું. આ પદયાત્રામાં દેશ અને પરદેશના ભક્તો ખૂબ મોટી સંખ્યામાં જોડાયા. સારુંય વર્ષ ભગવાનને રાજી કરવામાં જો કચાશ રહી ગઈ હોય તો તેની ક્ષમા–પ્રાર્થના કરવા તેમજ નૂતન વર્ષે નવા ઉમંગથી ભક્તિમાં જોડાવા સૌએ વડતાલમાં શ્રી હરિકૃષ્ણ મહારાજ સમક્ષ ભાવ ધર્યા. આબાલવૃદ્ધ સૌ ચાલીને વડતાલ પધાર્યાં ને ભક્તિ અદા કરી.

વડતાલમાં શ્રી લક્ષ્મીનારાયણ સ્કૂલમાં યોજિત પ્રાસંગિક સભામાં ગુરુસભાના યુવાનો હાર્દિક અને હરમિતે પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યાં તેમજ નૂતન મંદિર માહાત્મ્યગાથા વર્ણવી સંતભગવંત સાહેબજીની પ્રભુ પ્રત્યેની અલૌકિક ભક્તિને છતી કરી. આ પ્રસંગે ઉપસ્થિત સૌને વિશિષ્ટ ચોકલેટરૂપી સ્મૃતિપ્રસાદ અર્પણ કરવામાં આવ્યો. નૂતન મંદિરનિર્માણ અર્થે કરાવેલ સ્વબચતની મોટી સેવા ગુરુસભાના યુવાનોએ આ પ્રસંગે સંતભગવંત સાહેબજીને અર્પણ કરી. પૂ. યજ્ઞેશભાઈએ યુવાનોની સેવાને બિરદાવી. પૂ. દિનકરભાઈ, પૂ. અશ્વિનદાદા, પૂ. શાંતિદાદા અને સંતભગવંત સાહેબજીએ રૂડા આશીર્વાદ પ્રદાન કર્યાં. નૂતન મંદિર મહોત્સવમાં સેવાઓ કરી આત્માનાં કલ્યાણ કરી લેવા આહલેક જગાવી. મંદિર મહોત્સવ નિર્વિઘ્ને પાર પડે તે માટે સૌએ ધૂન–પ્રાર્થના કરી. ◆



મંદિર મહોત્સવની આહલેક જગાવતી ભક્તિરેલી



શ્રી વડતાલધામમાં યોજિત માહાત્મ્યસભામાં સાહેબજીનાં આશીર્વાદ

## યોગીજી સર્કલ મુક્તાર્પણ

સંતભગવંત સાહેબજીની પ્રેરણા અને આશીર્વાદથી મોગરીના યોગીજી માર્ગ પર પાંચ રસ્તાના સંગમ સ્થાને 'યોગીજી સર્કલ'નું નિર્માણ થયું. ગુરુદેવ યોગીજી મહારાજને વંદના ધરતા આ કલાત્મક સર્કલનું મુક્તાર્પણ સંતભગવંત સાહેબજી, સંતો, મહાનુભાવો અને ગામના અગ્રણી કાર્યકર્તાઓની ઉપસ્થિતિમાં ૧ જાન્યુઆરી, ૨૦૨૦ના રોજ આણંદ જિલ્લાના સાંસદ શ્રી મિતેશભાઈ પટેલના વરદ્હસ્તે થયું. આ પ્રસંગે શ્રી મહેશભાઈ પટેલ (આણંદ જિલ્લા પ્રમુખ), શ્રી કાંતિભાઈ ચાવડા (પ્રમુખ, આણંદ નગરપાલિકા) આદિ પણ ઉપસ્થિત રહ્યા. યોગ-આસનની અનિવાર્યતાનો સંદેશ આપતા આ કલાત્મક સર્કલના વિકાસમાં અનુપમ મિશનના સંતો અને ભક્તોએ ભક્તિ અદા કરી સંતભગવંત સાહેબજીનો રાજીપો પ્રાપ્ત કર્યો. સેવારત સૌને સત્કારી સાહેબદાદાએ આશીર્વાદ પ્રદાન કર્યા. ◆

## ધારીમાં નેત્રયજ્ઞ

સંતભગવંત સાહેબજીની પ્રેરણાથી યોગીબાપાના પ્રાગટ્યતીર્થ ધારીમાં જનસામાન્યના પ્રાથમિક ઉપચાર સેવાર્થે સંઘરાજકા પરિવારના સહયોગથી પ્રતિવર્ષ નેત્રયજ્ઞનું આયોજન થાય છે. આ વર્ષે ૧૭ જાન્યુઆરીના રોજ પૂ. અરુણભાઈ, જિતુભાઈ સંઘરાજકા, દીપભાઈ સંઘરાજકા, બટુકભાઈ સંઘરાજકા અને મનોજભાઈ સંઘરાજકાએ દીપપ્રાગટ્ય કરી નેત્રયજ્ઞને સૌના લાભાર્થે ખુલ્લો મૂક્યો. ધારીના પ્રતિષ્ઠિત ડૉ. વાઘેલા અને ટીમ દ્વારા ૩૦૦ જેટલા દર્દીઓને તપાસવામાં આવ્યા, તે પૈકી ૧૨૯ દર્દીઓનાં મોતિયાનાં ઑપરેશન રણછોડદાસજી મહારાજ હૉસ્પિટલ, રાજકોટમાં કરી સારવાર કરવામાં આવી.

વળી, આ સાથે ડાયાબિટીસ અને રેટિનોપેથી કૅમ્પનું આયોજન પણ કરવામાં આવ્યું. જેમાં સિવિલ હૉસ્પિટલ, અમદાવાદના વિખ્યાત રેટિના સર્જન ડૉ. શશાંકભાઈ પટેલ, ડૉ. વિપુલભાઈ પ્રજાપતિ અને ટીમ દ્વારા દર્દીઓનાં તપાસ, નિદાન કરવામાં આવ્યાં. તેઓ દ્વારા ડાયાબિટીસ અને તેના કારણે થતી આંખની દૃષ્ટિની સમસ્યાની વિગતે સમજૂતી અપાઈ. તેઓએ ૧૭૦ જેટલા દર્દીઓને તપાસ્યા અને તે પૈકી જરૂરિયાતમંદ ૧૧ દર્દીઓને રેટિનોપેથી સારવાર આપવામાં આવી. ◆

## ઉપાસનાધામ, અમદાવાદ ખાતે વચનામૃત પારાયણ

ઉપાસનાધામ, અમદાવાદ ખાતે તૃતીય પાટોત્સવ નિમિત્તે સદ્ગુરુ સંત પૂ. અશ્વિનદાદાના શ્રીમુખે ૨૪થી ૨૬ જાન્યુઆરી ૨૦૨૦ દરમિયાન વચનામૃત પારાયણ યોજાયું. સંતોનાં સાંનિધ્યે અને દેશ-વિદેશથી પધારેલા ભક્તોની ઉપસ્થિતિમાં પૂ. અશ્વિનદાદાએ ગુણાતીત ભાવને પામવા પાયાનાં પાંચ વચનામૃત : ગઢડા પ્રથમ - ૨૩, ગઢડા મધ્ય-૩૦, ૪૫, અમદાવાદ ૨ અને ૩નું પારાયણ કર્યું.

૨૪ જાન્યુઆરીએ પ્રથમ સત્રના પ્રારંભે પૂ. અશ્વિનદાદાએ 'વચનામૃત' મહિમાની અદ્ભુત વાતો કરી અને વચનામૃત ગઢડા મધ્ય ૩૦ - 'સોનું અને સ્ત્રી બંધન ન કર્યાનું'થી પારાયણની શરૂઆત થઈ.

૨૫ જાન્યુઆરીએ પ્રાતઃ સત્ર દરમિયાન પૂ. અશ્વિનદાદાએ વચનામૃત ગઢડા મધ્ય ૪૫-'એકાવન ભૂતનું ટોળું કાઢ્યાંનું' પર વાત કરતાં 'એકાવન મૂળભૂત તત્ત્વોથી બનેલો આ દેહ એકાવન રૂમનો મહેલ છે અને એમાં રહેલા કચરાને સાફ કરીને પ્રભુ પ્રગટાવવાના છે'; અને એ કેવી સરળ રીતે કરી શકાય એના વિશે વિગતે સમજણ આપી. સંધ્યા સત્રમાં પૂ. અશ્વિનદાદાએ વચનામૃત અમદાવાદનું ૨-'નાહી ધોઈને પૂજા કર્યાનું', સમજાવતાં અવનવાં દૃષ્ટાંતો સાથે સરળ ભાષામાં સૌને બ્રહ્મજ્ઞાન પીરસ્યું.



યોગીજી સર્કલ, મોગરીનાં મુક્તાર્પણ પ્રસંગે ઉપસ્થિત સંતો-ભક્તો-મહાનુભાવો



ઉપાસનાધામ, અમદાવાદમાં પૂ. અશ્વિનદાદાના શ્રીમુખે વચનામૃત પારાયણ

૨૬ જાન્યુઆરીના પ્રાતઃ સત્રમાં પૂ. અશ્વિનદાદાએ વચનામૃત અમદાવાદનું ૩ – 'વડવાઈનું, ઉપશમનું' સમજાવતાં ઉપશમ અવસ્થા પ્રાપ્ત કરવાનો સહેલામાં સહેલો માર્ગ બતાવી અલૌકિક વાતો કરી. જેમને યોગીજી મહારાજને સેવીને ઉપશમ ઐશ્વર્ય પ્રાપ્ત કર્યું છે, એવા સંત પૂ. અશ્વિનદાદાના શ્રીમુખે આ ઉપશમ અવસ્થાની વાતો સાંભળી સૌ કોઈ ધન્ય થયાં. સંધ્યા સત્રની શરૂઆત કરતાં પૂ. અશ્વિનદાદાએ વચનામૃત ગઢડા પ્રથમ ૨૩ – 'પાણીનો ઘડો ઢોળ્યાનું' સમજાવતાં ટકોર કરી કે, 'આજે ૩ દિવસથી પારાયણ કરીને જે પાણીની શેર શરૂ કરી છે એ બંધ ના થવા દેતા અને સ્વાધ્યાય ચાલુ રાખજો.'

અંતિમ સત્રમાં સૌ ભક્તો પર અત્યંત રાજી થઈને કૃપા કરીને દર્શન આપવા માટે સંતભગવંત સાહેબદાદા સંતોને લઈને પધાર્યા અને સૌ ભક્તોને અદ્ભુત આશીર્વાદ આપતાં કહ્યું કે, 'આવા સંતોની સાથે જોડાયેલા રહેજો, આજ્ઞા પ્રમાણે જીવન જીવજો, તો આ પાંચે પાંચ વચનામૃત તમને સિદ્ધ થઈ જશે અને એના માટે કોઈ અઘરી કહેવાતી સાધના કરવી નહિ પડે.'

ભક્તોએ ઉત્સાહપૂર્વક સેવાનો ધોધ વહાવ્યો. દરેક સત્રમાં ચાર – ચાર યજમાન પરિવારોએ ઉત્સાહપૂર્વક સેવાઓ અર્પણ કરી. દરેક સત્રની શરૂઆતમાં સૂરવૃંદના ભક્તોએ અદ્ભુત ભક્તિભાવ સાથે કીર્તનો રજૂ કરીને સૌને ભક્તિભાવમાં તરબોળ કર્યાં. દરેક સભા બાદ સૌએ મહાપ્રસાદ લીધો. ૩૦૦થી પણ વધુ ભક્તોએ દરેક સત્ર દરમિયાન અને અંતિમ સત્રમાં ૫૦૦થી વધુ ભક્તોએ સંત-સમાગમનો લાભ લીધો. ◆

## ભારતનો ૭૧મો પ્રજાસત્તાકદિન ઉજવાયો

*** મોગરી :** અનુપમ મિશન પ્રેરિત યોગી વિદ્યાપીઠની વિવિધ વિદ્યાશાખાઓ ઈન્ફર્મેશન ટૅકનોલૉજી સૅન્ટર, અક્ષરપુરુષોત્તમ ટૅક્નિકલ ઈન્સ્ટિટ્યૂટ, આનંદ બાલવાડી અને મિત્ર પુનર્વસન કેન્દ્ર તથા જ્ઞાનયજ્ઞ વિદ્યાલય દ્વારા યોગી વિદ્યાપીઠ, મોગરી ખાતે આઝાદ ભારતનો ૭૧મો ગણતંત્ર દિન ઉજવાયો.

આ પ્રસંગે સન્માનનીય અતિથિશ્રી શ્રી કૃષ્ણ હૉસ્પિટલ, કરમસદમાં સેવાપ્રવૃત્ત હૃદયરોગ નિષ્ણાત ડૉ. શ્રી કુશલભાઈ પૂજારાના વરદ હસ્તે અનુપમ મિશનના પ્રણેતા સંતભગવંત સાહેબજી, પૂ. શાંતિદાદા, પૂ. પૂનમદાદા, કુલગુરુ પૂ. ડૉ. રતિકાકા, ડૉ. રેશ્માબહેન પૂજારા અને દર્શનાબહેનની સહભાગિતામાં રાષ્ટ્રધ્વજને મુક્ત ગગનમાં લહેરાવવામાં આવ્યો અને રાષ્ટ્રગીતગાન ગાતાં સૌએ ધ્વજને સલામી આપી.

પ્રસંગોચિત ઉદ્બોધન કરતાં અતિથિવિશેષ ડૉ. શ્રી કુશલભાઈએ શારીરિક તંદુરસ્તી પર ઝોક આપતાં હૃદયરોગ થવાનાં કારણો, લક્ષણો અને તેનાથી બચવાના ઉપાયો અંગે માર્ગદર્શન આપ્યું. સંતભગવંત પ.પૂ. સાહેબજીએ જણાવ્યું કે, 'ભગવાને મોંઘામાં મોંઘો માનવદેહ આપ્યો છે, તેનું કુસંગ-વ્યસન સામે જતન કરી, વ્રત, ઉપવાસ કરી યોગ્ય ખાણીપીણી દ્વારા તંદુરસ્ત રહો. ભગવાન-ગુણાતીત સંતો સાથે જોડાઈ આત્માનું કલ્યાણ કરો.'

જ્ઞાનયજ્ઞ વિદ્યાલય-ધોરણ ૯ના સ્નેહ મિસ્ત્રીએ છટાદાર પ્રાસંગિક ઉદ્બોધન કર્યું. અવસરનો શુભારંભ રાષ્ટ્રવન્દનાથી કરાયો. 'આઓ બનાયેં મિલકર'ના ગાન થકી જ્ઞાનયજ્ઞ વિદ્યાલયના વિદ્યાર્થીઓ દ્વારા રાષ્ટ્રપ્રેમ અદા કરાયો. મિત્ર શાળા, આનંદ બાલવાડી અને જ્ઞાનયજ્ઞ વિદ્યાલયનાં ભૂલકાંઓ દ્વારા પ્રસ્તુત સુંદર નૃત્યસંયોજન – 'સલામ ઈન્ડિયા' નિહાળી સહુ કોઈ પ્રસન્ન થયાં. યોગી વિદ્યાપીઠની વિવિધ વિદ્યાશાખાઓના વિદ્યાર્થીઓને તેમજ રાષ્ટ્રિય કક્ષાએ સંસ્થાનું નામ રોશન કરનાર પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને મંચસ્થ તેમજ આમંત્રિત મહેમાનો, વ્રતધારી સંતો અને વિદેશથી પધારેલ આમંત્રિત મહેમાનોના હસ્તે 'પ.પૂ. જશભાઈસાહેબ સુવર્ણ જયંતી સ્મૃતિ પુરસ્કાર', પ્રમાણપત્ર અને વિજયપદ્મ એનાયત કરી વિભૂષિત કરવામાં આવ્યા.

આ પ્રસંગે પધારેલ મહેમાનોને સ્મૃતિચિહ્ન પાઠવી યોગી વિદ્યાપીઠના કુલગુરુ પૂ. ડૉ. રતિકાકા દ્વારા અભિવાદન કરવામાં આવ્યું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન જ્ઞાનયજ્ઞ વિદ્યાલય-ધોરણ ૯નાં ચિ. નૈયા કા.પટેલ અને ચિ. હેત ભટ્ટે સુંદર રીતે સંભાળ્યું. ◆

**શારદા મંદિર, નડીઆદ :** અનુપમ મિશન સંલગ્ન, નડીઆદ વિદ્યોત્તેજક મંડળ સંચાલિત શારદા મંદિર:અનિતાબહેન દેવાંગભાઈ પટેલ



યોગી વિદ્યાપીઠ, મોગરીમાં ભારતના ગણતંત્રદિનની ઉજવણી

(ઇપ્કોવાળા) ડે સ્કૂલમાં ભારતના પ્રજાસત્તાકદિનની ઉજવણી મુખ્ય મહેમાન શ્રી બિપિનભાઈ પટેલ (નોટરી પબ્લિક-એડવોકેટ)ની ઉપસ્થિતિમાં થઈ. વંદેમાતરમ્‌ના ગાન બાદ શ્રી બિપિનભાઈ પટેલના વરદ હસ્તે રાષ્ટ્રધ્વજને મુક્ત ગગનમાં લહેરાવવામાં આવ્યો. પ્રાસંગિક ઉદ્‌બોધન શ્રી બિપિનભાઈ પટેલે કર્યું.

ધોરણ ૧થી ૫ના બાળકલાકારોએ દેશભક્તિ ગીતની સુંદર રજૂઆત કરી. ધૈર્ય રાકેશભાઈ ચૌહાણ (ધોરણ ૮)એ પોતાની આગવી અદાથી પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું. શાળાકીય રમતોત્સવના વિજેતાઓને ઉપસ્થિત મહાનુભાવો દ્વારા ઇનામ અર્પણ કરાયાં. ત્યારબાદ મન સુશીલકુમાર પટેલ (ધોરણ ૯)એ ભવિષ્યના ભારતની અદ્‌ભુત અભિવ્યક્તિ રજૂ કરી. પૂ. સરોજબહેન (આચાર્યા, શારદા મંદિર, પ્રાથમિક વિભાગ)એ મહેમાનોને સ્મૃતિચિહ્ન અર્પણ કર્યાં. શાળાના મૅનેજિંગ ટ્રસ્ટીશ્રી સુનીલભાઈ પંડ્યાએ સૌને પ્રજાસત્તાક દિનની શુભેચ્છાઓ પાઠવી.

પ્રાસંગિક નૃત્યસંયોજન 'વિજયી ભવ...' ધોરણ-૯થી ૧૧ના કલાકારો દ્વારા રજૂ થયું. સભાજનોએ ભારતમાતાની સામૂહિક આરતી કરી ભાવ અર્પણ કર્યો. રાષ્ટ્રગીતના ગાન બાદ કાર્યક્રમ સંપન્ન થયો. કાર્યક્રમનું સંચાલન નાસીરહુસેન અબ્દુલકાદીર મોમીનસુથારે કર્યું. ઇનામ વિતરણ કાર્યક્રમનું સંચાલન નિયતિ ભરતભાઈ પટેલે કર્યું. ◆

* **ઉપાસનાધામ, અમદાવાદ :** અનુપમ મિશનના ઉપાસનાધામ, અમદાવાદ ખાતે સદ્‌ગુરુ સંત પૂજ્ય અશ્વિનદાદાની પુનિત ઉપસ્થિતિમાં ભારતના ૭૧મા ગણતંત્રદિનની ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે પૂ. સતીશભાઈ, પૂ. ઉત્પલભાઈ, નરસીદાદા, ડૉ. જિતુભાઈ, પંકજભાઈ આદિ સંતો-ભક્તોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી અક્ષરમુક્તોના ઉમંગમાં ઉમેરો કર્યો. ડૉ. જિતુભાઈ અને પંકજભાઈએ રાષ્ટ્રધ્વજને મુક્ત ગગનમાં લહેરાવ્યો. આ પ્રસંગે બાળમંડળે રાષ્ટ્રિયવીરોને વંદના ધરતા પરિવેશ ધારણ કરી રાષ્ટ્રભક્તિ અદા કરી. પૂ. અશ્વિનદાદાએ આશીર્વાદ પાઠવી સૌમાં રાષ્ટ્રભાવનાનાં યથાર્થ મૂલ્યો ઉજાગર કર્યાં. ◆

* **ધારી :** અનુપમ મિશન પ્રેરિત ધારી સ્થિત શ્રીમતી વી.પી.જી. ગર્લ્સ હાઈસ્કૂલ ખાતે ભારતનો ૭૧મો પ્રજાસત્તાક દિન પૂર્વ લેફ્ટનન્ટ જનરલ શ્રી વાલિયાસાહેબ, પૂ. અરુણભાઈ, પૂ. ઉમેશભાઈ, ડૉ. જસાણીસાહેબ, શ્રી રાજુભાઈ દવેના દિવ્ય સાંનિધ્યે ઊજવવામાં આવ્યો. આ પ્રસંગે શ્રી ભીમાણી પ્રાથમિક શાળા, શ્રીમતી વી.પી.જી. ગર્લ્સ હાઈસ્કૂલ, શ્રી યોગીજી મહારાજ મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓ અને સર્વ સારસ્વતગણે ઉપસ્થિત રહી રાષ્ટ્રભક્તિ અદા કરી. વિદ્યાર્થીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમ સાથે રાષ્ટ્રવંદના અર્પણ કરી. અભ્યાસ ક્ષેત્રે સર્વશ્રેષ્ઠ દેખાવ કરનાર વિદ્યાર્થીઓને 'પ.પૂ. શ્રી જશભાઈ સાહેબ સુવર્ણ જંયતી પુરસ્કાર' એનાયત કરવામાં આવ્યા. શ્રી વાલિયા સાહેબ, ડૉ. રાજુભાઈ દવે અને પૂ. અરુણભાઈએ પ્રાસંગિક ઉદ્‌બોધન કરી સૌમાં દેશભાવનાના સંચાર કર્યા. ◆

## પ.પૂ. સોનાબા નિર્વાણ સ્મૃતિદિને હૃદયવંદના

૨૧ જાન્યુઆરી, પ.પૂ. સોનાબા નિર્વાણ સ્મૃતિદિને તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી સ્થિત પ.પૂ. સોનાબાના નવનિર્મિત બ્રહ્મસમાધિ સ્થાને સ્થાનિક સૌ સંતો અને ભક્તોએ ભેગાં મળી મંત્રપુષ્પાંજલિ અર્પણ કરી, પ્રાર્થનાઓ ધરી, પ.પૂ. બાના માહાત્મ્યમાં ગરકાવ થઈ સૌએ હૃદયાંજલિ અર્પણ કરી. મંગલ પ્રભાતે પૂ. અશ્વિનદાદા અને પૂ. શાંતિદાદાએ આશીર્વાદ પાઠવી સૌને પ.પૂ. બાનાં અલૌકિક માહાત્મ્યમાં તરબોળ કર્યાં. નૂતન મંદિરે યોજિત સંધ્યાસભામાં ડૉ. જિતુભાઈ પટેલ



શારદામંદિર, નડિયાદમાં ગણતંત્રદિને રાષ્ટ્રધ્વજને સલામી અર્પણ



ઉપાસનાધામ, અમદાવાદમાં પૂ. અશ્વિનદાદાના સાંનિધ્યે પ્રજાસત્તાકદિને રાષ્ટ્રવંદના

(યુ.એસ.એ.)નો પ્રાગટ્યદિન પણ ઉજવાયો. આ સભામાં ડૉ. વીરેન્દ્રભાઈ, ડૉ. જિતુભાઈ, રીટાબહેને પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યાં. પૂ. અશ્વિનદાદા અને સાહેબદાદાએ આશિષ વરસાવી પ.પૂ. બા અને ડૉ. જિતુભાઈના માહાત્મ્યને વર્ણવ્યું. ◆

## ગુરુદેવ યોગીજી મહારાજ નિર્વાણ સ્મૃતિદિને હૃદયાંજલિ

૨૩ જાન્યુઆરીની મંગલ પ્રભાતે તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી સ્થિત 'હૃદયકુંજ' સમક્ષ ગુરુદેવ યોગીજી મહારાજના પ્રાસાદિક આમ્રવૃક્ષ હેઠળ યોગીબાપાના નિર્વાણ સ્મૃતિદિને હૃદયાંજલિ અર્પણ થઈ. વહેલી સવારે શણગાર આરતી બાદ કાયાકલ્પ પામેલ યોગીબાપાના પ્રાસાદિક પ્રાગટ્યસ્થાનની પ્રતિકૃતિ સમક્ષ સંતભગવંત સાહેબજીની દિવ્ય ઉપસ્થિતિમાં માહાત્મ્યસભા યોજાઈ.

યોગીબાપાના પ્રિ-રૅકોર્ડેડ પ્રાસાદિક આશીર્વાદનું શ્રવણ કરી સૌ ધન્ય થયાં. પૂ. અશ્વિનદાદાએ માહાત્મ્યગાન કર્યાં. સાહેબદાદાએ યોગીબાપાના અંતરંગ અભિપ્રાયની વાતો કરી સૌને આત્માના કલ્યાણ કરવાનો માર્ગ દર્શાવ્યો. 'હૃદયકુંજ'માં મંત્રપુષ્પાંજલિ અને શ્રીહરિ અભિષેક કરી સૌએ પ્રાર્થનાઓ ધરી. સાંજે શ્રી યોગી સ્મૃતિ કીર્તનસંધ્યામાં અનુપમ સૂરવૃંદના સંતો-ભક્તોએ યોગીબાપાની બોધકથાનો આધાર લઈ સૌને કીર્તનભક્તિમાં ગુલતાન કર્યાં. સંતભગવંત સાહેબજીએ આશીર્વાદ વરસાવી સૌને કૃતાર્થ કર્યાં. ◆

## વસંતપંચમી ઉત્સવ ઉજવાયો

'શ્રી શિક્ષાપત્રી', બ્રહ્મસ્વરૂપ શ્રી શાસ્ત્રીજી મહારાજની પ્રાગટ્ય જયંતીની ઉજવણી વસંતપંચમી, ૩૦ જાન્યુઆરી ૨૦૨૦ના રોજ સંતભગવંત સાહેબજીની દિવ્ય સંનિધિમાં તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી સ્થિત 'પારમિતા' સભાખંડમાં કરવામાં આવી. પૂ. પીટરભાઈ અને પૂ. નરેન્દ્રભાઈએ પ્રાસંગિક માહાત્મ્યગાન કરી ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજના દિવ્ય અલૌકિક કાર્યને છતું કર્યું. આ પ્રસંગે ઉપસ્થિત સ્થાનિક ભક્તોને સદ્‌ગુરુ સંતો પૂ. શાંતિદાદા અને પૂ. અશ્વિનદાદાએ રૂડા આશીર્વાદ પ્રદાન કર્યા. સંતભગવંત સાહેબજીએ ભગવાન શ્રી સ્વામિનારાયણ દ્વારા સ્વહસ્તે લિખિત 'શિક્ષાપત્રી'ના યથાર્થ માહાત્મ્યને વર્ણવ્યું તથા ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજના શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના પ્રવર્તન કાર્યને સમજાવી રૂડા આશીર્વાદ પ્રદાન કર્યા. ◆

## ઉપાસનાધામ, અમદાવાદનો તૃતીય પાટોત્સવ ઉજવાયો

૧ ફેબ્રુઆરીના રોજ ઉપાસનાધામ, અમદાવાદનો તૃતીય પાટોત્સવ સંતભગવંત સાહેબજી, સદ્‌ગુરુ સંતો, પ.પૂ. અધ્યાત્માનંદ સ્વામીજી અને સૈંકડો ભક્તોની ઉપસ્થિતિમાં ઉજવાયો. અમદાવાદનાં યુવાનો અને યુવતીઓએ સંતોનાં સ્વાગત અર્થે સુંદર નૃત્ય પ્રસ્તુત કરી ભક્તિ અદા કરી. પ્રવેશદ્વારે કલાત્મક રંગોળી દ્વારા બહેનોએ ભક્તિભાવ પ્રસ્તુત કર્યા. સ્થાનિક યજમાનોએ પાટોત્સવ મહાપૂજામાં યજમાનપદે બિરાજી શ્રીજીચરણ પખાળી ધન્યતા અનુભવી. પ.પૂ. અધ્યાત્માનંદ સ્વામીજી, પૂ. શાંતિદાદા, પૂ. અશ્વિનદાદા અને સંતભગવંત સાહેબજીએ આશીર્વાદ વરસાવી પ્રભુપ્રીત્યર્થે, ગુરુઆજ્ઞા અનુસાર જીવન જીવવાનું સુંદર ભાથું બાંધી આપ્યું. ◆

## અનુપમ સૂરવૃંદ દ્વારા ૮૦ કીર્તન આરાધનારૂપી ભક્તિવંદના

શ્રી અક્ષરપુરુષોત્તમ મૂર્તિપ્રતિષ્ઠા મંદિર મહોત્સવ અને સંતભગવંત સાહેબદાદાના ૮૦મા પ્રાગટ્યોત્સવ ઉપક્રમે અનુપમ સૂરવૃંદ, નડીઆદ દ્વારા ચરોતરનાં વિવિધ ગામો-સ્થળોએ કુલ ૮૦ કીર્તનસંધ્યા યોજાઈ. અનુપમ મિશનના સાધુ પૂ. સુનીલભાઈ પંડ્યાને સંકલ્પ થયો કે, સંતભગવંત સાહેબદાદાના ૮૦મા પ્રાગટ્યોત્સવ નિમિત્તે ૮૦ કીર્તન



યોગીબાપાના નિર્વાણ સ્મૃતિદિને હૃદયાંજલિ અર્પણ



ઉપાસનાધામ, અમદાવાદના તૃતીય પાટોત્સવ પ્રસંગે આરતી અર્પણ

આરાધના અર્પણ કરી સૌને મૂર્તિપ્રતિષ્ઠા મંદિર મહોત્સવ-૨૦૨૦માં પધારવા આગોતરાં નિમંત્રણ પાઠવવાં.

વેમારના જતીન પટેલ તથા શારદા મંદિર, નડીઆદના સંગીતશિક્ષકો સદાશિવ દવે, રવિ ગાંધી અને મુકુંદભાઈ વૈષ્ણવ તથા તેઓની સંગીત ટુકડી-'શિવનાદ વૃંદ'ના સહકારથી આ કીર્તનસંધ્યાઓ યોજાઈ. સ્મૃતિબહેન સદાશિવ દવે (ગાયક), જિગરભાઈ એ. દરજી (કી બોર્ડ), ધૃતમકુમાર જે. કંસારા (તબલાં), રવિ કાછિયા સહિત અનેક કલાકાર ભક્તોએ આ કીર્તન આરાધનામાં સેવાઓ કરી પોતાની કલાને પાવન કરી. વળી, વિવિધ ગામોમાં કીર્તન આરાધના આયોજિત કરવા વલ્લભવિદ્યાનગર મંડળના અક્ષરમુક્તો જયેન્દ્રભાઈ પટેલ, સુભાષભાઈ પટેલ, શારદા મંદિરના શિક્ષક ભરતભાઈપટેલે અદ્ભુત સહકાર આપ્યો.

જુદાં જુદાં સ્થળોના યજમાનો દ્વારા આ કીર્તનસંધ્યાઓને બહોળો પ્રતિસાદ સાંપડ્યો. સૌના સહકારથી જુદાં જુદાં ગામો-સ્થળોના આશરે ૧૫૦૦૦થી વધુ વ્યક્તિઓએ આ કીર્તનસંધ્યાનો લાભ લીધો. કીર્તન સંધ્યાને સફળ બનાવવા અનુપમ સૂરવૃંદ, નડીઆદ ઉપરાંત અનુપમ સત્સંગ મંડળ, નડીઆદના મુક્તોનો પરિશ્રમ અને ભક્તિ નોંધપાત્ર રહી. આ મુક્તોએ કીર્તનસંધ્યાના જે-તે સ્થળે જઈ જરૂરી વ્યવસ્થા કરવી, પૂજન, સમૂહ આરતી, પ્રસાદની વ્યવસ્થા કરવી, જે મુક્તોને મૂર્તિપ્રતિષ્ઠા મંદિર મહોત્સવમાં પધારવાની ઈચ્છા હોય તેઓનાં નામ, સરનામાં અને મોબાઈલ નંબર સાથેની યાદી તૈયાર કરવી અને અંતે જે-તે સ્થળસફાઈ કરી સાધનો પરત કરવાં આદિ સેવાઓ હોંશેહોંશે કરી.

આ કીર્તનસંધ્યાઓ માટે અનુપમ સૂરવૃંદ તથા અનુપમ સત્સંગ મંડળ, નડીઆદે આશરે કુલ ૪૮૦૦ કિ.મી.નો પ્રવાસ કર્યો. ક્યાંક ગામના ચોરે, ક્યાંક ગામની વાડીમાં, ક્યાંક કેશાળાના હૉલમાં તો ક્યાંક એ.સી. હૉલમાં કીર્તનસંધ્યાઓ થઈ. ક્યાંક દીવાન પલંગથી બનાવેલ સ્ટેજ પર, તો ક્યાંક લોખંડના પલંગથી બનાવેલ સ્ટેજ પર, તો ક્યાંક ફરાસખાનાવાળાએ બનાવેલ સ્ટેજ પર, તો ક્યાંક જમીન ઉપર બેસીને કીર્તનસંધ્યાઓ કરાઈ. કેટલાક યજમાનોએ અનુપમ સૂરવૃંદ તથા સ્વયંસેવકોને શક્તિ અનુસાર નાસ્તો કરાવીને, તો કેટલાકે ખીચડી-કઢી-શાક જમાડીને, તો કોઈએ દાળ-ભાત-શાક-લાડુ જમાડીને અને કોઈએ તો લગ્નપ્રસંગ હોય તે રીતે વિશેષ પ્રકારનાં વ્યંજનો જમાડીને સેવા-ભક્તિનો લાભ લીધો. પ્રત્યેક કીર્તન આરાધનાના સ્થળે સૂરવૃંદ પોતાની સાઉન્ડ સિસ્ટમ, પૂજન-આરતીની સામગ્રી, પાથરણાં, બચતકુંભ, ઠાકોરજીને ધરાવેલ બંટાગોળીનો પ્રસાદ તથા આગોતરાં નિમંત્રણ કાર્ડસ લઈને જતું ને પધારેલ સૌ ભક્તો તેનો લાભ લેતા.

૨૩ જુલાઈ ૨૦૧૯થી ૪ જાન્યુઆરી ૨૦૨૦ દરમિયાન ૮૦ કીર્તન સંધ્યાઓ થઈ. ક્યારેક દિવસ દરમિયાન બે તો કોઈ દિવસ ત્રણ-ત્રણ કીર્તન આરાધના પણ કરવામાં આવી. વધુ લંબાયેલ ચોમાસાના કારણે એક સમયે ૮૦ કીર્તનસંધ્યાના લક્ષ્યને પહોંચી વળવાનું મુશ્કેલ ને અશક્ય લાગ્યું, પરંતુ સંતભગવંત સાહેબદાદાના આશીર્વાદ, તેઓની સામર્થી અને કૃપાથી સઘળું શક્ય બન્યું. દરેક જગ્યાએ એક વાત સામાન્ય રહી, તે હતી - ફરીથી કીર્તનસંધ્યા કરવા જરૂર આવજો, ખૂબ મજા આવી, આવી કીર્તનસંધ્યા પહેલીવાર સાંભળી અને અમે બધા જ મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવમાં જરૂર આવશું જ !

સંતભગવંત સાહેબદાદાના વિચરણના વ્યસ્ત કાર્યક્રમો હોવા છતાં તેઓએ ૮ કીર્તનસંધ્યાઓમાં પધારી આશીર્વાદનો લાભ આપ્યો. તો અનેક કીર્તનસંધ્યાઓમાં સદ્ગુરુ સંતો, સંત ભાઈઓ અને મહેમાનોએ પધારી કીર્તનસંધ્યાના કાર્યક્રમને ખૂબ બિરદાવ્યો. ◆

## બ્રહ્મસ્વરૂપ કાકાજી સાક્ષાત્કારદિન

ગુણાતીત સમાજના પ્રાણપુરુષ બ્રહ્મસ્વરૂપ કાકાજીના સાક્ષાત્કાર દિન ૩ ફેબ્રુઆરીના રોજ બ્રહ્મજ્યોતિ, મોગરી સ્થિત તેઓના પ્રાસાદિક સમાધિસ્થાને વહેલી સવારે અનુપમ મિશનના સદ્ગુરુ સંતોની દિવ્ય ઉપસ્થિતિમાં સ્થાનિક ભક્તો સહિત સૌએ મંત્રપુષ્પાંજલિ અર્પણ કરી ભક્તિ અદા કરી. આ પ્રસંગે પૂ. અશ્વિનદાદાએ આશીર્વાદ વરસાવી પ.પૂ. કાકાજીના માહાત્મ્યને વર્ણવ્યાં. પારમિતા મંદિરે સંધ્યાસભામાં પૂ. શાંતિદાદા અને પૂ. પૂનમદાદાએ આશીર્વાદ વરસાવ્યા. સ્વરૂપનિષ્ઠાની જે બારાખડી કાકાજીએ સૌને શિખવાડી અક્ષરધામનાં સુખે સભર કર્યાં તે જણાવી વંદના ધરી. ◆




પૂ. સુનીલભાઈ પંડ્યાના ૮૦ કીર્તન આરાધના સંકલ્પને સાકાર કરતા સંતો-ભક્તોને વંદન !



પ.પૂ. અક્ષરવિહારી સ્વામીજી ત્રયોદશી મહાપૂજામાં માહાત્મ્યગાન



પ.પૂ. હરિપ્રસાદ સ્વામીજીને મંદિર મહોત્સવનાં નિમંત્રણ



દેવાંગભાઈ ઈપ્કોવાલાના ઘરે યોજિત સંતસંમેલનમાં આશીર્વાદ



સંતરામ મંદિર, કરમસદ દ્વારા યોજિત ગોસ્વામી વ્રજરાજકુમારજીની ભાગવત કથામાં આશીર્વાદ



ચારુતર વિદ્યામંડળ અમૃતપર્વ કાર્યક્રમમાં ઉપરાષ્ટ્રપતિ શ્રી વૈંકયા નાયડુ સાથે મુલાકાત



આત્મીય યુવા મહોત્સવમાં શ્રી જે.પી. નડ્ડા સાથે મુલાકાત





સરદાર પટેલ યુનિવર્સિટીના ગ્લોબલ કનેક્ટ મીટ-૨૦૨૦ના કાર્યક્રમમાં આશીર્વાદ




ચરોતર એજ્યુકેશન સોસાયટી દ્વારા યોજિત એલ્યુમની કાર્યક્રમમાં આશીર્વાદ

# શ્રદ્ધાંજલિ

## બ્રહ્મસ્વરૂપ પ.પૂ. અક્ષરવિહારી સ્વામીજીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ સહ હૃદયવંદન, ભાવાંજલિ !



ગુણાતીત સમાજના જ્યોતિર્ધર બ્રહ્મસ્વરૂપ પ.પૂ. અક્ષરવિહારી સ્વામીજી ૨૧ ડિસેમ્બર ૨૦૧૯ના રોજ સ્થૂળ દેહનો ત્યાગ કરી અક્ષરધામ પધાર્યા.

યુગવિભૂતિ સંતશિરોમણિ બ્રહ્મસ્વરૂપ ગુરુદેવ યોગીજી મહારાજના અત્યંત પ્રિય અને કૃપાપાત્ર યોગેશ્વરોમાંના એક પ.પૂ. અક્ષરવિહારી સ્વામીજી માહાત્મ્યસભર દાસત્વભક્તિના મૂર્તિમાન આદર્શ સ્વરૂપે જીવ્યા. અત્યંત કુશાગ્ર બુદ્ધિ તથા તેજસ્વી પ્રતિભા છતાં, ગુરુદેવ યોગીજી મહારાજના વચન અનુસાર જીવી, ગુરુહરિ કાકાજી મહારાજ તથા ગુરુહરિ પપ્પાજી મહારાજની આજ્ઞા ને અભિરુચિને પ.પૂ. અક્ષરવિહારી સ્વામીજીએ પોતાના જીવનની પ્રત્યેક પળમાં સાકાર કરી ! પૂર્વાશ્રમમાં પ.પૂ. પપ્પાજી સાથેનો પિતા તરીકેનો સંબંધ હોવા છતાં તે સઘળું વિસરાવી સૌના દાસ થઈને વર્ત્યા.

શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના માર્ગે સાધના કરતા અનેક ભાગવતી દીક્ષાધારી સંતો, વ્રતધારી યુવાઓ, ગૃહસ્થ અક્ષરમુક્તો તથા અનેક મુમુક્ષુઓના દિવ્ય માર્ગદર્શક અને પ્રાણાધાર પ.પૂ. અક્ષરવિહારી સ્વામીજીએ શ્રી ઠાકોરજી મહારાજની કૃપાશિષથી અનેક પ્રકારની ભૌતિક તથા શારીરિક વિષમ પરિસ્થિતિમાં સ્થિતપ્રજ્ઞતાની આદર્શ મૂર્તિ રૂપે એક સહજ અલૌકિક ગુણાતીત અવસ્થાનાં દર્શન કરાવ્યાં. સમસ્ત જીવન દરમિયાન વર્તનથી ઉપદેશ કરનાર બ્રહ્મસ્વરૂપ પ.પૂ. અક્ષરવિહારી સ્વામીજીને આપણા સૌનાં અનંત સાષ્ટાંગ દંડવત્ પ્રણામ સહ હૃદયવંદન, ભાવાંજલિ ! ◆

**ઈન્દુબા પટેલ :** ઈંગ્લેન્ડનિવાસી ઈન્દુબા ૧૩ નવેમ્બર ૨૦૧૯ના રોજ અક્ષરધામ સિધાવ્યાં. ઈન્દુબાએ પ.પૂ. પપ્પાજી, પ.પૂ. સોનાબા, પૂ. બેન, સંતભગવંત સાહેબજીના સાંનિધ્યે ચૈતન્યશુદ્ધિનો યજ્ઞ આરંભ્યો. સંતોનાં વચને ભક્તોની સેવામાં રત રહ્યાં. આ જ ભક્તિસંસ્કાર વારસો પુત્રરત્ન પૂ. ભૂપેન્દ્રભાઈને અર્પ્યો અને તેને પરિણામે પૂ. ભૂપેન્દ્રભાઈ સંતભગવંત સાહેબજીની સેનામાં વ્રતધારી સાધક તરીકે જોડાયા. દીકરીઓ ધર્મિષ્ઠાબહેન અને લીનાબહેને પણ સેવારૂપી સંસ્કારવારસાની જ્યોત પ્રજ્વલિત રાખી છે. આવાં માવતરને વંદન સાથે ભાવાંજલિ અર્પણ! ◆

**ઝવેરભાઈ પટેલ :** દહેગામનિવાસી ઝવેરબાપા સત્સંગપરાયણ જીવન જીવી ૫ ડિસેમ્બરના રોજ અક્ષરધામ સિધાવ્યા. પુત્રરત્ન પૂ. સતીશભાઈને સાહેબદાદાની સાધક સેનામાં સમર્પિત કરી જીવન ધન્ય કર્યું. ભક્તિ અને સેવાનો સંસ્કારવારસો દીકરા ધર્મેન્દ્રભાઈ, દીકરી કપિલાબહેન અને પરિવારજનોને આપી પિતૃત્વ દીપાવ્યું. વર્ષો સુધી અનુપમ મિશન, મોગરીમાં રહી સંતોના સાંનિધ્યે વિવિધ પ્રકારની સેવાઓમાં પ્રવૃત્ત રહી ભક્તિ અદા કરી. પ્રભુમાં જડબેસલાક નિષ્ઠા સેવી, પ્રભુનું કર્તાપણું સ્વીકારી આચરણ કરતા ઝવેરબાપાને વંદન સહ પ્રાર્થનાંજલિ ! ◆